લખને ખબર પડતાં તેણે આવીને મોખરાજાને મારી નાખ્યો. આથી વહાણોને જે ત્રાસ પડતો હતો તે બંધ થયો.

અમદાવાદના સુલતાનોનો સમય (૧૪૦૩–૧૫૭૩) પંદરમી સદીમાં ખંભાતના જાયાત માલમાં લાખ જટામાંસી, ગળી, આમળાં, રેશમી કાપડ, કાગળ મુખ્ય હતા કાગળનો ઉદ્યોગ આખા હિંદુસ્તાનમાં ખંભાતમાં જ હતો. એવું નીકોલોકોન્ટી લખી ગયો છે.૯

આ સદીમાં ચાંચીયાનું જોર વધ્યું હતું. ગુજરાતની ગાદીનું મુખ્ય શહેર અમદાવાદ વસ્યું હતું (૧૪૧૨). તેથી ખંભાતની વસતીમાં કંઈક ઘટાડો થયો હતો. મધ્યભાગે (ઈ. સ. ૧૪૫૯–૧૫૧૧) કેટલાક મલબારી લોકો ખરાબ જાતના મછવા લઈને ગુજરાતનાં બંદરોને લૂંટે છે. બાદશાહે પોતે આવી ચાંચીયાઓને હરાવ્યા આ ઉપરાંત ૧૪૮૦ બેટ જગતમાં, ૧૪૮૨માં વલસાડમાં અને ૧૪૯૪માં ગુજરાતનાં વહાણુ પકડનાર દકખણના એક સરદારની સામા વહાણના કાફલા મોકલ્યા હતા.

દરિયાઈ નૌકાદળ ગુજરાત દેશ અને ખંભાત બંદર સમુદ્ર સાથે જોડાયલું અને વેપારનું વિખ્યાત બંદર એટલે ચાંચયાઓ તેમાં ફરતા વહાણોને લૂંટી લેતા; તેથી તેના રક્ષણુ માટે ખંભાત બંદરે દરિયાઈ કાફલો રાખવામાં આવતો.૧૦ ગુજરાતમાં સૌથી પ્રથમ દરિયાઈ નૌકાદળ. ગુજરાતના સુલતાન અહમદશાહ પહેલાએ (૧૪૧૦–૧૪૪૨) તૈયાર કર્યું, અને ખંભાત બંદરને તેનું કેન્દ્ર બનાવ્યું. માહીમના યુદ્ધમાં તે કાફલાનો ઉપયોગ કર્યો.૧૧ મુખલાસ-ઉલ-મુલ્કે નાનાં મોટાં સત્તર વહાણો દીવ, ઘોઘા અને ખંભાતથી તૈયાર કરીને મોકલી આપ્યાં.૧૨ મહમુદ બેગડાએ (૧૪૫૮–૧૫૨૫) વહાણોનો કાફલો ઘણો મજબુત બનાવ્યો, ૧૪૮૨માં મલબારના ચાંચિયા લોકો દરિયામાં મુસાફરી કરનારને ઘણી હરકત પહોંચાડતાં હતા, તેથી બહાદુર સવારો, ઘણી તોપો, તુફંગ, તીર, કમાન વગેરે લઈને તેમનો નાશ કરવા તે જાતે ગયો; તે લોકો નાસી ગયા, તેમનાં કેટલાંક વહાણો પકડી ખંભાત પાછા ફર્યા૧૩

ઈ. સ. ૧૫૦૭માં ફીરંગીઓએ આ કિનારા પર ચઢાઈ કરી અને ત્યાં કિલ્લો બાંધી વતન કરવા માગે છે, આ હકીકત સાંભળી મહમૂદે વસાઈ દમણ અને માહીમ તરફ ગયો અને પોતાના ખાસ અયાઝને મોકલ્યો, તેણે ચેઉલ આગળ ખ્રિસ્તીઓ સાથે લડાઇ કરી અને ફીરંગીઓનું એક મેટું વહાણુ કે જેમાં એક કરોડની મતા હતી તેને તોપ વડે ઉડાવી દીધું અને ફીરંગીઓનો નાશ કર્યો૧૪

બહાદુરશાહ (૧૫૨૫–૧૫૩૬)ના સમયમાં મોટાં મોટાં જહાજો બનાવવાના કારખાનાં ખંભાત ઘોઘા, અને સુરત વગેરે સ્થળે હતાં. બહાદુરશાહ દીવ તરફ ફીરંગીઓને કાઢી મકવા ગયો એટલે ફીરંગીઓ નાસી ગયા, તેઓની તોપો કે જેનો જોટો આખા હિંદમાં નહોતો તે સુલતાન બહાદુર શાહના હાથમાં આવી. તે લઈને સુલતાન ખંભાત આવ્યો. બહાદુરશાહે મોટાં મોટાં વહાણો

૯ ગુ. સ. સગ્રહ; ૧૦ ગુ. સ. સં. ૨૫૩

૧૦ 'ગુજરાત એક પરિચય' પૃ. ૧૦૬

૧૧ 'ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ' લે. નદવી સાહેબ. પૃ. ૮૫

૧૨ ફિરસ્તાકૃત ગુ. ઈ. પૃ. ૪૦

૧૩ એ જ પૃ. ૮૬

૧૪ ફીરસ્તાકૃત ગુ. ઈ. પૃ. ૯૭

ટર્કી અને પોર્ટુગીઝ ઢબનાં ખંભાતમાં તૈયાર કરાવ્યાં અને દીવને તેનું કેન્દ્ર બનાવ્યું.[૧૫] અને નૌકાધ્યક્ષ તરીકે મલેક તુગાનને રાખ્યો હતો. સમુદ્રમાં તેનો એટલો બધો રોઆબ હતો કે જ્યાં સુધી તે ઓદ્ધા પર રહ્યો ત્યાં સુધી પોર્ટુગીઝોની ગુજરાત તરફ આવવાની હિંમત ન હતી.

યુદ્ધ માટે જે નૌકાઓ બાંધવામાં આવતી તેમાંનાં કેટલાકનાં નામ 'બીશીસ્ત,' 'ગુરાબ,' અને 'સફીરીયાહ' વગેરે હતાં. નાનાં વહાણોને સમશુક કહેતા હતા[૧૬]

આ સલ્તનતના સમયમાં દરિયાઈ નૌકાદળમાં નામના મેળવી હતી. આ બાદશાહોના સમયમાં ૧. ૧૫૪૫ ૨. ૧૫૪૬–૪૭ ૩. ૧૫૪૪–૧૫૫૪, ૧૫૫૮, અને ૧૫૬૧ આ વારંવાર દરિયાઈ લડાઈઓ થઈ છે.

આ સમયમાં અમીર ઉમરાવો તથા વેપારીઓનાં ખાનગી માલીકીનાં વહાણો પણ હતાં; ખંભાત અને અન્ય સ્થળના લોકો હજ કરવા માટે વહાણમાં જતા અને તે ઉપરાંત વેપારમાં તે વહાણો વાપરતા.

ખંભાતનો સાગરખેડુ કાનજી માલમ :

ખંભાતનો વેપાર દુનિયાના ઘણા દેશો સાથે ચાલતો. તેથી દુનિયાના મોટા મોટા મહાસાગરોમાં ઘુમનારા નાવિકો ખંભાતમાં વસતા. અને પોતે પોતાને માલમ–ખલાસી–વેપારીઓ કહેવડાવતા. એ લોકો ખંભાતના દરિયા કિનારે રહેતા. અને સમુદ્રના કિનારા પર જે પરૂ વસેલું તેને માછીપરૂ કહે છે. ત્યાં સાગરને લગતો ધંધો કરતા ખારવા-વેપારી અને માછી વગેરે લોકો રહે છે. માછી પરામાં 'ખલાસીવાડ' નામે એક મહોલ્લો પણ છે.

ઈ. સ. ૧૪૯૭ના જુલાઈની ૧૮મી તારીખે હિંદ આવવા માટે પાર્ટુગલ દેશના લિસ્બન બંદરેથી વાસ્કો ડી. ગામા વહાણો લઈને નીકળ્યો. આફ્રિકાનો પશ્ચિમ અને દક્ષિણ કિનારો વીંધીને પૂર્વ કિનારે મલીંડી બંદર આગળ અટવાઈ ગયો. એમાં ઘણાં માણસો અનેક કારણોસર મરી ગયાં. કેટલાંકે બળવો કર્યો. ગામા જેમતેમ કરી મલીંડીના બારામાં આવ્યો. અહીંથી તેને હિંદના કાલીકટ બંદરે પહોંચવું હતું; પરંતુ તે સાગરનો અજાણ્યો હતો; અહીં તે મલીંડીના સુલતાનને મળ્યો. સુલતાને તેનું સ્વાગત કર્યું. ગામાએ પોતાની મૂંઝવણ તેને જણાવી. ત્યારે મલીંડાના બારામાં ઊભેલા ગુજરાતી વહાણનો એક કાબેલ ખલાસી કાનજી માલમને તેણે બોલાવ્યો; અને વાસ્કો ડી. ગામાને રસ્તો બતાવવાની ભલામણ કરી. ખંભાતનાં એ મહાન સાહસવીર અને સાગરના ભોમિયા કાનજી માલમે તેનાં જહાજો મલીંડીથી ઉપાડયાં અને ઈ. સ. ૧૪૯૭ના એપ્રિલની ૨૪મી તારીખે કાલીકટ બંદરે આણ્યાં. આ વાસ્કોડી ગામાની પ્રવાસનોંધ બોલે છે.[૧૪].

કપ્તાન કાબ્રાલ હિંદમાં ઈ. સ. ૧૫૦૦

વાસ્કોડી ગામા પછી પોર્ટુગલના રાજાએ પેડ્રો આલ્વારીસ કાબ્રાલને વહાણોનો કાફલો આપી ઈ. સ. ૧૫૦૦માં હિંદ મોકલ્યો. તેણે તે વરસના ઓગષ્ટ માસમાં મલીંડી બંદરે પગ મૂકયો. વાસ્કોડી ગામાએ મલીંડીના સુલતાન સાથે મૈત્રી બાંધી હતી; તેથી કાબ્રાલનો પણ તેણે સત્કાર

---

૧૫ 'ગુજરાતની સંસ્કૃતિ' નદવીસાહેબ પૃ. ૮૫

૧૬ ઝફરેલવાલા ભા ૧ લો બહાદુરશાહનું વર્ણન

૧૪ ચરોતર સર્વ સંગ્રહ ભા. ૨, પૃ. ૭૮૨

કર્યો. કપ્તાન કાબ્રાલ મલીંડીથી કાલીકટ સુધીના કિનારાનો અજાણ્યો હતો. તેને ભોમિયાની જરૂર હતી. આ સમયે તેને એક સાગરખેડુ મળી આવ્યો. તેનું નામ ખંભાતી કાનજી માલમની પેઠે ઇતિહાસમાં નોંધાયું નથી. આ વખતે ખંભાતનાં વહાણો ગુજરાતનો ધ્વજ ફરકાવતાં મલીંડી બંદરે નાંગરેલાં હતાં. એટલે એ વહાણોના ખંભાતી ખલાસીઓએ તેને કાલીકટ બંદરનો રસ્તો દેખાડ્યો એમ કહેવામાં કોઈ ખોટું નથી.

કાબ્રાલ કાલીકટ બંદરે ઊતર્યો; ત્યારે તેણે ખંભાતના વેપારીઓ અને વહાણો જોયાં, તે લખે છે કે કાલીકટમાં ગુજરાતી તરીકે ઓળખાતા ખંભાતના શાહસોદાગરો હતા. તેઓ કાપડ, ઝવેરાત અને શણગાર સામગ્રીના વેપારીઓ હતા; એમની મુખ્ય પેઢીઓ ખંભાતમાં હતી. દેશદેશાવરમાં એમની શાખાઓ અને કારખાનાં પુષ્કળ છે; એમનો સમુદ્રી વ્યાપાર આખાય હિંદી મહાસાગરમાં પૂર્વ આફ્રિકાથી માંડીને હિંદી-ચીન સુધી વિસ્તરેલો છે.'[૧૫]

'કાબ્રાલના જહાજો કોચીનમાં હતા, ત્યારે તેને બે હિંદી ખ્રિસ્તિ સાધુઓ રોમમાં પોપનાં દર્શન કરવા જવા માટે જોડાયા. તેમાંના એકનું નામ જોસફ હતું. એ હિંદી જોસેફ પાસેથી પોર્ટુગીઝોએ ભારતના વહાણવટાની માહિતી મેળવી. અને માહિતીનું એક પુસ્તક એ જમાનામાં આજથી લગભગ ૪૫૦ વર્ષ પૂર્વે પોર્ટુગલમાં પ્રસિદ્ધ થયું હતું.

આ પુસ્તકમાં ખભાત વિશે જણાવવામાં આવ્યું છે કે 'ખંભાતના લોકો ખૂબ શક્તિશાળી અને સાહસિક વેપારીઓ છે. ખંભાત શહેર ખૂબ વિશાળ અને મોટી વસ્તીવાળું છે. સામાન્ય માન્યતા પ્રમાણે ખંભાત હિંદનું સૌથી ઉમદા શહેર ગણાય છે. પરદેશીઓ તેને હિંદનું ઝેરો કહે છે. ત્યાંના વેપારીઓ ઘણાં વહાણો રાખે છે અને તે દ્વારા રાતા સમુદ્રમાં એબિસિનિયા અને ઈરાની અખાત સુધી વેપાર ખેડે છે.[૧૬]

નૌકાદળના અધિકારી :— આ સમયમાં નૌકાધ્યક્ષ માટે 'મીરબેહર' અથવા મીરબેહરી શબ્દ વપરાતો હતો. તેના તાબામાં રહેનાર અમલદારોને શાહબંદર કહેતા. દારૂખાનાના ઉપરીને મીરઆતશ કહેતા.

ખાનગી માલિકીનાં વહાણો — આ સમયમાં રાજા સિવાય બીજા વેપારીઓ પોતાની માલિકીનાં વહાણો તૈયાર કરાવી સમુદ્રમાં ફેરવતા.

દિલ્હીના મોગલ બાદશાહનો સમય : ૧૫૭૩

ખંભાત ઘણું પ્રસિદ્ધ હોવાથી તેના તરફ સૌ કોઈની નજર ઠરતી.

હુમાયુ ખંભાતમાં — ગુજરાતના બહાદુરશાહ બાદશાહ સાથે હુમાયુને લડાઈ થઈ, બહાદુરશાહ ખંભાત આવ્યો ત્યારે હુમાયુ તેની પાછળ ખંભાત આવ્યો (ઈ. સ. ૧૫૩૫ માર્ચ). બહાદુરશાહ કાઠિયાવાડ તરફ નાસી ગયો. હુમાયુ છાવણી નાખીને રહ્યો. એક રાતે કેટલાક કોળી લોકોએ તેની છાવણી ઉપર હલ્લો કર્યો, અને તેનો કેટલોક સામાન અને પુસ્તકો લૂંટી લીધાં. તેમાં 'તૈમૂરલંગની તવારિખ' નામના પુસ્તકની એક પ્રત હતી તે લઈ ગયા. હુમાયુએ અહીં પ્રથમ વાર

૧૫. કેમ્બે હાઈસ્કૂલ હીરકમહોત્સવ ગ્રંથ–સને ૧૯૫૯. પૃ. ૩૩.

૧૬. એ જ.

સમુદ્ર જોયો હતો હુમાયુ ઉપરની લૂંટથી છંછેડાઈ ગયો અને ખંભાતને લૂંટયું હતું.૧૭

અકબર ખંભાતમાં — ગુજરાતના છેલ્લા સુલતાનના વખતમાં ઇતિમાદખાં નામે સુબો હતો. આ વખતે ગુજરાતમાં બહુ અવ્યવસ્થા થઈ. તેથી તેણે અકબર બાદશાહને પત્ર લખી તેડાવ્યો તે ઈ. સ. ૧૫૭૨માં આવ્યો અને અમદાવાદ મુકામ કર્યો, પછી તેણે ઈ. સ. ૧૫૭૩ના ડીસેમ્બરની ૨જીએ ખંભાત આવવા પ્રયાણ કર્યું. તે ૧૨મી ડિસેમ્બર ૧૫૭૩માં ખંભાત આવ્યો. અહીં તેણે પ્રથમ સમુદ્ર જોયો, અને વહાણમાં બેસી સમુદ્રની સફર કરી હતી.૧૮ ખંભાતમાં ૬ દિવસ રોકાઈ પછી તે વડેદરે ગયો હતો. ખંભાત બંદર એટલું બધું વિશ્વમાં પ્રખ્યાત હતું કે ઇંગ્લાંડની ઇલીઝાબેથ રાણી અકબર બાદશાહને 'ખંભાતનો શહેનશાહ' એ નામથી પત્ર લખે છે. આખા હિંદનો સમ્રાટ ખંભાતને લીધે અને તે પણ દરિયાઈ વેપારને લીધે ઓળખાય, તેથી વિશેષ ગૌરવવંતું બીજું શું હોઈ શકે?

જહાંગીર ખંભાતમાં — જહાંગીર બાદશાહ દાહોદના જંગલમાં શિકાર કરવા આવ્યો અને ત્યાંથી ખંભાત આવ્યો. ઈ. સ. ૧૦૨૭ ઈ. સ. ૧૬૧૭ના ડિસેમ્બર મહિનામાં તા. ૩૦મીની લગભગ બાદશાહી સવારી ખંભાતમાં આવી.૧૯ તે સુલતાન અહમદશાહે બનાવેલા બાગ ('બાગે સુલતાન અહમદ')માં ૧૨ દિવસ રહ્યો અને દરિયાની સહેલ કરી. બાદશાહ પોતાની નોંધમાં લખે છે કે ખંભાતના બંદરમાં માત્ર નાનાં વહાણો આવી શકે છે.૨૦ અહીં તેણે સોનાના તથા રૂપાના સિક્કા પડાવ્યા. વળી બાજરીની ખીચડીની મઝા ખંભાતમાં માણી હતી.૨૦અ

શાહજહાં (૧૬૨૭–૧૬૫૮)ના સમયમાં ખંભાતની હાકેમી ઈસ્પહાનના અલીઅકબરને આપી. આ અલીઅકબર ઘોડાનો વેપારી હતો અને ખંભાતમાં વહાણ બાંધી વેપાર કરતો હતો. એણે બસરાના હાકેમ સાથે મૈત્રી કરેલી અને ત્યાંથી ૭ ઘોડા લાવી બાદશાહને ભેટ આપી. તેની કીમત પચીસ હજાર રૂપિયા હતી, અને સાતમા ઘોડાથી તે એટલો ફીદા થઈ ગયો કે તેના તેણે રૂ. ૧૫૦૦૦ આપ્યા. એ ઘોડાનું નામ 'લાલ બે બહાની' એટલે અમૂલ્ય હીરો પાડી પાદશાહે તેને પોતાનો માનીતો ઘોડો ઠરાવ્યો.૨૧ આ અલીઅકબરને કોઈએ મારી નાખ્યો.

ઈ. સ. ૧૬૦૨ના અરસામાં વલંદા અને તરત જ અંગ્રેજો આવ્યા તેમણે ખંભાતમાં પેઢીઓ નાખી વેપાર કર્યો. અંગ્રેજોએ ઈ. સ. ૧૬૧૩માં ખંભાતમાં કોઠી ઘાલી. વળી સીઝર ફેડરીક ઈ. સ. ૧૫૬૩, બારબોસા ઈ. સ. ૧૫૧૫, તથા મેન્ડલ્સલો સને ૧૬૩૮ વગેરે મુસાફરો આવ્યા. સીઝર ફેડરીક લખે છે કે જો ખંભાત મેં જાતે જોયું ન હોત તો હું કદી માનતો નહિ કે તેનો વેપાર આટલો બધો બહોળો છે.૨૨ બારબોસા કહે છે કે ખંભાતનાં વહાણો એટલાં બધાં અને એવડાં મોટાં

---

૧૭. 'હુમાયુનામા' હિન્દી, કાશીનાગરી પ્રચારિણીસભા પૃ. ૭૦ તથા માંડલીક વી. ના. કૃત હિન્દુસ્તાનનો ઇતિહાસ પૃ. ૨૭૦

૧૮. મીરાતે એહમદી પૃ. ૧૦૯

૧૯. પાટનગર અમદાવાદ ,, ૭૧

૨૦. ગુજરાતનો અર્વાચીન ઇ. ,, ૮૩

૨૦.અ 'ગુજરાત એક પરિચય' ,, ૧૦૭

૨૧. ગુ. અ. ઈ. ,, ૧૦૪

૨૨. પાછળ પાનું ૮૦

આવે છે અને એટલો બધો જથાબંધ માલ લાવે છે કે એની કિંમતનો વિચાર કરતાં ગભરામણ થઈ જાય ૨૩ મેન્ડેલ્સ્લો લખે છે કે ' ખંભાતમાં મોટે ભાગે હિન્દુ હતા, જેઓ દીવ, ગોવા, મક્કા અને પર્શિયા વગેરે દેશો સાથે મોટા પ્રમાણમાં વેપાર કરતા. તેઓ આ બધા દેશોમાં રેશમ અને સુતરનો માલ મોકલતા હતા. અને તેના બદલામાં તેઓ સોના-રૂપાના સિક્કા તથા લગડીઓ લાવતા હતા.૨૪ ડીલાવેલી લખે છે કે ખંભાત ઘણી વસ્તીવાળુ અને ઘણાં મોટાં પરાંવાળુ અને ત્યાં વહાણ ઘણા એકઠાં થાય છે.

ઈ. સ. ૧૫૭૫માં અકબર બાદશાહની બેગમ સલીમા સુલતાના બેગમ તથા અકબરની ફોઈ ગુલબદનબાનુ બેગમ મક્કાની હજ કરવા માટે અકબર બાદશાહની રજા લઈ ખંભાત આવ્યાં હતાં. અને અહીંથી મક્કા ગયાં હતાં. પાદશાહી હાજીઓના આવા એક કાફલાના સરદારી પ્રસિદ્ધ ઇતિહાસકાર મીરતુરાબે લીધી હતી. અને તેણે મક્કાથી પયગમ્બર સાહેબની પાદુકાઓના અવશેષો (કદમે રસુલ) ખંભાત બંદરે ઉતર્યા હતા.૨૫

સોળમી સદીમાં ખંભાતના મથાળા આગળનો ભાગ પુરાઈ જવાથી ફક્ત નાનાં વહાણો જ અને તે પણ મોટા જુવાળ વખતે ખભાત આગળ આવી શકતાં. આથી કરીને ખંભાતથી જે કાંઈ માલ બહાર દેશ જતો અથવા બહારથી આવતો તે બધો માલ દીવ, ઘોઘા અને ગાંધાર બંદરે અટકતો. અને ત્યાંથી નાની હોડીઓમાં ભરી તેને ખંભાત બંદરે લઈ જવામાં આવતો. આટલું છતાં પણ આ સદીમાં ખભાતનો વેપાર પાછલી સદીમાં હતો તેવો જ રહ્યો. આયાત માલમાં તાંબુ, સીસુ, પારો હીંગળોક અને ફટકડી એ એડન અને ચેફલથી સોનું મક્કા અને ઓરમઝ; આબીસીનીયા અને આફ્રિકાથી ચાંદી રાતા સમુદ્ર અને ઈરાની અખાતના પ્રદેશોમાં, લોઢું મલબારથી, કલાઈ સિયામથી, મીઠું અને ગંધક ઈરાનની અખાતનાં બંદરોથી અને અનેક દેશોથી જુદો જુદો માલ આવતો જાયાત માલ સિંધ, કોંકણ, મલબાર, આફ્રિકા અને અરબસ્તાનમાં, ઘઉં (આસપાસના મુલકમાં થતા અને માળવા તથા અજમેરથી આવતા) મલબાર, અરબસ્તાન અને આફ્રિકામાં જતું. તે પ્રમાણે કઠોળ, તલ, રૂ, સૂંઠ મરી, અફીણ ગળી, અકીકનાં ઘરેણાં, રેશમી અને સુતરાઉ કાપડ, શેત્રંજીઓ, હાથી દાંતનાં રમકડાં વગેરે જતું. આ બધામાં સુતરાઉ કાપડ ખંભાતથી એટલું બધું ચઢતું કે તે વખતે ' ખંભાતને દુનિયાનું વસ્ત્ર ' કહેતા.

દલાલો : યુરોપિયન વેપારીઓને માલ વેચવો કે ખરીદવો હોય તો તેને દલાલ શોધવો પડતો. દલાલ નક્કી કર્યો એટલે તેના હાથમાં પોતે આણેલા માલની ટીપ આપી દઈ દલાલે તૈયાર રાખેલા ઘરમાં જતો. દલાલ અને તેના માણસો વહાણ ઉપરથી માલ ઉતારતા. કસ્ટમથી જકાત આપતા. અને વેપારી જ્યાં ઉતર્યો હોય ત્યાં માલ લાવતા. દલાલ બજારભાવ તેને કહેતો અને વેપારીનું ધ્યાન પહોંચે કે તરત અથવા સબુર કરી માલ દલાલ હસ્તક વેચાતો. માલ ખરીદવો હોય ત્યારે પણ દલાલનું કામ પડતું. આ દલાલો વાણિયા હતા અને તેઓની શાખ સારી હતી.૨૬

૨૩. ' ગુજરાત 'નો દીપો. સં. ૨૦૨૩ પૃ. ૨૭

૨૪. પાછળ પાનું ૮૨ તથા ગુ. અર્વા. ઈ. પૃ. ૨૫૩ ટીપ

૨૫. ચરોતર સર્વસંગ્રહ ભા. ૧ લો પૃ. ૮૮૬

૨૬. ગુ. સ. સંગ્રહ પૃ. ૨૫૫

ખંભાતના કવિ ઋષભદાસે વેપારનું કરેલું વર્ણન :

ખંભાતના કવિ ઋષભદાસે શાહજહાં બાદશાહના વખતમાં વિ. સં. ૧૬૮૫માં હીરવિજયસૂરિનો રાસ લખ્યો છે. તેમાં ખંભાતનું વર્ણન આપ્યું છે. આ સમયમાં ખંભાતના વેપાર સંબંધી લખે છે કે,

અસ્યું નગર તે ત્રંબાવતી,
સાયર લહિરી જિહાં આવતી,
વાહાંણ, વખારિ તણો નહિ પાર,
હાટે લોક કરિં વ્યાપાર.
(હી. સૂ. રાસ)

વાહાણ વખાર વ્યાપારી,
વહેલ વૃષભ તે સારી.
સાયરતણાં જળ કાળાં,
આવે મોતી પરવાળાં.
નગર ત્રંબાવતી સારો,
દુખિયાં નરનો આધારો,
નિજપુર મૂકીય આવે,
તે અહીં બહુ ધન પાવે.
નગર ચોરાસી ચહુટાં,
શોભતાં હાટ તે મોટાં
ઝવેરી પારેખ સારા,
બેસે દોસી દંતારા.
વિવિધ વ્યાપારિયા નિરખો
જોઈ ત્રિપોળિયો હરખો.
મોટી માંડવી ફુરજો,
દાણચોરી તિહાં વર્જો.

ઋષભદાસ કૃત ભરત બાહુ બલિરાસ સં. ૧૬૭૮ સમુદ્રનું પાણી લહેરે જાય છે. તેને કિનારે મોટાં મોટાં વહાણો લાંગરે છે, મોટી મોટી વખારોમાં માલ ભરાય છે. શહેરમાં લાવતાં તેની જકાત ભરવી પડે છે. કવિ તેટલા માટે કહે છે કે 'દાણચોરી તિહાં વર્જો' પરદેશીઓ પોતાના દેશનો માલ વહાણ મારફતે અહીં લાવી તેનો નિકાલ કરતા. અન્ય ગામના લોકો પણ માલ લાવી અહીં વેચે છે; અને ઘણું ધન મેળવે છે. ખંભાતના પારેખો, ઝવેરીઓ, દોસી, દંતારા વગેરે દુનિયાના અનેક દેશોમાં માલ મોકલી શાખ વધારે છે.

ફુરજો :

કવિ ઋષભદાસે ઉપરની પંક્તિમાં 'દાણચોરી'ની હકીકત દર્શાવી છે. ખંભાતના બંદરની આવક માટે અને તેની વ્યવસ્થા માટે એક અધિકારી નિમતા. તેને 'ફુરજાના દારોગા' કહેતા. તેણે બંદર ઉપર જતાંઆવતાં વહાણોની નોંધ, માલની નોંધ, તેની જકાત વગેરે સઘળાનો હિસાબ રાખવામાં આવતો. તેની સ્વતંત્ર કચેરી રાખવામાં આવતી. બંદરના દારોગાને નિમણૂંક બાદશાહી સનંદોથી થતી તેમાં ૮૮ ગામો અને ૩૪૫૯૬૨૭૨ દામોની જમાબંદી હતી.[૨૭]

બંદરોની આવક :

અમદાવાદના સુબાઓના કબજામાં ૨૭ બંદરો તથા ૨૫ બારાં હતાં. બારાં અને બંદરોમાં એટલો જ ફેર કે બંદરોમાં મોટાં વહાણો લંગર નાખી શકે અને બારાંમાં હોડીઓ આવી શકે, વડગામ, પાંદડ એ પશ્ચિમનાં બારાં ખંભાતને તાબે હતાં. ઘોઘા દક્ષિણના સોરઠે કાંઠે હતું. ત્યાં વહાણો લાંગરે. તે મુત્સદ્દીઓના તાબે હતાં.[૨૮] મોટાં મોટાં વહાણો ત્યાં માલ ઊતારે ચઢાવે તેનું મહેસૂલ ખંભાતના મુત્સદ્દી લેતા.[૨૯] સમુદ્રમાર્ગે જે આવક થાય તે લેતા ઉપરાંત જમીનમાર્ગે આવતા માલની

૨૭ મિ. એ. ભાગ ૨ પૃ. ૨૧૦

આવક ઉપર જકાત લેવામાં આવતી. સમુદ્રના સ્થળને 'ફુરજો' કહેતા અને શહેરના જકાત લેવાના સ્થળને 'મંડી' કહેતા. તેમાં 'રસીમંડી,' 'કપાસમંડી,' ઘીમંડી,' લાકડામંડી,' મીઠામંડી' વગેરે મુખ્ય હતી. મહેસૂલ આપવાનો દાખલો મુત્સદ્દી, મુશરફ તથા તેવીલદારની મહોરવાળી અને મુકીમ (કારકુન)ના દસ્તકથી રસીદ આપવામાં આવતી. આખા રાજ્યમાં તે કબૂલ થતી.

સફરી વેપારીઓ :

કવિ ઋષભદાસે યોગ્ય જ કહ્યું છે કે

'નગર ત્રંબાવતી સારો,
દુખિયા નરનો આધારો;
નિજપુર મૂકી અહીં આવે,
તે અહીં બહુ ધન પાવે.'

પંદરમી અને સોળમી સદીમાં પરગામથી ઘણા વેપારીઓ ખંભાતમાં દરિયા મારફતે મોટો વેપાર કરતા, તે પોતાની પેઢી ખંભાતમાં નાખ્યા પછી અન્ય ગામો સાથે વેપાર સાંકળતા. મોગલ બાદશાહોના જમાનામાં ગાંધારનગરના પારેખ રાજિયા અને વજીયાનાં નામ ઘણાં જાણીતાં છે, તેઓએ ખંભાત આવી વેપાર કર્યો; તેમની લાગવગ પોર્ટુગલના રાજાઓ સાથે સારી હતી. જેનું જીવન આગળ આવશે. તેણે ખંભાતનાં બજારમાં ભોંયરાવાળું – અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં વિશાળ દહેરું બંધાવ્યું, અને ઘણાં દાન કર્યા હતાં. કવિ ઋષભદાસે તેનાં ઘણાં વખાણ કર્યાં છે. વડનગરનો રહેવાસી નાગર જ્ઞાતિનો દેપાલ તે ખંભાતમાં આવી સારું ધન કમાયો. તેના દીકરા અલુઓ અને તેનો લાડકો થયો. લાડકાના બે પુત્ર થયા. વાડુઓ અને ગંગાધર. વાડુઆ ગાંધીએ કાવિમાં જૈનમંદિરનો જીર્ણોદ્ધારને કરવાને બદલે નવું જ બંધાવ્યું; અને તેનું બારણું નાનું પડવાથી વહુએ સાસુના મહેણાથી બીજું મંદિર સાથે કરાવ્યો. જે હાલ કાવિમાં સાસુવહુનાં દહેરાંના નામે પ્રખ્યાત છે. આવા ઘણા દાખલાઓ મળે છે.[30]

નાવિકોના હોદ્દા[31] : આઈને અકબરીમાં નાવિકો માટે કેવા કેવા અધિકારીઓ હતા; તેની વિગતો આપી છે. (૧) નાખુદા વહાણનો સરદાર, નૌકાધ્યક્ષ, (૨) મુઅલ્લમ દરિયાનો નકશો જાણનાર, (૩) ટંડેલ મુખ્ય નાવિક અથવા ખલાસીઓનો ઉપરી, (૪) નાખુદા ખેશબ ખલાસીઓને સામાન પૂરો પાડનાર, (૫) સરહંગ લંગર નાખનાર (૬) ભંડારી વહાણનો માલ જેના હવાલામાં રહેતો તે, (૭) કરાણી વહાણનો કારકુન (૮) સુકાન્ત–સુકાનપર બેસનાર (૯) પંજેરી જમીન કે તૂફાનની ખબર આપનાર (૧૦) ગોમતી વહાણમાં ભરાતાં પાણી ઉલેચનાર (૧૧) તોપચી તોપ ફોડનાર (૧૨) ખલાસી નાવિકો.

વહાણો તથા મછવાઓ[32] : મોટાં વહાણો–દરિયાઈ સફર કરનાર જાતમાં પડાવ, બતેલો, દવ, ડૂંગી, કોટીઉં, ફત્તેહમાર, ઢોઢીઆ, ઓરીઆ, ગલબત, ઉકીરી, ગુરાબ, સંબુક, બગલો વગેરે.

નાની જાત : કિનારે ફરનારાં વહાણોમાં મછવાઓ, હોડીઓ, બારજાહ, થાપડો, નાવ, નાવડી, પનાઈ, તરાપા, માછીઓની નાની તથા

૨૮. મિ. એ. ભા. ૨ જો પૃ. ૨૩૭

૨૯. મિ. એ. ભા. ૨ જો પૃ. ૧૯૮

૩૦. ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ પૃ. ૭૬થી ૧૧૫ લે. નર્મદાશંકર ભટ્ટ.

૩૧. 'ઈસ્લામી સમયનું વહાણવટું' પૃ. ૫૩ પ્રસિદ્ધ ફાર્બસ સભા મુંબઈ

૩૨. એ જ પૃ. ૫૩

મોટી હોડીઓ. ઉપરનાં નામોમાં વહાણો, મછવા, નાવડીઓ એક જ જાતનાં હોવા છતાં કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનાં બંદરોમાં જુદાં જુદાં નામથી ઓળખાતાં. યુરોપિયન વ્યાપારીઓનાં વહાણોનાં નામ ઈસ્લામી સમયમાં જુદા હતા.

ખંભાતનું વહાવટું ઘણા પ્રાચીન કાળથી હોવાથી તેમાં વપરાતાં વહાણોનાં નામ, તેમની જાત, બનાવટ અને ઝડપ વગેરે માટે વપરાતા શબ્દો, નાવિકોના હોદ્દાનાં નામ વગેરે સંસ્કૃત પાલી કે બીજી ભાષાઓનાં મિશ્રણથી ફેરફારો થઈ બદલાતાં રહેતાં હશે. પરંતુ એમાં વધારે ફેરફાર તો ઈસ્લામી સમયમાં થયેલો છે.[1] અરબી વહાણોમાં સૂવા બેસવાની જગ્યા ઉપરાંત રસોડાની જગ્યા તથા સંડાસ વગેરેની જગ્યા રાખવામાં આવતી. અરબ વહાણવટીઓ પહેલાં તો પોતાનાં વહાણોને તારાઓની ગતિ, સ્થાન, તથા ધ્રુવના તારા પરથી રાત્રે ચલાવવામાં કુશળ હતા. પછી થયેલી શોધ-ખોળ ઉપરથી હોકાયંત્રની મદદથી દિશાઓ શોધે છે. અને દીવાદાંડીની નિશાનીઓથી કિનારા પકડે છે. નાવિકો દરિયાઈ પવન, ખાડી, કોતર, ખરાબા પાણીમાં તૂફાન, 'પાણીના ઘોડાઓ' વગેરેથી સંપૂર્ણ જાણીતા રહેતા યાદશક્તિમાં રહેવા માટે પોતાના ગીતોમાં તેને વણી લેતા, જેથી તે ભય ખ્યાલમાં રહે.

વહાણનાં યંત્રો, એના જુદાં જુદાં ભાગો વગેરેનાં નામમાંથી થોડાક નીચે આપ્યાં છે. આ વહાણો સુતારો બાંધતા હતા.

૧. વહાણ–મોટું વહાણ.

૨. તુતક–વહાણનો આગલો ભાગ.

૩. નીરમ–વહાણને પાણીમાં સરખું રાખવાને જે બેલેંસ રાખવું પડે તે.

૪. ભંડાર–સુકાની બેસે અને સમાન રાખે છે.

૫. સઢ–સઢ આઠ જાતના છે.

૬. કુવો અથવા ડોળ–વહાણમાં વચમાં થાંભલા જેવું હોય છે તે.

૭. પરમાણ– સઢને બાંધવાનું લાકડું.

૮. પઠાણ–વહાણના તળિયાનું લાંબુ લાકડું.

૯. જાળી–વાંકનું લાકડું.

૧૦. છત્રી–ભંડાર ઉપરનું લાકડું વગેરે.

ખંભાતનું વહાણવટું વિશ્વવિખ્યાત હોવાથી ગુજરાતી વાઙ્મયમાં કવિઓએ કથાઓમાં તેને ગૂંથી લીધું છે. વસ્તો, શામળભટ્ટ, ખંભાતનો કવિ શિવદાસ વગેરેએ તેને કથામાં સારી રીતે વર્ણવ્યું છે. તે એક સ્થળે કહે છે કે—

'તે વહાણ ચાલ્યાં દરિયામાંય,
હવે વચ્છ- તણી શી પેર થાય'
કહે શિવદાસ સાંભળજો સહુ,
તે કથા વિસ્તારી કહું.'

વહાણનાં ચિત્રો અને શિલ્પ ભીંતો ઉપર અને પથ્થરમાં ટંકારવામાં આવતાં હતાં. કવિ શામળ ભદ્રાભામિની વાર્તામાં ખંભાત વિષે કહે છે કે—

૧. વહાણના ભાગોનાં નામો આપતાં જગા બહુ રોકાતી હોવાથી 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઈસ્લામ યુગ) ખંડ ૪થા માં છેલ્લે આપેલો રત્નમણીરામનો નિબંધ તથા ફાર્બસ ગુજરાતી સભા મુંબઈના ત્રીમાસિકમાં પ્રગટ થયેલા 'ઈસ્લામી સમયનું વહાણવટું' કાઝી સૈયદ નૂરુદ્દીન હુસેનનો લેખ જુઓ.

'કોટીધ્વજ અલબત્ત છે અતિ,
લેખાવતા ઝાઝા લખપતિ,
વહાણુવટી વારુ વેપાર,
અલબત્ત બીજી અપરંપાર,
વિદેશથકી આવે બહુ વહાણ,
અતિશે શોભી ઊગ્યો ભાણું,

ખંભાતમાં કરોડપતિઓ હતા, વહાણુવટીઓ હતા, અને વિદેશથી બહુ વહાણો આવતાં એમ ઉપર શામળ ભટ જણાવે છે. વળી કવિ ઋષભદાસે તો વર્ણન કરેલું છે તે આવી ગયું.

મુસલમાની મોગલાઈ રાજ્યકાળ (૧૫૭૩–૧૭૬૦)

ગુજરાતમાં ઈ. સ. ૧૫૭૩ થી ૧૭૬૦ સુધી મોગલાઈ સત્તા ઠીક ચાલી. પણ પછી ગેરબંદોબસ્ત ચાલ્યો; અને આખરે ઈ. સ. ૧૭૬૦માં મોગલાઈ સત્તાનો અંત આવ્યો ગુજરાતનું ક્ષેત્રફળ કમી થયું અને તેની ઉપજ પણ ઓછી થઈ. ઈ. સ. ૧૫૭૩થી તે ઈ. સ. ૧૬૦૯ સુધીમાં અમદાવાદ, ખંભાત અને સુરત તવંગર શહેરો લૂંટાયાં મહમદહુસેન મીરઝાંએ ઈ. સ. ૧૫૭૩માં ખંભાત લૂંટ્યું હતું. ૩૪. અમદાવાથી ખંભાત સુધી કોઈથી એકલદોકલ જઈ શકાતું નહિ. વેપારીઓ ભેગા થઈ અઠવાડિયામાં એકવાર નીકળતા. અને રાત્રે જ્યાં મુકામ કરતા ત્યાં આસપાસ ગાડાં ગોઠવી ગાડાનો કોટ કરતા.૩૫. અમદાવાદથી ખંભાત સુધીનો રસ્તો રેતાળ અને ઝાડીવાળો અને ચોરના ઉપદ્રવવાળો હતો. તથા ખંભાતથી ભરૂચ જવાનો રસ્તો ઝાડીવાળો અને ભયાનક હતો.૩૬.

સત્તરમી સદીમાં સુરતની ચડતી થઈ હતી અને ખંભાતનો વેપાર તેના કરતાં ઓછો થઈ ગયો હતો. ખંભાત બંદરને સુરતના હાથ નીચે મૂકવામાં આવ્યું હતું, તોપણ પૂર્વમાં સુમાત્રા અને પશ્ચિમમાં ઈરાની અખાતનાં બંદરો સાથે ચાલુ હતો. ખંભાતથી સુતરાઉ અને રેશમી કાપડ બહાર મુલક ચડતું અને તેમનો ખજુર વગેરે માલ ખંભાત આવતો.૩૭. ટેવરનિયર (ઈ. સ.૧૬૪૨–૬૬) લખે છે કે ખંભાતનો દરિયો જે તદ્દન નજીક હતો, તે હવે દૂર ગયો છે.

'ખંભાતનું વહાણવટું જે એક વખત આખા એશિયામાં સર્વોપરિ હતું તે ઓગણીસમી સદીમાં છેક નજીકનાં જ બંદરો પૂરતું આવી ગયું'. ૩૮ ઈ. સ. ૧૮૦૬માં મુંબઈ તથા મદ્રાસ ૩,૨૬,૨૭,૪૦૩નો માલ આયાત કરવામાં આવ્યો હતો ઈ. સ. ૧૯૩૬–૩૭માં તેનો ૧૭,૩૬,૦૦૦નો દરિયાઈ માલ હતો. સને ૧૯૩૮–૩૯માં લડાઈને લીધે ખંભાતમાં ૨૫,૯૦૦ તથા ૭૯,૦૦૦ રૂ. નો માલની આવતી આયાત નિકાસ હતી. ઈ. સ. ૧૯૫૪માં તેનો કુલ વેપાર ૧૦,૦૦૦ ટનનો હતો.૩૮અ.

ખંભાતમાં વહાણુ બાંધવાનો ઉદ્યોગ ચાલતો હતો; જે વેપારી વહાણુ બંધાવે તે 'વહાણુવટી' કહેવાતા. લાડવાણિયા, નાગર, શ્રાવક વગેરેનો મુખ્ય ધંધો વહાણુથી વેપાર કરવાનો; જેવી રીતે સમુદ્રની નજીક ખલાસી માલમ વગેરે રહેતા; તે જ પ્રમાણે ઉપરની વ્યાપારી કોમનો વસવાટ ખંભાતની દક્ષિણુ દિશાએ સમુદ્રની પાસેના ભાગમાં

૩૪ ગુ. અર્વા. ઈ. પૃ. ૨૫૨

૩૫ એ જ પૃ. ૨૫૨

૩૬ ઈ. સ. ૧૬૧૦માં આવેલો નીકોલસ ડ્યુફલેટ મુસાફર લખે છે ગુ. અ. ઈ. પૃ. ૨૫૨

૩૭ ગુ. અ. ઈ. પૃ. ૨૫૯

૩૮ 'ગુજરાત એક પરિચય' પાનું ૫૫૭ શ્રી સુમતિ મોરારજી દેશાઈ (વહાણુવટાની ગૌરવગાથા)

૩૮ અ. ગુજરાત એક દર્શન પૃ. ૨૨૦–૨૧

હતો અને આજે પણ તે જ્ઞાતિઓ દક્ષિણ ભાગમ જ વસે છે એ જ બતાવે છે કે તેમનો સમુદ્ર સાથે ગાઢો સંબંધ હતો. પારસીઓ અને વેપારી મુસલમાનો પણ તે જ ભાગમાં રહેતા.

ખંભાતની પડતીનાં કારણ : સત્તરમી સદીથી વેપારની બાબતમાં ખંભાતની પડતી કેમ થઈ, તેનાં કારણો જોવાં જોઈએ. ભરૂચ પછી ખંભાતની ઘણી ચડતી થઈ હતી. ૧. પશ્ચિમ હિંદના દરિયામાં ફિરંગીઓનું વર્ચસ્વ જામતું ગયું; અને વેપાર કરવાની તેમની તમન્ના ખૂબ જાગી હતી. ૨. દીવ, દમણ અને ચેવલ જેવાં બંદરોને ઉત્તેજન મળતું થયું. ૩. સિંધમાં ઠઠ્ઠા બંદરની ચડતી થવા લાગી જેથી ઉત્તર હિંદનો ઘણો માલ ત્યાં જવા લાગ્યો. ૪. મહી વગેરે નદીઓના કાંપને લઈને ખંભાતનો અખાત છીછરો થતો ગયો. ૫. મોટાં વહાણોને ગાંધાર, ઘોઘા કે દીવ પાસે ઊભા રાખવાં પડતાં ને ખંભાતના બારામાં નાના મછવા મારફતે માલ લાવવો પડતો. ફક્ત મોટી ભરતી વખતે નાનાં વહાણો આ બારામાં આવી શકતાં. ૬. વલંદા અને અંગ્રેજોનાં વર્ચસ્વ નીચે સુરતના બંદરની ચડતી થવા લાગી. ૭. ઉત્તરના મુસલમાનો જાત્રા વગેરે કરવા સુરત બદરે જવા લાગ્યા : ૮. છેવટે ઈ. સ. ૧૮૬૪માં બોમ્બે બરોડા રેલવેનું અમદાવાદ વડોદરા સાથે જોડાણ થતાં બંદર તરીકે તેનું મહત્વ ઓછું થઈ ગયું.૩૩.

કાંપથી બચવા — પુરાણ થતું અટકાવવા એક લેખક વૃક્ષો ઉગાડવાની ભલામણ કરે છે. કારણકે અત્યારના મોટામોટા પર્વતોથી, વૃક્ષો વિનાની ઉઘાડી પડેલી ધરતીથી કાંપ ખેંચાઈને દરિયામાં ઠલવાય છે; અને ત્યાં નવી જમીન બને છે, અને તે રીતે કલકત્તા તરફ અને ગુજરાતમાં બન્યું છે.× કાંપ શાપ રૂપ છે અને આશીર્વાદરૂપ છે. પણ આ બનાવો લાંબો સમય માગે છે. માટે ત્યાં સુધી બેસી રહેવાય નહિ.

ભરતીઓટ : ખંભાતના દરિયામાં પૂનમ – અમાસ આઠમ – બીજ વગેરે તિથિઓએ મોટી ભરતીઓટ આવે છે; સામાન્ય રીતે લોકોમાં એવી વાત પ્રચલિત છે કે ચંદ્ર ઊગ્યા પછી તરત ભરતીઓટ થાય છે. સરકારી રાહે કોઈ પત્રક તૈયાર નથી.

રાહદારી : બંદર ઉપર એક વિશાળ રાહદારી છે. જેમાં દરિયા મારફતે આવેલો માલ વેપારીઓ પોતાની દુકાનોમાં રાખતા હતા. ખંભાત શહેર સિવાય અન્ય ગામના લોકો ઇમારતી લાકડાં, ગોળ, ખજૂર, ખારેક, કોપરાં, નળિયાં, વળીઓ, વાંસ વગેરે માલ લેવા આવે; તે બારોબાર માલ ભરી જતા હતા. તેની પાસે જકાત લેવામાં આવતી ન હતી. આથી ચરોતર અને ભાલગાળાના ગામો બંદરી માલ લેવા ખંભાત આવતા હતા. અહીં કસ્ટમની કચેરી હતી. ત્યાં વહાણોની નોંધ થતી. નવાબસાહેબ દશેરાએ દરિયાને સોનાચાંદીના ફૂલથી વધાવીને ત્યાં દરબારી ઠાઠથી બેસતા. ફૂલહાર થતા.

વીમા : ખંભાતથી જે માલ પરદેશ ચડતો હતો; તેનો વીમો લેવાનું અસલીથી ચાલતું આવતું હતું. તે પ્રમાણે વીમા લેવામાં આવતા હતા.

ખંભાતના નવાબો (૧૭૩૦-૧૯૪૮)નો સમય

અઢારમા સૈકાની શરૂઆતથી ગુજરાતમાં ગેરબંદોબસ્ત વધ્યો. દિલ્હીના દરબાર તરફથી મદદ

૩૩ 'ગુજરાત' દીપો. અંક સં. ૨૦૨૩ પૃ. ૨૭

× ગુજરાતની નદીઓ અને તેના કાંપની સમસ્યા. 'ગુજરાત' દીપો. અંક ૨૦૨૪ પૃ. ૨૨ વિજયગુપ્ત મૌર્ય.

ન મળવાથી સુબેદારો મુખ્ય અમીરો સાથે સલાહ રાખી શકયા નહિ. જમીનદાર સરદારો પાસેથી ખંડણી લઈ શકયા નહિ. અંદર અંદર કુસંપ હતો.

મરાઠા અને પેશ્વવાના સમયમાં તેમણે ખંડણી લેવા વારંવાર ખંભાત ઉપર ચડાઈઓ કરી. આમ થવામાં પ્રજાને ભય રહે; અને વેપાર નિર્ભયપણે થઈ શકયો નહિ.

અઢારમી સદીમાં ખંભાતમાંથી અકીક, અનાજ, રૂ, તંબાકુ, ગળી, હાથીદાંત, રેશમ, સુતરાઉ કાપડ, જરીકામ દેશાવર જતું. ખંભાતનું જરીકામ ઘણું વખણાતું. સુરત મોટું બંદર થવાથી અને ખંભાત બંદર આગળનો ભાગ પુરાઈ જવાથી તથા માલ ઉપર લેવાતી જકાત ઘણી અને ત્રાસદાયક હોવાથી વેપાર ઘટી ગયો હતો.[૩૮]

ખંભાતના પહેલા નવાબ તરીકે મીરઝાં જાફર નજુમુદ્દોલ્લા ઉર્ફે મોમીનખાન પહેલા ઈ. સ. ૧૭૩૦ થી ૧૭૪૩ થયા. એમનો લગભગ બધો જ સમય સુબાના અધિકારીઓ સાથેની લડાઈઓ તેમ ખંભાત રાજ્યને સ્થિર કરવામાં ગયો છે. હી. સ. ૧૧૫૩ તે ખંભાત આવ્યા ત્યારે તેમની સાથે ઈસ્માઈલ મહંમદ નામે એક માણસને લાવ્યા. તેની નિમણૂંક બંદરના દારોગા તરીકે કરી. જૂના દારોગાની બિનઆવડતને લીધે ફુરજાની ઉપજ ઓછી થઈ ગઈ હતી. તે વધારવાને માટે તેમણે નવા નીમેલા દારોગાએ વેપારીઓનાં દીલ જીતી લઈ ઉપજ વધારી તે હી. સં. ૧૧૫૮માં મરણ પામ્યો. એટલે તેનો ભાઈ કાસમઅલીની બંદરના દારોગા તરીકે નીમણૂંક કરી. તેણે પણ ખંભાતના વેપારી આલમની પ્રીતિ મેળવી હતી. તે હી. સં. ૧૧૬૯માં અમદાવાદ ગયો અને ત્યાં મરણ માભ્યો. ત્યાર પછી ખંભાતના કેટલાક વેપારીઓ પોતાનો માલ વહાણને રસ્તે જંબુશર કસબામાં લાવી ત્યાં તેનો સોદો — વેચાણ કરતા. આમ કરવાથી દશાંશની જકાત આપવાના ખરચામાંથી તેઓ બચી જતા હતા. દશમો ભાગ લેવાનો ધારો જૂના વખતથી ન હતો; પણ કાંઈક રાહદારીનો વેરો ઈજારારૂપે લેવાતો હતો, આમ થવાથી ખંભાત બંદરની આવક દેખીતી રીતે ઓછી થઈ ગઈ હતી.[૩૯]

નાના રતન શરાફ નામનો વેપારી ત્યાં લાંબા વખતથી જઈ વસી આ પ્રકારના વેચાણસાટાણુનો પાયો નાખી તે પૈસાવાળો થઈ ગયો હતો. મોમીનખાનને આ વાત ધ્યાનમાં હતી. તેમણે તેના ઉપર ચડાઈ કરી. નાનાને ખબર મળતાં તે નાસી ગયો. તેના ઘરનો સરસામાન લઈ લીધો.[૪૦] વળી કેટલાક સિપાઈઓ અને કોળીઓએ લોકોનાં ઘરબાર લૂંટી લીધાં. આ બનાવથી મોમીનખાનની ધાક વધી ગઈ.

મુફતાખીરખાન મોમીનખાન (ઈ. સ. ૧૭૪૩ ૧૭૮૩)ના સમયમાં ખંભાત ઘણું નાનું થઈ ગયું હતું. ઈ. સ. ૧૭૭૫માં આવેલા જેમ્સફોર્બસ લખે છે કે—

'એક વખતે ઘણું પ્રખ્યાત થયેલું જે ખંભાત તે આજે તદ્દન બદલાઈ જ ગયું છે. તેની ભવ્યતા જતી રહી છે. પહેલાંના વખતમાં શેરીઓનું રક્ષણ કરવામાં આવતું. શહેરનો ઘેરાવો પણ ત્રણ માઈલનો છે.૪૨

ત્યાર પછી થયેલા મહમદકુલીખાન (૧૭૮૩–૮૯) ફતેહઅલીખાન (૧૭૮૯–૧૮૨૩) બંદે-

૩૮. ગુ. અ. ઈ. પૃ. ૩૭૮

૩૯. મિ. એ. વો. ૨ ખંડ ૩જો પૃ. ૫૫૫

૪૦. એ જ પૃ. ૫૫૬

૪૨. જેમ્સ ફોર્બસ મેમોરેડમ ૧૮૩૪ પૃ. ૩૧૮–૧૯

અલીખાન (૧૮૨૩–૪૨)ના સમયમાં વહાણ મારફતે થોડો થોડો વેપાર ચાલ્યા કરતો હતો. ત્યાર બાદ હુસેનયાવરખાન (ઈ. સ. ૧૮૪૧–૮૧) સુધી ૪૦ વર્ષના રાજ્યકાળમાં કંઈક દરિયાઈ હકીકત મળે છે.

ઈ. સ. ૧૮૪૩માં નડિયાદના વતની શ્રી શામળદાસ દેસાઈ પોતાની દેશાઈગિરી બાબત અંગ્રેજો સાથે પડેલા ઝગડાની દાદ માગવા તે પોતે એક વહાણ લઈ ખંભાત બંદરેથી લંડન ગયા હતા.૪૩

ઈ. સ. ૧૮૫૯માં અમદાવાદના વતની અને પહેલી મિલ કાઢનાર શ્રી રણછોડલાલ છોટાલાલે ખંભાતના દરિયા માર્ગે વિલાયતથી મિલના સંચા મંગાવેલા ખંભાત તે સંચા ઉતાર્યા પછી વીસથી વધારે ગાડાંમાં મૂકી તે સંચા અમદાવાદ લઈ ગયા હતા. આ માટે તેઓ ચાર માસ ખંભાત રહ્યા હતા.

ઈ. સ. ૧૮૮૯ (વિ. સં. ૧૯૪૫)માં ખંભાતમાં શુકલ ઉમિયાશંકરને ઘેર જંબુશરથી એ જાનો આવી હતી; તે જાનો લગ્ન કરી (વૈશાખ વદ ૧ સં. ૧૯૪૫) તરત પાછી સમુદ્ર માર્ગે ગઈ હતી. આ બંને જાનોમાં કુળ ૩૦ માણસો હતાં. તે બંને જાનો દરિયામાં ડૂબી જતાં માત્ર પાંચેક માણસ જીવતાં રહ્યાં હતાં. આ દાખલાથી સમજાય છે કે આ સમયમાં સમુદ્રમાં વહાણો–હોડીઓ મારફતે વહેવાર ચાલતો હતો.૪૪

નવાબ જાફરઅલીખાન સાહેબનો સમય (ઈ. સ. ૧૮૮૧–૧૯૧૫) આ રાજાના સમયમાં માધવરામ હરિનારાયણ (૧૮૯૪–૧૯૧૩) નામે દિવાન આવ્યા. તે બહુ બુદ્ધિશાળી, દીર્ઘદષ્ટિવાળા સુધારક અને ખંભાતની ઉન્નતિ કરનારા હતા. તેમણે રેલવે, હાઈસ્કૂલ, કોર્ટ, મિલ વગેરે ઘણા સુધારા કર્યા. તે સારી રીતે સમજતા હતા કે ખંભાતનો વિકાસ કરવો હોય તો બંદરી સુધારા કરવા જોઈએ. અને તે માટે તેમણે પ્રયત્નનો પ્રારંભ કર્યો.

ઈ. સ. ૧૯૧૨માં કરાંચીના એંજિનિયર મિ. જેકસન મારફતે ગ્લાસગોથી ડ્રેજર મંગાવી દરિયામાં કાયમનું પાણી રહે તેવું ખોદવાનો પ્રયત્ન કર્યો. વળી સ્ટીમલોંચ મંગાવી, એક સ્ટીમર ખંભાત અને મુંબઈ જવા માટે મંગાવવામાં આવી. કમનસીબે જીબ્રાલટર આગળ રસ્તામાં એક સ્ટીમર સાથે અથડાતાં તૂટી ગઈ. લોંચ મારફતે ખંભાત ભાવનગર વચ્ચે વહેવાર શરૂ કર્યો. આ સઘળા પ્રયત્નનું પરિણામ સારું ન આવ્યું. દિવાનસાહેબને ખંભાત છોડવું પડ્યું. આ સમયે થોડો થોડો વેપાર તો ચાલતો હતો, પણ વધુ વિકાસની આ દૃષ્ટિ હતી તે અટકી ગઈ.૪૫

નવાબ હુસેન યાવરખાન સાહેબનો સમય (૧૯૧૫–૧૯૪૮)માં ફરી પ્રયત્ન કરવામાં આવેલા સને ૧૯૧૫ થી ૧૯૩૦ સુધી એડમિનિટ્રેશનો અમલ હતો. એટલે તે તો કાંઈ કરી શકે તેવી સ્થિતિ જ ન હતી. સને ૧૯૩૦માં નવાબ સાહેબે ગાદીએ બેઠા પછી તેઓએ ખંભાતની ઉન્નતિ 'છોટા લંડન' કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા કે જેઓ મુંબઈના મ્યુનશિપલ કોર્પોરેશનનાં સુંદર કામો કરી નામના મેળવી હતી; તેમને દિવાનપદે સ્થાપ્યા. ૧–૧૨–૩૧ થી ૧૩–૨–૩૪) ઈ. સ. ૧૯૩૧માં પ્રયત્નનો

૪૩ ચરોતર સર્વસંગ્રહ ભા. ૨ જો પૃ. ૭૮૨
૪૪. હૃદયદ્રાવક બનાવો એ પ્રકરણ જુઓ.
૪૫. ખંભાત રાજ્યનો વાર્ષિક રિપોર્ટ સને ૧૯૧૩ પૃ. ૨૧–૨૪

પ્રારંભ કર્યો. સને ૧૮૭૮ના સીકસ્ટમ્સ એકટ મુજબ ખંભાતનું બંદર કસ્ટમ્સપોર્ટ જાહેર થવાથી નવાબસાહેબે દિવાન સાહેબને ચીફ કસ્ટમ્સ ઓથોરીટી નીમ્યા. અને પોર્ટ ટ્રેડ ડેવેલપમેન્ટ એજન્ટ અને હજુર પ્રાઈવેટ સેક્રેટરીને ખીલવણી માટેનાં સાધનો લેવા (૧૧મી જુન ૧૯૩૨) વિલાયત મોકલ્યા. તેઓએ 'કેમ્બે પ્રિન્સ' અને 'સ્તંભતીર્થ' ખરીદી અને તે ગયેલું ડે. પાછું આવ્યું. થોડા વખતમાં ખંભાત રાજ્યને મોટમાં મોટો લાભ થયો. લગભગ ૩૭,૮૧,૪૩૬ રૂા. થયા.

લેન્ડ કસ્ટમ લાઈન નંખાઈ (ઈ. સ. ૧૯૩૩) ખંભાત બંદર પ્રથમ ખુલ્લું મુકાયા પછી બ્રિટિશ રાજ્ય તરફથી તેમના ઉપજને નુકસાન થાય છે એવું નિમિત્ત રજુ કરી બ્રિટિશ હદ ઉપર 'લેન્ડ કસ્ટમ બેરીયર' એકાએક સને ૧૯૩૩ના એપ્રિલની ૮મી તારીખથી મૂકવામાં આવી.૪૬ આણંદ, સીંજીવાડા, બામણવા વગેરે સ્થળે નાખી. આથી ખંભાત બંદરે ઊતરેલો માલ બ્રિટિશ હદમાં સર્ટિ.થી લઈ જવાની છૂટ આપી.૪૭

બંદરના હક માટેના પ્રયત્ન ઈ. સ. ૧૯૩૩–૩૮ સુધી ચાલ્યા.૪૮ આમ ખંભાતના નવાબસાહેબો તરફથી ખંભાત બંદરને ખીલવવા પ્રયત્નો થયા છે; પરંતુ તેમાં સફળ થયા નથી.

ખંભાત બંદરનો પ્રશ્ન બ્રિટિશ સરકારને હસ્તક :

અંગ્રેજો વેપારમાં જોડાયા; બાદ ધીમેધીમે દરિયા કિનારાનાં બંદરો પર પોતાની સત્તા જમાવતા ગયા. હિન્દીઓના હાથમાંનો વેપાર તેમણે પોતાના હસ્તક લેવા પ્રયત્ન કર્યો; તેમાં તેઓ સફળ થયા. સાગર પર તેમનું જ રાજ થયું. જૂનાં કે નવાં બંદરોના હક પણ તેમના તંત્રમાં આવ્યા. આથી કોઈ બંદરને ખીલવવું કે ન ખીલવ તેવું તેમના હસ્તકની વાત હતી. ખંભાત બંદરની ખિલવણી કરે એમ ન હતું. તેમની નજર મુંબઈ પર હતી. ઈ. સ. ૧૮૧૦માં દહેવાણના ઠાકોરે પોતાનું બંદર ખિલવવા માગણી કરી; તો તેનો અસ્વિકાર થયો. ઈ. સ. ૧૮૩૦માં ધોળકા તાલુકાના બોરો ગામને બંદર બનાવવાની માગણી થયેલી. તેને પણ ના પાડેલી. બોરસદ તાલુકાના રાળજ ગામને બંદર બનાવવાની ઈ. સ. ૧૮૫૪માં આવેલી યોજનાને ના પાડેલી. વડોદરા રાજ્યે ખંભાતના અખાતમાં બંદર કરવાની માગણી ઈ. સ. ૧૮૬૧માં કરેલી. તેનો પણ નકારમાં જવાબ મળેલો. ઈ. સ. ૧૯૦૯માં મુંબઈ સરકારે બદલપુરને બંદર બનાવવાની યોજના કરી, પણ તેનો જોઈએ તેવો અમલ થયો નહિ. ૪૯

ખંભાત બંદરને ઈ. સ. ૧૮૮૪ના નોટીફીકેશનથી કસ્ટમ પોર્ટ તરીકે સ્વીકાર કરેલો. આ બાબત માટે સને ૧૯૩૨માં ખંભાત રાજ્ય તરફથી 'બ્રિટિશ ગવર્નમેંટ દિલ્હી'માં ઘણા લખાણો કરવામાં આવેલાં. 'હિન્દુસ્તાન સરકારના નંબર ૨૫૫૯ તા. ૧–૮–૧૮૮૪ના જાહેરનામા અન્વયે દરિયાઈ જકાત લેવાના દરમાં એક બંદરેથી બીજા બંદરે માલ લઈ જતાં જે છૂટ આપવામાં આવે છે તે બાબત સિવાય ખંભાત દરબારને બ્રિટિશ કસ્ટમ પોર્ટના કોઈ પ્રતિબંધો તથા

---

૪૬. દિવાન નર્મદાશંકર દે. મહેતાનું ભાષણ ખંભાત દરબારી ગેઝેટ પુ. ૪૩ મું અંક ૬ પૃ. ૯૮

૪૭. ખંભાત દરબારી ગે. ૧લી ઓગષ્ટ ૧૯૩૫ પૃ. ૭૬

૪૮. દિવાન કે. કે. ઠાકોરનું ભાષણ ખં. દ. ગે. પુ. ૪૫ અંક ૫ પૃ. ૪૨

૪૯. 'લોકમત' વર્ષ ૧૯મું અંક ૩૩ તા. ૧૧–૪–૧૯૪૮ પૃ. ૧૨

હકનાં બંધનો નથી. ૫૦ સારાંશ ખંભાત દરબાર પોતાનું બંદર પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવે તેમાં માત્ર બે જ પ્રતિબંધો છે, અને તે એ કે બ્રિટિશ જકાતના નિયમ પ્રમાણે જકાત લઈ શકે એટલે ઓછીવત્તી કરી શકે નહિ, અને કોઈ બ્રિટિશ પોર્ટમાં જકાત ભરી માલ ઉતારવામાં આવ્યો હોય તે ફરી ખંભાત બંદરે લાવવામાં આવે તો બ્રિટિશ પોર્ટ તે જકાતનું રીફંડ અમુક અંશમાં આપે છે તે આપી શકે નહિ. આથી ખંભાત બંદરે આવતા સર્વ માલ ઉપર બ્રિટિશ પોર્ટની પેઠે પૂર્ણ જકાત લઈ શકાય અને તેમાં કંઈ ડખલ થઈ શકે નહિ.

### રાષ્ટ્રિય સરકાર ૧૯૪૮

ખંભાતનું રાજ્ય મુંબઈ પ્રાંતમાં (હિન્દી સંઘ)માં તા ૧૦-૬-૪૮ના રોજ જોડાયું. એટલે ખંભાત બંદરને વિકસાવવાના પ્રયત્નો મુંબઈ રાજ્ય તરફથી કરવાના હતા. ત્યાર પછી મુંબઈ રાજ્ય દ્વીભાષી તા. ૧લી નવેમ્બર ૧૯૫૬થી થયું. તે ચાર વર્ષ સુધી રહ્યું, અને તેમાંથી ગુજરાત રાજ્ય તા. ૧લી મે ૧૯૬૦થી થયું. એટલે ખંભાત પ્રથમ મુંબઈ રાજ્યમાં, પછી મુંબઈ દ્વીભાષીમાં અને પછી ગુજરાત રાજ્યમાં રહ્યું છે.

આ ઉપરના દરેક રાજ્યના અમલમાં ખંભાતને ખિલવવાના ખંભાતની પ્રજાના મનોરથો અને પ્રયાસો, દિલ્હી સરકાર, પ્રાંતિક સરકાર બંદરી અધિકારી, એ સઘળા પાસે ખંભાતની કોંગ્રેસ સંસ્થા, ખંભાત મ્યુનિસિપાલિટિ, ખંભાત સેવા સંઘ, મુંબઈથી લોકસમાજ; ખંભાત વેપારી મહામંડળ, ખંભાતનાં નવસંસ્કાર અને જાગૃતિ અઠવાડિક પેપરો, ખંભાત તાલુકાપંચાયત વગેરેએ પહોંચાડવા; પ્રયત્ન કર્યા છે.

ખંભાતના અખાતનો વિસ્તાર ૨૪૫૦ ચો. મા. છે ઓટવેળા તેની ઊંડાઈ ૨૦ થી ૨૧ વાળ હોય છે. એને તાપી, કીમ, નર્મદા, ઢાઢર, મહી, સાબરમતી ઉતાનળી, કલુભર, શેત્રુંજી વગેરે નદીઓ કાંપ લાવે છે; અને સમુદ્રમાં ઠલવાય છે; કેટલાંય વર્ષોથી આ ક્રિયા ચાલ્યા જ કરે છે, આથી જળ ત્યાં સ્થળ થવા પામ્યું છે. નદીઓના મુખ આગળ પણ કાંપની અસર થવા પામે છે; આથી નાનાં વહાણો આવે. મોટાં વહાણોનો માર્ગ બંધ થાય છે.

કાંપની સમીક્ષા :

સને ૧૯૩૨માં ખંભાતના દિવાન શ્રી નર્મદાશંકર દે. મહેતા કે જેમણે ખંભાતના અખાત-બંદર વિષે પ્રયત્નો કર્યા હતા તેમણે કહ્યું છે કે 'આ વિજ્ઞાનના વિસ્તારના જમાનામાં દરિયાઈ જગત માત્ર ખંભાતના અખાતમાં અથવા અરબી સમુદ્રમાં પરિસમાપ્ત થતું નથી. જો ખંભાત રાજ્યે ફતેહ મેળવવી હોય તો મહાસમુદ્રમાં જા આવ કરનારી નૌકાઓ સારુ ખંભાત બંદર ઉઘાડી આપવું જોઈએ.[૧]

ઉપરની ઇચ્છાથી તેઓશ્રીએ નિષ્ણાતોની મદદ લીધી. અને કાંપને કાઢવા-અટકાવવા તેમણે પ્રયત્ન કર્યો. તે કહે છે કે—

'અનેક સૈકાથી આ અખાતમાં કીચડથી પુરાણ થતું જાય છે તે વાત ખરી છે, તોપણ મહાભરતીના મોજાંના જોરથી આ કીચડ સર્વે બાજુથી પુરાણ કરી શકતો નથી. અને જે કાંઈ

---

૫૦. ખંભાત દરબારી ગેઝેટ ૧લી સ. ૧૯૩૨ પૃ. ૭૮ અહીં આખો બ્રિટિશ રાજ્ય સાથેનો કરાર આપવામાં આવ્યો છે.

૧ ખંભાત દરબારી ગેઝેટ ૧લી ડિસેમ્બર ૧૯૩૨ પૃ. ૭૭

કીચડ વડે પુરાણ થાય છે તે વડે જમીનનો નવો ભરાવો થઈ અખાતનું મુખ સાંકડું થતું નથી. પરંતુ અનિયમિત કીચડ વડે માટીના ટાપુઓ રચાય છે અને તે બે આડાઅવળા પાણીના વેગ વડે પુનઃ ધોવાઈ જાય છે. આ બે વેગમાં એક આડે. પ્રવાહ નદીઓનો સાગરસંગમ આગળના પુરનો છે, અને બીજો મહાસમુદ્રના ઊભા બળવાન ભરતીનો છે. આ આડા અને ઊભા પાણીના વેગ પ્રભાવને લીધે પાછલાં ૧૬૦૦ વર્ષમાં પાણીનાં વહેણ સહેજ આડાં અવળા થયાં છે તો પણ ખંભાતના અખાતનું મૂળરૂપ જેવું ને તેવું ખુલ્લું રહ્યું છે.'[૧]

સ્ટીમલોંચ : ત્રંબાવટી સને ૧૯૪૯

ખંભાત ભાવનગર વચ્ચે દરિયાઈ વ્યવહાર ચાલે તે માટે ખંભાતના વેપારીઓએ 'કેમ્બે-સ્ટીમ શીપ કું. સ્થાપી.' તે ખંભાત આવતાં તા. ૨–૪–૧૯૪૯ રોજ સમુદ્ર કિનારે નવાબ સાહેબ હુસેનયાવર ખાનના હાથે સત્કાર કરવામાં આવ્યો હતો. તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. અને આગળ ઉપર વેપાર વધુ ખીલે, અને લોકો સુખી થાય તેવી શુભેચ્છા દર્શાવી હતી. પરંતુ આ લાંબો વખત ચાલી ન હતી.

ખંભાત બંદરથી થયેલી હેરફેર[૧]

| | આયાત ટનમાં | નિકાસ ટનમાં | કુલ |
|---|---|---|---|
| ૧૯૫૮–૫૯ | ૪૨૪ | ૫ | ૪૨૯ |
| ૧૯૫૯–૬૦ | ૨૪૮ | ૬૦ | ૩૦૮ |
| ૧૯૬૦–૬૧ | ૧૧૦ | ૬ | ૧૧૬ |
| ૧૯૬૧–૬૨ | ૨૧૫ | ૩૩ | ૨૪૮ |

૧. ખંભાત દરબારી ગેઝેટ ૧લી ડીસે. ૧૯૩૧ પૃ. ૭૭

૨. 'ખેડા જિલ્લાના વિવિધ પાસાં' સંપાદક પ્રો. મનુભાઈ શાહ પૃ. ૪૮

વળી
૧૯૪૪માં ૨૫૬ વહાણો આવેલાં
૧૯૪૫માં ૨૨૭ ,,
૧૯૪૬માં ૧૭૬ ,,
૧૯૪૭માં ૧૭૮ ,,
૧૯૪૮ નવે. થી માર્ચ સુધીમાં ૩૦૧ વહાણો આવેલાં[૩]

મિ. ક્રોસે કરેલી
ખંભાતના દરિયાની સર્વે ૧૯૫૩

હોલેંડના જાણીતા મરીન એક્ષપર્ટ એચ. ડબલ્યુ. આર. બી. ક્રોસ તા. ૨૪–૧૨–૫૩ના રોજ પોતાનાં ૧૩ માણસો તથા બે સ્ટીમલોંચો મારફતે મુંબઈથી ભાવનગર મારફત ખંભાતના ડોક ઉપર આવ્યા હતા. તેઓ મરીન સર્વેયર તરીકે ખૂબ પંકાયેલા હતા. તેઓનો મુકામ ખંભાતના સિવ્યુ બંગલામાં રાખવામાં આવ્યો હતો. જેઓ યુનાઈ-ટેડ નેશન્સ તરફથી ટેકનિકલ સ્કીમ નીચે હિન્દમાં આવ્યા હતા. મુંબઈ સરકારની સર્વે બ્રાંચના ડેપ્યુટી એન્જિનિયર શ્રી ભાનુપ્રસાદ વગેરે ૨૩ માણસોના કાફલા સાથે તથા એક વેગન સર્વે કરવાના સામાન સાથે તા. ૨૩–૧૨–૫૩ના રોજ આવ્યા હતા. તેમનો ઉતારો કોઠી બિલ્ડિંગમાં હતો.

સર્વેની શરૂઆત તા. ૨૪–૧૨–૫૩થી શરૂ થઈ અને તા. ૧૫–૪–૫૪ પૂરી થઈ હતી. જુની સર્વે સને ૧૮૩૭માં ખંભાતથી નર્મદાના મુખ સુધીના થઈ હતી. તેનાં મળેલા પોઈંટો ધુવારણ, તરકપુર, શિકોત્તર અને કોઠી બિલ્ડીંગમાથી આ લોકોને મળી આવ્યાં હતાં.

૩. નવસંસ્કાર તા. ૧૮–૩–૪૯ પૃ. ૩

ક્રોસે ચારપાંચ માસ રહીને સર્વે કર્યા બાદ તેનો હેવાલ કેન્દ્ર સરકારને સુપરત કર્યો હતો. તેમણે પી. ટી. આઈના ખબરપત્રીને આપેલો હેવાલ તથા ૨૬–૧–૫૫ ઓલઈન્ડિયા રેડિયો પરથી આપેલા હેવાલનો સાર ખંભાતથી પ્રગટ થતા 'નવસંસ્કારે' નીચે પ્રમાણે આપ્યા છે.[1]

'ભારતની દષ્ટિએ દુનિયામાં ખંભાત એક મોટામાં મોટું મથક છે. દુનિયામાં વધુમાં વધુ પાણીની ભરતી ૪૬ ફુટ હોય છે જ્યારે ખંભાતમાં ૪૩ ફુટ છે. મુંબઈના દક્ષિણ તરફના દરિયાની ભરતીમાં મોજાં કરતાં ઉત્તર તરફનાં મોજાં વધુ ઉંચા છે એમ અમારી તપાસમાં જણાયું છે. આ મોજાં રત્નાગીરીનાં પાંચ ફીટ અને સુરતમાં છવીસ ફીટ છે. જ્યારે ખંભાતનાં (૪૩) તેતાલીસ ફીટ છે.'

'આ કુદરતી બળોનો જો બુદ્ધિપૂર્વક અભ્યાસ કરી કાબૂમાં લઈ તેનો ઉપયોગ કરવામાં આવે તો દરિયાનું ઊંડાણ જોતાં વહાણવટાની દષ્ટિએ ખંભાતને શ્રેષ્ઠ સ્થાન મળી શકે તેમ છે.' પાણીના આ કુદરતી બળને એક વખત કાબૂમાં લેવામાં આવે તો નાનાં બંદરો જાળવી શકાય અને મત્સ્યઉદ્યોગને ઘણી જ સુન્દર રીતે ખીલવી શકાય ત્યાર બાદ તેઓ મુંબઈ ગયા હતા. ત્યાં શેઠ શ્રી ચુનીલાલ તથા ખંભાતના આગેવાનોએ તેમનું સન્માન કર્યું હતું તેઓ તા. ૭–૭–૫૫ના રોજ પોતાના વતન હોલંડ ગયા હતા.

મુંબઈ રાજ્યના પ્રધાનોશ્રી નિમ્બાલકર તથા શ્રી બાબુભાઈ જશભાઈ વગેરે તા. ૨૦–૩–૫૪ના રોજ બંદરની તપાસ કરવા આવી ગયા હતા.

૧. નવસંસ્કાર તા. ૪–૨–૫૫ પૃ. ૨

ખંભાત બંદરના લાકડાના ડોકથી ૬૦૦૦ ફીટ જેટલે દૂર બંદર થવાંની શક્યતા છે. ત્યાં ૨૦૦૦ ફીટની પહોળાઈનો દરિયાનો પટ છે તેમાં થોડું પાણી તો કાયમ રહે છે. દરરોજ ચોવીસ કલાકમાં બે વખત ભરતી આવે છે અને ૩૦ થી ૩૨ ફુટ ચઢે છે. મોટા જુવાળ વખતે ૪૦ ફુટ જેટલા પાણી ચડે છે.[1]

આમ ઘણા પ્રધાનો, નિષ્ણાતો વગેરે ખંભાત બંદર ઉપર નજર નાખી ગયા છે. જો બધી હકીકત એકત્ર કરતાં પુસ્તક મોટું થઈ જાય.

પંચવર્ષીય યોજનાઓમાં થયેલાં કામોમાં ખંભાત બંદર માટે શું પ્રગતિ થઈ તે માટે ખેડા જિલ્લાના સને ૧૯૬૧નું પ્રગતિપત્રકમાં જણાવ્યું છે કે ખંભાત બંદર ભરતી સાથે ઘસડાઈ આવતા કાદવ, રેતી વગેરેથી દિન પ્રતિદિન પૂરાતું જાય છે. અગાઉ ઘસડાઈ આવતા કાદવ, રેતી કચરા વગેરે સાફ કરવા માટે એક યોજના અમલમાં હતી. આ યોજનાને પુનર્જીવન આપવાનું બીજી પંચવર્ષીય યોજનામાં નક્કી થયું. આ માટે સરકારે ૭,૭૫,૦૦૦ રૂ.ના નકશા અને અંદાજપત્રકો મંજુર કર્યા અને બીજી યોજના દરમિયાન ૨,૫૦,૦૦૦ના ખર્ચે મંજુરી આપી."

"આ યોજના મુજબ તળાવ આડો માટીનો બંધ આશરે ૮ ફૂટ ઊંચો અને ૫ માઈલ લાંબો બાંધી તળાવમા પાણી એકઠું કરવું અને નિયંત્રિત પ્રમાણમાં અવારનવાર એકઠા થયેલા પાણીના જથ્થામાંથી પાણી જોશભેર વહાણવટાની ખાડીમાં છોડવું એમ નક્કી થયું હતું. જેથી જે પુરાણ થયું હોય તે પાણી સાથે ખંભાતના અખાતમાં વહી જાય

૧. નવસંસ્કાર ૨૬–૩–૫૪ પૃ. ૧

અને વહાણોની અવરજવર માટે ઉપયોગી રહે. આ યોજના પાછળ બીજી પંચવર્ષીય યોજના.માં કુલ ૫,૩૧,૭૩૧રૂ.નો ખર્ચ કરવામાં આવ્યો" અને હવે આ કામ પૂરૂ થઈ ગયું છે"

સને ૧૯૫૬ દરમિયાન ખંભાત બંદર ઉપરના લાકડાના ફુરજાનું સમારકામ ૧,૨૨,૧૪૦ને ખર્ચે પૂરૂ કરવામાં આવ્યું હતું તેમજ બંદર ઉપર આવેલા સરકારી ગોડાઉનનું સમારકામ પણ ૫૨૪૪-૬૪ને ખર્ચે પૂરૂ થયું છે."

ખંભાતના દરિયાનો ભયંકર ખળભળાટ (૧૯૭૦)

ખંભાતના દરિયા ઉપર ચૈત્રી પુનમનો મેળો ભરાય છે. ભાલ અને ચરોતરના હજારો લોકો આવે છે;

સને ૧૯૩૬માં જુન જુલાઈ અને ઓગષ્ટ માસમાં દરિયામાં કુદરતી ખોદાણ થયું હતું. તેથી વહાણો અને સ્ટીમરો પાસે આવ્યાં હતાં. પરંતુ ડકકો અને પગથિયાં વગેરે ધોવાઈ ગયું હતું, ત્યારપછી લગભગ ૨૦ વર્ષે ફરી એકવાર દરિયાનું પાણી છેક રાહદારી સુધી આવી ગયું હતું. છતાં કાંઈ નોંધપાત્ર નુકસાન થયું ન હતું સને ૧૯૫૯ ના જુન-જુલાઈમાં પણ થયું હતું પરંતુ ૮મી ફેબ્રુઆરી સને ૧૯૭૦ના રોજ ખંભાતના દરિયાએ ભયંકર અકસ્માત કર્યો. દરિયામાં લગભગ ચારેક માસથી ભયંકર ભરતી આવતી હતી; અને તેથી દરિયો ખોદાતો જતો હતો; ખોદાતાં ખોદાતાં લાકડાની જેટી જ્યાં બાંધેલી હતી ત્યાં સુધી 'પાણીનો ઘોડો' ઉછાળા મારતો ભયંકર રીતે આવતો; આથી કિનારા ઉપર ફાટો પડી જતી; પછી ખોદાઈ જતું; આ કુદરતી દેખાવો જોવા માટે ગામનાં, પરગામનાં હજારો સ્ત્રી પુરુષો આવતાં દરિયા કિનારે શાંતિથી બેસે અને દૂરથી આવતો ઘોડો જુવે. લગભગ બપોરના બે વાગ્યાથી હજારોની સંખ્યામાં લોકો ડકકા કિનારે એકત્ર થઈને પાણીના ઘોડાની રાહ જોતા બેઠા હતા. લગભગ ૪ કલાક ૪૫ મિનિટના સમયે આથમણી દિશાએ દૂરથી ઘુઘવાટા કરતું સાગરનું પાણી ઉછળતું ઉછળતું; લગભગ એક માઈલ ઉત્તરદક્ષિણ હારમાં આવતું દેખાયું. તેનો ઘુઘવાટ સાંભળી સર્વે ઊભા થઈ ગયા; અને એકીટસે તે જોવા લાગ્યા. કિનારા ઉપર કાળા પત્થરના મોટા મોટા ગચ્ચા પડયા હતા. તે સહેજ દરિયામાં આગળ પડતા હતા. જો કે કિનારેથી તે ઉપર જવાતું હતું. ત્યા પણ કેટલાક યુવાનો બેઠા હતા. દરિયાનો ઘોડો ઘુઘવાટા કરતો એકદમ પાસે આવ્યો અને પથ્થર પર બેઠેલા યુવાનોને જોરથી અથડાયો તેથી બેઠેલા માણસો ઉછળ્યા; અને એકદમ તણાયા, ચારે બાજુ બૂમાબૂમ થઈ રહી; ઘડીમાં પાણીમાં દેખાય અને પાછા બંધ થઈ જાય. કોણ પાણીમાં ગયું; કોનું ગયું, કેટલા ગયા, વગેરે કશી ખબર પડી નહિ, અમે ત્યાં હાજર હતા. નજરે જોતા હતા; પરંતુ ત્યાં કોઈને બચાવી શકાય તેમ ન હતું; ક્ષણનો બનાવ હતો: શહેરમાંથી ઘણાં માણસોએ શોધખોળ કરવા માંડી: મ્યુનિસિપલના પ્રમુખ, કોંગ્રેસ પંચાયતના પ્રમુખ વગેરે બધા આવી પહોચ્યા. પણ તે દિવસે તો કશો પત્તો ન લાગ્યો. બીજે દિવસે માલૂમ પડયું કે ત્રણ માણસો તે પાણીના ઘોડાનો ભોગ બન્યા છે. આ બનાવ પછી દરિયો તો તેનું કાર્ય કરતો રહ્યો અને ઘણોજ ભાગ ખેદી નાખ્યો છે. તેત્રીસ વર્ષના ગાળામાં ત્રણ વખત દરિયાએ ખળભળાટ મચાવી મૂકયો હતો

આ ખોદાણને જોવા ગુજરાત રાજ્યના ધારાસભ્યો, પ્રધાનો, અને દરિયાઈ ખાતાના અધિકારીઓ આવ્યા હતા.

ગુજરાત રાજ્ય પ્રતિષ્ઠા (તા. ૧-૫-૧૯૬૦) વખતે ખંભાત

આ સમયે બંદરો વિશેની ગણતરી તેના અધિકારીએ નીચે મુજબ આપી છે.

ગુજરાતનો સાગર કાંઠો ૧૦૦૦ માઈલનો છે. તેમાં બંદરોના ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે. પહેલા વર્ગમાં કંડલાને એક ને જ મૂકવામાં આવ્યું હતું. બીજા મધ્યમ કદના નવ બંદરો અને ત્રીજા વર્ગમાં નાનાં ૪૨ બંદરો મળી કુલ ૫૨ બંદરો ગણાવ્યાં છે. તેમાં ખંભાતને નાના બંદર તરીકે ગણાવ્યું; અને ત્યાં ૪૨૯ ટન માલની હેરફેર લખી છે. વધુમાં જણાવે છે કે પાંચ બંદરો પર સ્ટીમરો અને વહાણો આખું વર્ષ કામ કરી શકે છે; જ્યારે બાકીનાં ૪૭ બંદરોએ એ વર્ષમાં ચારથી પાંચ મહિના દરિયાઈ તોફાન તથા ચોમાસાની ઋતુના ખરાબ હવામાનને લીધે કામ થઈ શકતું નથી.

રત્નાકર સાગરની હકીકત સાગર જેટલી વિશાળ છે, અહીં તો માત્ર તેનું ટૂંકું નિરીક્ષણ જ કર્યું છે. વધુ વિગતો બીજાં ઘણાં પુસ્તકોમાંથી મળે તેમ છે.

આ પ્રકરણ પૂરું કરતાં ખંભાતની સમગ્ર પ્રજાના હૃદયમાં એક મહત્ ભાવના ભરેલી છે કે 'અમારું ખંભાત પુનઃ બંદર બને' અને 'રત્નાકર સાગરની લહેર હશે.'

## પ્રકરણ ૭૮ મું

## વંદનીય સંત વિભૂતિઓ

'શ્રી સ્તંભપુર સાયરતટ પાવન, સંતલોક પુણ્યવંત'
કાશીસુતશેઠજી વિહારપર્વ

સતમહંતો.

એક ઇતિહાસકાર લખે છે કે સંતપુરુષોની નોંધ લીધા વિના સાંસ્કૃતિક ઇતિહાસ અધુરો જ ગણાય. પોતાનું અને દેશનું કલ્યાણ કરવામાં સંતપુરુષોનો હિસ્સો મોટો હોય છે જેમના જીવનની વત્તી કે ઓછી અસર સમાજ ઉપર તેમજ રાજકીય પુરુષો પર પડ્યા વિના રહેતી નથી.

ભારતવર્ષની સંસ્કૃતિ ટકાવી રાખવામાં પવિત્ર તીર્થક્ષેત્રો; વિશાળ દેવમંદિરો, અને જપતપ, યજ્ઞયાગાદિ ધાર્મિક ક્રિયાઓ મુખ્ય છે. યાત્રા કરવી એ જીવનની મહામૂલી આત્મકલ્યાણની ભાવના છે. આ સ્થાવર તીર્થો આપણી કીમતી સાંસ્કૃતિક સંપત્તિ છે; અને ઋષિમુનિઓ, સાધુસંતો, મહાત્માઓ આચાર્યો, ફીરકાઓ, અને ભક્તજનો એમના ઉપદેશરૂપ પ્રેરણાથી પ્રજાની સાંસ્કૃતિક ભાવનાના સર્જક, પોષક અને સંવર્ધક છે આ જંગમતીર્થોનું ઋણ મનુષ્ય ઉપર ઓછું નથી. આવા પવિત્ર અને પ્રેરણાદાયી સમપુરુષોએ યુગે યુગે જન્મ ધરી મનુષ્યનો ઉદ્ધાર કરવામાં ઘણો ભાગ ભજવ્યો છે.

સંત કવિ જંભારામ (ઈ. સ. ૧૪૮૧–વિ. સ. ૧૫૭૩) એમનો જન્મ ખંભાતમાં સોળમી સદીમાં ઢીમર કુળમાં થયો હતો. તેઓ મોટા થયા ત્યારે નાવિકનો ધંધો સ્વીકાર્યો હતો. એક વખત તેઓ વહાણના સુકાની તરીકે ખંભાતથી નીકળી સૂરત આવ્યા. આ સમયે સૂરતમાં સંત નિર્વાણ સાહેબ ધૂણી ધખાવી સૂરતની પ્રજાને બોધ આપતા હતા. તે તેમના સાંભળવામાં આવ્યો, સૂરતથી તે પણ ખંભાત આવ્યા. આમ અવારનવાર તેમને સૂરત

જવાનું થતું અને સંતનિર્વાણને બોધ સાંભળવા તેમને મળતો. તેમનાં પત્ની મરી ગયાં; આથી તેમને ઘણું લાગી આવ્યું, અને સંસારમાં રહીને શું કરવું એવી વૈરાગ્યવૃત્તિ ઉત્પન્ન થઈ. તેઓ સૂરત નિર્વાણ સાહેબ પાસે ગયા. ત્યાં તેમણે પ્રભુ-ભક્તિમાં મસ્ત રહેવાનો પ્રસાદ આપ્યો,

સંત જંભાનુ ભારતવર્ષની યાત્રા કરવા ગયા; ત્યાં ચોવીસ વર્ષ વીત્યાં, વિ. સ. ૧૫૭૦ના પોષ સુદ ૧૧ સંત નિર્વાણ સાહેબ અંતર્ધાન થયા. અને તેમની ગાદી પર સદાનંદજી આવ્યા. તેઓ ગુરુના પગલે ચાલનારા હતા. એક વખતે ગુરૂએ તેમને કહ્યું 'બેટા સદાનંદજી' મારો લાડીલો જંભારામ આવે છે તેનું સ્વાગત કરો." આ સાંભળી સદા-નંદજી આશ્ચર્ય પામ્યા અને આ વાણી સાચી છે કે ખોટીની રાહ જોતા બેઠા. જંભાજી સુરત આવ્યા. ત્યારે તેમને માલમ પડયું કે બાબા નિર્વાણ પામ્યા છે. તેઓ મૂર્છિત થયા. તેમણે સદાનંદજીના સ્વરૂપમાં બાબા નિર્વાણનાં દર્શન કર્યા. પછી સુરત રહી સંત વાણીની રચના કરવા માંડી. ઘણાં પદો તેમણે બનાવ્યાં છે. ૫

૫ 'નવસંસ્કાર' દીપોત્સવી અંક ૨૦૨૦

ખંભાતમાં ભક્ત કવિ પ્રીતમદાસ ઈ. સ. ૧૭૮૬:—એમનું ચરિત્ર પાછળ પ્રકરણ ૪૬માં સાંપ્ર-દાયિક મંદિરોમાં આપ્યું છે.

ખંભાતમાં સંતરામ મહારાજ ૧૮૧૬:—સંતરામ મહારાજ અવધૂત કોટીના મહાત્મા હતા. ગિરનાર તરફથી વિચરતા તેઓ ખંભાત પધારેલા. અને ત્યાર પછી તેઓ નડિયાદ, ડાકોર વગેરે સ્થળે ગયા હતા હાલમાં નડિયાદમાં તેમનું વિશાળ મંદિર છે. ત્યાં તેઓ સ્થાયી રહ્યા. અનેક જીવોના તેઓ ઉદ્ધારક બન્યા. વિ. સ. ૧૮૮૭માં મહા સુદી ૧૫ તેમણે જીવન સમાધિ લીધી તેમના બ્રહ્મરંધ્રમાંથી નીકળેલી જ્યોતથી પ્રગટાવેલો ધૃતદીપ મંદિરમાં અખંડ રાખ-વામા આવે છે. અને તે જ્યોતની સેવામાંજ જપ ધ્યાન વગેરે મહંતો કરી આત્મસાધના કરતા આવ્યા છે.

ખંભાતમાં સંતકવિ રવિભાણુ: (વિ. સં. ૧૭૮૩) ગુજરાતના આમોદ ગામના વતની હતા. તેઓ ખૂબ તેજસ્વી હતા. તેમણે 'ભાણુ' ગુરૂ પાસે દીક્ષા લીધી હતી. વડોદરા પાસેના શેડખીની ગાદી પર તે સ્થાપિત થયા. તેમના ઘણા શિષ્યો ગુજરાત, કચ્છ, કાઠિયવાડમાં થયા. તેઓ કવિ પણ હતા; ને પ્રભુનાં ભજનો પણ ગાતાં.

ખંભાતમાં વખતચંદ નામે એક વણિકનાં વહાણો દરિયામાં પવનના વાવાઝોડામાં ઉછાળા મારતાં આંધીમાં સપડાયા; તે સમયે તેણે તે સદ્-ગુરૂનું સ્મરણ કર્યું; અને દુઃખમાંથી બચ્યો. પછી તેણે ખંભાતમાં સંત કવિ રવિભાણને બોલાવ્યા. અને તેમના ચરણમાં મસ્તક મૂકી કેટલુંક દ્રવ્ય અર્પણ કર્યું; અને ચરણપાદુકાઓ ખભાતમાં સ્થાપી[૨]

શ્રી શિવાનંદજી મહારાજ (૧૯૨૮) અધ્યક્ષ શ્રી રામકૃષ્ણ મિશન બેલુરમઠ—૧૯૨૮

તા. ૫-૨-૨૮ના રોજ ખંભાત રાજ્યના એડમિનિસ્ટ્રેટર શ્રી વી. કે. નામ જોશીના હસ્તે તેમને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. સને ૧૯૨૭ના જુલાઈની ૨૭મી તારીખે ખંભાત અને ગામડાંઓમાં અતિવૃષ્ટિથી દુઃખી થયેલાંઓની વહારે ધાયા હતા. તેમને કપડાં, અનાજ વગેરે પૂરાં પાડવામાં અતિશય મહેનત તથા મદદ કરી હતી. આ મંડળીના સંબુદ્ધાનંદ તથા શ્રી અનંતા-નંદજી તથા ભાવેશાનંદજીએ બધાનું સન્માન કર્યું હતું.

---

૨ " સંત કવિ રવિભાણુ" પૃ. ૧૦૩; આ પાદુકાનો પત્તો લાગતો નથી.

પ. પૂ. શ્રી આત્મસ્વરૂપ (૧૯૩૧)—તેઓશ્રી હરિદ્વાર નિવાસી હતા. તેમને ખંભાતની પ્રજા ભક્તિભાવથી માને છે. છેને ૧૯૩૧માં તેઓશ્રી સ્વર્ગવાસી થયા ત્યારે ખંભાતની પ્રજાએ પ્રાર્થના સભા ભરી હતી.

પ. પૂ. શ્રી વિદ્યાનંદજી મહારાજ (૧૯૩૨) તેઓશ્રી વિ. સં. ૧૯૮૮ના વૈશાખ મહિનામાં તથા વિ. સં. ૧૯૯૭માં એમ બે વખત ખંભાત પધાર્યા હતા. બીજી વખતે તો માદળાના તળાવ ઉપર હાલ જ્યાં સિનેમાગૃહ છે તે ખેતરમાં ગીતા ઉપર પ્રવચન કર્યું. હજારો લોકોએ ભક્તિભાવથી તેમની કથાનું શ્રવણ કર્યું હતું : એક લેખકે તેમના વિષે કાવ્ય પ્રસિદ્ધ કરેલું.

ગીતા જ્ઞાન તો ગજાવ્યું,
વિદ્યાનંદજી આ વી ને.
સૌને જ્ઞાન તો સમજાવ્યું,
વિદ્યાનંદજી આ વી ને.
ગીતા ઉપદેશ આપ્યો જેણે,
ખં ભા ત ઘે લું કી ધું.
ગીતા ધુણી જગાવી જેણે,
વિ દ્યા નં દ જી આ વી ને,
કલ્યાણ વિશ્વનું તમે ચાહો,
સૌને પ્રભુનો મારગ બતાવો,
ગીતાધર્મ શીખવવા, જાઓ,
વિ દ્યા નં દજી આ વી ને

પ. પૂ. શ્રી જયેન્દ્રપુરી મહારાજ (૧૯૩૫) તેઓશ્રી વિ. સં. ૧૯૯૧ના ફાગણ સુદ ૭ તા. ૧૧–૩–૩૫ના રોજ ખંભાત પધાર્યા હતા. તેમની સાથે સાધુઓ હતા. બીજી વખત વિ. સં. ૧૯-૯૩ના કારતક સુદ ૩ તા. ૬–૧૧–૩૭ના રોજ આવ્યા હતા. લગભગ એક માસ રહ્યા હતા. ખંભાતની ભાવિક જનતાને તેમણે જ્ઞાનોપદેશ આપ્યો હતો. તા. ૧૭–૮–૪૧માં તેમનો દેહવિલય અમદાવાદમ થયો ત્યારે ખંભાતની ધર્મપ્રેમી પ્રજાએ પ્રાર્થના–કીર્તિન કર્યાં હતાં.

પ. પૂ. શ્રી ભાગવતાનંદજી (૧૯૪૩) તેઓશ્રી હરદ્વારના નિવાસી હતા. વિ. સં. ૧૯૯૯માં ખંભાતમાં પધાર્યા હતા. વેદાંત, ગીતા, ઉપનિષદ વગેરે વિષયોને અનુલક્ષી પ્રવચનો કર્યાં હતાં. ખંભાતની ધાર્મિક પ્રજાએ તેમને અભિનંદન પત્ર આપ્યો હતો.

પ. પૂ. શ્રી મહેશ્વર નંદજી—(૧૯૪૩) તેઓશ્રી ઈ. સ. ૧૯૪૩માં ખંભાતમાં પધાર્યા હતા. ખંભાત મુકુન્દાશ્રમમાં ઊતર્યા હતા. બે માસ સુધી ગીતા ઉપર તથા કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ત્રિવિધકાંડ અપૂર્વ જ્ઞાનરૂપી લાભ આપ્યો હતો. ખંભાતની ભાવિક પ્રજાએ તેમને તા. ૧૯–૧૨–૪૩ના રોજ ભક્તિભાવપૂર્વક અભિનંદન પત્ર આપ્યું હતું.

પ. પૂ. શ્રી પરમાનંદજી મહારાજ (૧૯૪૭) વિ. સ. ૨૦૦૩ના વૈશાખ સુદ ૪ને દિવસે ખંભાત પધાર્યા હતા. દરરોજ મેઢ દ્વારાની વાડીમાં જ્ઞાન-બોધ ખંભાતની પ્રજાને આપ્યો હતો.

પ. પૂ, શ્રી બિન્દુજી મહારાજ (૧૯૪૮) વૃંદાવનનિવાસી ઈ. સ. ૧૯૪૮માં અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત ખંભાતમાં શ્રી કુલાશંકર મહારાજના સ્થાનમાં પધાર્યા હતા. તેઓશ્રીએ તુલસીકૃત રામચરિત્ર માનસ ઉપર બહુ સારી રીતે વ્યાખ્યાન આપ્યું હતું. તેમની કહેવાની શૈલી અને અર્થઘટના ઘણી જ આકર્ષક હતી. ખંભાતની પ્રજા તેમને ભૂલે તેમ નથી. તેઓશ્રી ઈ. સ. ૧૯૬૪માં વૃંદાવનમાં ગોલોક વાસી થયા.

શ્રી પૂર્ણાનંદજી મહારાજ (૧૯૪૯) હરદ્વાર નિવાસી ઈ. સ. ૧૯૪૯માં ખંભાત પધાર્યા હતા.

મુકુન્દ આશ્રમમાં ઊતર્યા હતા. દરરોજ સાંજે ગીતા ઉપર વ્યાખ્યાન આપી ખંભાતની ભાવિક પ્રજાને સંસ્કારપ્રેમી બનાવી છે.

પ. પૂ. અષ્ટાવકજી મહારાજ (૧૯૪૯) અવધૂત શિરોમણિ શ્રી ગુપ્તાનંદજી મહારાજના મુખ્ય શિષ્ય ખંભાતમાં રહી ઘણો જ્ઞાનોપદેશ કરેલો તેઓ વિ. સં. ૨૦૦૫ના શ્રાવણ વદ ૨ના રોજ ખંભાતમાં જ બ્રહ્મલીન થયા. તેમના સેવકગણોએ તેમની સમાધિ ઉપર ઋણ મુક્તેશ્વર મહાદેવ પાસે મહાદેવની સ્થાપના કરી છે.

પ. પૂ. નિત્યાનંદજી મહારાજ (૧૯૫૧) ખંભાતમાં સ્ટેશનથી આગળ આંબાખાડે જતાં પ. પૂ. મહાજયરાજશ્રીએ આશ્રમ સ્થાપ્યો છે, ત્યાં વિશાળ જગા રોકી ભક્તજનો ભક્તિભાવ તરફ પ્રેરાયા તે માટે ૐકારની સ્થાપના કરી. ત્યાં જયયજ્ઞ, તપયજ્ઞ, સત્યનારાયણની કથા, લઘુરુદ્ર મહારુદ્ર, વગેરે અનેક પ્રકારનાં ધર્મકાર્ય થતાં હતાં. હજારો માણસો દૂર દૂર ગામોથી આવતા હતા. તેઓશ્રી વિ. સં. ૨૦૦૭ વિજયદશમી તા. ૧૦-૧૦-૫૧ના બુધવારના રોજ ધાર મુકામે સ્વધામ પધાર્યા. તેઓશ્રીએ મનસોલ, ધીંસવાસ, ધાર, સાગોદ, ખંભાત, નાર, પંડોળી, વડેલી, પેટલાદ, ઉદેલ વગેરે સ્થળે સ્થાનો સ્થાપ્યાં છે.

પ. પૂ. શ્રી વાસુદેવાનંદજી મહારાજ (૧૯૫૩) તેઓશ્રી મુંબઈથી સન ૧૯૫૩માં ખંભાત પધારેલા અને હરિહરનિવાસમાં ઊતરેલા ને લોકોને ભક્તિજ્ઞાન આપેલું.

પ. પૂ. શ્રી નિગમાનંદજી મહારાજ (૧૯૫૩) તેઓશ્રી પંજાબમાંથી આવેલા. મુકુન્દ આશ્રમમાં ઊતરેલા અને ખભાતની પ્રજાને જ્ઞાનામૃતનું પાન કરાવેલું. ઈ. સ. ૧૯૫૩.

પ. પૂ. જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્ય શ્રી અભિનસચ્ચિદાનંદજી મહારાજ દ્વારકા (૧૯૫૬)

પૂજ્ય મહારાજશ્રી તા. ૩૧-૭-૧૯૫૬ના રોજ ખંભાત પધારેલા ખંભાતના બ્રહ્મણોએ તેમનું ઘણું જ ભાવભર્યું સન્માન કર્યું હતું. તેઓશ્રી રોજ કથા-ઉપદેશ આપતા હતા. ગણેશજયંતિ તથા બીજા તહેવારો ઉજવ્યા હતા. તેઓશ્રી તા. ૧૩-૧૦-૫૬ના રોજ અત્રેથી પધાર્યા હતા. ખંભાતમાંથી સ્ફટિક તથા અકીકનાં એક હજાર શિવલિંગો લઈ ગયા હતા અને તે સઘળાં એક સાથે દ્વારકાના એક મંદિરમાં એક સાથે પ્રતિષ્ઠિત કર્યા હતાં.

પ. પૂ. શ્રીભાગવતાચાર્યજી મહારાજઃ-વિ. સં. ૧૯૫૬ ખંભાતમાં પધાર્યા હતા. તેઓશ્રી સારા વ્યાખ્યાતા હતા. જ્ઞાનામૃતનું પાન કરાવ્યું હતું.

પ. પૂ. સ્વામી અદ્વૈતાનંદજી મહારાજઃ- (૧૯૫૭) ભારત સેવાસંઘ પ્રેરિત સંસ્કૃતિના મિશનના નેતા શ્રી અદ્વૈતાનંદજી મહારાજ પોતાની મંડળી સાથે ખભાત પધારેલા (૧૯૫૭). હરિહર નિવાસમાં ઉતરેલા. અને દરરોજ સવારે પ્રભાત ફેરીમાં હરિકીર્તન સુમધુર ગીતો સંભળાવતા. સાંજે વાડીમાં કથા કરતા. રામાયણની સ્લાઈડો બતાવતા. આમ ખંભાતની પ્રજા ઉપર આર્યસંસ્કૃતિના સંસ્કાર પાડયા હતા

પ. પૂ. શ્રીમુક્તદેવજી મહારાજઃ--(૧૯૫૯) આ સંતનાં ચરણો પ્રથમ ખંભાતમાં થયેલ; નારેશ્વરના પાસેના એક ખેતરમાં તપ આદરેલું; પછી બહુદકની ભૂમિ પર ગયા હતા. તે ક્ષેત્રમાં રહી ઘણી તપશ્ચર્યા કરી હતી પછી યાત્રા કરવા ગયા હતા. વિ. સં. ૨૦૧૫ તથા ૨૦૧૬ એમ બે ત્રણ વખત ખંભાતના ભક્તોના આગ્રહથી આવ્યા હતા. ખંભાતના સર્વ દેવમંદિરોનાં દર્શન કર્યાં હતાં. મહીસાગરમાં અમ સતે શનિવારે સ્નાન કરવાનો મહીમા છે તેથી તેમણે ભક્તજનો સાથે બેત્રણ વખત ધુવારણ નજીક સ્નાન કરેલું. અને તેમની પ્રેરણાને આજ્ઞાથીજ "કુમરિકાખંડ અથવા સ્તંભતીર્થ માહાત્મ્ય" પુસ્તક લેખકથી પ્રસિદ્ધ થયું. તેઓશ્રીએ વાસદ

પાસે મોટો આશ્રમ બાંધ્યો છે તથા શિવાલય કરાવ્યું છે. ત્યાં વિદ્યાર્થીઓ માટે સંસ્કૃતપાઠશાળા ચાલે છે. મહીના કિનારા ઉપર સુંદર સ્થળ બનાવ્યું છે.

મહામંડલેશ્વર શ્રીગંગેશ્વરાનંદજી—વિ. સં ૨૦૨૦ ઈ. સ. ૧૯૬૪માં ખંભાત પધર્યા હતા. અને વૈકુંઠવાસી શ્રીકુલાશંકરમહાર જની પચ્ચીસમી પુણ્ય તિથિએ તેમના તૈલચિત્રની અનાવરણ વિધિ કરી હતી.

શ્રી. શંકરાચાર્ય શ્રી રાજરાજેશ્વરાનંદગિરી. ઈ. સ. ૧૮૯૧ ખંભાતમાં મારકીટની સામે ધોળકાના શ્રીમદ્ શંકરાચાર્ય મહરાજશ્રીનો મઠ છે. તેમાં શ્રી શારણેશ્વર મહાદેવ વિ. સં. ૧૯૬૧માં શ્રી ભાસ્કારાનંદ સ્વસ્વતીએ પધરાવેલા છે. આ સ્થળે તેઓ કથાવાર્તા કહેતા; અને ત્યાર પણ શ્રી. સાગરાચાર્ય કથા કહેતા. શ્રી. રાજરાજેશ્વરાનંદગિરીની પાદુકાઓ બહુદક ક્ષેત્રમાં વિ. સ. ૧૯૪૭માં સ્થાપેલી છે.

શ્રી વિજયાનંદ સાગરાચાર્ય ધોળકાપીઠના જગદ્ગુરુ શ્રી શંકરાચાર્ય જ્યોતિપીઠની શાખારૂપ ખંભાતમાં ( શારણેશ્વર મહાદેવમાં ) સને ૧૯૩૯માં પધાર્યા હતા. અહીં ચોમાસુ કર્યું હતું. તે દરમિયાન આવતા ધાર્મિક મહોત્સવો સારી રીતે ઉજવ્યા હતા. બાકીના સમયમાં વેદ, બ્રહ્મસૂત્ર, ઊનિષદ્, મીમાંસા ઈત્યાદિ શાસ્ત્રો ઉપર પ્રવચનો કર્યા હતાં ખંભાતની સનાતન ધર્મપ્રેમી પ્રજાએ તા. ૨૨-૧૧-૩૯ના રોજ તેઓ શ્રીને અભિનંદન પત્ર અર્પણ કરી ધર્મભાવના પ્રદર્શિત કરી હતી.

શ્રીયતિ મુકુન્દાશ્રમ એમના વિશે પાછળ પૃ. ૨૪૧માં જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

શ્રી વસ્તાવિશ્વંભર એમના જીવન વિશે પાછળ પૃ. ૨૩૫ ઉપર જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

શ્રી અભરામબાવા તથા પુંજાબાવા વિશે પાછળ પૃ. ૨૩૭ તથા પૃ. ૨૩૮ ઉપર જીવન આપવામા આવ્યું છે.

શ્રી માયાતિતાનંદજી ( અવસાન ૧૯૫૬ ) ખંભાતના સ્વામિનારાયણના મંદિરમાં ઘણાં વર્ષો સુધી એક નિઠાથી મદિર તથા ધર્મની અપૂર્વ ઉન્નતિ કરનાર શ્રી માયાતિતાનંદજી હતા. તેઓનો જન્મ ભાલગાળાના આમળી ગામમાં થયો હતો. તેમનાં માતાપિતા બાળપણથી ગુજરી ગયાં હતાં. તેમણે સાત વર્ષની વયે ધોલેરા ગયા, અને ત્યાં દીક્ષા લીધી. ધીમેધીમે તેમની ઇશ્વર પ્રત્યે ભક્ત વધવા લાગી. નિરભિમાન, નિખાલસ, અને પરદુઃખ ભજનસ્વભવને લીધે વડતાલની ગાદીના આચાર્યશ્રીએ ખંભાતના સ્વામિનારાયણ મદિરમાં નીમણુંક કરી તેમના ભક્તિભાવ ભર્યા ચારિત્ર્યથી હજારો માણસો આકર્ષાયા. તેમના સમયમાં અનેક ધાર્મિક કામો થયાં. તેમાં આજનું નૂતન મદિર તે તેમના સાક્ષીરૂપ છે લગભગ ૪૦ વર્ષ સુધી તેમણે એક સરખી સેવા કરી. તેમનો આત્મા વિ. સં. ૨૦૧૨ના વૈશાખ વદ ૨ને દિવસ ભગવંત સ્વરૂપમાં મળી ગયો. તે વખતે તેમની વય ૮૦ વર્ષની હતી આવા બ્રહ્મનિષ્ઠા બ્રહ્મચારી મંદિરના ઇતિહાસમાં અમર છે.

વહોરવાડથી નારેશ્વર જતાં સ્વામિનારાયણની વાડી આવે છે ત્યાં તેમના અક્ષર નિવાસ ઉપર ( ઈ. સ. ૧૯૫૮ ) છત્રી બંધાવવામાં આવી છે.

શ્રી વૈદ્યસ્વામિમાધવાનંદજી ( સ્વ. ૧૯૫૬ ) આ સ્વામી પ્રથમ વાળંદવાડા આગળ રહેતા હતા. માનવ સેવા તેમનો મહામંત્ર હતા; એટલે તેઓ રોગીઓનાં રોગના ઉપચારો કરવામાં જગમશહૂર હતા ત્યાર પછી તેઓ દારૂના કોઠા આગળ રહેવા ગયા. સાધુસંતોનું સન્માન કરવાનું; તથા મહામંડલેશ્વરો વગેરેને બોલાવી કથાવર્તા કરાવી પ્રજાને સન્માર્ગે દોરવી એમાંજ તે કલ્યાણ માનતા. તેમને

દેહ સને ૧૯૫૬ અક્ષર ધામમાં ગયો. ત્યાર પછી તેમના શિષ્ય ગાદી સંભાળી રહ્યા હતા.

શ્રી બાપજી મહારાજ (ઈ. સ. ૧૮૨૪–૧૯૧૫):- એમનું નામ ગોપાળદાસ હતું. તેમનો જન્મ વિ. સં. ૧૮૮૦માં થયો હતો. તેમના પિતાનું નામ મૂળશંકર હતું અને માતાનું નામ કાશીબા હતું. જ્ઞાતિએ તપોધન બ્રાહ્મણ હતા. તેમના માતપિતા શંકરનાં ભક્ત હતાં. તેમના સંસ્કાર બાળકમાં ઊતર્યા હતા. યોગ્યવયે તેઓ સત્પમાગમ કરતા. વળી સૂર્યની ઉપાસના કરવા માંડી; દિવસે દિવસે તે ઈશ્વરભક્તિમાં વધુ તલ્લીન થવા લાગ્યા તેમણે સંસાર છોડયો; અને શ્રીહરિદાસજી મહારાજ પાસે દીક્ષા લીધી. તેઓ તેમની પાસે રહેવા લાગ્યા. ત્યારપછી તેમણે ભારતવર્ષની ઘણીવાર યાત્રાઓ કરી

મનુષ્યજીવનનો સાચો રાહ તેમણે જાણ્યો. સંત સાધુઓ તરફ તે પૂજ્ય બુદ્ધિ રાખતા. ગરીબો તરફ પ્રેમાળ દૃષ્ટિ રાખતા. બ્રાહ્મણો, સાધુઓ, મહાત્માઓ વગેરે તરફ તે ઘણીજ ઉદારતા બતાવતા. તેઓનો યથાશક્તિ સત્કાર કરતા. તેમણે પોતાનો મત સ્થાપન કરવાનો યત્ન કર્યો નથી. એમનુ મંદિર "બાપજી મહારાજના મંદિરના નામથી ઊંચી શેરીમાં આવેલું છે." તેમાં ભગવાન બાલકૃષ્ણ બિરાજે છે. તેમનું અવસાન સં. ૧૯૭૧માં ખંભાતમાં થયું. તેમના પછી તેમના શિષ્ય શ્રી જેરામદાસજી થયા.

શ્રીભાસ્કરાનંદ સરસ્વતી : (ઈ. સ. ૧૯૦૪):–આ મહાવિદ્વાન અને તેજસ્વી સન્યસી ખંભાતમાં વિ. સં. ૧૯૬૦માં વિદ્યમાન હતા. તેઓશ્રી ખંભાતમાં કયારે આવેલા તે ચોક્કસ મળતું નથી. પરંતુ તેમની ઓજસભરી વાણી, ભવ્ય લલાટ અને સુમધુર અવાજથી ખભાતની પ્રજાને ધાર્મિક બોધ આપ્યો હતો. તેમના વખતમાં કાણીસાના મહાદેવ નીચે ઊંડાણમાં હતા તે તેમણે ઉપર લાવ્યા. તથા શારણેશ્વર મહાદેવ વહોરવાડ આગળથી અહીં (હાલની જગાએ) પધરાવ્યા. તેઓ વિ. સં. ૧૯૬૨માં સ્વસ્વરૂપ થયા. તેમનાં ચરણાવિંદ બહૂદક ક્ષેત્રમાં છે.

સંતપુનિતઃ–(ઈ. સ. ૧૯૪૮) ભકતો અને કથાકારો સંસ્કાર સિંચન કરનાર અમોઘ ઔષધ જેવા છે. ભારતવર્ષે એ સંસ્કાર ઔષધથી વિપુલ છે. સંતપુનિતની કીર્તિ સાંભળી ખંભાતની ધર્મપ્રેમી પ્રજાએ સન ૧૯૪૮માં તેમને બોલાવ્યા હતા; અને સંકીર્તન સપ્તાહમાં તેઓએ અનેરો સનેપદેશ તથા ભકિતભાવ પ્રગટાવ્યો હતો. તેઓ કવિ હતા; એટલે તેઓ સારાં ભાવવાહી ભજનો બનાવતા. કે જે ખંભાતની પ્રજાના હૃદયમાં ઉતરી જતાં, તેઓ અમદાવાદ રહેતા હતા; અને ત્યાંથી ખંભાતના ભકત પ્રેમીઓના નિમંત્રણથી વારંવાર ખંભાત આવતા તેમનું જીવન ચરિત્ર તથા તેમજ તેમનો આશ્રમ; 'જનકલ્યાણ માસિક' વગેરે અમદાવાદમાં છે. જે તેમને માનનારા તેમના કામને વેગ આપી; લોકહૃદયમાં ભકિતભાવ પ્રગટ કરી રહ્યા છે, તેઓ તા. ૨૭–૭–૬૨ના રોજ વડેદરા મુકામે દેવશરણ થયા છે.

શ્રી ફૂલાશંકરજી મહારાજ (ઈ. સ. ૧૯૩૯):– ખંભાતમા શ્રી ફૂલાશંકર મહારાજથી કોઈ અજાણ્યું નથી. એમનો જન્મ વસોમાં બ્રહ્મણ જ્ઞાતિમાં વિ. સ. ૧૯૪૦ના વૈશાખી પૂર્ણિમાના રોજ થયો હતો બાલ્યકાળથી માતપિતાના ભકિતભાવ ભર્યો સંસ્કારો તેમનામાં ઉતર્યા હતા. શાળાંત પરીક્ષા પાસ કરી તેઓએ મુલ્કી ખાતામાં નોકરી સ્વીકારી ત્યાંથી ફેરસી ખાતામાં બદલી થઈ. ત્યાં તેમને સારૂ મળે તેમ હતું; પરંતુ તેમણે કર્તવ્યપાલનના નિયમોનું સંપૂર્ણ પાલન કર્યું. અનેક પ્રસંગોથી તેમનું મન હૃદ્વિવિધ બન્યું. અને પ્રભુભકિત એજ સાચો રાહ છે તે વાતજ તેમના મન પર ઠસી ગઈ; આથી તેમણે નોકરીને તિલાંજલી આપી; અને પ્રભુભકિતમાં મસ્ત રહેવા લાગ્યા.

તેમણે અનેક યજ્ઞો કર્યા, દેવમંદિરો બંધાવ્યાં, યાત્રા કરી, અને પ્રભુસ્મરણરૂપી ભક્તિમય જીવન ગાળવા લાગ્યા; બીજાઓને સાચે માર્ગે દોરવા માટે તેમણે ઉપદેશ આપવા શરૂ કર્યું. તેમની કહેણી ઘણીજ અસરકારક હતી. આથી તે સમાજમાં ઘણા પ્રિય થઈ પડયા, તેઓ ખંભાતમાં વિ. સં. ૧૯૮૧માં પધાર્યા હતા; અને ભકતોના આગ્રહથી તે સ્થાયી રહ્યા. ખંભાતમાં કોલમપાડામાં 'રામનિવાસ' એક મંદિર બાંધી, તેમાં પ્રભુસેવાનો આદર્શ ગૃહી દિવસો નિર્ગમન કરવા લાગ્યા, અને વિક્રમ સંવત ૧૯૯૫ના અષાડ વદ ૨ને દિવસે ખંભાતમાંજ વૈકુંઠવાસી થયા.

પૂ. મુનિશ્રી સંતબાલજી–ખંભાતમાં (ઈ. સ. ૧૯૫૭)

જેવી રીતે શ્રીરવિશંકર મહારાજ, ખંભાતને ઉપકારક છે તેજ રીતે પૂ. મુનિશ્રી સંતબાલજી ખંભાતને પરમોપકારક છે; તેઓએ ખંભાતમાં બે ત્રણ વખત પધારી મહત્ કાર્ય કર્યું છે.

(૧) પહેલી વખતઃ–તા. ૨૫–૨૬–નવેમ્બર સને ૧૯૫૭ના રોજ ખંભાત આવ્યા હતા. તેઓ જૈન સાધુ છે; એટલે ખંભાતના શ્રાવકો માટે આવેલા. ખંભાતના ગાંધી ચોકમાં સભા ભરેલી; તે કહે છે કે "ખભાત સાથે મારો થોડા સમય પહેલાંનોજ અપરોક્ષ રીતે સંબંધ છે; અને તે સંબંધ બંધાયો અહીંથી ત્રણ બાલિકાઓ રમતી હશે, તેનું વાઘરી કુટુંબે અપહરણ કર્યું; આ બહેનોની મને ભાળ મળી ત્યારે ભાલ નળ કાંઠાના સંગઠનમાં જોડાયેલા ભાઈઓએ ઘોડાં ચાલતાં કર્યાં અને બાલિકાને મેળવી. તેમોએ અહીં ભલ નળ કાંઠાના સંગઠનના પ્રમુખનું સ્વાગત કર્યું તે સમાચાર પરોક્ષ રીતે જાણ્યા ત્યારે લાગ્યું કે" ખંભાતની જનતા નાની વાતની કદર મોટા સ્વરૂપમાં કરી જાણે છે." એ પ્રસંગને યાદ કરી હું આપ સૌને ધન્યવાદ આપું છું. આવીજ રીતે જો અરસપરસનાં કર્તવ્યો સૌ બજાવતા થાય તો જ ધર્મમય સમાજ-રચના સિદ્ધ થાય" આ પછી તેમણે ધર્મસમાજ-રચના વિષે વ્યાખ્યાન કર્યું હતું.

સંત મહર્ષિ વિનોબા ખંભાતમાં.

તા. ૬–૭–૧૧–૧૯૫૮ ગુરુ, શુક્ર

ભૂદાન ચળવળના પ્રણેતા મહર્ષિ વિનોબા ભાવેએ ભારતવર્ષની પદયાત્રા શરૂ કરેલી. તેમાં ખેડા જિલ્લામાં પ્રવેશ કર્યા પછી; તેમનો કાર્યક્રમ જિલ્લામાં પુરો કરી તેઓએ ખંભાતથી સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરવાનો ક્રમ રાખ્યો હતો. તે પ્રમાણે ખંભાતની પવિત્ર ભૂમિ ઉપર તે સંતનાં ચરણો થયા જેની વિગતો નીચે પ્રમાણે છે.

તા. ૬–૧૧–૫૮ ગુરૂવારે સવારે સાડા નવ વાગ્યે તારાપુરથી નેજાને રસ્તે ખંભાતમાં પ્રવેશ કર્યો. તેમનું સ્વાગત કરવાને માટે હજારો માણસોની મેદની ઊમટી હતી; અને ઠેઠ નેજા સુધી સામી ગઈ હતી. નેજાની સડકની બંને બાજુએ લોકો હારબંધ ઊભા હતા. ઠેઠ સરદાર છાત્રાલયના દ્વાર સુધી શિસ્તબદ્ધ રીતે સતને સન્માનવા સર્વે ઊભા હતા. પુષ્પમાળાઓ અને સૂત્રાંજલિઓથી સંતનો કંઠ ઝાળ ઊભરાઈ જતો હતો. લાલ બાગ પાસે સ્વાગત સમિતિના પ્રમુખના નવાબ હુસેનયાવરખાને તથા શ્રી જટાશંકરભટે તેમનું સ્વાગત કર્યું: અને છાત્રાલયના દ્વાર પાસે લગભગ ૧૫૦ સારીવૃન્દે શણગારેલા સર્વોદય પાત્ર શિર પર ધરી ભવ્ય સ્વાગત કર્યું હતું; આ પ્રસંગ અનોખો હતો. ચિર-સ્મરણીય રહે તેવો હતો.

પૂ–સંતનો ઉતારો સરદાર છાત્રાલયમાં હતો. તેમની મંડળી ઉપરાંત ગુજરાતના મુખ્ય સેવકો પ. રવિશંકર મહારાજ અને બબલભાઈ મહેતા વગેરે હતા.

માલીશ, સ્નાન, સ્વાધ્યાય, વેદાધ્યન, ભોજન, આરામ કાંતણ વગેરે ત્રણ વાગ્યા સુધીનો કાર્યક્રમ

હતો. બાદ ૩થી૪ વ્યક્તિગત મુલાકાતો રાખવામાં આવી હતી. અને ૪થી ૪–૩૦ આરામ લીધો હતો

સાંજે ૪–૩૦ વાગે બેઠક રોડ ઉપરની હાઈ-સ્કૂલના પટાંગણમાં જાહેર સભા રાખવામાં આવી હતી.

સભામાં તેઓશ્રીએ ખેડા જિલ્લાની છેલ્લી પ્રાર્થના સભાને સંબોધતાં જણાવ્યું હતું કે આ જિલ્લો ભારતના બીજા જિલ્લાઓની તુલનામાં કંઈક સુખી કહેવાય. આવા જિલ્લામાં સર્વોદય પાત્ર, ગ્રામદાન, અને શાંતિ સેનાનો, કાર્યક્રમ ચાલશે કે? એવો સવાલ કેટલાકને થાય છે. માણસે ઉચિતજ આશા રાખવી જોઈએ. નહિ તો નિરાશ થવાય.

સર્વોદય પાત્રનો કાર્યક્રમ ખેડા જિલ્લામાં સોએ સો ટકા થઈ શકે તેવો મારો અભિપ્રાય છે. પ્રેમ અને શાંતિનું નામ લઈને દાન કરવાની પ્રથા પ્રત્યેક ધર્મમાં છે. એટલે આમાં કાંઈ નવું નથી. પ્રથમ સમાજના હિતનું ધ્યાન રાખવું; પછી ઘરના હિતનું ધ્યાન રાખવું અને પછી પોતાના હિતનું જોવું. એ ધર્મમાંજ છે; એમ નથી; એ વસ્તુ મનુષ્યના હૃદયમાં પડેલી છે. લોકો એ જાણતા નથી પરંતુ સમાજમાં ચાલે છે તો એજ પ્રમાણે"

"આ મુઠ્ઠી અનાજ દરિદ્રનારાયણ માટે નથી. દરિદ્રો માટે તો છઠ્ઠો ભાગ આપવો પડે. આ મુઠ્ઠી અનાજ તો શાંતિ અને અહિંસાને અર્પણ કરવાનું હોય છે. પોતે શાંતિ માટે કામ કરનાર સૈનિકને કામમાં મદદ કરશે. પોતાની પુરી સહાનુભૂતિ અને સંમતિ એ કામમાં ધરાવે છે તે દર્શાવવા માટે આ મુઠ્ઠી અનાજ નાંખવાનું છે."

"વરાળ એન્જીનમાં સંઘરવાથી જેમ શકિત પેદા થાય છે તેમ હૃદયમાં જુસ્સો સંઘરવાથી શકિત પેદા થશે. એને વાણી મારફતે ગમે તેમ વેરાઈ ન જવા દેવો જોઈએ."

"આપણા ડાહ્યા માણસો બીજા પ્રાંતમાં જાય છે તેથી શું થય છે? તેથી શોષણ થાય છે. પરાક્રમી માણસો બહાર જાય છે અને પૈસો લાવે એટલે પરાક્રમ જિલ્લામાંથી બહાર જાય છે. એટલે ગામડાંમાંથી શ્રમ અને બુદ્ધિ બંને બહાર જાય તો ગામડાંનું શોષણ થાય."

આ પ્રમાણે તેમણે સર્વોદય કાર્યક્રમ, શાંતિસેના અને ગ્રામદાન એ વિષય ઉપર ભાર મૂકી ભાષણ આપ્યું હતું.

તા. ૭–૧૧–૫૮ શુક્રવાર, ખંભાતથી સ્ટીમ-લોંચદ્વારા સમુદ્રમાર્ગે તેઓશ્રી સૌરાષ્ટમાં જવાના હોવાથી આ રસ્તો બરાબર છે કે નહિ તે સ્ટીમ-લોંચમાં બેસીને ભાવનગર સુધી જઈને પહેલેથી તેની ખાતરી કરી દીધી હતી; અને

તા. ૭–૧૧–૫૮ શુક્રવારે સવારે ૬ાા વાગ્યાના સુમારે સરદાર છાત્રાલયમાંથી સમુદ્રકાઠે આવવા નીકળ્યા. હજારોની માનવમેદની તેમનાં દર્શન કરવા માટે સરદાર છાત્રાલયથી સમુદ્રના ડક્કાસુધી જામી હતી. રસ્તામાં સૂત્રાંજલીઓ અર્પણ થતી હતી; સૌ કાંઈના હૃદયમાં પ્રેમ અને ભકિતભાવ નીતરતો દેખાતો હતો.

સાગરકાઠે આવીને મુકામ કર્યો; ડોકની ધરતી, ગાંધી બંદરના સંતચરણથી પાવન થયાં. વૃક્ષોની શિતળ છાયામાં સૌ બેઠા છે. પૂજ્ય વિનોબાજીએ સૌને સાચી સજ્જનતાનો ઉકેલ આપ્યો ગુંચવાડામાંથી નીકળવાને માર્ગ ચિંધ્યો.

બપોરે બારને સુમારે પૂજ્ય વિનોબાજીએ સ્ટીમ લોંચમાં જવા માટે વિદાય લીધી. મુંબઈ સરકારના બંદર ખાતાના પ્રધાન, જિલ્લા સમિતિના પ્રમુખ;

ધારાસભ્યો, ચીફ એન્જિનિયર વગેરે અનેક લોકોએ તેમને ભાવભરી વિદાય આપી. તેમની નૌકા ધીરે ધીરે પસાર થતી હતી, ત્યાં દૂર દૂર સુધી સૌ એકી નજરે તેને નિહાળી રહ્યા હતા જ્યારે દેખાતી અદૃશ્ય થઈ ત્યારે લોકો પાછા વળ્યા હતા.

આ એક ઐતિહાસિક અને મહામૂલો પ્રસંગ ખંભાતના ઈતિહાસમાં હતો

## પ્રકરણ ૭૯ મું.

## ખંભાતને આંગણે અતિથિઓ

૧ રશિયાના પ્રધાન
૨ જવાહરલાલ નેહરૂ
૩ લાલ બહાદુર શાસ્ત્રી
૪ રવિશંકર મહારાજ
૫ માવલંકર

૫ કુલ

ખંભાતને આંગણે પધારેલા અતિથિઓ,

ખંભાતની ઉન્નતિ કરવામાં; પછી તે સાંસ્કૃતિક હોય, સામાજિક હોય આર્થિક હોય કે રાજકીય હોય; તે માટે પરગામથી તે તે ક્ષેત્રના વિશાળજ્ઞાન ધરાવનાર સજ્જનોને ખંભાતને આંગણે નિમંત્રણ કરી; તેમની પાસેથી જે કાંઈ જ્ઞાનામૃત; સલાહ-સૂચન; કર્તવ્ય યા કાંઈપણ જાણવા યોગ્ય હોય તે ગ્રહણ કરવું આવી શુભ વૃત્તિ ખંભાતની પ્રજામાં સમાયેલી છે; આ માટે ખંભાતમાં જે જે અતિથિઓ પધારેલા તેઓનો ખંભાતની પ્રજાએ બહુજ પ્રેમપૂર્વક સત્કાર કરેલો છે, તેમનું ભાવભર્યું સન્માન કરવામાં બાકી રાખ્યું નથી. આ ખંભાતની પ્રજાનો એક વિશિષ્ટ ગુણ છે. આ સાથે શકય બન્યા તેટલા અતિથિઓ આપની સમક્ષ મુકયા છે.

રશિયાના નાયબ વડાપ્રધાન

શ્રી એફ. આર. કોઝલોવ ( ફ્રોલ રોમાનોવીચ કોઝલોવ ) ખંભાત પાસેના લુણેજ તેલ વિસ્તારની મુલાકાતે પધાર્યા. તા. ૨૮–૧–૬૦

ખંભાતમાં તેલ નીકળવાથી રશિયા, રૂમાનિયા અમેરિકા વગેરે વિદેશી પ્રવાસીઓ ખંભાતને આંગણે આવવા લાગ્યા. રશિયાના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી એફ. આર. કોઝલોવ ખંભાતના લુણેજ તેલ વિસ્તારની મુલાકાતે તા. ૨૮–૧–૬૦ના રોજ પધારનાર હોવાથી ખંભાતની ઉત્સાહી પ્રજામાં આનંદ આનંદ વ્યાપી ગયો હતો. આપણા વડાપ્રધાન પંડિત જવાહરલાલજીએ એક સંદેશો પાઠવ્યો હતો કે "વિદેશી મુલાકાતીઓને આપણા મહેમાન અને મિત્ર તરીકે આપણે સત્કારવા જોઈએ કે જેથી જ્યારે તેઓ પોતાના દેશ પાછા ફરે ત્યારે પોતાની સાથે ભારતની મુલાકાતનાં સુખદ સંભારણાં લઈ જાય."

આ સૂચનાઓ શહેરમાં મળતાં ખંભાતની તથા તાલુકાની પ્રજા શિસ્તબદ્ધ, તેમને સત્કારવા તત્પર થઈ રહી હતી. તેઓનું સ્વાગત કરવા સ્ટેશનથી લાલ દરવાજા સુધીના રસ્તાની બંને બાજુએ વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગઈ હતી.

રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન શ્રી કોઝલોવ અને તેમની મંડળી તા. ૨૮–૧–૬૦ના રોજ સવારે ૯–૪૦ વાગે ખાસ ટ્રેનમાં મુંબઈથી ખંભાત આવી પહોંચી હતી, સ્ટેશન ઉપર ખાણ અને તેલ

ખાતાના પ્રધાન કે. ડી. માલવિયાએ ભારતીય તેલ કમિશનના અધિકારીઓ. રશિયન એન્જીનિયરો, મુંબઈ રાજ્યના મહેસુલી પ્રધાન શ્રી રસિકલાલ પરીખ, ભારતીય મુખ્ય જીઓલોજીસ્ટ મી. ઘોષ, ડાયરેક્ટર શ્રી માથુર, ધારાસભ્ય શ્રી માધવલાલ શાહ ખેડા જી. સ. ના મંત્રી શ્રી શંકરલાલ પુરોહિત ખંભાત મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી રણજીતભાઈ શાસ્ત્રીતા શ્રી જરાશંકર ભટ્ટ તથા અન્ય અધિકારી ઓના ઓળખ કરાવી હતી,

સ્વાગત

ત્યારબાદ રશિયન નેતા શ્રી કોઝલોવ તથા શ્રી માલવીયા સાથે ચાર ઘોડાની બગીમાં બેઠા હતો અને સરઘસાકારે લાલ દરવાજે લઈ જવાંમાં આવ્યા હતા. સ્ટેશન બહાર નીકળતાં " વિશ્વશાંતિ અમર રહો " " હિંદી રૂસી ભાઈ ભાઈ " ના સૂત્રોથી તેમને જનતાએ વધાવી લીધા હતા; અને પુષ્પવૃષ્ટિ કરી હતી. આખો રસ્તો કમાનો તથા તોરણોથી શણગારવામાં આવ્યો હતો.

લાલ દરવાજા આગળ સ્વાગત.

સરઘસાકારે તેમની સવારી લાલ દરવાજા આગળ ગાંધીજીના બાવલા પાસે આવી ત્યારે ત્યાં આગળ ત્યાં તેમને ખંભાત કોંગ્રેસ તાલુકા સમિતિ, વેપારી મહામંડળ, અને ખંભાત મ્યુ તરફથી જાહેર સ્વાગત ફૂલહારથી કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ મહેસુલી પ્રધાન રસિકલાલે ફૂલહાર કર્યા હતા; આ પ્રસંગે હજારોની મેદની જામી હતી.

લુણેજ પીનપોઈન્ટ ઉપર

અહીં શ્રી કોઝલોવની સવારી આવી પહોંચતાં ભારતીય અને રશિયન ટેકનિશિયનોએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યાં ચાપાણી રાખવામાં આવ્યાં. હતાં. તે સમારંભમાં ખાણ અને તેલ ખાતાના પ્રધાન શ્રી કેશવદેવ માલવીયાએ ભારત સરકારના પ્રતિનિધિ તરીકે બોલતાં જણાવ્યું હતું કે અમારી સરકાર જાહેરના હિતમાં આ તેલ ઉદ્યોગ ખીલવવા માગે છે. તે માટે ભારતીય ટેકનિશિયનોને તાલીમ આપવાનુ વિચારાયું છે. તેલ એ દેશના અર્થતંત્રના વિકાસનું મુખ્ય અંગ છે. ભારત આ બાબતમાં ટુંકમાં સ્વાવલંબી બનશે. અને ભારતની પ્રગતિમાં રશિયાની પ્રજાનો સાથ અને સહકાર " રહેશે.

શ્રી કોઝલોવે લુણેજના પીનપોઇંટના કંપાઉંડમા રશિયનોએ અને ભારતીય ટેકનિશિયનોને સંબોધતાં જણાવ્યુ હતું કે " ખંભાતનો આ તેલ વિસ્તાર ભારતના તેલ ઉદ્યોગના નવા સીમા ચિહ્નરૂપ છે. ખંભાતમાં ઔદ્યોગિક તેલ અને જવાળામુખીમાં કુદરતી ગેસ શોધી કાઢવામાં સફળતા મળી છે તે રશિયન અને હિંદી તેલ સંશોધન નિષ્ણાતો અને ટેકનિશિયનોના સંયુક્ત સહકારથી આવાં યાદગાર પરિણામો આવ્યાં છે જાણી રશિયન પ્રજાને સંતોષ અને આનંદ થયો છે." તેલક્ષેત્રના સંપૂર્ણ ભાગને નિહાળ્યો હતો અને નાનામાં નાના ટેકનિશયન કે મજુરને તેઓએ શુભેચ્છા પાઠવતા હતા.

નવાબ સાહેબના મહેલમાં પધરામણી :

લુણેજથી તેઓ લાલ દરવાજે નવાબ સાહેબના લાલેઝાર પેલેસમાં પધાર્યા હતા. નવાબ સાહેબે તેમનુ સ્વાગત કર્યું હતું. અહીં ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો અહીં સમારંભમાં તેમણે કહ્યું હતું કે " આવા ઉદ્યોગોમાં મડીવાદી દેશો તેમાંથી સારી કમાણી કરી લેવા ઈજારા પદ્ધતિનો માર્ગ લે છે ભારતે આ માર્ગ નથી અપનાવ્યો; અને જાહેર સાહસદ્વારા તેલ ઉદ્યોગનો પ્રશ્ન હાથ ધર્યો છે અને ભારત જ્યાં સુધી આ નિતિ અપનવાનું ચાલુ રાખશે અને ઈજારાપદ્ધતિ નહિ અપનાવે ત્યાં સુધી રશિયાનો સંપૂર્ણ સાથ અને સહકાર રહેશે, કારણકે ભારત શાંતિ ઇચ્છે છે અને રશિયા પણ શાંતિ ઇચ્છે છે. આજે જો અમે ભારતને જે કંઈ મદદ આપવા પ્રેરાયા છીએ તે ભારતની વિદેશ નીતિને કારણે પ્રેરાયા છીએ. અમે

પણ ભારતના જેવી સ્થિતિમાંથી પસાર થયા છીએ. ભારતીય પ્રજામાં ખુમારી છે; એટલે તે પણ રશિયન પ્રજાની માફક થોડાં જ વર્ષોમાં વિજ્ઞાન ક્ષેત્રે પણ પ્રગતિ સાધશે. આજે અમે ચન્દ્ર પર રોકેટ અને સ્પુટનિક મોકલીએ છીએ. ભારત પણ તેની ઉપરની નીતિને માર્ગે ચાલશે તો રશિયા દરેક ક્ષેત્રે મદદ આપવા ઉત્સુક છે,[1].'

નવાબસાહેબના પેલેસમાં ખંભાતના ઉદ્યોગો સાડીવણાટ; અકીક; ઝવેરાત વગેરેનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું; મુખ્ય પ્રધાન શ્રી કોઝલોવને એક ઝરીની સાડી, અકીકની સીગારેટ પીવાની સુંદર ચુંગી અને એલેકઝાન્ડ્રા નંગની ભેટ આપવામાં આવી હતી. શ્રી કોઝલોવે નવાબસાહેબના સોનાનાં પતરાં જડિત રાજગાદી પર બેસી તસવીર પડાવી હતી.

વિદાય :

ખંભાતની સમસ્ત પ્રજાએ આ દિવસે (તા. ૨૮–૧–૬૦ના રોજ) પોતાનો કામધંધો બંધ રાખીને ભારતમાં આવેલા મહેમાન ખંભાતને આંગણે પધારે છે; તેમને પોતાના અંતરના ઉમળકાથી ખૂબ માન આપવા અતિ ઉત્સુક હતી; અને તે પ્રમાણે ઘણા જ હર્ષથી તેમનું સ્વાગત કર્યું; અને તે જ પ્રમાણે જ્યારે બપોરના બે વાગે તેઓશ્રી મોટરદ્વારા વડોદરા ગયા, તે વખતે ભાવભીની વિદાય આપી હતી. આ પ્રસંગ ખંભાતને આંગણે ઐતિહાસિક બન્યો કહેવાય,

વડોદરાથી વિમાનદ્વારા તેઓ દિલ્હી ગયા હતા.

પ્રથમી જ નક્કી કરેલો સમય :

ખંભાતમાં તેલ નીકળવાથી દુનિયાના અને હિન્દના પનોતા પુત્રો ખંભાતની ધરતી ઉપર

ખંભાતને આંગણે

ભારતના લાડીલા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ
તા. ૪–૪–૧૯૬૦



પધારતા થયા. છેલ્લાં બસો વર્ષોમાં જેટલા પ્રવાસીઓ નહિ આવ્યા હોય તેથી અધિકા આ શતકમાં આવવા લાગ્યા. આપણા ભારતના સર્વોત્તમ વડા પ્રધાન ખંભાતને આંગણે પધારે એ ભૂતકાળમાં ન બનેલો એવો વિરલ, ચિરસ્મરણીય પ્રસંગ બન્યો. તેઓશ્રીને માર્ચમાસમાં આવવા માટે ફેબ્રુઆરી માસમાં નક્કી થયું હતું, અને તે માટે તા. ૪ થી એપ્રિલ ૧૯૬૦ નક્કી થઈ.

ખંભાતની પ્રજાને ખબર આપી :

શહેરની કોંગ્રેસસંસ્થા, ખંભાત મ્યુ; વેપારી મહામંડલ તથા અધિકારી વર્ગ, તેલક્ષેત્રના સર્વોચ્ચ અધિકારીઓ, તેલક્ષેત્રના પ્રધાન શ્રી માલવિયા વગેરે મળીને શ્રી પંડિતજીનો કાર્યક્રમ ગોઠવી દીધો; અને તે પ્રમાણે પ્રજાને ખબર આપી; અને ખંભાતની પ્રજાને શોભે તેવી રીતે સૌ જનોએ પંડિતજી માટેની વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવો.

---

૧ 'ગુજરાત સમાચાર' ૨૮–૧–૬૦ ખંભાતના ઉદ્યોગનું પ્રદર્શન નિહાળ્યું.

 

સ્વાગતની તૈયારીઓ :

પંડિતજીનો પસાર થવાનો માર્ગ કંસારી-ક્રોસીંગથી વોરવાડ અને મદ્રેસ – એ તૈયબિયાહથી થઈ લાલદરવાજા આગળ થઈ લૂણેજના પીનપોઈંટ ઉપર જવાનો નક્કી થયો. શહેરમાં થઈને લઈ જવામાં સાંકડા રસ્તાની મુસ્કેલી ઊભી થવાથી બારોબાર જવાનું નક્કી થયું. આખો રસ્તો ધ્વજા, પતાકા, કમાનો, વાવટા, તોરણોથી શણગારવામાં આવ્યો હતો. ખંભાતની પ્રજાનો આનંદ માતો ન હતો. પંડિતજીને સત્કારવા હૈયાના ઉલ્લાસથી તલપાપડ થઈ રહી હતી.

પોલિસનો તથા સી. આઈ. ડી.નો પાકો બંદોબસ્ત હતો. આ પ્રસંગે ખંભાતના મોટા ગૃહસ્થો, ઉદ્યોગપતિઓ જેઓ મુંબઈ, અમદાવાદ વડોદરા, ભાવનગર વગેરે સ્થળે વસે છે તેઓ ખંભાત આવ્યા હતા.

વિમાનમાર્ગે વડોદરા આવવું :

તા. ૪-૪-૬૦ બરાબર ૯-૧૫ ભારતીય વિમાની દળનું વિમાન 'મેઘદૂત' શ્રી વડા પ્રધાન જવાહરલાલજીને લઈને વડોદરા આવ્યું હતું કેબિન ખુલી તો તેમાંથી પંડિતજી બહાર આવ્યા. તેઓશ્રી સફેદ પાયજામો અને સફેદ શેરવાણીથી સજ્જ થયેલા હતા. સૌને નમસ્તે કરતા, હસ્તે મુખડે પગથિયાં ઊતર્યાં હવાઈ મથકે ઓ. એન. જી કમિશનના વડા શ્રી ઘોષ, જિલ્લા કલેકટર, વડો. મ્યુ.ના પ્રમુખ વગેરેએ તેમનું સ્વાગત કર્યું હતું.

ખંભાત પધારવું :

વડા પ્રધાન પંડિતજી, શ્રી મોરારજી દેસાઈ કુમારી મણીબેન વગેરે વડોદરાથી મોટરમાં આણંદ ગયા. ત્યાં અમુલ ડેરીની મુલાકાત લીધી હતી ત્યાર બાદ નવ મોટરોના કાફલાએ ખંભાત તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં આવતાં ગામોએ ભવ્ય જનમેદની જામી હતી; અને ઠેરઠેર તેમનું સ્વાગયતથ; હતું. ફૂલોનો વરસાદ વરસ્યો હતો. પંડિતજીએ સૌનો સત્કાર ઝીલીને ખંભાત આવ્યા હતા; રસ્તામાં આવતાં ગામોની રોકાણને લીધે ખંભાતની હદમાં પ્રવેશતાં મધ્યાહનનો સમય થયો હતો. કંસારીથી માંડીને લાલબાગ સુધીના રસ્તાની બંને બાજુએ, મકાનો ઉપર, અટારીઓમાં, છાપરાં ઉપર, અગાસીઓમાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. ખુલ્લી જીપમાં પંડિતજી ઊભા હતા; અને સૌના સ્વાગતને ઝીલતા હતા. રસ્તામાં ઠેર ઠેર રંગીન સુશોભિત કમાનો, કાગળના ફૂલોની નકશીભરી સજાવટ અને કળામય કારીગરીથી પંડિતજી બહુ ખુશી થયા હતા; કોઈ સ્થળે ધક્કામુક્કી, દોડાદોડી કે ઘસારો ન જોયો, આથી સુંદર શિસ્તની છાપ શ્રી પંડિતજી ઉપર પડી. પછી પંડિતજીએ તાડના વૃક્ષોની છાયામાં ગાડી બદલી.

તેલક્ષેત્રની મુલાકાતે:

આજે સૂર્યનો તાપ પ્રખર હતો, છતાં ઘણા ઘણા વિસ્તારમાં પથરાયેલા તેલક્ષેત્રની સતત બે કલાક સુધી મુલાકાત લીધા હતી. જરા પણ તેઓ કંટાળ્યા ન હતા ડ્રીલીંગ અને તેલ સંશોધનની ક્રિયાની ઝીણામાં ઝીણી વિગતોમાં તેઓશ્રીએ રસ લીધો હતો. વડાપ્રધાને સૌ પ્રથમ માલાસોની ખાતેના પાંચ નંબરના તેલકૂવાની મુલાકાત લીધી. આ કૂવાઉપર શ્રી માલવિયજીએ પંડિતજીને જણાવ્યું કે આ પાંચમા નંબરના કુવામાંથી દુનિયાને હેરત પમાડે એટલી ઓછી ઊંડાઈએથી તેલ મળ્યું છે. શ્રી પંડિતજીએ આ પાંચ નંબરના કુવાને વિજય (ફતેહમંદ) નામ આપ્યું. પછી તેલ કમિશન મેમ્બર ટી. શ્રી ઘોષે તેલકુવાના યંત્રની (ડેરીક) ચાંદીની કૃતિ તથા નીકળેલા તેલની એક બાટલી ભેટ આપી હતી; તેલના વહી જતા પ્રવાહનો

જથ્થો જોઈ પંડિતને અતિશય આનંદ થયો હતો ત્યાર પછી બધા ટેકનિશિયનો સાથે ફોટો પડાવ્યો હતો.

પછી લૂણેજના કુવા ઉપર ગયા હતા. ત્યાં તેમનાં કપડાંને તેલનો છંટકાવ થયો હતો આ પોઈન્ટ પર રશિયન નિષ્ણાતો સાથે છબી પડાવી હતી. ત્યાંથી બીજો, ત્રીજો એમ બધા કુવા જોયા. આમ આનંદ અને ઉલ્લાસ વચ્ચે પંડિતજીએ તેલક્ષેત્રમાં ધોમધખતા તાપમાં નિરીક્ષણ કર્યું.

નવાબ સાહેબના લાલેઝારમાં

શ્રી પંડિતજી અને અન્ય મહેમાનો લાલેઝારમાં ખરા ધૂમ વખતે પધાર્યા; ભોજન લીધું. અહીં ખંભાતના ચાલતા ઉદ્યોગોનું નાનું પ્રદર્શન રાખ્યું હતું. અકીક, ઝવેરાત, અને સાડીઓ તેમને બતાવવામાં આવી. આ સઘળું તેમણે મુક્ત હાસ્યે જોયું પંડિતજીને અકીકનાં બટનો, ઝવેરાત, અને સુંદર સાડીની ભેટો આપવામાં આવી.

સભાસ્થળે પધારવું.

સભાનું સ્થળ કંસારી જતાં તરત જ જમણા હાથે આવતા ખેતરમાં રાખવામાં આવ્યું હતું. હાલ તો તે સ્થળે તેલક્ષેત્રના અધિકારીઓ માટેનાં રહેઠાણો બંધાઈ ગયાં છે. આ સ્થળે તેમને માટે ઊંચો મંચ બાંધવામાં આવ્યો હતો; પોલીસનો પૂરતો બંદોબસ્ત હતો આ સ્થળે ખંભાત શહેર અને અને આજુબાજુના ગામોની વિશાળ માનવમેદની બપોરના તાપમાં ગોઠવાઈ ગઈ હતી. સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો સૌ ઉમટયાં હતાં. અને પંડિતજીની આવ્યાની રાહ જોતાં હતાં; એટલામાં શ્રી પંડિતજી મંચ ઉપર પધાર્યા; પ્રજાએ જયનાદ કર્યો; ' નહેરૂ કી જય ' ' ગાંધીજી કી જય ' એવા ગગનભેદી જયઘોષો થયા. અને ખંભાત મ્યુ. ના પ્રમુખે ખંભાત શહેરના નગરજનો વતી ફૂલહાર કર્યા. અને ખંભાતની પ્રજાની માગણીનો મેમોરન્ડમ તેમને સુપરત કર્યો, કોંગ્રેસ તરફથી ખંભાત કોંગ્રેસના પ્રમુખે ફૂલહાર પહેરાવ્યા હતા.

પંડિતજીનું પ્રવચન :

તાળીઓના ગડગડાટ વચ્ચે પંડિતજીએ ભાષણ શરૂ કર્યું. ' આટલી સખત ગરમીમાં તમે ઇંતેજારી કરી લાંબા સમયથી અહીં બેઠાં છો. આ સમય સભાનો નથી; છતાં મારે તમને કંઈક કહેવું જોઈએ, એવી તમારી ઇચ્છા હતી તેથી મેં આપની આજ્ઞાનું પાલન કર્યું છે.

હું અહીં કેમ આવ્યો છું તે તમે જાણો છો. ખંભાતનું નામ ઘણા લાંબા સમયથી સાંભળ્યું હતું; અને ઇતિહાસમાં વાંચ્યું હતું. હજાર વર્ષ પહેલાં આ મોટું બંદર હતું. યુરોપના દેશો સાથે અહીંના બંદરેથી વેપાર થતો. લોકો આવતા અને જતા. આજે તો એ નથી રહ્યું; પણ આજે આ નગરનું નામ આખા ભારતમાં પ્રસિદ્ધ થઈ ગયું છે. કેમકે અહીંથી આજુબાજુ તેલ અને ગેસ મળ્યાં છે. આજે એ અમારા ઉપર પણ તેનો છંટકાવ થયો છે. ( હસાહસ ) હવે કેટલું તેલ નીકળશે એ તો ઠેરઠેર કૂવા થશે ત્યારે ખબર પડશે. પણ ચાલુ સાલના અંત સુધીમાં તેનો અંદાજ આવી જશે. એ પછી તેલ સાફ કરવા રીફાઈનરી નાખવી પડશે.'

અહીં તેલ નીકળ્યું છે તે તમારા માટે, ગુજરાત માટે અને ભારત માટે સારી વાત છે, આજે તો તેલ સોનાચાંદી કરતાં પણ વધુ કીમતી છે. તેલ-કોલસા ભલે દેખાવમાં સારા ન હોય પણ તેલ વગર કારખાનાં, મોટર વગેરે ચાલે નહિ. તેલ માટે આપણે પરદેશ ઉપર આધાર રાખવો પડે છે. એ તેલ અહીં નીકળ્યું એ આનંદદાયક

વાત છે, આ દેશમાંથી ઠેરઠેર તેલ નીકળે એ ઇચ્છનીય છે. જેથી તેલ બહારથી મંગાવવું ન પડે અને તેલ વધે તો તેની નિકાસ પણ કરી શકીએ. પરિણામે હુંડિયામણ પણ મળે.'

'વડા પ્રધાને પંચવર્ષીય યોજનાઓનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે આ યોજનાઓમાં તેલનું સ્થાન પણ છે. અહીંથી તેલ મેળવવાને કારણે પંચવર્ષીય યોજનાઓને પણ ભારે મદદ મળશે, આપણો દેશ ઔદ્યોગિક ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ખંભાતમાંથી મળેલા તેલને રાષ્ટ્રભરમાં લોકોએ આશાપૂર્વક વધાવી લીધું છે.'

'આપણા દેશમાં આઝાદીની એક ક્રાંતિ થઈ. હવે આઝાદી પછી બીજી ક્રાંતિ શરૂ થઈ છે. એ આર્થિક અને ઔદ્યોગિક ક્રાંતિ છે, આવી ક્રાંતિ વિદેશોમાં વહેલી શરૂ થઈ હતી એટલે યુરોપ, અમેરિકા, જાપાન, રશિયા, ચીન વગેરે દેશો આગળ વધ્યા; ધનિક બન્યા, અને ત્યાંની પ્રજા આપણાથી આગળ નીકળી ગઈ અને આપણે પાછળ પડયા.'

આજે વિજ્ઞાનથી બધું જ થઈ રહ્યું છે. જે દેશ વિજ્ઞાનની ઉપેક્ષા કરે છે તે હમેશાં પછાત રહી જાય છે. આ પ્રદેશમાં હજારો વર્ષોથી ભૂમિના પેટાળમાં તેલ પડેલું હતું. તેની કોઈને ખબર ન હતી. પણ આપણા યુવાનો ભૂસ્તરવિદ્યા શીખ્યા અને આજે વિજ્ઞાનની મદદથી પથ્થરો અને ભૂમિનાં સ્તરોનો અભ્યાસ કરી અહીં તેલ નીકળશે એમ કહી શકયા. એટલે દેશમાં ધન વધે એ માટે વિજ્ઞાનની જરૂર છે. વિજ્ઞાને આપેલાં યંત્રો, ઓજારોથી ખેતીવાડીને પણ લાભ થાય છે. ઉદ્યોગ-ધંધા પણ વિકસે છે. રોજી મળે છે. વિજ્ઞાનની દૃષ્ટિથી દુનિયા ખૂબ જ આગળ વધી રહી છે.'

ત્યાર પછી પંડિતજીએ પરિશ્રમ, સૌરાષ્ટ્રમાં સ્ત્રીઓની આત્મહત્યા વિગેરે બાબતો પર બોલ્યા હતા. રાષ્ટ્રગીત ગવાયા પછી સૌ વિખરાયાં હતાં. અને તેઓશ્રી મોટરમાં વડોદરા તરફ હંકારી ગયા અને ત્યાંથી વિમાન માર્ગે દિલ્હી ગયા હતા.

જેણે રાતદિવસ ભારતનું જ હિત વિચાર્યું છે; તેવા દીર્ઘદર્શી, સ્વાર્થત્યાગી અને સ્વદેશભક્ત પુરુષ તા. ૨૮-૫-૧૯૬૪ના રોજ આ દુનિયા છોડી ચાલ્યા ગયા; પરન્તુ તેમની દેશભકિત સદા જ્વલંત રહેશે.

ભારતના બીજા વડાપ્રધાન શ્રીલાલબહાદુર શાસ્ત્રી ધુવારણને આંગણે (ખંભાત તાલુકાને આંગણે). તા. ૬-૩-૧૯૬૫



લાલબહાદુર શાસ્ત્રી

ખંભાતથી મહી નદીને કિનારે આવેલા ધુવારણ ગામે આશરે ૨૫ કરોડ કરતાં પણ વધારેના ખર્ચે બાંધેલા વીજળી મથકના ચારમાંના બીજા

ટરબો જનરેટર સેટ ચાલુ કરવા તા. ૬-૩-૬૫ના રોજ અમદાવાદ થઈ ધુવારણ પધાર્યા હતા. અને તેઓશ્રીએ સેટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'ભારત જે મહાન કાર્યો કરી રહેલ છે તેનું ધુવારણ પાવર સ્ટેશન એક પ્રતિક છે, અને આ વીજળી મથક દેશના સૌથી મોટા થર્મલ વીજળી મથકોનું એક છે.'

ખંભાત શહેર અને તાલુકાની પ્રજા હજારોની સંખ્યામાં એકત્રિત થઈ હતી; અને તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

મહી નદીને કિનારે વીજક મથકનું અજોડ મહાન કાર્ય થયું છે. જે નદીની પવિત્રતા તથા માહાત્મ્ય વગેરેને લગતું પૌરાણિક 'કુમારિકા ખંડ અથવા સ્તંભતીર્થ માહાત્મ્ય' નામનું આ લેખકે લખેલું; તે તેમને ભેટ આપવામાં આવેલું તથા ખંભાતના અકીક ઉદ્યોગના નમુના તેમને ભેટ આપવામાં આવેલા.

શ્રી ઈન્દીરાગાંધી વડાપ્રધાન થતા પહેલાં ખંભાતમાં સને ૧૯૬૨.

જ્યારે તેમના પિતાશ્રી જવાહરલાલ નેહરુ વડા પ્રધાન હતા ત્યારે કોંગ્રેસની ચૂંટણીના પ્રચાર માટે તા. ૧૬-૧-૬૨ના રોજ ખંભાત પધારેલા ત્રણ દરવાજાના વિશાળ મેદાનમાં તેમનું પ્રવચન સાંભળવા હજારોની મેદની જામી હતી, ભારતે ૧૪ વર્ષના ગાળામાં અજોડ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પહેલી, બીજી, ત્રીજી પંચવર્ષીય યોજનાઓનું વિશાળ કામ હાથ પર ધરી ખેતીવાડી, ઉદ્યોગો, કેળવણી વગેરે અનેક ક્ષેત્રે વિકાસ સાધ્યો છે. જે જનતાના સહકારથી સિદ્ધ થયો છે.' લગભગ ચાળીસ મિનિટ સુધી ભાષણ કર્યું હતું.

શ્રી કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી : (ઈ. સ. ૧૯૧૧) — જેઓએ 'બ્રહ્મસૂત્ર'નું ગુજરાતી ભાષાંતર કર્યું છે; તથા બીજા ગ્રંથો લખ્યા છે. ગુજરાતના આ પ્રખર વિદ્વાન વિ. સં. ૧૯૬૭ના વૈશાખ સુદ ૫ ખંભાતમાં શ્રીશંકરજયંતિ પ્રસંગે વ્યાખ્યાન કરવા પધારેલા.

શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ (ઈ. સ) ૧૯૧૭)

જેઓ સમર્થ લેખક અને તત્વચિંતક હતા. તેઓએ 'બ્રહ્મમીમાંસા જ્યોતિ' પુસ્તક આપ્યું. અસાધારણ કોટીના વિદ્વાન હતા. શ્રીમાળી વણિક વાડીમાં જ્ઞાતિના ઉત્સવ પ્રસંગે તા. ૯-૬-૬૭ના રોજ વ્યાખ્યાન આપવા બોલાવવામાં આવ્યા હતા. એક વખત કેળવણી શું કરી શકે? અને બીજી વખત 'સ્ત્રીઓનું કર્તવ્ય' એમ બે ભાષણો આપ્યાં હતાં.

શ્રી શારદાસુમંત મહેતા; શ્રી ડો. સુમંત મહેતા વગેરે (૧૯૧૭)

તા. ૩૧-૧૦-૧૭ના રોજ શ્રીમાળીની વાડીમાં ભાષણો આપ્યાં હતાં.

શ્રીશ્રવણલાલજી ૩૦-૧-૧૮, શ્રીકૃષ્ણામંદજી અવધૂત એમ. એ. ૩૦-૧૨-૩૨

ધર્મ વિષય ઉપર શ્રીમાળીની વાડીમાં ભાષણો આપ્યાં હતાં.

શેઠ શ્રીકસ્તુરભાઈ લાલભાઈ (ઈ. સ. ૧૯૬૨) :—

ખંભાતમાં શ્રી એમ. શ્રોફ ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૧૪-૧૨-૬૨ના રોજ પધાર્યા હતા. તેમણે કહ્યું હતું કે 'ખંભાત માત્ર ભારતમાં જ નહિ પણ દુનિયામાં પંકાયલું છે, ભૂતકાળની જાહોજલાલી અને ઈતિહાસથી ખંભાત જગજાહેર બનેલું છે. તેની પાછળ આંતર રાષ્ટ્રિય મહત્વ અને પ્રાચીન મહત્વ પહેલું છે. પણ અંગ્રેજોએ ખંભાત બંદરને નિષ્પ્રાણ બનાવી દીધું છે બનાવી દીધું છે તેલ અને ગેસના કુવા ખંભાતમાં

મળ્યા હોઈ તે ભારતમાં ગુજરાતનું નાક બનશે, તેમાં લેશમાત્ર શંકા નથી.'

૫. પૂજ્યશ્રી રવિશંકર મહારાજ–ખંભાતમાં. (ઈ.સ. ૧૯૪૮)

ગુજરાતના મુક લોકસેવક કે જેણે હજારો પછાત કોમના લોકોને સુધાર્યા છે; જેના ગુણગાનથી પુસ્તકો ભરાયાં છે, પૂ. ગાંધીબાપુની સાથમાં રહી તેમનાજ નિયમોનું પાલન કરનાર સંતપુરૂષ ખંભાતને આંગણે ઘણી વખત આવ્યા છે, જ્યારે જ્યારે ખંભાતમાં કાંઈ કાર્ય પ્રસંગ આવે ત્યારે તે આવ્યા છે.

૧. પહેલીવાર :—૧૫મી ઓગસ્ટ ૧૯૪૮

આ સ્વાતંત્ર્ય દિને તેઓ ખંભાત આવ્યા હતા. અને આ દિવસના મહેત્વ વિષે ઘણું મનનીય ભાષણ આપ્યું હતું. તેમણે ખંભાત વિષે કહ્યું કે 'ખંભાત હવે મુંબઈ પ્રાંતમાં જોડાયું. નવાબ સાહેબે અનામત સોંપી છે. આપણે કહેતા હતા કે નવાબ સાહેબ અમને સોંપે તો સુંદર વહીવટ કરીએ.' તો આપણે સંયમ, સાદાઈ અને નીતિથી જીવીએ.

૨. બીજીવાર : તા. ૭–૯–૪૯ના રોજ ખંભાત આવ્યા હતા. ખેડા જિલ્લાનું વડુમથક ખંભાતને ન બનાવતાં પેટલાદને બનાવ્યુ; તેથી ખંભાતની પ્રજામાં ભારે ઉશ્કેરણી થઈ; અને ખંભાતના કેટલાક જુવાનોને કેદમાં જવું પડયું, આ પ્રસંગે મહારાજ ખંભાતમાં આવ્યા હતા. અને કેટલાક આગેવાનોને ભેગા કરી કહ્યું કે 'છોકરાઓ સરઘસ કાઢે, બેરાં કાઢે, તમે તેમને સમજાવી શકયા હોત; શાંત પડયા પછી પણ શિખામણ આપી શકાય કેન્દ્રના પ્રશ્નની બાબતમાં મેં શ્રી મોરારજીભાઈ સાથે વાત કરેલી ત્યારે તેમણે મને જણાવેલું કે વડોદરા જોડાયું નહોતું ત્યારે ખંભાતને સેન્ટર બનાવેલું. પછી ફેરવવું પડેલું. છતાં તે માટે અમલદાર નીમાયા છે. તેને હકીકત જણાવજો, સત્તાનો મદ જેને ચઢશે તે પડશે પણ સેવા કરનારને કોઈ મુશ્કેલી નથી, વગેરે ખંભાતના આગેવાનોને મુશ્કેલીમાં માર્ગદર્શન આપ્યું હતું.

આ પવિત્ર સંત પુરુષને હાથે ગુજરાત રાજ્યનું ઉદઘાટન તા. ૧–૫–૬૦ના રોજ અમદાવાદ–સાબરમતી આશ્રમમાં કરાવવામાં આવ્યું હતું.

પૂ. રવિશંકર મહારાજનો જન્મ માતર તાલુકામાં રઢુ ગામમાં મોસાળમાં થયો હતો તેમના જન્મની સંવત વિ. સં. ૧૯૪૧ના વૈશાખ વદ ૧૨ છે તેમનું મૂળ વતન મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ છે. જ્ઞાતિએ ટોળકિયા બ્રાહ્મણ છે, સંસ્કાર, સેવાભાવ અને ખડતલ જીવનનો તેમને વારસો છે, તેઓ ગાંધીજીના સમાગમમાં આવ્યા ત્યારથી તેમનો રંગ પલટાઈ ગયો. અને સર્વોદય એ જ મુખ્ય મંત્ર ગણી સેવાકાર્યમાં જીવન વિતાવી રહ્યા છે.

ખંભાતમાં તેમણે ઘણી વખત સારા પ્રમાણમાં સેવા આપી છે ખંભાત તે માટે તેમનું ઋણી છે સને ૧૯૬૪માં કુલાશંકર મહારાજના પચીસ વર્ષની ઉજવણી વખતે પણ આવ્યા હતા.

સને તા. (૧૬–૩–૬૯) ૧૯૬૯ના શ્રીમાધવલાલને (૩૨૫૧૫૧) સડા ત્રણ લાખ રૂપિયાની ભેટ અર્પણ કરી તે પ્રસંગે તેઓ આવ્યા હતા. ને તેમને હાથે ભેટ ધરી હતી.

શ્રીબબલભાઈ મહેતા :— તેઓશ્રી ખંભાતમાં થયેલા નેત્રયજ્ઞ વખતે તથા બીજી કેટલીકવાર તેમણે ખંભાતની મુલાકાત લીધી છે. અને ખંભાતની પ્રજાને યોગ્ય માર્ગદર્શન મળ્યું છે.

કવિશ્રી શ્રી દલપતરામ ડાહ્યાભાઈ :— તેઓશ્રી શ્રીમાળી બ્રાહ્મણ હોવાથી પોતના એક પુત્રને તેઓ પરણાવવા તેઓ ખંભાત આવેલા અને ખંભાત જોએલું તેઓએ ગુજરાતની મુસાફરીની કવિતામાં લખ્યું છે કે

ખંભાતની વળી સુત્રફેણી
લક્ષ લઈને લાવજો
વળી ઘર વિષે વરસાદ પહેલાં
આપ વહેલા આવજો

પદ્મશ્રી રવિશંકર મ. રાવળ :— (૧૯૫૨) ગુજરાતના કલાગુરુ વિદ્યાર્થીઓનું કલા પ્રદર્શન ખંભાતમાં તા. ૩૦–૪–૫૨ રોજ ભરવામાં આવ્યું હતું. તે પ્રસંગે તેઓ પધાર્યા હતા. ખંભાતનાં કેટલાંક ઐતિહાસિક સ્થળો જોયાં હતાં. તેઓશ્રીને શ્રીનર્મદાશંકર ભટ્ટ તરફથી મુખ્ય નિશાળમાં સન્માન સમારંભ ગોઠવી સન્માન કર્યું હતું.

શ્રી હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ :— (૧૯૩૯) તેઓશ્રીના પિતાશ્રી ખંભાતમાં સહકારી નોકરીમાં સને ૧૮૯૦–૯૨માં હતા. ત્યારે તેઓ ખંભાત હાઈસ્કૂલમાં ભણતા હતા. પછી તેઓ અમદાવાદ ગયા. ખંભાત મ્યુનિસિપાલિટીના રૌપ્ય મહોત્સવ પ્રસંગે સને ૧૯૩૯ આવ્યા હતા. અને આરોગ્ય સંબંધી વ્યાખ્યાન આપ્યાં હતાં.

કવિશ્રી શયદા :— (૧૯૫૪)માં ખંભાતના ગઝલકાર કવિ જમિયતના પુત્રના લગ્ન પ્રસંગે તેઓશ્રી ખંભાત પધારેલા. ટોળકિયાની વાડીમાં તા. ૧૦–૧૨–૫૪ના રોજ મુશાયરો ગોઠવવામાં આવેલો, વળી મુખ્ય નિશાળમાં શ્રીનર્મદાશંકર તરફથી એક સન્માન સમારંભ ગોઠવી તેમનું સન્માન કર્યું હતું.

શ્રીઇંદુલાલ યાજ્ઞિક — (૧૯૬૯) ગાંધીયુગના આ મહાપુરુષ ખંભાતને આગણે સને ૧૯૪૮ થી આવે છે, છેલ્લા સને ૧૯૬૯માં ગાંધી જન્મશતાબ્દિ પ્રસંગે પણ ૩૦–૫–૬૯ના રોજ ભાષણ આપવા આવી ગયા છે.

કેળવણીકાર શ્રી નાનાભાઈ ભટ્ટ અને સાહિત્યકાર શ્રી સાકરલાલ અમૃતલાલ દવે (૧૯૪૭) ખંભાતના શિક્ષકોએ તેમને સન્માન્યા હતા. ગવારા સ્કૂલના સુવર્ણ પ્રસંગે શ્રી નર્મદાશંકર ભટ્ટે તેમને બોલાવવામાં આવ્યા હતા, અને કેળવણી વિષયક તેમનાં ભાષણોનો લાભ લીધો હતો.



ગણેશ વાસુદેવ માવલંકર ખંભાતમાં સને ૧૯૪૮

શ્રી ગણેશ વાસુદેવ માવલંકર (૧૯૪૮) ખંભાત રાજ્યના વચગાળાની રચના કરવાના પ્રસંગે (પ્રજાકીય સરકાર) તેઓશ્રીને નવાબ સાહેબ તરફથી બોલાવ્યા હતા. તેમની સલાહ-સૂચના અતિ ઉપયોગી થયાં હતાં. ખંભાતની પ્રજાએ ગવારા ઝંડા ચોકમાં સન્માન પત્ર આપી તેમનું બહુ માન કર્યું હતું.

શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઇ પટેલ – જે વલ્લભ-વિદ્યાનગરના નિર્માતા ગણાય છે. તેઓ ખંભાતમાં ઘણી વખત આવ્યા છે; અને ખંભાતના દરિયા વિશેના ખ્યાલો સરકારમાં રજૂ કર્યા છે. ખંભાતનું બંદર થઈ શકે તેવી યોજનાઓ પણ તેમણે સરકારમાં રજૂ કરી છે. તેઓ મોટા ઇજનેર હતા, ને તેમની સાથે ખંભાતના એન્જિનિયર શ્રી સ્વ. શ્રી હિંમતલાલ હતા; તેઓએ સિન્ધુ નદી ઉપરના સકકરબેરેજનું કામ કરી સારી ખ્યાતિ મેળવી હતી. તેઓ સ્વર્ગવાસી થયા છે.

× × ×

## પ્રકરણ ૮૦મું
## ખંભાતમાં થયેલી સતીઓ

૧. પ્રસ્તાવના

૨. જમનાબાઈ સતી

૩. ગંગાબાઈ સતી

ભારત વર્ષમાં સ્ત્રી પુરુષનું અંગ મનાય છે. પતિને જ પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે. સુખ-દુઃખમાં તે ભાગીદાર છે; અને પુરુષથી તે જુદી ન ગણાતાં સ્ત્રીપુરુષ એક જ છે એમ તે માને છે.

પોતાના પતિની નિંદા કે હલકાં વચનો તે કદી શ્રવણ કરી શકતી નથી. અને પતિથી જ પોતે ઉજ્જવળ આબરૂદાર, સુખી અને શક્તિમાન છે. એમ માને છે.

શ્રી પાર્વતી, શ્રી દમયંતી, શ્રી સીતાજી, શ્રી મંદોદરી વગેરે ભારત વર્ષની મહાસતીઓનાં નામ અને પતિ ભક્તિનાં જવલંત દષ્ટાંતો આજે પણ નારીઓને બોધક છે.

પતિભક્તિ પરાયણ સ્ત્રી પતિ સાથે કે પછીથી બળી મરતી તેને સતી કહેવામાં આવતી. આ રિવાજ અતિ પ્રાચીન સમયમાં હતો. પતિ મરણ પામ્યા પછી શબ લઈ જનાર લોકો સાથે પત્ની શ્મશાન જતી, શબને ચિતા ઉપર મૂકયા પછી તે સ્ત્રીને ઉત્તર દિશામાં બેસાડતા પછી તેને તેનો દિયેર કે ઘરડો નોકર કે કોઈ અન્ય મંત્ર ભણીને ઘેર પાછી લઈ જતા એમ વેદના કેટલાક મંત્રો પરથી જણાય છે.

ઉપર જણાવેલી વિધિ પ્રમાણે સ્ત્રીને પાછા આવવાનો રિવાજ શિથિલ થયો અને સ્ત્રીને પતિ સાથે બળી મરવું જોઈએ એ ભાવવાનું બળ વધ્યું અને જે સ્ત્રી એ રીતે સતી થાય એ સ્ત્રીનું સમા-જમાં સ્થાન ઊંચું ગણાવા લગ્યું.

ઘણા લાંબા સમય સુધી આ રીતે ચાલ્યા પછી તેમાં પરીવર્તન થવા માંડયું. કેટલીક વિધવા પોતાના ધણી પાછળ જીવતાં ન બળવાનો વિચાર કરતી તો તેને તેનાં સગાંવહાલાં પરાણે ચિતામાં હોમી દેવા પ્રયાસ કરતા.

ઈ. સ. ૧૬૩૮માં મેન્ડેલ્સ્લો નામનો એક જર્મન મુસાફર ગુજરાતમાં આવેલો. તે તા. ૨૧મી ઓક્ટોબરે ખંભાતમાં આવેલો. તે ખંભાતની અંગ્રેજોની કોઠીના બે માણસો સાથે ફરવા નીકળ્યો. ત્યારે તેણે ખંભાતમાં 'સતી' થતી નજરે જોયેલો બનાવ પોતાના પ્રવાસ વર્ણનમાં નીચે પ્રમાણે આપે છે. તે લખે છે કે એક સ્ત્રી સતી થતી હતી તેનો ધણી રજપૂત જાતનો હતો અને તેને લાહોર નજીક મારી નાખવામાં આવ્યો હતો. આ સમાચાર સાંભળી પોતાના ધણીના અસીમ પ્રેમને લીધે તેની પાછળ પોતાની જાતને હોમી દેવા તૈયાર થઈ વીસ વર્ષથી વધારે ઉંમરની તે ન હતી ચિતા તૈયાર કરી હતી, તે જગ્યાએ તે દૃઢ નિશ્ચય અને આનંદી ચહેરે ત્યાં આવી હતી. મેન્ડેલ્સ્લોએ જોયું કે કુદરતી રીતે આવેલા મૃત્યુ વખતે પણ મનુષ્યના મોં ઉપર આવો દૃઢ ભાવ હોતો નથી તેથી તે માનવા પ્રેરાયો કે તે બાઈએ અફીણ ખાવાથી પોતાની જ્ઞાનેન્દ્રિયો બુઠ્ઠી કરી નાખી છે! તે કમ-કમાટી ઉપજાવે તેવા આ બનાબ તરફ ધિક્કારની થોડી લાગણીઓ સાથે જોયું. તે યુવાન સ્ત્રીએ પોતાનાં સગાંવહાલાં અને મિત્રોની અનુમતી લીધી. પોતાના ગળાનો હાર, હાથની વીંટીઓ તથા બીજો શણગાર તેમને વહેંચી દીધો. મેન્ડેલ્સ્લો લખે છે કે 'હું મારા અંગ્રેજ વેપારી મિત્રો સાથે તેની પાસે ઘોડા ઉપર હતો. તે સ્ત્રીએ મારા સામું જોતાં તેને અનુમાન થયું કે હું તેની દયા ખાઉં છું. તેણે મારા તરફ એક હાર ફેંક્યો જે મેં ઝીલી લીધો અને હજુ પણ આ કામની યાદગીરી તરીકે મેં તેને સાચવી રાખ્યો છે.

સતી થવાના રિવાજો અટકાવવા મોગલ બાદશાહ અકબરે પ્રયત્ન કરેલો. કોઈ પણ હિન્દુ વિધવા સુબેદારની યોગ્ય પરવાનગી મેળવ્યા વિના સતી થઈ શકે નહિ. સુબેદાર તેને સલાહ આપી શકે તથા તેના નિર્ણયને ઢીલમાં નાખવા પ્રયાસ કરી શકે. જો સ્ત્રી પોતાના નિર્ણયમાં મક્કમ રહે તો તે સંમતિ આપવા બંધાયેલો હતો.[1]

સતી થનાર સ્ત્રી શણગાર સજી વાજતેગાજતે, જે અંબે, જે અંબેના ગગનગામી અવાજો સાથે દરિયાકિનારે કે જ્યાં શ્મશાન ભૂમિમાં આવતી. સ્નાન કરી, શણગાર ઉતારી કેશ છૂટા કરી ચિતામાં બેસવા તૈયાર થતી. શહેરના લોકોને આશીર્વાદ આપતી, દુઃખિયાં લોકો તેના આશીર્વાદ મેળવતાં. ગુલાલ ઉડતો અને વાજાં, ઢોલ વગેરેના મોટા અવાજો વચ્ચે તે ભસ્મીભૂત થતી.

ઈ. સ. ૧૮૨૯માં સતી થવાનો ચાલ લોર્ડ વિલિયમ બેન્ટીકે બંધ કર્યો.

ખંભાતમાં એવી કેટલીય સ્ત્રીઓ સતી થઈ છે. તેની યાદગીરી માટે બંધાયેલી દહેરીઓ આજે પણ દરિયા ઉપર શ્મશાન ભૂમિમાં મોજુદ છે. તેમાં વિ. સં. ૧૮૫૨માં ઉદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ જ્ઞાતિમાં થયેલી સતીનું વર્ણન તે સમયના એક નજરે જોનાર કવિ પ્રભુરામે કર્યું છે. તે ગરબો આ રહ્યો.

## જમનાબાઈ સતીનો ગરબો

### શ્રી ગણેશાય નમ:

નમું ગણપતિને શીષ ઇષ્ટ દેવી કીરપા કરો રે,
બુદ્ધિ આપ બહુ પુંઢ મુંઢ જાણી બાંહે ધરી રે
૧

બાલી બહુચરાજી માત વાણી આપો કરૂણા કરી રે
હું તો લાગું તારે પાય ગરબો ગાવા મુનસા ધરી રે
૨

ઉત્તમ દેશ ઉત્તમ ગામ નામ દીસે ખંભાતનું રે
તેમાં ટોળકિયા અવદીચ નામ વાધુ છે ન્યાતનું રે
૩

ઇચ્છારામ ની ઉગી વેલ બેલ દીસે લક્ષમી રામની રે
તેમાં છત્રીસીપોળ હોળ દીસે ધામની રે
૪

સેવકરામ સધીર વીર દીસે વિવેકમા રે
જુમના ઝાઝું દે માન કાન સાંભળો છો ટેકમાં રે ૫

જુમનાંબાઈ બોલ્યાં તેણી વાર
અંબે અંબે મુખ બોલજો રે
રાખો શકિત સુધ્યાન માનો પડદો તમે ખોલજો રે ૬

જુમનાંબાઈ બોલી તેની વાર આજ વીનતી કહું કથી રે
દેહ સમરથમાં સાર મારે અહીંએ રેવું નથી રે ૭

અંન કીધા છે તાજ બાપુજીને બોલીયા રે
વચન સાંભળ્યું છે કાન માંન મેલીને આવીયા રે ૮

ઉગ્યો પ્રાતુસકાળ આસો માસો એકાદસી રે
ઉગ્યો આદિત દેવ પુરાણ પ્રીત મનમાં વસી રે ૯

થયું તેજ અપાર જાણે પ્રતિબીબાં બાપનું રે
કોનાં દલમાં નહિ કુડુ રૂડુ રાજ નવાપનું રે ૧૦

ચડો દોડપો'ર દીન તેહુ ધરમનું ત્યાં આવીયું રે
કકુ ભટ્ટને કહે છે વાત સગાં સંબંધીને કહાવીયું રે ૧૧

ચાલો જઈએ દરબાર હુકમ હજુરનો લાવીએ રે
સારા શહેરનો છે રાય તેને હેતથી કાહાવીયે રે ૧૨

જઈને કીધું છે જાણ જાણે સેવકરામ વાંકડો રે
તેનો આવો પોચો કાળ હુતો ચટકમટક ફાંકડો રે ૧૩

નારી થઈ છે તઈયાર સ્વામી સાથ સતી ચાલવા રે
મુખે બોલે છે જેકાર જાય છે યજ્ઞમાં માહાલ્વા રે ૧૪

નવાપ બોલ્યા તેણીવાર હેવું કામ ના કીજીયે રે
જઈને કહેજો તમે ના જે જોઈએ તે લીજીયે રે ૧૫

તુલસીરામને તાંડાં તાંહાય જઈને કહેજો તમે ભાતથી રે
આપું ગરથને ભંડાર ખાજો પીજો તમે ખાંતથી રે ૧૬

આવ્યા તુલસીરામ તાંહ સતી સામું જોઈ રહ્યા રે
કાહાવું નવાપે જે તે વાયક સરવે કહ્યા રે ૧૭

પછી નમીયા છે પાય સાય કરજો તમે શેરની રે
સતીએ દીધો આશરવાદ સારુ થાજો દરબારનું રે ૧૮

સતી થયા તઈયાર સણગાર સોળે ધરી રે
સઉકો જુએ તેની શકિત સાચી ખરી રે ૧૯

હાથે ચુડો જડાવ ઉપર ઘુઘરી છે ઘમકતી રે
માના શા કરું વખાણ ચીણ માળા છે ચમકતી રે ૨૦

કંઠે પુષ્પને હાર સતી સઉને મન વસી રે
કરી કુમકુમની આડ પેંરી કંચુકી રે ૨૧

અંગે કલ્લા ને ફૂલ જુએ સ્વર્ગ કેરી વાટડી રે
પેરી સોળ સણગાર ઓઢી લાલ રંગી ઘાટડી રે ૨૨

વાજે ઘંટા ને નાદ સતી થવાને નીસરા રે
થાયા વે'લે અસવારમાં સંસારની વિસરા રે ૨૩

જીભાઈ દેસાઈ જાન્જુમ બેઠો જમણે તે હાથસું રે
અમથો હાંકે છે વેલ ઉત્તમ બેઠા છે સાથશું રે ૨૪

કોમલપાડો કહેવાય સ્વામી સાથ સતી આવીયાં રે
બોલ્યા વચન રસાલ સઉને મન ભાવીયાં રે ૨૫

દેવ મોટા મા દેવ દરશન કરું છું તે કામની રે
લીધા અક્ષત હાથ બાણે સ્વર્ગ કેરી સામની રે ૨૬

કાકા વિશ્નુરામ જે તે ઊભા સૌ સાથસું રે
આવી લાગ્યા છે પાય ઘાટ આપ્યું છે હાથસું રે ૨૭

જઈને નરખા મા દેવ તાળી લે છે તે હાથસું રે
સુખે સરણાઈ સાથ વાત કરે ઊભા સાથસું રે ૨૮

જાણે દિવાળીનો દન માને સઘળું છે સેલમાં રે
ઉછળે અપરમપાર આવી બેઠા છે વેલમાં રે ૨૯

હળવે હાંકે છે વેલ અલીંગ મધે આવીયા રે
જીભાઈ દેસાઈ જાજુલ સતીને મન ભાવીયા રે ૩૦

પ્રીતે પ્રણામ પાય સાય કરજો તમે સેંરની રે
સતીએ દીધો આસરવાદ દૃષ્ટિ રાખી છે મેરની રે ૩૧

ચાલ્યાં મારગમાં હાય સતી સઉને મન ભાવીયા રે
રૂડા દરવાજા સાર બાર ગવારુ આવીયા રે ૩૨

આવ્યા નગીને બાર જાલાં સમુદ્રની વાટડી રે
ખુશાલ ખેડે છે રથ માના હાથમા છે ગાટડી રે ૩૩

નાનું મોટું નરનાર ચાલ્યા ભંડારે ભામની રે
નારી નાવાને કાજ હેઠાં ઉતર્યાં છે કામની રે ૩૪

સતીયે સ્નાન કર્યું ત્યાંય મા ક્રિયા દૃષ્ટિ કરુણા કરી રે
કર્યું ક્રષ્ણારપણ તાંય હાથે અંજલી પાણી ભરી રે ૩૫

આપું ગંગાજળને ગર ગરબે દીસે છે ગેલડી રે
સત વાધુ અપાર આલ્યા બળદને વેલડી રે ૩૬

પ્રાણજીવનને પ્રત્યક્ષ ઘર આપું સૌ સાથસું રે
કાઢયા સોળે શણગાર આલ્યા કંકુભટના હાથસું રે ૩૭

કરે પુન અપાર જેને જે વાત માગ્યસું રે
સતીને સત છે અપાર હીંડે અણવર પાયસું રે ૩૮

આવ્યા સ્વામીની પાસ આસ રાખે અંબે તણી રે
કરું સ્મરણ માની શોભા અતી ઘણી રે ૩૯

ઝીલી દીવી કરમાંય ફેરા ફરે છે ભોગણી રે
અંતરીક્ષ આવ્યું છે વઈમાન સાથે ચોસઠ જોગણી રે ૪૦

હસે અપરમપાર મુખે બોલે છે ભામની રે
પુરા પાચે અવતાર એ કંથને હું કામની રે ૪૧

કીધો મઢીમાં પ્રવેશ કેસ આગળ કાઢિયા રે
ગ્રન્થની ગળે અપાર બોળે સ્વામી પોઢાડિયા રે ૪૨

લાગો અગની અપાર સાર વાત સઉકો કરે રે
જંબે જંબે કે'વાય સતી પાછળ ફેરા ફરે રે ૪૩

થયા સતી અલોપ બળ જોબન બાળમાં રે
ગયાં સ્વર્ગે સાક્ષાત વાત રહી છે કળી કાળમાં રે ૪૪

ગરબો સતીનો જે ગાય સીખે ને સાંભળે રે
કરે નારાયણસુ નેહ ગરભવાસનો ફેરો ટળે રે ૪૫

સંવત ૧૮૫૨ મુને માયે કરુણા કરી રે
આસો એકાદશી દિન બુધવાર બુદ્ધિ ધરી રે ૪૬

પુજા ભગતોનો પુત્ર પ્રભુરામને ઇચ્છા ઘણી રે
વિપ્ર કેરો છે દાસ આસ રાખે અંબે તણી રે ૪૭

વલણ

આસ રાખે અંબે તણી પુરે મનના કાડ
બુદ્ધિ બાગ અભી આસનો કૃપા કરી શ્રી રણછોડ ૪૮

### સતી જમનાબાઈ

વિ. સં. ૧૮૫૨ (ઈ. સ. ૧૭૯૬)

વિ. સં ૧૮૫૨ (ઈ. સ. ૧૭૯૬)માં ઉદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ જ્ઞાતિમાં થયેલી સતી જમનાબાઈનું વર્ણન તે વખતના એક નજરે જોનાર કવિ પ્રભુરામે ગરબારૂપે કર્યું છે. તેનો સારાંશ અત્રે આપવામાં આવ્યા છે.

ખંભાતમાં છત્રીશીપોળમાં ઉદીચ્ય ટોળકિયા જ્ઞાતિના ઇચ્છારામ નામે બ્રાહ્મણ રહે. તેમને લક્ષ્મીરામ અને સેવકરામ નામે દીકરા હતા. જમનાબાઈ પતિભક્તિ હતાં. તેઓના પતિ સેવકરામ મરી ગયા પછી તેઓ તેની પાછળ સતી થયાં. સં ૧૮૫૨ના આસો મહીનાની સુદ ૧૧ હતી, તેમના પતિ ગુજરી ગયા; અને તેમને પતિભક્તિથી સત ચડયું, સોળે શણગાર સજ્યા, નવાબ સરકારતું રાજ્ય હતું. તેમને ખબર આપી કે સેવકરામ ગુજરી ગયા છે અને તેમનાં પત્ની જમનાબાઈ સતી થાય છે, નવાબ સાહેબે સાધન મોકલ્યાં. સતીએ તેમને આશીર્વાદ આપ્યા, નાદઘંટા ઝાલરો, વાદ્યો વાગવા લાગ્યાં. સતી રથમાં બેઠાં અને વાજતેગાજતે ચીતારીને રસ્તે જવા અલીગામાં આવ્યા, બધાં લોકો જય અંબે જય અંબે બોલે છે. ચીતારીને રસ્તે થઈ ગવારાના દરવાજે રથ આવે છે. સતી ઉતરીને શહેરના ગવારાના દરવાજાને કંકુના થાપા મારે છે, અને શહેરની આબાદીના આશીર્વાદ આપે છે, ત્યાંથી સઘળાં જય અંબે જય અંબે બોલતા સમુદ્ર તટ ઉપર જાય છે. ત્યાં પોતાના શણગાર ઉતારી બધાંને આપી દે છે. છે. સ્વામીનું માથું ખોળામા લે છે: અગ્નિ પ્રગટ થાય છે ૧

---

૧ આ ગરબો ખંભાતમાંથી સં ૨૦૦૭માં પ્રગટ થયેલા 'નિદર્શન' નામે માસિકમાં મેં પગટ કર્યો છે.

### ગંગાબાઈ

વિ. સં ૧૮૬૧ (ઈ. સ. ૧૮૦૫)

વિ. સં ૧૮૬૧ની સાલ હતી. ખંભાતમાં નવાબ ફત્તેઅલીખાનનો સમય હતો. (ઈ. સ. ૧૭૮૯ થી ૧૮૨૩)

ખંભાતના ઉદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ જ્ઞાતિમાં સારાભાઈ નાના કરીને એક ધર્મનિષ્ઠ ગૃહસ્થ હતા. તેમને ત્રણ પુત્રો હતા. શિવાનંદ રામચંદ્ર અને બાપુજી તેમાં બાપુજીને દયા નામે પવિત્ર સ્ત્રી હતી. તેનાથી એક પુત્રી થઈ. તેનું નામ ગંગાજી તે બહુ સુશીલ, પવિત્ર અને સદાચરણી હતી.

પુત્રી દિનપ્રતિદિન મોટી થતાં તેનો વિવાહ ખંભાતમાંજ લાડવાડામાં રહેતા સ્વજ્ઞાતિના વ્યાસ રૂઘનાથના પુત્ર નાનાભાઈ સાથે કર્યો; અને ધામધુમથી લગ્ન કર્યાં ગંગાજી સાસરે ગઈ. સાસુ નણંદના આનંદનો પાર રહ્યો નહિ.

વ્યાસ રૂઘનાથ પૈસેટકે સુખી હતા તેમનો મુંબઈમાં વેપાર ચાલતો હતો. ઘેર મહેતા, નોકર ચાકર હતા. આબરૂ–ઈજ્જત ઘણી હતી. દિવસો સુખમાં ચાલ્યા જતા હતા.

એક દિવસ નાનાભાઈની પીઠે ફોલ્લી થઈ; અને તેણે પાઠાનું સ્વરૂપ લીધું. દિવસે દિવસે તે વધવા લાગી; અને નાનાભાઈ હેરાન થવા લાગ્યા. શરીર સુકાવા લાગ્યું. અને મંદવાડ વધવા લાગતાં લોકો કહે 'ભગવાન તેને બેઠો કરે ત્યારે,'

ગંગાજી મંદવાડની પરિસ્થિતિ સમજી ગઈ. મન સાથે નિશ્ચય કર્યો કે 'મારે જાવું છે સ્વામી સંગાથ' તેણે તેની સહીયરોને ખાનગીમાં વાત કરી તેમણે માતા દયાકોરને વાત કરી માતાએ પુત્રીને ઘણી સમજાવી, અને તેમ કરવાની ના પાડી.

ફાગણ સુદ ૧૪નો દિવસ હતો. નાનાભાઈનો મંદવાડ વધી ગયો. ગંગા તેમની પાસે આવી,

સ્વામીને પગે લાગી, પ્રદક્ષિણા કરી હાથમાં પાણી લીધું. બોલ્યાં, 'ગંગાજી વચન ઠરાવ્યું; સ્વામી ! હું તમારી સંગાથે આવું.' નાનાભાઈનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું.

પાછલી દોઢ પહોર રાત રહી છે. ત્યાં ગંગાબાઈને સત વધવા લાગ્યું. સાસરિયાંએ ગંગાબાઈની ઇચ્છા જાણી; તેમણે આ વાત પડતી મૂકવા કહ્યું લોકો હમારી વાતો કરશે. છેવટે તમને તાળામાં પૂરીશું. એમ પણ કહ્યું; પણ ગંગાબાઈ શાનાં માને ! આવું કહેતાં તો ગંગાબાઈનું સત વધવા માંડયું. તે એકદમ ઊભાં થયાં. પાસે ઘીનો દીવો બળતો હતો. તેના ઉપર હથેળી ધરી અને બોલ્યાં 'જૂઠું હોય તો કર મારો બળજો.' મેંસ હથેળીમાં પડી અને આંખમાં આંજી. આ જોતાં સૌ અચરત પામ્યા. સર્વેએ ગંગામાં સત જોયું.

સૂર્ય ઊગ્યોને પ્રભાત થયું. શહેરમાં વાત પ્રસરી સગાં વહાલાં અને લોકો આવવા લાગ્યાં. દેવનાથ કરીને એક પવિત્ર બાવાજી હતા. તે આવ્યા; અને તેમણે પણ ગંગાજીને સમજાવ્યાં પણ ગંગાબાઈ માને ખરાં ?

પંડયા શિવાભાઈ દરબારમાં ગયા. નવાબ સાહેબની રજા માગી, તે તેમણે આપી. પચીસ વર્ષની નાની બાળા સતી થાય છે તે જોવા તમામ જાતના લોકો, ગરીબ તવંગર, સુખી દુઃખી, ભણેલા અને અભણ સઘળા ભેગા થઈ ગયા. જુદી જુદી વાતો કરી રહ્યા છે.

કુંકુમ અને ગુલાલ ઉડવા લાગ્યાં. ઝાઝ, કાંસી, કરતાલ નગારાં વગેરે વાજીંત્રો વાગવા લાગ્યાં અને લોકો જય અંબે ! જય અંબે ! બોલવા લાગ્યા.

રાજ્ય તરફથી હાથી, ઘોડા અને સુખપાલ આવ્યા દિવાન મોરારજી, મહેતા તુલશીરામ, જુગજીવનદાસ દેસાઈ તથા બીજા મુત્સદી અને અધિકારીઓ આવ્યા તુલશીરામે તો ઘાટ ઓરાઢયું તેમને સતીયે આશીર્વાદ દીધા; માફો આવ્યો, તેમાં સતી બેઠાં, ઘીની મસાલ સળગે છે, મંડળીઓ ભજન કરે છે. ઢોલ નગારાં વાગી રહ્યાં છે. અને જય અંબે જય અંબે કરતાં સતીનો માફો ચાલ્યો.

છત્રીશીપોળે ગંગાબાઈનું મોસાળ હતું. ત્યાં ગંગાજી ઉતર્યા. જાની ઇચ્છારામના લક્ષ્મીરામ અને તેમના પુત્ર પ્રાણજીવન અને તેમનું કુટુંબ બધું સતીને વધાવે છે. શિવાનંદે કુમકુમના થાળી પકડી છે. ગંગાબાઈએ તેમને ઘેર કુમ કુમના થાપા માર્યા. અમરબાઈએ ઘાટ ઓરાઢયું.

કોલંબામાતા તથા કુમારેશ્વરનું સ્મરણ કર્યું. રથ અર્લીગમાં આવ્યો તે વખતે વજેરામ વ્યાસે સતીની પૂજા કરી. ત્યાંથી રથ માદળાના દરવાજે થઇ ગવારાના દરવાજે આવ્યો, ગંગાજીએ રથમાંથી ઉતરીને દરવાજાએ થાપા દીધા ત્યાંથી રત્નાકર સાગરને તીરે રથ આવ્યો,

ગંગાજીએ સ્નાન કર્યું. બ્રાહ્મણોએ વેદમંત્રો ભણવા માંડયા. ભૂમિને શુદ્ધ કરવામાં આવી. ચિતા ગોઠવાઈ. સતીએ શણગાર ઉતારવા માંડયા દુખિયાં લોકો આશીર્વાદ માગવા પડાપડી કરવા લાગ્યા. ચારે બાજુ ગુલાલ ઊડી રહ્યો છે. ગગનભેદી અવાજો થઈ રહ્યા છે. ચિતામાં નાનાભાઈના મૃતદેહને ગોઠવવામાં આવ્યો. સતીએ ચિતાની પણ પ્રદક્ષિણા કરી. આકાશમાં દેવો આદશ્ય જોવા ન આવ્યા હોય. એમ ભાસ થાય છે.

'કહે છે દેવ સાંભળો નાર, પંથ સ્વર્ગનો મનુષ્યાવતાર; પહેલે અવતાર પુર કાશી અવતરીયા, બળ્યું ભોવન સાથે બેબલિયાં, બીજે અવતાર ઉજેણ વિક્ષાત, બ્રાહ્મણ શ્રી ગૌડ માળવી જાત, પ્રગટયાં નરનારી સાથે દેહ બાળી, ત્રીજે અવતરીયાં વર્યાં કરનાળી ન્યાત નાગરની વર્ખે પધારી,

ગંગાના મતે નીરમળ અવાશે; સતી થઈને સ્વર્ગ સંચરિયા, ચોથે અવતાર ખંભાત અવતરિયાં બાપુજીને ઘેર લીધો અવતાર, વ્યાસ નાનાનો કરવો ઉદ્ધાર; સ્વામીનું મસ્તક ખોળામાં લીધું. પુષ્પ–પુષ્ટિ થઇ. સતીના અંગને અગ્નિએ ઝડપ્યું.

અમદાવાદના જમાલપુરમાં શાબળીની પોળના રહેનાર ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ વજેરામ આણંદરામ તે સમયમાં ખંભાતમાં અલીંગમાં કથા કહેતા હતા તેમણે આ દૃશ્ય નજરે જોએલું છે અને તેમણે તેજ સાલમાં ચૈત્રી પુનમ ને શનિવારે ગંગાબાઈ સતીના ૨૧૨ શ્લોકો 'બનાવ્યા છે.૧ ઘણા શ્લોક હોવાથી છાપ્યા નથા.

## પ્રકરણ ૮૧ મું

## ખંભાતના અભ્યુદયમાં મુંબઈમાં વસતા ખંભાતીઓનો અમૂલ્ય વતનપ્રેમ

'નથી વિદ્વતા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઈએ લોકલાજે.
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો કરી શી કમાણી ?'

સોળમા સૈકાથી ખંભાતનો વેપાર ધીમેધીમે ઓછો થતો ગયો. અને સત્તરમા સૈકામાં ઘસારો લાગવા માંડ્યો. અઢારમા સૈકામાં તેની અસર જણાવા લાગી. ખંભાતમાં ઉદ્યોગો નરમ પડ્યા. એક જ કુટુંબના બધા સભ્યોનાં પોષણ થવામાં મુશ્કેલી ઊભી થવા લાગી. આથી ખંભાતની પ્રજાને ખંભાત છોડવું પડે એ દેખીતું છે, કુટુંબમાંથી એકાદ વ્યક્તિને પરદેશ કાઢવો જ પડે; એ સ્થિતિ નજીક આવી ઊભી. ઊંચી કોમના અને કેળવાયેલા વર્ગે આ બાબત પ્રથમ વિચારવાની હતી.

પારસીઓએ તો ખંભાત છોડ્યું હતું; સાહસિક વહોરા કોમ તો પરદેશમાં વેપાર માટે પહોંચી ગઈ હતી; બ્રાહ્મણો; નાગરવણિકો, ગુર્જરો, લાડ, પટેલો, જૈનો વગેરે એ મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત વગેરે સ્થળોએ જવા લાગ્યા. તેમાં સૌથી પહેલાં મુંબઈને પસંદ કરવામાં આવ્યું.

મુંબઈ બેટ પહેલાં પોર્ટુગીઝને તાબે હતો. ઈ. સ. ૧૫૩૦માં ઇંગ્લેન્ડના બીજા ચાર્લ્સ નામે રાજાનું પોર્ટુગલના રાજાની કુંવરી ઈન્ફન્સ સાથે લગ્ન થયું; તે પ્રસંગે તે કુંવરીના બાપે ઇંગ્લેન્ડના રાજાને તે બેટ પહેરામણીમાં આપ્યો. ત્યાર પછી બીજા ચાર્લ્સે વર્ષે ૧૦૦ રૂા, લેવાના કરી તે બેટ કંપનીને આપ્યો. કંપનીએ તે બેટની ખીલવણી કરવા માંડી. આથી મુંબઈનો વેપાર વધવા લાગ્યો. અંગ્રેજોએ પોતાનો સઘળો વેપાર સુરતથી મુંબઈ ખસેડ્યો; એટલે મુંબઈની ખિલવણી થઈ. આ કારણથી ઘણા હિન્દુ, મુસ્લિમ, પારસી વગેરેએ ત્યાં વેપાર કરવા માંડ્યો.

ખંભાતમાંથી મુંબઈમાં પ્રથમ પગપેસારો કોણે કર્યો એ શોધવું મુશ્કેલ છે, છતાં એટલું તો માલમ પડ્યું છે કે ખંભાતના કેટલાય લોકોની ત્યાં પાંચ-પાંચ ૭-૭ પેઢીઓ થઈ ગઈ છે. પેશ્વાના સમયમાં

૧ આખો ગરબો મને ગંગાબાઈના સગા શ્રી નાથા શંકર મહાશંકરનાં માસી થાય. અને તેમના પુત્ર તરફથી માતાજીનો ગરબો મળ્યો છે. ઘણો મોટો છે.

મુંબઈ અને થાણામાં ખંભાતીઓ વસતા હતા. મુંબઈ નજીક નિર્મળ ગામે શ્રી આદ્યશંકરાચાર્યની સમાધીનું વિશાળ મંદિર ડુંગર ઉપર પેશ્વાના સમયમાં બંધાવ્યું છે, આ મંદિરના પૂજારીઓ પાસે પેશ્વા સરકારે કરી આપેલી સનંદો છે; તથા તેની આજુબાજુના ગામે પણ પૂજારી તરીકે ખંભાતીઓ હતા;

મુંબઈના તૈયબજી કુટુંબના મૂળ પુરુષ ભાઈ મિયાં ખંભાતના હતા; અને તેઓ વેપાર અર્થે મુંબઈ ગયા હતા; ત્યાર પછી તે કુટુંબે ત્યાં જ વસવાટ કર્યો, વેપાર કર્યો, કેળવણી લીધી, નામના મેળવી. બદરૂદ્દીન તૈયબજી ત્રીજી મહાસભાના પ્રમુખ બન્યા હતા. મહાસભાના શરૂ થતા સુકાનમાં એક ખંભાતીને સ્થાન મળે; એ મહામુલો ગૌરવ લેવા જેવો પ્રસંગ છે, ખંભાતના મોતીવાળા, પીતાંબર રામજીવાળા, પરભુભીખાવાળા વગેરે અનેક કુટુંબોની પેઢીઓ ત્યાં થઈ છે. સર અકબર હૈદરી, પદ્મભૂષણ સાલીમભાઈ પક્ષીશાસ્ત્રી વગેરે મુંબઈ-વાસીઓ ખંભાતના નખીરા છે.

વિ. સં. ૧૮૧૪ (ઈ. સ. ૧૭૫૮)માં ખંભાતના જૈન અમાચંદ સાકરચંદ મુંબઇ ગયા ત્યાં વેપાર શરૂ કર્યો; અને ત્યાં ગુજરી ગયા. ત્યાર પછી તેમના દીકરા શેઠ મોતીચંદે તે પેઢીનો વેપાર વધાર્યો, વહાણો બંધાવી, ચીન, જાપાન વગેરે પરદેશ સાથે વેપાર કર્યો. એક મોટા વેપારી તરીકે અતિશય નામના વધારી. પારસીઓમા પ્રખ્યાત શેઠ જમશેદજી જીજીભાઈ, શેઠ જાહાંગીરજી ખુરશેદજી વગેરે સાથે વેપાર કર્યો.

મુંબઈમાં પાંજરાપોળ કાઢવાનું માનશેઠ મોતીચંદને ફાળે જાય છે. ઈ. સ. ૧૮૩૨ (સં. ૧૮૮૮) : વળી તેનો વહીવટ સારો ચાલે તેવી વ્યવસ્થા પણ ગોઠવી. આજે મુંબઈમાં એક ખંભાતી તરીકે ગર્વ લઈ શકાય તેવું કાર્ય તેમણે કર્યું. તેઓ દયાધર્મ પાળનારા હતા; એમણે મુબઈમાં મુખ્ય જૈન દેરાસરોની સ્થાપના સં. ૧૮૬૦ અને ૧૯૦૦ વચ્ચે કરી. તેમના ભાઈ નેમચંદ અમીચંદ સારી મદદ કરી. સં. ૧૮૬૫માં કોટમાં શ્રી શાંતિનાથનું દેરાસર નેમચંદભાઈએ બંધાવ્યું; ભાયખલામાં સં. ૧૮૮૫માં મૂળનાયક પધરાવવામાં આવ્યા; જે ' મોતીશાની ટુંક ' (સં. ૧૮૯૩) નામે ઓળખાય છે; ત્યાં પ્રતિષ્ઠા વખતે મુંબઈથી સઘ કાઢવામાં આવ્યો હતો. જેમાં લાખો રૂપિયા ખરચ થયો છે, ' મોતીશાની ટુંક ' સાંભળી કયા ખભાતી જૈનને ગર્વ નહિ થાય !

મુંબઈમાં જૈનસમાજના ધાર્મિક કાર્યોમાં ખંભાતમાં જૈનભાઈઓનો મોટો ફાળો છે. નાનામાં નાના કામથી માંડી મોટામાં મોટા કામોમાં તેમનો હિસ્સો હોય જ ! આચાર્ય મહાનુભાવો તેમના પર આશીર્વાદ વરસાવે છે.

મુંબઈની મ્યુ.માં શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી સભ્ય તરીકે સને ૧૯૫૨માં ચૂંટાયા, અને મુંબઈના સામાજિક કાર્યોમાં તેમણે ઊંડો રસ લીધો; બહુ રંગી પ્રજામાંથી પોતાના મત મેળવી મ્યુ.માં ચૂંટાઈ આવવું એ કાંઇ નાનાસૂની વાત નથી. શ્રી મોહનલાલે મુબઈમાં સાહિત્ય વિષયક, સામાજિક, ધાર્મિક, તથા જનસેવા એ જ મુખ્ય કાર્યક્ષેત્ર રાખ્યું હતું. ' સ્વયંસેવક ' પત્ર ચલાવતા હતા. જૈનકોન્ફરન્સના અગેવાન હતા. ખંભાતમાં વસતા વીશાશ્રીમાળી જૈન સમાજના તે આજીવન સેવક હતા. આમ અનેક પ્રકારે સેવાકાર્ય કરી તા. ૭–૮–૧૯૬૦માં મુંબઈમાં જ સ્વર્ગવાસી થયા. એ સેવાભાવા પુરુષ પ્રત્યે કોને સદ્ભાવ નહિ પ્રેરાય ! કોને માન નહિ ઊપજે ?

મુંબઈના શાંતાક્રુઝમાં વર્ષોથી ' અંબાલાલ મેન્શન 'માં નિવાસ કરી રહેલા સ્વ શ્રી ભીખુ-

ભીખુબહેન ચંદુલાલ જલુંધવાળાએ પોતાના નામથી મુંબઈમાં જ 'ભીખુબહેન ચંદુલાલ જલુંધવાળા હોસ્પિતાલ' બાંધી કાયમનું સ્મારક ઊભું કર્યું છે. તેમ જ ત્યાં જ 'હિન્દુસ્ત્રીમંડળ'ને ૧૫૦૦૧નું દાન આપી 'ઉદ્યોગ મંદિર' બંધાવ્યું છે. જે મંદિરમાંથી સ્ત્રીઓએ બનાવેલી વસ્તુઓ વેચાય છે. એમણે ખંભાતમાં ખૂબ દાન કર્યું છે; તે જુદા પ્રકરણમાં આપવામાં આવ્યું છે. બ્રિ. સરકાર તરફથી તેમને જે. પી. બનાવ્યાં હતાં; તેમ ખંભાતના નવાબ તરફથી તેમને 'તાઝીમે સરદાર'નો માનવંતો ઈલ્કાબ આપ્યો હતો. ખંભાતની દાનશીલ એક સન્નારીએ પચરંગી દુનિયાના નિવાસીઓનાં શારીરિક દુઃખો દૂર કરી અનેક જનનાં આશીર્વાદને પાત્ર બન્યાં છે: એ ખંભાત માટે ગૌરવ છે!

મુંબઈના એક વખતના શેર બજારના સિંહ ગણાતા સ્વ. શેઠશ્રી મણિલાલ જુગલદાસને 'જે. પી.' તથા 'કૈસરે હિંદ'નો માનપ્રદ ઈલ્કાબ બ્રિટિશ સલ્તનતના સમયમાં મળેલો. તેઓનો ખંભાતમાં 'એજ્યુકેશન સોસાયટી' સ્થાપવામાં અમૂલ્ય ફાળો છે, સોસાયટીનું મકાન તેમ જ 'જીમખાનું' તેમની જીવંત યશગાથા ગણાય છે.

સને ૧૯૪૮માં મુંબઈ સરકારે શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફને તથા ખંભાતના વતની પરંતુ જેઓ સિંધિયા કંપનીમાં એરવેઝ સરવીઝના મેનેજર શ્રી રમણલાલ છોટાલાલ જલુંધવાળા, તથા શ્રી કાન્તિલાલ માણેકલાલ કાંટાવાળા કે જેઓ મુંબઈમાં સેક્રેટરીએટમાં કામ કરતા હતા. તેઓને તેમના સૌજન્યથી જે. પી.નો માનવંતો ખિતાબ એનાયત કર્યો હતો. અને શ્રી ભીખુબહેન જલુંધવાળાને નવેસરથી જે. પી.નો ખિતાબ અર્પણ કર્યો હતો. તથા શ્રી હાતિમભાઈ અબ્દુલકાદર ખંભાતને જે. પી.નો ખિતાબ મળ્યો હતો. સને ૧૯૫૮માં ખંભાતના સુવિખ્યાત અને હિતચિંતક સ્વ. શેઠ શ્રી ચુનીલાલ ગિરધરલાલના પુત્ર શ્રી શાન્તિલાલ ચુનીલાલને જે. પી.ની પદવી આપી, તથા મુંબઈના સુપ્રસિદ્ધ ભાનુશંકર યાજ્ઞિકનાં પત્ની અને ખંભાતના વતની પરંતુ મુંબઈમાં સામાજિક કાર્યકર્તા તરીકે જાણીતા થયેલા શ્રી મોહનલાલ નાનાલાલનાં સુપુત્રી શ્રી પ્રેમિલાબહેન ભાનુશંકર યાજ્ઞિકને જે. પી.ની પદવી આપી, સને ૧૯૬૯માં મહારાષ્ટ્ર સરકારે ખંભાતના મુંબઈમાં વસતા સેવાભાવી સજ્જનોને જે. પી.નો માનવંતો ખિતાબ ઈનાયત કર્યો છે. જૈન સમાજના નરરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈ શેઠને અને ચક્ષુદાનના પ્રખર કાર્યકર તથા દરદીઓને ફળવિતરણ કરી દુઃખીઓની સેવા કરનાર શ્રી પ્રભુલાલ વાડીલાલ કાપડિયાને સેવાની કદર કરી જે. પી નો માનવંતી પદવી આપી. તેમનું બહુમાન કર્યું. ખંભાતના વતની વૈદ્ય બાબુભાઈ નારાયણભાઈ વૈદ્યને ગુજરાત સરકારે તેમની સેવાના કાર્યની કદર કરી જે. પી.નો ૧૯૭૦ ખિતાબ આપ્યો ખંભાતના નબીરાઓ મુંબઈમાં વસી ખંભાતનું નામ સમુજ્જ્વલ કરે અને માનવંત પદવીઓ મેળવે એથી ખંભાતની વિશેષ કીર્તિ શી હોય?

ખંભાતના સુપુત્ર કે જેઓનો જન્મ મુંબઈમાં થયો હતો; તે વિશ્વવિખ્યાત પક્ષીશાસ્ત્રી સાલીમભાઈ મોહયુદ્દીન અબ્દુલઅલીને સરકારે 'પદ્મભૂષણ'નો ઈલ્કાબ સને ૧૯૫૮માં આપી તેમનું બહુમાન કર્યું હતું. સમસ્ત જગતમાં પક્ષીશાસ્ત્રીમાં તેમણે અમૂલ્ય જ્ઞાન સંપાદન કરી અમર નામના મેળવી છે, એ ખંભાતનું નાનુંસુનું ગૌરવ નથી.

'સંગીત વિશારદ', 'સંગીત સમ્રાટ' વગેરે પદવીઓથી વિભૂષિત થયેલા પંડિત ઓમકારનાથને સરકારે 'પદ્મશ્રી'નો ઈલ્કાબ આપી તેમનું બહુમાન

કર્યું હતું. 'દામોદર માસ્તર'ના નામથી મુંબઈમાં પ્રસિદ્ધ થયેલા સંગીત વિશારદ દામોદરભાઈએ સંગીતના જલસા કરી હજારો રૂપિયા દાનમાં આપ્યા અને મુંબઈમાં સારી નામના ધરાવતા હતા.

સ્વ. શેઠશ્રી છોટાલાલ મૂળચંદ તથા શેઠ શ્રી મગનલાલ મૂળચંદે કાપડનો વેપાર મુંબઈમાં શરૂ કર્યો; પછી તેમણે સને ૧૮૮૯માં નાટકની દુનિયામાં પ્રવેશ કર્યો. મુંબઈ ગુજરાતી નાટક મંડળી' શરૂ કરી. જેમાં તેમણે નવા નવા અદાકારોને ઉતેજન આપ્યું, નવાં નવાં નાટકો લખાવી, નવી રોશની પ્રગટાવી; ગેઈટી થિયેટર ખરીદી મુંબઈની પ્રજાને અનેરો આનંદ આપનાર એ ખંભાતી નરવીરો હતા. પોતાના વતનને તેઓ ભૂલ્યા નથી. ખંભાતની પાંજરાપોળમાં તેમણે એક દિવસના ખેલની આવક દોઢ હજાર રૂા. આપી છે; પોતાની પુત્રીઓ પુષ્પાવંતી અને જશવંતીના નામે ખંભાતમાં સ્ત્રી વર્ગ કાઢી સ્ત્રીઓની કેળવણીને ઉત્તેજન આપ્યું છે. સને ૧૯૨૨.

સ્વ. શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈની મુંબઈમાં દુકાન પરંતુ તેમણે ખંભાતની કરેલી સેવા કદી ભૂલાય તેવી નથી; સને ૧૯૧૮માં દુકાળ પીડિત મનુષ્યો તથા પશુઓ માટે એકદમ સસ્તા અનાજની દુકાન કાઢી હતી. માત્ર એક આને શેર અનાજ તેમણે ગરીબોને આપ્યું હતું. આ પ્રમાણે ૧ વર્ષ સુધી ચાલુ રાખ્યું હતું. સને ૧૯૨૭માં ખંભાતમાં અતિવૃષ્ટિ થઈ ત્યારે દુઃખમાં મદદ કરવા સસ્તા ભાવે અનાજની દુકાનો કાઢી, કેટલાકને મફત અનાજ આપ્યું. લોકોનાં મકાનો બાંધવા માટે ઇમારતી લાકડાં, સિમેન્ટ તથા બીજી સગવડો તેમણે આપી; જેણે જેણે આ દુઃખ જોયું છે તે તો કદી ભૂલશે નહિ; તેમ આ મદદ કરનાર પુરુષને પણ ભૂલશે નહિ. નવાબ સરકાર તરફથી 'તાઝીમે સરદાર'નો ખિતાબ આપી તેમનું બહુમાન કરાવ્યું હતું. અને તાંબાના પૈસા તેમને પાડવાની છૂટ આપી. બબ્બે વખત દુઃખીત પ્રજાનાં દુઃખો નિવારવા જાતી દેખરેખ નીચે કામ કરનાર તે ઉપકારી પુરુષને કેમ વિસરાય!

ખંભાતની પ્રજાનો સદ્‌ભાવ અને માનપોતાના રાજકર્તા નવાબ સાહેબ તરફ ખૂબ હતો. સને ૧૯૦૫માં મહૂમ નવાબ સાહેબ જાફરઅલીખાન મુંબઈ પધાર્યા, તે સમયે મુંબઈમાં વસતા ખંભાતીઓ તરફથી શેઠ શ્રી પોપટભાઈ અમરચંદ તથા અન્ય ખંભાતી ગૃહસ્થોએ તેમને બહુમાન આપ્યુ હતું. તેઓ પ્રિન્સ ઓફ વેલ્સની મુલાકાત લેવા રસાલા સાથે મુંબઈ આવેલા: પાછા ફરતાં ગ્રાંટરોડ સ્ટેશન પર ખંભાતી ગૃહસ્થોએ હારતોરા આપી વિદાય આપી હતી. તેવી રીતે નવાબસાહેબ હુસેન યાવરખાન સાહેબને સને ૧૯૩૭માં ખંભાતના વતની પણ મુંબઈ, રંગુન, મદ્રાસ, બેઝવાડા અને અમદાવાદ વગેરે સ્થળે કાપડનો મોટો વેપાર કરનાર શેઠ શ્રી મુળચંદભાઈ બુલાખીદાસે તેમના માનમા પાર્ટીઓ ગોઠવી તેમનું બહુમાન કર્યું હતું. વળી ખંભાતમાં જ્યારે જ્યારે કોઈ રાજકીય પ્રસંગ આવે ત્યારે મુંબઈમાં વસતા ખંભાતી ગૃહસ્થોને ખંભાત દરબાર તેમને નિમંત્રણ આપતા; અને દરબારમાં તેમને માનભરી બેઠક મળતી. નવાબસાહેબના જન્મ દિવસે, લગ્ન પ્રસંગે, શાહજાદાના લગ્ન પ્રસંગે તથા બીજા અનેક પ્રસંગે રાજા અને પ્રજા વચ્ચે બહુ મીઠો; અને કીમતી સંબંધ હતો. રાજાએ પોતાની પ્રજાનું પણ માન સાચવ્યું છે.

સને ૧૮૯૯માં છપ્પનીઓ દુકાળ પડ્યો, ત્યારે ખંભાત રાજ્યે પીડિતો માટે જે વ્યવસ્થા કરી હતી; તે સમયે મુંબઈવાસીઓએ હજારો રૂપિયાનું દાન નવાબને મદદમાં મોકલ્યું હતું; તથા સને ૧૯૧૮મા દુષ્કાળ પીડિતો માટે સહાયક

ફંડ મોકલ્યું હતું; સને ૧૯૨૭માં અતિવૃષ્ટિથી રેલ આવી ત્યારે શેઠ શ્રી મણીલાલ જગલદાસના પ્રમુખપણા નીચે મુંબઈવાસીઓએ એકત્ર થઈ મોટી રકમ ખંભાત મોકલી હતી; આ પ્રમાણે જ્યારે જ્યારે ખંભાત ઉપર કોઈ આફત ઉતરે છે. ત્યારે ખંભાતી–મુંબઈવાસીઓ દોડી આવી ખંભાતની પ્રજાની વહારે ધાય છે; એ તેમના અમૂલ્ય વતન પ્રેમ છે. નવાબસાહેબ શહેનશાહ પાંચમા જ્યોર્જના નામે ભોઈઆરી આગળ હોસ્પિતાલ બાંધવાનો વિચાર ગોઠવ્યો; અને પ્રજાની સન્મુખ તે યોજના મૂકતા, તરત તે રકમ ભરાઈ ગઈ, જો કે પાછળથી તે કાર્ય કરવાનો વારો ન આવ્યો. પણ પ્રજાએ સારો સાથ આપ્યો હતો. વળી સ્ટેટ તરફથી 'એક બેન્ડ' (વાજાં) કરવાની યોજના મૂકવામાં આવી, તેનો સને ૧૯૩૮માં પ્રજાએ સારો સત્કાર કર્યો અને બેન્ડ તૈયાર થઈ ગયું. જેનો ઉપયોગ પ્રજાના શુભ પ્રસંગે નિયમ પ્રમાણે પૈસા ભરવાથી થતો હતો. મર્જર થયા પછી આ બેન્ડની ખેડા જિલ્લના કલેકટરે વ્યવસ્થા કરી. વળી લગનની ખુશાલીના પ્રસંગે અગર બીજા કોઈ માંગલ્ય પ્રસંગે નવાબ સાહેબ તરફથી પ્રજાના આનંદને સંતોષવા ડંકો, નિશાન, પાલખી, બેરખ, પોલીસ વગેરે ફા લઈને આપતા. જુના નવાબ સાહેબના વખતમાં હાથી હતો તે પણ આપતા. (ઇ. સ. ૧૮૯૧)[1] આમ ખંભાતની મુંબઈમાં વસતી પ્રજા પોતાના રાજા અને વતનને ભૂલી નથી.

૧. ખંભાત રાજ્યના સરક્યુલર બુક. સને ૧૯૭૦ના ચોમાસમાં વધારે વરસાદ પડવાથી ખંભાત શહેર અને ગામડાંને નુકસાન થયું. વતનનો આર્તનાદ મુંબઈ પહોચ્યો. અને ત્યાંથી લાખોની રકમ એકત્ર થઈ અને પોતાના બાંધવોના દુઃખમાં ભાગ લીધો.

મર્જર થયા પછી (૧૯૪૮).

પ્રજાની ભાવના પ્રમાણે પ્રજાસત્તાક દિવસ આવી પહોચ્યો; સૌએ તેને પ્રેમથી વધાવી લીધો. હવે સૌનું ધ્યાન ખંભાતની ખિલવણી કરવા તરફ ગયું. મુંબઈ વસતા સ્વ. શેઠ શ્રી ચુનીલાલ ગિરધરલાલ, શેઠ શ્રી રમણલાલ, શેઠ શ્રી ભોગીલાલભાઈ તથા શેઠ શ્રી ચીમનલાલ પી. વગેરેએ 'ખંભાત સમાજ' સ્થાપી, અને તે દ્વારા ખંભાત અંદર કરવા માટેના જે જે પ્રયત્નો કરવા જોઈએ તે સુધળા તેઓએ પુસ્તકો દ્વારા, જાતે જઈને, તથા બીજી અનેક રીતે કર્યા છે.

મુંબઈ વસતી ખંભાતી પ્રજા સારી રીતે સમજતી હતી કે કેળવણી એ જ સાચી સંપત્તિ છે. તેની ભૂખ ભાગીશું તો આપણાં બાળકો આગળ આવશે; આ સિદ્ધાંતો તેમણે ખૂબ પચાવ્યા, અને પોતાના ઉદાર હાથો લંબાવ્યા, જેના પરિણામે ખંભાતમાં સને ૧૯૬૦થી આર્ટસ, સાયન્સ, કોમર્સ, લો, ફાર્મસી કોલેજ, શિક્ષણ કોલેજ; લેબોરેટરી, ઓઈલ ટેકનિકલ વિજ્ઞાનશાળા. ઓકઝીલીયરી નર્સ મીડવાઈફ ટ્રેનિંગ સ્કૂલ, વ્યાખ્યાનહોલ તથા છાત્રાલયો, વગેરે કેળવણીની કોલેજો ખંભાતમાં ઉદ્ભવી; વળી એટલેથી અટક્યું નથી. પ્રજાનું આરોગ્ય સચવાય; સુખ અને સગવડ મળે તે માટે દવાખાનાંને મેટરનીટી હોમ; તથા દાંતનું દવાખાનું, સર્જરી તથા ટી. બી.નું દવાખાનું ઘણું ઘણું પ્રજાએ કરી ઉદારતા દર્શાવી છે; ખંભાતના પાછલાં વર્ષોને ભૂલાવે તેવી સજાવટ અને સુખસમૃદ્ધિથી શોભતું ખંભાત હાલ દેખાય છે. છતાં હજી અનેક મનોરથો પૂરા કરવા મુંબઈવાસીઓ ઉદાર ભાવો સેવી રહ્યા છે. અને કેળવણી, આરોગ્ય, અન્યક્ષેત્રો કંઈક કરશે એવી આશા સેવાય છે.

મુંબઈમાં અંધેરી, મલાડ, બોરીવલી, શાન્તાક્રુઝ, પારલા, થાણા, વાંદરા, કલ્યાણ, વસઈ,

નિર્મળ, નાગા, પાલગઢ, માહીમ, નાસિક, સોપારા, દાદર અને તળ મુંબઈમાં અનેક કુટુંબો ખંભાતનાં વસે છે. કેટલાકે પોતાના માળા પણ વસાવેલા છે.

બ્રાહ્મણો, પ્રત્યેક વિભાગના વણિકો; જૈનો, પાટીદારો, મોઢ વણિકો, તથા બીજી કેટલીક નાની મોટી જ્ઞાતિઓના સભ્યો મુંબઈમાં વસે છે, મુંબઈમાં વસતી ખંભાતી સમગ્ર પ્રજાનું વસતી પત્રક હજી થયું નથી. શ્રીમાળી વણિક જેવી પ્રગતિશિલ જ્ઞાતિએ વસ્તીપત્રક બબ્બે વખત કર્યા છે. અન્યજ્ઞાતિઓએ તેમનું અનુકરણ કરવા યોગ્ય છે, કેટલાક ત્યાંના રહીશોની ધારણા પ્રમાણે લગભગ વીસ હજાર ખંભાતીઓ ત્યાં વસતા હશે; એમ અનુમાન કરે છે.

મુંબઈમાં મુખ્યત્વે કાપડ બજાર, ઝવેરાત, અકીક, દવા શાળાઓ, મોટરના ભાગો; ઘડિયાળો; કાગળ બજાર; લોખંડ વગેરેની પેઢીઓ છે. તથા એસ્ટ્રેલા બેટરી, દોરડાના કારખાનાં, છાપખાનાં, લોખંડ–પિત્તળની બનાવટનાં, કાચના વેપારીઓ, સુગંધી બનાવટો, કાગળની બનાવટો, વગેરે અનેક જાતનાં કારખાનાં ખંભાતીઓનાં છે.

કેટલીક જ્ઞાતિઓએ સ્વજ્ઞાતિના મુંબઈમાં નવા આવનાર માટે ઓછા ખર્ચે વસવાટ કરી, ઉદ્યમ શોધી કાઢે તેવી વ્યવસ્થા કરી છે. મોઢ વાણિયાએ જ્ઞાતિ તરફથી બે મકાન બાંધી; નવા આગંતુકને સારો આશરો આપ્યો છે; આથી તે જ્ઞાતિના ઘણાએ તેનો લાભ લીધો છે. વળી આગંતુકને ધંધે વળગાડવાની તેઓ કોશીશ કરે છે, આથી ખંભાતની આ જ્ઞાતિની ઘણી જ ઉન્નતિ થઈ છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. જ્ઞાતિના હિતચિંતક શ્રી વાડીલાલ બાપુલાલ તથા તેમના ભાગીદારો અને બીજાઓએ ઘણી જ મહેનત લીધી છે. ખંભાત પ્રત્યે તેમની પ્રેમભરી લાગણી દેખાઈ આવે છે. અમદાવાદમાં પણ એમ. એમ. ખંભાતવાળાએ જ્ઞાતિના હિત માટે મોટું મકાન બંધાવીને, આગંતુકને સગવડ કરી આપી છે; આમ આશરા વિના વેલ ચડી શકતી નથી. આ અનુકરણ મુંબઈમાં વસતી ખંભાતની અન્ય જ્ઞાતિવાળાઓ કરે એ ઇચ્છવા યોગ્ય છે અને ખંભાતની ચડતીમાં તેમનો પણ મહામુલો હિસ્સો છે એમ ગણાશે.

મુંબઈમાં વસતા ખંભાતીઓએ ખંભાતનું નામ પ્રમાણિકપણાથી, ન્યાયથી, ઘણું વિખ્યાત કર્યું છે; મુંબઈના ન્યાયાધીશ કોર્ટમાં ન્યાયાધીશ થઈને ખંભાતીઓ બેસે એ ખંભાત માટે કેટલું ગર્વ લેવા જેવું છે? શ્રી પ્રભુલાલ છોટાલાલ કાપડિયા, શ્રી શાંતિલાલ મોહનલાલ શાહ, શ્રી રમણલાલ માણેકલાલ કાંટાવાળા, આ સઘળા ન્યાયમૂર્તિઓએ ખંભાતની કીર્તિને ઉજ્જવલ કરી છે. આ પ્રમાણે મુંબઈમાં ખંભાતના સેંકડો, બેરીસ્ટરો, વકીલો, સોલીસીટરો, વસે છે,

સ્વ. શ્રી હિંમતલાલ બાપુલાલ, તથા શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાળા તથા સ્વ. શ્રી અમૃલાલ માણેકલાલ પટેલ એમણે પોતાના ક્ષેત્રમા એટલી ગૌરવભરી રીતે કાર્યવાહી બજાવી છે કે (એન્જિનિયર વિભાગમાં) જેમનાં નામ કદી ભૂલાવાનાં નથી.

ચાર્ટર્ડ એકાઉન્ટ તરીકે શાહ નટવરલાલ જેકીશનદાસ, શ્રીરમણિકલાલ કરસનદાસ દલાલ શ્રી શાંતિલાલ માણેકલાલ કાપડિયા, શ્રી હસમુખલાલ સી. શાહ વગેરે એ સારી નામના મેળવી છે, શ્રી નટવરલાલ એસ. શાહ કે જેઓ સેલટેક્ષ, ઈન્કમટેક્ષના સારા અભ્યાસી છે; તેમ ખંભાતના ઉન્નતિમાં સારો રસ ધરાવે છે; વળી લોકસમાજના સેક્રેટરી તરીકે પણ સારું કામ કર્યું છે; અને મુંબઈ

સમાચાર તથા ખંભાતના નવસંસ્કારમાં તેઓ આ વિષયને લગતા સારા લેખો આપી; પોતાની વિદ્વતા ખંભાતને આપે છે. તેઓ સારા લેખક છે. શ્રી શાંતિલાલ મોહનલાલ શાહે પણ અંગ્રેજીમાં ને ગુજરાતીમાં પુસ્તકો લખી સારી નામના મેળવી છે. શ્રી સ્નેહકાન્ત સી. શ્રોફ આર્કિટેકટ ઓકસફર્ડ જેઓ ઈજનેરીજ્ઞાન કામના નિષ્ણાત છે.

કલાકારોમાં સંગીતમાં શ્રી શાંતિલાલનું નામ ભૂલાય તેમ નથી. જૈન સમાજમાં તો તે ઘણા પ્રખ્યાત છે; સંગીતને લગતી પુસ્તિકાઓ પણ પણ તેમણે પ્રસિદ્ધ કરી છે, તેમનાં દેશભક્તિનાં ગીતો હૃદયને ડોલાવી નાખે તેવાં છે. શ્રી અરવિંદભાઈ ગણપતરામ – કાદુમકરાણી – અદાકાર તરીકે અતિશય પ્રસિદ્ધિ મેળવી છે. ખંભાતી ભાઈઓની સમુજ્જવલ કીર્તિ સાંભળી સહેજે માન ઉપજશેજ.

ખંભાતવાસી સદ્‌ગૃસ્થો ખંભાતના નારીજીવનને ભૂલ્યા નથી. ખંભાતમાં ' ભગિની સમાજ ' સ્થાપવાનું માન તેમને ફાળે જાય છે. ( સને ૧૯૪૮ ) તે સંસ્થાને પગભર કરવાનું તથા તે માટેનું લાખોની કિંમતનું મકાન – ' સુરજ મહેલ ' મેળવતાં તેમણે કરેલો પ્રયાસ એ ' નારી સેવા 'નું અપ્રતિમ દૃષ્ટાંત છે. સ્ત્રીશક્તિ શું કાર્ય કરી શકે છે; તે જોવાનું પ્રતિક ખંભાત ભગિની સમાજે મેળવેલ ' શ્રી ભીખુબાઈ ચંદુલાલ જલુંધવાળા ભગિનિ સમાજ 'નો સુરજમહેલ છે,

જેવી રીતે મુંબઈવાસી ગૃહસ્થોએ ખંભાતની ઉન્નતિમાં હાથ લંબાવ્યો છે: તેવી જ રીતે ત્યાંની સન્નારીઓ યથાશક્તિ ફાળો આપી ખંભાતના અભ્યુદયમાં રચ્યાંપચ્યાં રહે છે. શ્રી ચંપાબહેન કે જેઓએ ' ખંભાતની ભગિની ' સમાજ સ્થાપી અને તેમાં પ્રાણ પૂર્યો; તેમણે સ્ત્રી સમાજને આગળ લાવવાના પ્રયત્નોમાં આ પગલું ઘણું જ પ્રશંસનીય નીવડયું છે. આ પ્રમાણે બીજી સન્નારીઓ છે કે જેઓના વિષે વધુ નહિ લખતાં તેમના નામનો નિર્દેશ કરી અટકું છું. શ્રી કાંતાબહેન સોમાલાલ શ્રી શકુંતલાબહેન, શ્રી વિદ્યાબહેન, શ્રી અનસુયાબહેન, શ્રી પ્રભાવતીબહેન, શ્રી ચંદનબહેન, શ્રી કલ્પનાબહેન, શ્રી કમળાબહેન, શ્રી અસુમતિબહેન, શ્રી કાંતાબહેન શ્રોફ, શ્રી સરોજબહેન; શ્રી હીરાબહેન, શ્રી જશવંતીબહેન, શ્રી પ્રભાવતીબહેન, શ્રી શ્રી પ્રફુલબાળા ઈન્દ્રવદન પાઠક, શ્રી તારાબહેન મોહનલાલ, શ્રી અમૃતબહેન, શ્રી મોતીબહેન, શ્રી લીનાબહેન, શ્રી કૈલાસબહેન ન. શાહ વગેરે ઘણી સન્નારીઓએ સેવા આપી છે.

મુંબઈમાં જ્ઞાતિ માટેનાં મંડળો સ્થાપ્યાં છે. તેમાંના કેટલાંક આ પ્રમાણે છે ૧. શ્રી ખંભાત ઉદીચ્ય ટોળકપંચ, ૨. શ્રી ખંભાતી દશાપોરવાડ વણિક જ્ઞાતિનું મંડળ, ૩. શ્રી ખંભાત જૈન વિશા શ્રીમાળી પ્રગતિમંડળ, મુંબઈ, ૪. શ્રી દશા શ્રીમાળી હિતવર્ધક સંઘ મુંબઈ.

## પ્રકરણ ૮૨મું

## ખંભાતની લોકકથાઓ અને લોકગીતો પ્રશસ્તિઓ

૧. સાંઈદેવી નેહડી
૨ લોડણી અને ખીમરો
૩. વરસડાનો ભીલવનવીર બારૈયો
૪. મીતલીની શૌર્યકથા
૫. વહુચીમાતાની લોકકથા
૬. શિકોતરી માતાની લોકકથા

૭. દેવશંકર શાસ્ત્રી
૮. વેણીભાઈનો રાસડો – કાવ્ય
૯. ગંગાભવાનીના શ્લોકો – કાવ્ય
૧૦ સહજાનંદ સ્વામી ખંભાત પધાર્યા – તે સમયનું ગીત.
૧૧. શામરાવદિવાને શહેર સુધાર્યાનું કાવ્ય
૧૨. ખંભાત, ગઈ તે તુજ યુવાની ક્યાં
૧૩. સારું રૂડું ખંભાત શહેર
૧૪. સૈયદાના રાસડો
૧૫. ખંભાત વિષે મુક્તકો
૧૬. ખંભાત મ્યુ. ના. શૈપ્યમહોત્સવ પ્રસંગે – (૧૯૩૫) – અં. ૭. શાસ્ત્રી
૧૭. વતનને – જમિયત પંડ્યા
૧૮. ખંભાત – પ્રા. જશભાઈ
૧૯. ખંભાતનાં ખાંયણાં

## મીતલીના માળની સાંઈદેવી નેહડી

ખંભાત તાલુકાનું મીતલી ગામ પ્રખ્યાત છે. તે ગામની સાંઈદેવી નેહડી ચારણકુળમાં ઉત્પન્ન થયેલાં સતિની વાર્તા જાણવા જેવી છે.[1] કુમારપાળ મહારાજાનો સમય લેખક માને છે.

ખંભાતથી દસબાર ગાઉ મીતલી ગામ છે. તેની આજુબાજુ ઘણા મોટા ટેકરા હતા અને હાલપણ છે. આ ટેકરીઓ ઉપર તે સમયે લીમડાનાં ઘણાં વૃક્ષો હતાં જેની ડાળીઓ એકબીજા સાથે ઘણી ગૂંથાઈ ગઈ હતી. સાત સાત વરસથી વરસાદ વરસતો નથી. પશુ, પંખી, માણસો વગેરે સર્વ પ્રાણીઓ પાણી વગર તલવલી રહ્યાં છે. હિંદુ રાજા દેવદેવીઓને રાજી કરવા વરસાદની આશાએ યજ્ઞયાગાદિ કરી રહ્યા છે, છતાં વરસાદનું એક બિંદુ પણ વરસતું નથી.'

આવા કરુણ સમયે તબાજાની ગાદીએ સુરાજી નામે વાળો રાજપૂત રાજા રાજ્ય કરે છે. જેનું ઉપનામ એભલવાળો હતું. તેણે પંડિતોને વિનયપૂર્વક બોલાવી વરસાદ નહિ આવવાનું કારણ પૂછ્યું. પંડિતોએ કહ્યું કે 'કોઈ વશીકરણ વિદ્યાના પ્રયોગે મેઘ બંધાયો છે.' ક્યાં બંધાયો હશે? તે છૂટે ખરો? જવાબ મળે છે કે કોઈ વગડાઉ પશુના શીંગમાં બંધાયો છે. તેથી રાજાએ હરણ વગેરે પ્રાણીના શિંગડાંની કલ્પના કરી; તેની શોધ કરવા માંડી. જે જમીન ઉપર એ હાલતો હશે ત્યાં તે જમીન ઉપર લીલો ચારો થતો હશે. રાજાએ તે હરણની શોધ કરવા માંડી. શોધ કરતાં કરતાં સાતેક દિવસે સાબરમતી નદીને પાર ઉતરી તે ખંભાતની હદનાં નદીથી ચારેક માઈલ ચાલ્યા હશે ત્યાં ક્યાંક ક્યાંક જમીન લીલી દેખાવા માંડી; એ જોતાં રાજાને આનંદ થયો. એટલામાં એક ટેકરા ઉપર હરણનું ટોળું ભાળ્યું, યુક્તિથી તેણે તે ટોળામાથી હરણ પકડ્યો. જે શીંગડીમાં મેઘ બંધાયો હતો તે શીંગડી મેઘના ભારથી જમીન તરફ નમેલી રહેતી, અને તેને લીધે હરણ દોડી શકતો નહિ. વળી શીંગડાંનો જે ભાગ બેસાડેલો તે સંધામાંથી પાણીના ટપકાં પડતાં હતાં, અને તેને લીધે જે જમીન ઉપર તે ફરતો તે જગાએ ચારો લીલો ઉગતો. હરણ જે જગ્યાએ

---

૧. મીતલી ગામના શિક્ષક જૂ દાવન જટાશંકરે સને ૧૯૩૯માં 'ચારણ કુલોત્પન્ન મહાસતી સાંઈદેવી નેહડી'નું આખ્યાન લખ્યું અને 'ચારણ હિતવર્ધક સભા' ભાવનગર તરફથી પ્રકાશીત કર્યું છે. વળી ફા. સા. સ. મુંબઈના હસ્તલિખિત ગ્રથોની યાદીમા પૃ. ૩૦૫ ઉપર તથા કવિદલપતરામે 'ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' પુ. માં પૃ. ૩૨૪ – ૨૬ ઉપર 'એભલવાળો' વાર્તા છે. તેમા મેઘાશા વાણીયાએ પોતે ભરેલું અનાજ ખપવાને માટે સુખવિજયજી જતી પાસે વરસાદ બંધાવ્યાનું કારણ આપ્યું છે.

પકડાયો તે જગ્યા વીરકુવા નામે પ્રસિદ્ધ થઈ. આ જગ્યાએ એક સારામાં સારી ઘટાદાર પીપર તથા મીઠા પાણીની વાવ છે.

રાજાએ શીંગડી છૂટી પાડી; તો તેમાંથી એક ચિઠ્ઠી નીકળી અને બારે મેઘ તૂટી પડ્યા. ચારે બાજુ પાણી પાણી થઈ રહ્યું, ગાજવીજ અને પવનના સુસવાટાથી રાજા અતિશય ગભરાટની સ્થિતિમાં આવી ગયો. તે આશ્રય શોધવા લાગ્યો

એભલવાળો પશ્ચિમ દિશા ભણી ચાલ્યો. ચાલતાં ચાલતાં મીતલીના માળ ઉપરના ચારણોના નેસમાંના એક ચારણના ઝુપડામાં દીવો દેખાવા લાગ્યો, ત્યાં નેસમાં દસબાર સ્ત્રીઓ અને બે–ત્રણ પુરુષો હતાં. ઘોડો ત્યાં આવી થંભ્યો, ચારણીબાઈ પ્રશ્ન પૂછે છે, કોણ છે? દીવો પવનને લીધે રહેતો નથી, કરાંડીના અજવાળે જોયું તો કોઈ રાજવંશી જેવો પુરુષ, ઠંડીથી ઠરી ગયેલો ઘોડાને વળગેલો અહીં આવ્યો છે, ત્યાં તેને પૂછવામાં આવ્યું કે તમે કોણ છો? પણ વરસાદથી હેરાન થયેલો તે બોલી શક્યો નહિ.

સાંઈ નેહડીએ માનવધર્મ ગણી તે મુસાફરની ઘોડાં સાથે પડેલી પગની મડાગાંઠ છોડાવી નીચે ઉતાર્યો. શુદ્ધિવિહિન અતિથિને ખાટલા પર સુવાડી તેનાં કપડાં બદલાવી, તાપણું કરી શેક કરવા માંડ્યો. પરંતુ કશું આશાનું કિરણ જણાયું નહિ. સાંઈ વધારે ગભરાઈ, અતિથિના સંપૂર્ણ ચાકરી કરવી એજ તેની અભિલાષા હતી.

અતિથિધર્મ બજાવવામાં તે પાછી પાની કરતી નથી. છેવટે તેને વિચાર આવ્યો કે 'મનુષ્ય શરીરની ગરમી મલે તોજ બચે તેમ છે. બીજો ઇલાજ નથી.' આ વિચાર આવતાં પોતે પ્રભુનું સ્મરણ કરે છે; અને પોતાના શરીરથી ગરમી આપવાનો વિચાર કરે છે. જગદંબાની સ્તુતિ કરી; માતાના જેવા વહાલથી પુત્રને જેમ માતા ભેટે છે તેમ તે ભેટી. આથી રાજાના શરીરમાં કાંઈક ગરમી આવી. રાજા શુદ્ધિમાં આવ્યો. ત્યા તેણે સાંઇને પૂછ્યું બેન! હું ક્યા છું, મારા નોકરો ક્યાં છે? મારો ઘોડો ક્યાં છે? ત્યારે સતીએ ઉત્તર આપ્યો કે તમો ચારણોના નેસમાં છે. તમારા નોકરોની ખબર નથી. તમારો ઘોડો ફળિયામાં છે. તમો બેભાન હતા; જગદંબાના કૃપાથી તમને હવે આરામ છે. રાજા સમજી ગયો. ઉપકારથી હૃદય ભરાઈ આવ્યું. તેણે સાંઈના ઘણો આભાર માન્યો, આભારવશ થઇ તેણે રજા લીધી.

પાછળથી સાંઇનો ધણી પેથો ગઢવી પાવાગઢ તરફ ગયેલો તે આવે છે, તેને અન્ય ચારણ સ્ત્રીઓ ઉશ્કેરે છે, તેના ઉપર આક્ષેપ મૂક છે. તેને ધણી ઘણો ઉશ્કેરાઈ જાય છે, તે સાંઈ નેહડી ઉપર ઘણો જુલમ ગુજારે છે, સાંઇ સાચી હકીકત કહે છે તોપણ તેનો ધણી માનતો નથી. છેવટે સાંઈનેહડીનું મૃત્યુની તૈયારી થવા સુધીનું કાર્ય આવી પડે છે.

સાંઈદેવી પ્રભુ પ્રાર્થના કરે છે, સતીને સત ચડે છે. તેના ધણીનું શરીર તદ્દન રોગીષ્ટ થઈ ગયું છે. 'નેહડી! તારા ધણીને બત્રીશલક્ષણા પુરુષના રૂધીરે સ્નાન કરાવ' આવી કોઈ અગમ્ય વાણી તેણે સાંભળી. તેવા પુરુષની તે શોધમા પડી. છેવટે તેને એભલનું સ્મરણ થાય છે. તેના ગામે જાય છે. તેને સંદેશો મોકલે છે કે 'તારી ધર્મની બહેન આવી છે.' રાજા સંદેશો સાંભળી તરત સામો આવે છે.' પ્રેમથી તેનું સ્વાગત કરે છે. પોતે કૃતકૃત્ય થયો એમ માને છે. નેહડો પોતાના રોગી ધણીને કંડીયામાં બેસાડીને સાથે લાવી છે.

રાજા રાજ વૈદ્યને બોલાવીને તેમનું ઔષધ કરવા ધારે છે. ત્યારે નેહડી તેને બત્રીશ લક્ષણા પુરુષના રૂધીરથી સ્નાન કરવાની વાત કરે છે. રાજા આ સાંભળી પોતાનું જીવન તે માટે અર્પણ કરવા તૈયાર થાય છે.

આ પ્રસંગે એભલનો પુત્ર અણો ત્યાં આવી પહોંચે છે, અને પિતાને બદલે પોતાનો પ્રાણ આપવા આગ્રહપૂર્વક તૈયાર થાય છે. ક્ષત્રિયધર્મ પ્રમાણે રાજાએ પોતે જ પુત્રનું મસ્તક છેદ્યું. અને તેના રૂધીરથી સાંઈના ધણીને સ્નાન કરાવ્યું. ઈશ્વરદયાથી તેને આરામ થયો. પિતા પુત્રમાં કોણ શ્રેષ્ઠ ! તે પ્રશ્ન વિચારવા જેવો થયો છે. ક્ષત્રીયો કેવા સંસ્કારી હતા.

અણાના આત્મ બલિદાને સતીના સતીત્વને પ્રગટ કર્યું. સાઈદેવી ખરાં જોગમાયા બન્યાં. અંગેઅંગમાં દિવ્ય જ્યોતિ પ્રગટી.

સાંઈનો ધણી પોતાની ભૂલ કબુલ કરી કરગરવા લાગ્યો. સાંઈએ કહ્યું તમે તમારે રસ્તે જાઓ; મારો માર્ગ નિશ્ચિત છે.

સતિ મરેલા બાળકના ધડ ઉપર મસ્તક મૂકી; જગદીશ્વર તથા જગદંબાની સ્તુતિ કરે છે આ પ્રાર્થનાથી મૃત્યુ પામેલો પુત્ર સજીવન થયો. સતિએ સૌનું કલ્યાણ થાઓ એવા આશીર્વાદ આપ્યા.

સતિ માતાના સંભારણાં ઘણાં રહી ગયાં. એભલવાળો, ધણીનો ધણી, પુત્ર વગેરે બધાં પાછાં મીતલી આવ્યાં. અહીં સતિએ પ્રભુને પ્રાર્થના કરી; સર્વને આશીર્વાદ દીધા. અને પૃથ્વી ફાટી ને સતિ આઈ તેમાં સમાઈ ગયાં. 'ચારણ માતકી જય'ના પોકારો ચારે બાજુથી ઊઠ્યા.

આજે પણ કેટલીક જ્ઞાતિનાં પરણેતરનાં મીંઢળ અહીં છૂટે છે.

### લોડણી અને ખીમરો

આ એક પ્રેમની કથા છે. કેટલાં વર્ષોપૂર્વેનાં છે. તે માટેનો નિર્ણય કરવા માટેનાં સાધનો અપ્રાપ્ય છે. પરંતુ તેના પાળિયા સૌરાષ્ટ્રના રાવલ ગામને પાદરે ઊભા છે, તથા તેમના સોરઠા સૌરાષ્ટ્રમાં ખૂબ ગવાય છે; તેથી આ વાર્તા સાચી બનેલી પૂરવાર થાય છે વળી તે વાર્તા ઉપરથી નાટકો, નવલકથાઓ રચાઈ છે; તેમાં નામ ફેરવીને આ વાર્તાનું વસ્તુ લેવામાં આવ્યું છે, 'ખીમરોને ખંભાતણ'[1] 'તથા લોડણ અને ખીમરો' એમ જુદા જુદા નામથી તે વાર્તા પ્રસિદ્ધિમાં આવી છે. ખંભાતમાં તેનો કોઈ પાળિયો કે બીજું સ્મારક નથી.

મધ્યકાલિન યુગની આ વાર્તા ગણાય છે. ખંભાતમાં માલધારી રામ આહિર રહેતો હતો. તેને ઘેર ભેંસો વગેરે ઘણાં જનાવરો હતાં. તે પૈસેટકે ઘણો સુખી હતો, વૈભવશાળી હતો. તેને લોડણ નામે એક દીકરી અને ચાર દીકરા હતા. તેઓ લાડમાં ઊછર્યા હતા.

લોડણ આહિર કુળમાં ઉછરી હતી છતાં તે પ્રભુભજનમાં વધારે સમય રોકાતી તે કોઈ પુરુષનું મુખ પણ જોતી ન હતી. એક વખત સંઘ સાથે દ્વારકાંની યાત્રા જવા તે તૈયાર થઈ, માબાપની આજ્ઞા લીધી. માબાપે તેના સાથે બીજા કેટલાક માણસો તથા પૈસાટકા આપી પૂરતો બંદોબસ્ત કરી દ્વારકાંના યાત્રાએ વિદાય કરી.

---

૧. 'ખીમરો અને ખંભાતણ' લેખક કવિ શિવસિંહ કાળુભાઈ વાળા ભાવનગર સને ૧૯૫૨ વળી સ્વ. શ્રી મેઘાણીએ સોરઠની રસધારમાં તેને લીધી છે. તથા ગુજરાતના દીપોત્સવી અંકમાં ઈ. સ. ૧૯૧૮ પૃ. ૧૬૦૫ ના અંકમાં લોડણી ખભાતણ અને ખમીરો લે. પ્રભાશંકર જયશંકર પાઠક આ કથા લખી છે.

યાત્રા સંઘ ચાલતાં, વિસામો કરતાં, કેટલાંય ગામોમાં મુકામ કરતાં કરતાં સૌરાષ્ટ્રના રાવળ ગામે આવે છે; આ ગામ આહિરોનું છે, ત્યાં સંઘે મુકામ કર્યો. આહિરોના જાણ્યામાં આ વાત આવી કે ખંભાતથી પોસીલા આહિરના નામથી પ્રખ્યાત થયેલા રામ આહિરની કન્યા લોડણનો સંઘ છે, તેથી રાવલ ગામના આહિરોએ તે સંઘને ભોજન આપી ઘણો સારો સત્કાર કર્યો, આ પ્રસંગે દેવ કન્યા જેવી લોડણ બધાના જોવામાં આવી.

આ કન્યાનું રૂપ જોઈ રાવલ ગામના આહિરનો દીકરો ખીમરો તેના પર મોહ પામે છે. અને તે તેને મળવા ઇચ્છે છે. પરંતુ લોડણ કોઈ પુરુષનું મુખ જોતી નથી. તેથી તેની પાસે જવું ઘણું અઘરું કામ હતું, એક પ્રસંગ એવો બન્યો કે ખીમરાની ભાભીઓ લોડણને મળવા જવા તૈયાર થઈ. તે વખતે ખીમરો તેમની સાથે જવાની ઉત્કંઠા બતાવે છે. ત્યારે ભાભીઓ ટોળામાં કહે છે કે અમારાં જેવાં કપડાં પહેરો તો અમારી સાથે અવાશે. ખીમરાએ તે વાત કબૂલ કરી. અને સ્ત્રીનાં કપડાં ધારણ કર્યાં, સૌ ભાભીઓની સાથે નદી પાર લોડણને મળવા ચાલ્યાં.

વચમાં નદી આવતી હતી; પુરુષની ચાલ કાંઈ છૂપી રહે. લોડણ પોતાના તંબુમાંથી આ આવનાર સ્ત્રીઓને નિહાળી રહી છે. તેમાં પુરુષ વેશમાં આવેલ ખીમરાની ચાલ ઉઘાડી પડતી હતી. સૌ લોડણના તંબુમાં આવ્યાં, ખબરઅંતર પૂછી, અવરનવર વાતો કરી. સ્ત્રી પોશાકમાં ખીમરો લોડણ સામું નિહાળી રહ્યો હતો, તેમ લોડણ પણ કંઈક કૌતુક નજરે એના તરફ મીટ માંડતી હતી. ભાભીઓ વિદાય થતી વખતે લોડણને ભેટી. ખીમરાનો પણ વારો આવ્યો. તે પણ સ્ત્રી સ્વરૂપમાં લોડણને ભેટ્યો. આથી બંનેમાં પ્રેમની સ્ફુરણા જાગી, સજાગ બની અને ઝગમગવા લાગી. વિદાય થયા બાદ બંનેનું એક બીજામાં ધ્યાન રહ્યુ.

લોડણનો સંઘ દ્વારકા તરફ જાય છે; તે વખતે ખીમરો તેને એકાંતમાં મળે છે; વિરહની વેદનાથી તે પિડાય છે. દ્વારકાથી પાછા આવવાની ખાતરી આપે છે. ખીમરોની વિરહ વેદના વધતી જાય છે; તે અતિશય વેદનાથી માંદો પડે છે. છેવટે લોડણના વિરહમાં તેનો પ્રાણ જાય છે.

લોડણ દ્વારકાંથી પાછી ફરતાં રાવળ ગામ આવે છે, ત્યાં તેને ખબર મળે છે કે ખીમરાએ મારા વિરહમાં પ્રાણ ત્યજ્યા છે. ત્યાં તેની ખાંભી પાસે જાય છે અને દ્વારકાંથી આણેલું પાણી તે ખાંભી ઉપર રેડે છે; અને તે સમયે તેનો લોડણ પ્રાણ પરલોક જાય છે.[૨] સંઘ શોક ભર્યે મુખે ખંભાત આવે છે.

રાવલગામની ભાગોળે વહેતી સરિતાના રળિયામણે કિનારે આહિર જાતિના પ્રેમી યુગલની ખાંભીઓ મોજુદ છે. ત્યાંથી નીકળનાર પ્રવાસીઓ તેને પૂજે છે.

### વરસડાની ઠકરાત

### વરસડાનો ભીલ વનવીર બારૈયો

ખંભાત તાલુકાનું વરસડા ગામ છે. આ ગામની ઐતિહાસિક હકીકત મુંબઈ ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોમાંથી મળે છે.[૧] આ પ્રસંગ એક પ્રકારે છે કે

---

૨. આ કથામાં 'દુહા' ઘણા આવે છે. જેમાં કથા સમાઈ છે. એ દુહાઓ કાઠિયાવાડી દુહાની ચોપડીમાં પણ જુદા હોય છે; તેમ મેઘાણીની કથ માં ઓછાવત્તા અંશે ફેરફાર સાથે હોય છે.

૧. હસ્ત લિ નામાવલી પૃ. ૨૭૭ ઐ. ગુ. વા. પૃ. ૧૭૮–૯ અંક ૪૬–૧–૭૨

'શેહેર મુગીપર પાટણથી ગોહિલ વીરસિંહજી અને ભીમસિંહજી એ બંને ભાઈ વિ. સં. ૯૫૨માં દ્વારકાની યાત્રાએ જતા હતા. તેમની સાથે ઘણી જ મોટી સંખ્યા (તેમાં તો વીસ હજારની સંખ્યા લખી છે.) માણસોનાં હતી. તે સંઘે ઘોળકાના વટામણ ગામમાં મુકામ કર્યો. ત્યાં ભટરાજ બ્રાહ્મણે તેમને વિનવણી કરી કે વરસડાનો ભાલ વણવીર બારૈયા કે જે ત્યાંની ઠકરાત કરે છે તે પુત્રી પારવતીને પરણવા માગે છે. માટે તમે વ્હારે ધાઓ. અને આવું કાર્ય થતું અટકાવો. વીરસિંહે કહ્યું કે દ્વારકાંથી પાછાં ફરતાં મદદ કરીશ, અને આ માટે ઓછામાં ઓછા ૭ મહીના જશે, અને તમે તો લગ્નની તૈયારી કરજો, અને તેને થાપ આપજો. પછી વીરસિંહે દ્વારકાંથી પાછાં ફરતાં વરસડામાં કન્યાપક્ષનાં માણસો તરીકે પોતાનાં માણસો દાખલ કર્યાં, અને વનવીર માણસો સાથે બ્રાહ્મણોને ઘેર પરણાવતા આવતાં તેને નિશામાં ચકચૂર બનાવ્યો, તે તેનાં સગાં સાથે તેને માર્યો, અને વીરસિંહે પોતા વરસડામાં ગાદી સ્થાપી. તેના વંશજો બારૈયા કહેવાયા. વળી આ હકીકત લખાઈ ત્યારે વરસડાના ઠાકોર છત્રસિંહજી હયાત હતા વિરસિંહના ભાઈ ભીમસિંહે કાનમમાં જઈ જંબુશરના સારોદ પરગણાની ઠકરાત સીંદલ ભીલને મારી કબજે કરી. તેના વંશજો સીંધા કહેવાયા. આ હકીકત સં ૯૫૫ના વરસમાં થઈ છે. એમ આ હકીકત લખનાર કુવર ફતેસંઘરાવજી બાવાએ કહ્યું છે.

## મીતલીના લોકોની શૌર્યકથા

સંવત ૧૮૭૦ના સાલની વાત છે. મીતલીનો માળ કહેવાય છે. ત્યાંના લોકોને લૂટવા માનોજી કરીને એક લૂંટારો ૭૦ સવાર અને ૧૫૦ માણસો લઈને આવ્યો. તેમાં ૩૦ બખ્તરવાળા સવારો પોતાની પાસે રાખ્યા. તે ગામમાથી ઢોરો પાણી પીવા જતાં હતાં તે હાંકી લાધાં- ત્યારે બૂમ પડી આથી આસપાસના ગામોમાથી લોકો વહારે દોડી આવ્યા. તેઓ પાસે હથિયારો પણ હતા. ધાડવાળા નીચેના ભાગમાં હતા, અને વહારે આવેલા લોકો ઉપર હતા. તેમણે બંદુકોનો ઘણો મારો ચલાવ્યો ધાડવાળા પાસે ત્રણ ઊંટ હતા; તેમાં એકના પગે ગોળી વાગી, તે બેસી પડ્યું. તેમાં ૨૦ વખતરો હતાં, તે નદીમાં તણાયું. તથા રૂ. ૫૦૦ના એક ઘોડી મરી ગઈ તથા બે આદમીઓ મરણ પામ્યા આથી ધાડ પાડનારા નાઠા અને કોટમાં આવીને ત્યાંના ઠાકોરને ત્યાં રહ્યા. પછી મીતલીના અને આસપાસના લોકોની બહાદુરી જોઈ તેઓ ત્યાથી પાછો ગયા જે ફરી આવ્યા નહિ.

## વડુચીમાતાની લોકકથા

ખંભાતથી પશ્ચિમે ત્રણેક માઈલ દૂર આવેલાં શ્રીવડુચીમાતા વિષે પૌરાણિક કથા કે જે કુમારિકા ખંડમાં આપવામાં આવેલી છે તે કથા હિન્દુ દેવ મંદિરોના પ્રકરણમાં આપવામાં આવી છે, વળી લોકકથારૂપે શ્રી પુષ્કર ચંદરવા કરે એકત્ર કરી તેનો પ્રસિદ્ધ કરી છે. જેનો સાર અત્રે લેવામાં આવ્યો છે,

સૌરાષ્ટ્રના રાજા રા'નવઘણના માથે દુઃખના દિવસો આવ્યા ત્યારે જાહલબાઈએ રાનવઘણને ભારે મદદ કરી પછી બંને ધર્મનાં ભાઈ-બહેનના નાતે બંધાયા. રાનવઘણે વચન આપ્યું કે એની, જે દિ આફતો આવે ત્યારે કહેવરાવજે આ ધર મનો ભાઈ તારી મદદે દોડશે.

સૌરાષ્ટ્રમાં દુકાળ પડ્યો. જાહલ, તેના પતિ અને પરિવાર ને કુટુંબીજનો સિધમાં ગયાં. ત્યાં જાહલના રૂપથી સિન્ધનો રાજવી મોહ પામ્યો અને તેને પોતાની કરવા પ્રયત્ન શરૂ કર્યા જાહલે વીરાને સંદેશા મોકલ્યો- રા'નવઘણ ને સંદેશો મળતાં

તરત તે સિંધમાં ગયો. અને બહેનને દુઃખમાંથી મુક્તકરી તે મૂળ રસ્તેથી નહિ આવતાં ઉત્તર ગુજરાતના રાધનપુરના રસ્તે ધોળકા થઈને ખંભાત આવ્યો સાથે લાવલશ્કર હતું.

ખંભાતના પાદરે તંબુઓ તાણ્યા, નગરમાં ખબર પડી ગઇ કે પાદરે લશ્કર આવી પડયું છે. નગરનાં નરનારીઓ તે જોવા ઊમટયાં. એક ઘરની એક યુવાન વહુને મન થયું. સાસુજીની આજ્ઞા માગી સાસુજીએ કહ્યું; વહુજી ! જુવાન વહુઓથી તે ન જોવાય- સાસુની વાત વહુને ગળે ન ઉતરી; પોતાની સાહેલી ઓ બનીઠણીને જોવા જતી હોય તો વહુજીનો જીવ ઝાલ્યો રહે ખરો? તો પણ શણગાર સજીને સાહેલીયો સાથે નીકળી. ગામના પાદરે ગઈ. વડની છાયામાં થડના પડખે ઊભી રહી. ત્યાંના લશ્કરનો વ્યવહાર જોતી ઊભી છે. તેના દીલમાં થયું કે રા' નવઘણને જમવાનું નોતરૂં દઉ! તેણે તેને નોતરૂં દીધું પણ ખરું તે ઘેર આવી; સાસુજીને વાત કરી સાસુજીતો વિચારમાં પડી ગયા; વહુજી! આબરૂ રહેશે? સાસુજી ! મા શક્તિ આવીને સૌ સારાવાનાં કરી જશે! સાસુજીતો મનમાં મુંઝાયા કરે છે. વહુ એ બધું કામ પડતું મુકી-દીપ સળગાવી; માતાના નામની માળા ફેરવવા લાગી. સાંજનો સમય થયો. દરિયા કાંઠે ગઈ. રા'નવઘણને અને લશ્કરને જમવા બેસવાનું કહ્યું; જે વડની પાછળ પોતાની જાતને સાંતાડી હતી. તે વડ પરથી પાંદડાં તોડી તોડીને સૈનિકો તથા રા'નવઘણ ને બધાને મૂકયાં; અને તેમાં આંતરિક્ષમાંથી વાનગીઓ પીરસાઇ ગઈ; સૌ જમ્યાં; આથી બધાજ ચકીત થઈ ગયા. અને સૌને લાગ્યું કે આ કોઈ શકિત છે. ૧' આ લોકવાર્તા છે. તે ઉપર સંશોધન માગે છે. ભાદરવા સુદ-૧૪ ને દિવસે અહીં મેળો ભરાય છે. ત્યારે ખંભાતના અને મલબારના ઘણા લોકો દર્શને આવે છે. ૨

## શિકોતર માતાજીની લોકકથા

ખંભાતથી પૂર્વમાં દરિયાના ભાઠામાં, રાળજગામ પાસે, એક ઊંચા ટેકરા પર શિકોતર માતાનું સ્થાન આવેલું છે, મૂર્તિ પૂર્વાભિમુખની છે; અને શકિત સ્વરૂપે તે બિરાજે છે. વર્ષના પ્રારંભમાં ખંભાતની પ્રજા તેમના દર્શનાર્થે જાય છે. ત્યાંનું વાતાવરણ બહુજ મનોહર છે. લોકો ત્યાં ઝાડનીચે બેસી; સાથે લાવેલું ભાથું ખાય છે, અને આનંદ કરેછે. શિકોતર વિષે કુમારીકાખંડમાં ઉલ્લેખછે તેનું માહાત્મ્ય ઘણું છે૧

આ વિષે શ્રી પુષ્કર ચંદરવાકરે વહાણવટી શિકોતર એ નામનો લેખ પ્રજાબંધુમાં લખ્યો છે૨ શકોતરનાં સ્થાનો ઘણે સ્થળે આવેલાં છે. ખેડાજીલ્લા માં વડગામ, રાળજ, શકરપર, બાજીપરાની ધારપર છે. ભરૂચ જીલ્લામાં તથા અમદાવાદ જીલ્લામાં પણ છે. તેમ સૌરાષ્ટ્રમાં છે.

એમની લોકકથા કોઇ પુસ્તકમાં હજી નોંધાઇનથી, પણ લોકોમાં મૌખિક ચાલ્યા કરે છે; જેને જે યાદ આવે તેતે સ્વરૂપમાં તેને કહેવામાં આવે છે એ માતાની ત્રણ લોકકથા તેમણે આલેખી છે.

---

૧'વહુજીની કથા જે કચ્છ અને નવાનગરનાં દરિયા કાંઠે મળે છે. ચારણી સાહિત્યમાં તે મળેછે.

૧.નવસંસ્કાર તા.૨૯-૮-૬૩ પૃ-૨

૨.પાછળ પ્રકરણ હિંદુ દર્શનિય દેવમંદિરો માં જુઓ

---

૧ 'કુમારકાખંડ અથવા સ્તંભતીર્થ મહાત્મ્ય' લે નર્મદાશંકર ભટ્ટ પૃ-૩૦૨

૨ પ્રજાબંધુ-૨૩ જુલાઈ ૧૯૬૨. પૃ ૭ ઉપર તથા અખંડઆનંદમાં તથા અંગ્રેજી ફોકલર માસિક માં છપાવ્યો છે.

(૧) સિંધના રાજાનો છોકરો માંદો પડે છે. કશાથી મટતું નથી. ત્યારે કોઈ તેને શિકોતર માતાની બાધા આપે છે માતાજી તેને સાજો કરે છે. પછી તેણે ઠામઠામ માનાં દહેરાં બંધાવ્યાં.

(૨) ચંદ્રવતી નગરીનો વાણિયો હતો; તેને વસ્તાર ન હતો. તેને બહુ ઓછું આવ્યું. ધણીધણીયાણી બેઉ દરિયામાં મરવા તૈયાર થયાં. ત્યાં દરિયામાં પાણી ઉપર ઊંટ ચાલતું જોયુ તેથી તે આશ્ચર્ય પામ્યો. બાજુપર શિકોતર માતા હતાં, તેમણે રૂપ લઇ તેને કહ્યું કે તું ઘી આત્મ હત્યા ન કરીશ, જા તારે ઘેર પારણું બંધાશે. માતાજીના હુકમથી તેને ઘેર પારણું બંધાયું.

(૩) સિંધના મુલમ બામણી બાદશાહ રાજ કરતો હતો ત્યારે ત્યાં પાપાચાર વધી ગયો હતો, એટલે શિકોતર માતા ભક્તોને કહે છે કે મને ગુજરાતમાં લઈ જાઓ. ત્યારથી માતા ગુજરાતમાં આવ્યાં. એક વાણીયાને સ્વપ્ન આવેલું કે હું ગુજરાતમાં મહીના કાંઠે—સાગર કિનારે બેઠી છું ત્યાં આવજે–તે વાણીયો રાળજ આવેલો ને માતાજી ને પગે લાગેલો.

વડગામમાં શિકોતરમાના મંદિરમાં કાળા પત્થરની દોઢ ફૂટ ઊંચી મૂર્તિ છે તે પહેલા લાકડાની મૂર્તિ હતી માતા વહાણમાં ઊભાં છે. ચતુર્ભુજ મૂર્તિ હાથમાં તલવાર, ઢાલ ત્રિશુળ અને ધજા ધરેલી છે. માછીમારો વહાણવટીયો તેમને નાળિયેરનું નૈવેદ્ય તથા દુધ ચડાવે છે માતાની ભક્તિ કરનારને સંકટમાંથી બચાવે છે સમુદ્રમાં વેપાર ચાલતો હતો એ વખતે વહાણોનું રક્ષણ કરવા માતાજીની બાધા આખડી રાખતા નિધંનિયાને ધન આપતાં; અને અપ્રજને ઘેર પારણાં બંધાય છે, એવું તેમનું માહાત્મ્ય છે.

દેવશંકર શાસ્ત્રી.

ખંભાતની દેવની પોળનું નામ કેમ પડયું. તે વિષે લોકકથાના આધારે શ્રી જમિયત પંડયાએ દેવશંકર શાસ્ત્રી' વિષે આલેખન કર્યું[૧] છે;

ખંભાતમાં દેવશંકર શાસ્ત્રી વેદશાસ્ત્રસંપન્ન, અને ધાર્મિક ભાવનાવાળા હતા. તેમને રૂક્ષ્મણી નામે ધર્મશીલ પત્ની હતી. તેઓને સંતાન ન હતું. તેમણે યાત્રાએ જવાનો વિચાર ગોઠવ્યો. પત્નીએ શાસ્ત્રીજીને એકલા જવાનો આગ્રહ કર્યો; શાસ્ત્રીજીએ પત્નીની મરજી અનુસાર યાત્રા કરવા નીકળી પડયા. યાત્રા કરતાં કરતાં કાંચી નગરમાં આવ્યા. જ્યાં ઘણા વિદ્વાન બ્રાહ્મણો વસતા હતા. એક બ્રાહમણને ઘેર મુકામ કર્યો. શાસ્ત્રીજી સ્વયંપાકી હતા. તેમણે સ્વયંપાકની તૈયારી કરવા, માંડી કુવાને કાંઠે નહાવા જવા માંડયા ગોરમહારાજની દીકરી પાસે દોરડુ માંગ્યું ત્યારે તેણે જવાબ આપ્યો. ઓહે! મંત્રમંળથી પાણી નથી. કાઢતા ? ગોર આવ્યા, અને તેમણે મંત્રબળથી પાણી કુવામાંથી ઉપર આંણ્યું. શાસ્ત્રીજી સ્નાન કરી ઘેર આવ્યા. ઘેર અગ્નિ પણ પેલા ગોરે મંત્રથી સળગાવ્યો અને રસોઇ બાનવી શાસ્ત્રીજી જમ્યા.

આ બે પ્રસંગોથી શાસ્ત્રીને ખૂબ લાગી આવ્યું ગોર તેમનું દુઃખ સમજી ગયો તેણે પ્રેમભાવથી કહ્યું શાસ્ત્રીજી તમારામાં મંત્રજ્ઞાન હોવા છતાં મિથ્યા શાથી થાય છે તે જાણો છો ? જો આપ પરિગ્રહ કરવાનું છોડી દેશો. તો જરૂર તમોને તમારા મંત્રોની સિદ્ધિ છે. આ જાણ્યા પછી દેવશંકરે કોઇનો પણ પરિગ્રહ ન કરવો તેવો નિર્ણય કર્યો બાદ કેટલીક અધુરી રહેલી જાત્રા–પૂરી કરી ખંભાત પાછા પધાર્યાં. શાસ્ત્રી પત્ની તેમને જોઇ આનંદ પામ્યા. અને કહી દીધું કે કોઇની પાસેથી દાનમાં કંઈ લેવું નહિ.

---

૧. કેમ્બે હાઈસ્કૂલનો હીરક મહોત્સવગ્રંથ–પૃ. ૬૬ લેખક શ્રી જમિયત પંડયા.

એક દિવસ રૂક્ષ્મણી બેન ભાગવતની સપ્તાહમાં બેઠાં હતાં. છેલ્લે દિવસે કથા ઊઠી ત્યારે પોતે સીધુ, દક્ષિણા અને એક વસ્ત્ર કથાકારાને ભેટ મૂક્યું. શાસ્ત્રીજીએ પત્નીને પૂછયું કે કથા સાંભળી શું મૂક્યું? ત્યારે તેમણે જે જે મૂક્યું હતું તે ગણાવ્યું. શાસ્ત્રીજીએ કહ્યું કે કથાની મહત્તાના પ્રમાણમાં એટલી દક્ષિણા કંઈજ નથી માટે પુરાણીને આપણે ઘેર બોલાવો. શાસ્ત્રીજીની આજ્ઞાને અનુસરી તેમની પત્નીએ પુરાણીને ઘેર બોલાવ્યા પુરાણીની પૂજા કરી અને રૂક્ષ્મણી પાસે પુરાણીના હાથમાં સમસ્તસંપત્તિનો સંકલ્પ કરાવીને પાણી મુકયુ. ભર્યુ ભાદર્યું ઘર પુરાણીને આપી તે દંપતિ ઘર બહાર નીકળ્યાં આ તેમની ધર્મભાવના હતી. શુદ્ધ હૃદયથી કરેલું દાન હતું. શ્રીકૃષ્ણ ના શરણે રહેવાનું જ્ઞાન પ્રાપ્ત થયું. પ્રભુએ તેમને સહાયતા કરી તે દિવસ થી તે પોળ દેવનીપોળ' કહેવાઈ.

## વેણીભાઇનો રાસડો

ખંભાતમાં ઘણા સાહિત્યકારો થઇ ગયા છે. કવિ વિષ્ણુદાસ, કવિ શિવદાસ કવિ ઋષિભદાસ વગેરે ગુજરાતના પહેલા વર્ગના કવિઓમાં જેમની ગણતરી થાય તેવા છે. તેઓનું કેટલુંક સાહિત્ય ઉપલબ્ધ થયું છે. ને તેમાંથી થોડું પ્રસિદ્ધ પણ થયું છે. વળી ખંભાતનું કંઠસ્થ લોકસાહિત્ય એકત્ર કરવાની જરૂર છે. લોકગીતો લોકવાર્તાઓ, પાળિયાની કથાઓ વ્રત કથાઓ, ઐતિહાસિક રાસડાઓ વગેરે ઘણું સાહિત્ય પ્રાપ્ત કરવા સાહિત્યરસિકોએ શુભ પ્રયાસ આદરવાની અગત્ય છે ખંભાતના 'વેણીભાઈનો રાસડો' અપ્રાપ્ત કંઠસ્થ લોકસાહિત્ય છે. ખંભાત શહેરના મકાનોનાં તળિયા કચરતી વખતે મજુરો સુલલિત કંઠે ઢોલ ના તાલ સાથે જ્યારે જુસ્સાથી ગાય છે ત્યારે આજુબાજુના મહોલ્લાનાં માણસો સહેજે આકર્ષાયા વિના રહેતા નથી. એવાજ મજુરોમાં આ રાસડો પરંપરાગત સચવાઈ રહ્યો છે.

આ રાસડો એક ખાસ ગાનાર મજુર પાસેથી મેં મેળવ્યો છે. એની બે હાથપ્રતો ગુજરાતી ફાર્બસ સભા—મુંબઈમાં છે, સંસ્થાના હસ્તલિખિત ગ્રંથોની છાપેલી નામાવલીમાં ગુ. લો. ગદ્યપદ્ય પૃ ૨૦–૩૦ તથા પાનું ૧૬૮ ઉપર આદી અને અંત ભાગો આપેલા છે. એ હસ્ત પ્રતો છે.

આ રાસડાનો લેખક કોણ છે? કયારે લખાયો અને કયાં લખાયો વગેરે બાબતો તેના ઇતિ ભાગમાં કંઈ આપ્યું નથી જેથી તે નકકી થઇ શકતું નથી પરતું આ રાસડાનો પ્રસંગ સવાઇ માધવરાવ પેશ્વાના સમયમાં (ઈ.સ.૧૭૭૪થી ઈ.સ. ૧૭૯૫) બન્યો છે, એટલે ત્યાર પછીના સમયમાં આ રાસ રચાયો હોવો જોઇએ.

આ સમયમાં ખંભાતની રાજકીય પરિસ્થિતિ દ્વિરાજયપદ્ધતિની હતી. ખંભાતમાં દિલ્હીના મોગલ બાદશાહો તરફથી મુકાયલા અધિકારીઓ રહેતા તેમજ પેશ્વાઓ તરફથી મુકાએલા અધિકારીઓ ખંભાતમાં રહેતા વિ. સં. ૧૮૧૩ ૧૮૨૫નાં ખંભાતનાં હસ્તલિખિત ખતપત્રો મને મળ્યાં છે તેમાં બંન્ને સત્તાના અધિકારીઓનાં નામ જણાવેલા છે. આ ખતપત્રમાં ખંભાતના હાકેમ મોમીનખાન (બીજા)નું નામ તથા નાયબ દિવાન ગુલાબરાયનું નામ મળે છે.

ખંભાતની નજીકના નવાપરા ગામમાં વેણીભાઇ પટેલ રહેતો તે પૈસે ટકે સુખી હતો ખંભાત ખાલસામાં તેની સારી નામના હતી. રાજકીય બાબતોમાં તે અગ્રગણ્ય ગણાતો હોય એમ લાગે છે. તે સમયના ૧૦૮૫ છે.

તે સમયના પાટીદારો ઘણા નામાંકિત, ઊંચી લાગવગ ધરાવનારા, રાજપ્રકરણમાં આગળ પડતો ભાગ ભજવનાર હતા. હસ્તલિખિત દસ્તાવેજોમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર પટેલોનાં નામો મળે છે. વેણીભાઇની લાગવગ છેક પેશ્વા સુધી હતી તેનું એક કારણ રાસડાની નોંધમાં આપ્યું છે કે તેની બેન સવાઈ માધવરાવ પેશ્વાને ત્યાં હતી બીજી હસ્તપ્રતમાં તે કારણ નથી આપ્યું. બીજી પ્રતમાં એવી હકીકત છે કે મોમીનખાને ઘોઘા બંદર ઉપર ચડાઇ કરી તે લીધું અને ત્યાં પોતાનો માણસ મુકયો તેમજ કાઠિયાવાડના કેટલાંક ગામો ઉપર ચડાઇ કરી ખૂબ પૈસા મેળવ્યા. જ્યારે તે ઘોઘા ઉપર ચડાઇ કરવા ગયા ત્યારે તે તકનો લાભ લઇને વેણીભાઈએ ખંભાત ઉપર ચડાઇ કરી તેને લુંટયું અને ખંભાતમાં રહ્યો. નવાબ સાહેબને આ વાતની ખબર પડી ત્યારે તેઓ કાઠી લોકોની મદદ લઈ ખંભાત આવ્યા. વેણીભાઇ સામો થયો. ત્રણ દિવસ સુધી લડાઇ ચાલી. આખરે તે શહેર છોડી ચાલ્યો. તે નવાપરામાં ન રહી શકવાથી પુને જઇને રહ્યો. ખંભાતના દિવાન ગુલાબરાયે નવાબ સાહેબના નામથી તેને કાગળ લખ્યો કે વેણીભાઇ તમો વહેલા વહેલા ખંભાત આવો. અમારે તમને ખંભાતની દિવાનગીરી આપવી છે.

વેણીભાઇએ આ કાગળની હકીકત સવાઇ માધવરાવને કરી. ત્યારે પેશ્વાએ તેને સલાહ આપી કે તમારે ખંભાત જવાની જરૂર નથી. કારણ કે ખંભાતના નવાબ મોમીનખાન ઘણાજ કાબેલ છે તેમ તેમનો દિવાન ગુલાબરાય ઘણોજ ખટપટી અને બાહોશ છે. ત્યાં જવામાં જોખમ સમાયેલું છે. આ સલાહને વેણીભાઈએ તુચ્છકારી કાઢી. તેણે કહ્યું કે મુગલાઈની કચેરીઓ જીતવી એ તમારે મન દોહ્યલી પણ અમારે મન ઘણી સહેલી છે. તે ગાંડો ગુલાબરાય અમને શું કરવાનો છે? પેશ્વાની સલાહ ન માનતા પુનાથી ખંભાત આવવા નીકળ્યા. મુંબાઇ આવી મુકામ કર્યો મુંબાઇ શહેરનો જનરલ તેને હાથી ઘોડા વગેરે આપી તેને સત્કારે છે અને સલાહ આપે છે કે તમો ખંભાત ન જશો. તેની સલાહની અવગણના કરીને ત્યાંથી સવારી ઉપાડી વસાઇ ગામે મુકામ કરે છે. ત્યાંનો હાકેમ તેમની મહેમાનગીરી કરે છે અને ખંભાત જવાની ના પાડે છે. વેણીભાઈ તેની સલાહનો ઇન્કાર કરીને ત્યાંથી સવારી ઉપાડે છે અને સુરત મુકામ કરે છે. સુરતનો નવાબ પાલખી, સુખપાલો વગેરેથી તેનું સારૂં આતિથ્ય કરે છે, અને ખંભાત ન જવા કહે છે. તે પછી ભરૂચ આવે છે. ત્યાંનો લલ્લુભાઈ વેઢ, વીંટી વગેરે સોનાના દાગીના આપી તેને સન્માને છે. ભરૂચથી જંબુસરના નાગેશ્વર તળાવ ઉપર મુકામ કરે છે. ત્યાંનો પંડિત શેલાં, પાઘડી વગેરે આપી સત્કારે છે અને ખંભાત ન જવાની સલાહ આપે છે. ત્યાંથી દહેવાણ ગામના ડેડેસર તળાવ ઉપર આવી મુકામ કરે છે. ત્યાંનો જાલમભાઈ તેની સારી ચાકરી કરે છે, ને ત્યાંથી નવાપરા આવે છે અહીંનો તાપીદાસ તેમને સન્માને છે. ત્યાંથી વેણીભાઈ ખંભાત આવે છે અને દેસાઈની હવેલીએ મુકામ કરે છે. આ રીતે ગામેગામ અતિશય સન્માન પામી વેણીભાઇ ખંભાત આવ્યાની વાત રાજદરબારમાં દિવાન ગુલાબરાયના કાને પડતાં તેને રાજદરબારમાં આવવા માટે તેડાં મોકલે છે અને કહેવરાવે છે કે તમારો શિરપાવ બીજા લઈ જાય છે માટે વહેલા આવો. વેણીભાઇ જવાને તૈયાર થાય છે ત્યારે તેની નવી મા, સ્ત્રી બેન વગેરે જવાને ના પાડે છે; તેને ઘણા અપશુકન થાય છે; છતાં કોઈનું કહેલું ન માનતાં, તેમ શુકન અપશુકન ન ગણતાં કચેરીમાં જાય છે. ત્યાં બેઠા પછી કપટી ગુલાબરાય યુક્તિથી તેને મરાવી નંખાવે છે. તેના મડદાને ભોઈબારીના રસ્તાથી દરિઆ ઉપર લઈ જઈ બાળી દેવામાં આવે છે. તેના મરણના સમાચારથી

સગાંવહાલાં, નોકરચાકર વગેરે ઘણું રૂદન કરે છે અને મરાવનાર ગુલાબરાય તારૂં નખ્ખોદ જજો એવો શાપ આપે છે.

આખા રાસડાની વિગતો પરથી સમજાય છે કે ખંભાતમાં પાટીદારોમાં ઘણા નામાંકિત નરવીરો થઈ ગયા છે; રાજદરબારોમાં તેમનું માન હતું. તેમની લાગવગ, હિંમત, શૂરવીરતા, નિખાલસપણું, વિશ્વાસ વગેરે સદ્‌ગુણો તરવરી આવે છે.

ગુલાબરાયનું નામ પેશકાર તરીકે મોમીનખાનના વખતમાં મિરાતે અહેમદીમાં[૧] મળે છે. એટલે આ ગુલાબરાય કે 'ખતપત્ર'માં જણાવેલો ગુલાબરાય એ બેમાંથી કયો હશે તે નક્કી કરવું જરા મુશ્કેલ છે.

### વેણીભાઈનો રાસડો

નવાબ સાહેબે પુને કાગળ મોકલ્યો રે,
વેણીભાઈ તમે વેગે વહેલા આવજો રે,
તમને આપું ખંભાતની દિવાનગીરી જો,
કાગળ વાંચીને વેણીભાઇ ઉપડયા જો,

૧ મિરાતે અહેમદી વો.-૨ ખંડ-૪ પૃ. ૬૮૫, ૬૬૭



નિદર્શન

પટેલ પટલાણી સાથે ઉપડયા જો,
ભાણેજ ભત્રીજા સાથે ઉપડયા જો,
કુંટુબ કબીલા સાથે ઉપડયા જો,
તાંબાની તાસકે વેણીભાઇ ઉપડયા જો,
સોનાની સેણુઇ વેણીભાઈ ઉપડયા જો,
નગારે નિશાને વેણીભાઇ ઉપડયા જો,
આવી કાંઇ ઉતર્યાં મુંબાઈ ગામના ચોક જો,
મામાની દહેરીએ કંઇ ડહેરા તાણીયા જો,
કાલાના કાવલિયા કંઈ ડહેરા તાણીયા જો,
ઉઘાને અઘમાને કંઇ ડેરા તાણીયા જો,
ધોળાને ધોળકીયા કંઇ ડેરા તાણીયા જો.
મુંબઇ ગામનો જનરલ તેડાં મોકલે જો,
ક્યાં આવ્યા વેણીભાઇ તારા નામ જો,
ગુજરાતી શોભીતો રાણો રાજિયો જો.
કહે તો આપુ હાથીને ઘોડલા જો,
કહે તો આપુ ઘોડવેલોની જોડી જો,
આજેનો વાસો રે મારા શહેરમાં જો.
શું કરું તારા હાથી ઘોડલા જો.
શું કરું તારી ઘોડવેલોની જોડી જો.
મારે ને જાવું ખંભાત શહેરમાં જો.
વેણીભાઇ તમે ખંભાતે ના જાશો,
મુગલાઇના મનસુબા તમને દોયલા જો.
ઘેલા જનરલ ઘેલડીયાં શાં બોલવાં જો,
તમારે દોયલાં અમારે સોયલાં જો.
નથી અમારે નવાબ સાથે વેર જો,
ગાંડો ને ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી વેણીભાઈ ઉપડયા જો.
નગારે ને નિશાને વેણીભાઇ ઉપડયા જો.
આવી ઉતર્યા કંઇ વસાઇ ગામને ચોક જો,
દરિયાની કિનારે ડેરા તાણીયા જો.
કાલા ને કાવલીયા કંઈ ડેરા તાણીયા જો;
વસાઇ ગામનો ફ્રાંસી તેડાં મોકલે જો,
ક્યાંથી આવ્યા વેણીભાઈ તારા નામ જો.

ગુજરાતી શોભીતો રાણો રાજિયો જો,
કહે તો આપું કોડા અને કડેકડા જો.
કહે તો આપું લાખ બે લાખ જો.
આજનો વાસો રે મારા શહેરમાં જો.
શું કરું તારા કોરા ને કડેકડા જો,
મારે તે જાવું ખંભાત શહેરમાં જો.
વેણીભાઇ તમે ખંભાતે ન જાશો જો,
મોગલાઈના મનસુબા તમને દોયલા જો.
તમારે દોયલા અમારે સોયલા જો.
નથી અમારે નવાબ સાથે વેર જો.
ગાંડા ને ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી તે વેણીભાઈ પટેલ ઊપડયા જો.
આવી ઉતર્યાં કંઇ સુરત ગામને ચોક જો.
તાપીને કિનારે ડેરા તાણીયા જો,
કાલા ને કાવાલિયા ડેરા તાણીયા જો.
સુરત ગામનો નવાબ તેડાં મોકલે જો,
કયાંથી આવ્યા વેણીભાઇ તારા નામ જો.
ગુજરાતી શોભીતો રાણો રાજીયો જો,
કહે તો આપું નાલખી અને પાલખી જો,
કહે તો આપું સુખપાલોની જોડી જો.
આજેનો વાસો મારા શહેરમાં જો.
શું કરું તારી નાલખી અને પાલખી જો,
શું કરૂ તારી સુખપાલોની જોડી જો.
મારે ને જાવું રે ખંભાત શહેરમાં જો.
વેણીભાઈ તમે ખંભાતે ન જાશો જો,
મુગલાઈના મનસુબા તમને દોયલા જો.
ઘેલા નવાબ ઘેલડીયાં શાં બોલવાં જો.
તમારે દોયાલાં અમારે સોયલાં જો.
નથી અમારે નવાબ સાથે વેર જો,
ગાંડો ને ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી તે વેણીભાઇ પટેલ ઉપડયા જો,
નગારે ને નિશાને વેણીભાઈ ઉપડયા જો.
આવી ઉતર્યાં કંઇ ભરૂચ ગામના ચોક જો,

### નિદર્શન

રેવાને કિનારે ડેરા તાણીયા જો.
કાલાને કાવલિયા ડેરા તાણીયા જો.
ભરૂચ ગામનો લલ્લુભાઈ તેડાં મોકલે જો,
કયાંથી આવ્યા વેણીભાઇ તારા નામ જો.
ગુજરાતી શોભીતો રાણો રાજીયો જો,
કહે તો આપું ઉતરીને સાંકળી જો.
કહે તો આપું વેઢ વીંટીઓની જોડી જો,
આજે નો વાસોરે મારા શહેરમાં જો.
શું કરૂં તારી ઉતરીને સાંકળી જો,
શું કરૂં તારી વેઢ વીંટીઓની જોડી જો.
મારેને જાવું રે ખંભાત શહેરમાં જો.
વેણીભાઇ તમે ખંભાતે ન જાશો જો,
મુગલાઇના મનસુખા તમને દોયલા જો.
ઘેલા લલ્લુભાઈ ઘેલાં શાં બોલવાં જો,
તમારે દોયલાં અમારે સોયલાં જો.
નથી અમારે નવાબ સાથે વેર જો,
ગાંડો તે ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી તે વેણીભાઇ પટેલ ઉપડયા જો,
આવી ઉતર્યાં કંઈ જંબુસર ગામના ચોક જો.
નાગેશ્વર તળાવે ડેરા તાણીયા જો,
કાલા ને કવાલિયા ડેરા તાણીયા જો,
જંબુસર ગામનો પંડિત તેડાં મોકલે જો.
કયાંથી આવ્યા વેણીભાઇ તારા નામ જો,
ગુજરાતી શોભીતો રાણો રાજીયો જો.
કહે તો આપું શેલાં ને પાઘડી જો,
કહે તો આપું સાલ દુશાલાની જોડી જો.
આજેનો વસો રે મારા શહેરમાં જો.
શું કરૂં તારાં શેલાં ને પાઘડી જો.
શું કરૂં તારી દુશાલોની જોડી જો,
મારે તે જાવું ખંભાત શહેરમાં જો.
વેણીભાઈ તમે ખંભાતે ન જાશો જો,
મુગલાઈના મનસુખા દોયલા જો.
ઘેલા પંડિત ઘેલડીયાં શાં બોલવાં જો,
તમારે દોયલાં અમારે સોયલાં જો.
નથી અમારે નવાબ શાથે વેર જો,
ગાંડો તે ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી તે વેણીભાઇ પટેલ ઉપડયા જો,
આવી ઉતર્યાં કંઇ દેવાણ ગામના ચોક જો;
ડડેસર તળાવે ડેરા તાણીયા જો,
કાલાને યાવાલીયા ડેરા તાણીયા જો.
દેવાણ ગામના જાલમભાઇ તેડાં મોકલે જો,
કયાંથી આવ્યા વેણીભાઇ તારા નામ જો.
ગુજરાતી શોભીતો રાણો રાજીયો જો,
કહે તો આપું શેલાં ને પાઘડી જો.
કહે તો આપું કટારીઓની જોડી જો,
આજે નો વાસો રે મારા શહેરમાં જો.
શું કરૂં તારાં શેલાં ને પાઘડી જો,
શું કરૂં તારી કટારીઓની જોડી જો.
મારે તે જાવું રે ખંભાત શહેરમાં જો.
વેણીભાઈ તમે ખંભાતે ન જાશો જો,
મુગલાઇના મનસુખા દોયલા જો
તમારે દોયલાં અમારે સોયલાં જો.
અમે નવાબ સાહેબ એક મગની બે ફાડ જો,
ગાંડો તે ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી તે વેણીભાઇ પટેલ ઉપડયા જો.
આવી ઉતર્યા કંઇ નવાપરાના ચોક જો,
શીકોતરની પાસે ડેરા તાણીયા જો.
નવાપરાના તાપીદાસે વારીયા જો,
વેણીભાઈ તમે ખંભાત ના જાશો જો.
મુગલાઈના મનસુખા દોયલાં જો,
ઘેલા તાપીદાસ ઘેલાં શાં બોલવાં જો.
તમારે દોયલાં અમારે સોયલાં જો.
નથી અમારે નવાબ સાથે વેર જો,
ગાંડો તે ગલાબરાય અમને શું કરે જો.
ત્યાંથી તે વેણીભાઈ પટેલ ઉપડયા જો,
આવી ઉતર્યાં તે ખંભાત ગામના ચોક જો.
દેશાઇની હવેલીએ ડેરા તાણીયા જો,
કાલાને કવાલીયા ડેરા તાણીયા જો,

ગલાબરાયે હલકારા દોડાવીયા જો.
વેણીભાઇ તમે વેગે વહેલા આવો જો,
તમારો શરપાવ બીજા લઇ વળે જો.
પહેલું તે પગથીયું વેણીભાઇ ઉતર્યાં જો,
સામી થઇ છે તડાક દઇને છીંક જો.
છીંકોના છોગાળા પાછા નહીં વળે જો
ઓરડામાંથી નવી માએ વાળીયા જો,
આવીને બેસો રે પાછા ગાદીએ જો.
કહું છું મારા મનડા કેરી વાત જો,
એકે ના કહું મનની વિનંતી જો.
નવી માના વાળ્યા કુંવર ના વળે જો,
હમે લઈશું સાહેબે સલામ જો.
શરપાવે લઇને પાછા આવશું જો,
બીજું તે પગથીયું વેણીભાઇ ઉતર્યાં જો.
સામી મળી છે દેવાતા લઇને નાર જો,
અવશકનના ગયલા પાછા નહિ વળે જો.
પડદામાં પટલાણીએ વાળીયા જો,
આવીને બેસો રે પાછા ગાદીએ જો.
કહું છું મારા મનડા કેરી વાત જો,
એકે ના કહું મનની વિનંતી જો.
પટલાણીના વાળ્યા પટેલ ના વળ્યા જો,
અમે લઇશું સાહેબે સલામ જો.
શરપાવે લઈને પાછા આવશું જો;
ત્રીજુને પગથીયું વેણીભાઇ ઉતર્યાં જો,
સામી મળી છે છાશતણી દોણી જો.
છાશોના છોગાળા પાછા નહી વળે જો,
પરસાળેથી બેનીજીએ વાળીયા જો.
આવીને બેસો રે પાછા ગાદીએ જો.
બંધવ મારા કચેરીમા ના જાશો જો,
આજનો દિવસ તમને દોયલા જો.
બેનીના વાળ્યા બંધવ ના વળે જો,
અમે લઇશું સાહેબ સલામ જો,
શરપાવે લઇને પાછા આવીશું જો.
ચોથું પગથીયું વેણીભાઇ ઉતર્યાં જો,
સામી મળી છે લાકડાની ભારી જો,
અપશુકનના ગયલા પાછા ન વળે જો.
શેરીઓને મુકીને વેણીભાઈ સાંચર્યાં જો,
જઇ બેઠા છે કચેરીઓની માંય જો,
ગલબરાયે મારા પુંઠળ મોકલ્યા જો.
સાંન કરીને મારા સમજાવીયા જો.
ડાબી જમણી ઝાલી છે બે બાંય જો,
સોનાની કટારીએ વેણીભાઇને મારીયા જો.
છાકી પોળના વૈતરા તેડાવીયા જો,
વેણીભાઇની ડોળીઓ ઉપડાવીઓ જો.
લઇ ગયા છે ભોઇબારીને બાર જો.
દરીઆની કિનારે વેણીભાઇની ચહે બળે જો.
વેણીભાઈની રાણીઓ રૂએ રણ મહેલમા જો,
વેણીભાઈના ઘોડા સડે ઘોડલયોમાં જો.
વેણીભાઈના પોપટ રુએ પાંજરે જો,
સૌ ગાડીતમાં ભગવાન ગાડીતરૂએ ધણો જો.
આવો ને વેણીભાઈ સુખો નહિ મળે જો,
ગલાબરાય જાજે તારૂં નખ્ખોદ જો.
કૂડ કરીને વેણીભાઇને મારીયા જો.



ખંભાતમાં ભારે લૂંટ અને ખૂન કરી ભયંકર ત્રાસ વર્તાવનાર

સૈયદુ—ઈ. સ. ૧૯૦૪

ખંભાતના નારેશ્વરના તળાવ ઉપર અશુતાલેબની દરગાહ (રોજો) આવેલો છે તેની સંભાળ તથા તેની નાણાંકીય હિસાબ વગેરે કાણોદર ગામના મુમનો રાખતા[1] ત્યાં જાત્રાળુ આવતા તે લોકો ભેટ મૂકતા તથા લાગા વગેરેની સારા પ્રમાણમાં આવક થતી ત્યાં એક ગલ્લો રાખેલો; તેમાં બધું એકઠું થયા કરતું બાર મહીને તેમાંથી નાણું કાઢવામાં આવતું. આ દરગાહમાં પાંચ છ મુઝાવરો તથા બીજાં કેટલાંક માણસો રહેતાં હતાં.

આ લક્ષ્મી તરફ ધોળકાના એક મુસલમાન કે જેનું પૂરું નામ સૈયદ હુસેનઅલી ન્યાજઅલી હતું; જે પાંત્રીસ વર્ષનો યુવાન હતો; તેની ગઈ. તેણે કરીમ જીવા, હબીબ જીવા, ઇસ્માઈલ અબદુલ, અબદુલ જલીલ એ ચાર પાંચ તેના જેટલીજ ઉંમરનાં યુવાનોને લઈ વિ. સં. ૧૯૬૧ ના કારતક વદ ૧૧ તા. ૩-૧૨-૧૯૦૪ ના રોજ અશુતાલેબ ઉપર આવ્યો; દરવાજા તોડવા અંદર દાખલ થયા. મુઝાવરો એ રક્ષણ કરવા પ્રયત્ન કરેલો, પરંતુ તેઓએ પાંચ જણના ખૂન કરી; ચોરી કરી અને રોજાને આગ લગાડીને નાઠા હતા.

કેટલાક વખત બાદ ધોળકાના પોલીસ કોન્સ્ટેબલે તેમને પકડયા. ખંભાત સરકારની માગણી ઉપરથી તેમને ખંભાત ખાતે સોંપ્યા ને તપાસ ચાલી અને તેમને ફાંસીની સજા નક્કી થઈ.

સૈયદુ અને બીજાઓએ એ ચુકાદા સામે નવાબ સાહેબને અપીલ કરી[2] તેના સુનાવણી તા. ૨૭થી ચાર દિવસ ચાલી: અપીલનો ફેંસલો તા. ૫મી જાન્યુઆરી સને ૧૯૦૬ના રોજ આપવાનો હતો. તે દરમિઆન તા ૪-૧-૧૯૦૬ના રોજ દિવસે દસ વાગ્યના સુમારે મુખ્ય આરોપી સૈયદુ જંગલ જવાને બહાને કોટડીમાંથી બહાર નીકળ્યો. આ ફાંસીની સજાની માહીતી તેની સ્ત્રી ખાવાનું આપવા જેલમાં જતી હતી; તેણે સૈયદુને આપી હતી. તથા તેને બે છરીઓ અને એક કાનસ પણ આપી હતી. સૈયદુ બહાર નીકળીને પહેલો જ પહેરગીરને મારીને તેની પાસેથી કુંચીઓ છીનવી લીધી; અને પોતાના બીજા સાથીદારોની કોટડીનાં તાળાં ઉઘાડી તેમને બહાર કાઢયા. તુરંગમાં લાકડા ચીરવાનો એક કુહાડો પડખે હતો; તે વડે પગની બેડીઓ તોડી નાખી અને તુરંગની અંદરની બાજુએથી ચોકીના છાપરા ઉપરથી બહારની ઓરડીમાં નીકળી આવ્યા. અહીયાં તમામ બંધુકો તથા કારતુસો વગેરે હથિયારો ગોઠવેલાં હતાં. ચોકી ઉપર તે વખતે ફક્ત છોટુમીયાં જમાદાર એકલો હતો. અને તે કસરત કરતો હતો. તેણે કોઈને પોતાના તરફ કુદીને આવતો જોયો એટલે તરતજ તેના પર કોઇ હથિયાર ફેંક્યું, પણ તેટલામાં પાંચે કેદીઓ તેના પર તૂટી પડયાં. અને કુહાડાના ઘા કરી તેની ગરદન કાપી નાખી. પછી કોઠીમાંની તમામ બંદુકો નકામી કરી નાખી.

**દિવાનના મકાન પર ધસારો :** આ વખતે માધવરાવ દિવાન હતા. કેટલાક હથિયાર તથા કારતુસો સાથે લઇ તુરંગની સામેજ દિવાન સાહેબના મકાન ઉપર ખુન કરવા માટે કેદીઓ ચડી ગયા. પણ તે પહેલાં કેદીઓએ તુરંગ તોડયાની

---

૨. ખંભાત પહેલા વર્ગનું રાજ્ય હોવાથી તેની અપીલો ખંભાત સરકારને જ થતી; ને તેનો ફેંસલો છેલ્લો ગણાતો.

૧. ખંભાતના પીર અશુતાલેબની દરઘામાં ઘણી સારી આવક હતી. તેના સંવત ૧૯૬૧-૬૨ ૬૩નો હિસાબ ખં દ. ગે. તા. ૧ ફે. ૧૯૦૮માં પાયો છે. (પૃ. ૨૩)

વાત તેમને મળી ગઇ હતી; તેથી દિવાન એક કોટડીમાં ભરાઈ જવાથી તેમના જાન બચી ગયા.

આ વેળા ડૉક્ટર ધનજીશાહ વગેરે કેટલાક અમલદારો દિવાનની મુલાકાતે આવ્યા હતા, તે પણ આસપાસ છુપાઇ ગયા. છૂટેલા કેદીઓએ દિવાનના મકાનમાં બધે ફરીને પાછા ફર્યા; તેમાં કોઇ ન મળ્યું, પરંતું પોલીસ સુપ્રિન્ટેન્ટેન્ડ મોતીશંકર કે જેઓ દિવાનનાં ઘર તરફ આવતા હતા. તેમના પર હથિયારબંધ ધસારો કર્યા, અને તરવારના સાત જખમો મોંઢા તથા માથા ઉપર કરીને ભારે જખમી કર્યા.

પછી તેણે પાયગામાંથા એક ઘોડો છોડી લઈ તે ઉપર સૈયદુ સવાર થયો. અને બીજા ચાર તેના સાથીઓ ખુલ્લી તરવારથી તેના બોડીગાર્ડ તરીકેનો દેખાવ કરી નિર્ભયપણે બજારને રસ્તે ચાલ્યા. બજારમાં અલીમહમ્મદ જમાદારે તેમની સામે પિસ્તોલનો અવાજ કરવાથી તરતજ ખુનીઓએ તેનાપર ગોળી છોડી ને તેનો તરત પ્રાણ ગયો. આગળ જતાં નારેશ્વરના તળાવ નજીક એક ઘોડેસવાર સામો થવાથી તેના પણ પ્રાણ લીધો તથા તેના ઘોડાની એક આંખ ફૂટી ગઈ. રસ્તે ચાલતાં બીજે કેટલાક માણસોને જખમ કીધા ખુનીઓ પૈકી એકાદ જણને કાંઇક થોડી ઘણી ઇજા થયેલી હતી

આગળ જતાં જાણુજ ગામની નજીકમાં એક ગાડું કેટલાક ઉતારુઓને લઈ ખંભાત આવતું હતું. તે ગાડામાંથી તે ઉતારૂઓને ઉતારી મૂકી; તેમાં પોતે ચડી બેઠો. ત્યાંથી તેઓ કાનાવાડા સાંજે પહોંચ્યા ત્યાંથી ગાડાવાળાને પાછો મોકલી દીધો અને પોતે અસલાલી તરફ ચાલ્યા ગયા.

ખંભાત સરકારે તેમને પકડી લાવવા માટે દરેક કેદી દીઠ એક હજાર રૂપિયાનુ ઇનામ જાહેર કર્યું હતું [1] રમખાણ વખતે બજાર બંધ થઇ ગયું હતું. અને સ્ટેટનાં હથિયારો હતાં, તે પણ ખૂનીઓએ નકામાં કરી નાખ્યાં હતાં. પરંતુ છેવટે આ ખૂનીઓ પકડાયા, અને તેમને ફાંસી દેવામાં આવી હતી. સને ૧૯૦૭[2]

આ વખતે સેશનકોર્ટના ન્યાયાધીશ મણિભાઇ ગુલાબભાઇ હતા. તેમની પાસે ઉપરનો કેસ ચાલ્યો હતો.

અને હાલ જે સ્થળે મ્યુ.ની કચેરી છે ત્યાં જેલ હતી તથા હાલ જ્યાં મામલતદારની કચેરી બેસે છે તે મકાનમાં દિવાન માધવરાવ રહેતા હતા. એટલે જેલ તોડીને તરત દિવાનના મકાન ઉપર હુમલો કર્યો હતો.

## સૈયદાનો રાસડો

ધોળકાના મુસલમાન સૈયદ હુસેનઅલી ન્યાજઅલીએ ખંભાતમાં ઈ.સ. ૧૯૦૪ (તા. ૩-૧૨-૧૯૦૪) માં અબુતાલેબના રોજાને લૂંટયો અને બાળ્યો તથા ખંભાતનાં કેટલાંક માણસોને માર્યા; એની હકીકત આગળ આવી ગઇ છે; પરન્તુ તેના વિષે આ રાસડો રચાયો છે; તેના રચનાર કોણ છે? ક્યારે રચાયો છે; વગેરે કંઈ માહિતી ઉપલબ્ધ થતી નથી; પરન્તુ શ્રી ગોવર્ધન પ્રેસમાં છપાએલા આ રાસડો મને મળેલો. તે ઐતિહાસિક બની ગયો છે; એટલે એને અહીં સ્થાન આપવામાં આવ્યું છે; એને લોકગીતના સંગહ કરનાર સાક્ષરોએ લોક સાહિત્યમાં તેને સ્થાન આપ્યું છે. વળી મૌખિક ઘણો પ્રચલિત બનેલો હોવાથી તેના પાઠફેર બન્યા છે

---

૧ ખંભાત દરબારી ગેઝેટ, તા. ૧લી ફે. સને ૧૯૦૬ કેદીઓનાં નામ, ચહેરા, ઉંમર વગેરે આપેલું છે.

૨ મુંબઈ સમાચાર તા. ૧૯ મી ઓકટોબર સને ૧૯૦૭

સૈદા તારો ખૂબ છે દહાડોરે,
વાંકી વાંકી મુછડીવાળો રે
સૌદા તારો ખૂબ છે દહાડોરે,
સૈદા તું તો ધોલકાવાળો રે-સૌદા
ખંભાત બંદરમાંથી ચોરી કરીને
સાત માણસોની સાથ
અબુતાલીબનો રોજો તોડીને
ધ્યાન ધરી માર્યાં પાંચ-સૌદા
ખંભાત બંદરની જેલ તોડીને
લીધાં પાંચ હથિયાર
છોટુ જમાદાર પકડવા આવ્યો,
માર્યો કુહાડાનો માર-સૌદા
સુપ્રીન્ટેન્ડેન્ટ દોડતો આવ્યો,
સૈદે તેને ઝાટકો માર્યો રે
દિવાનસાહેબની દેરી ઉપર
સૌદો ચઢયો એક વાર
દિવાન સાહેબ તો નાસી ગયા ને
સૌદો ઉતર્યો વારંવાર
એ તારો ખુબ છે દા'ડોરે,
સૌદા તું તો ધોલકાવાળો રે-સૌદા
ઘોડા ઉપર સવારી કરીને
આવ્યો શહેર બજાર
અફીણવાલાની દુકાને આવીને
ઉઘાડી કીધી તલવાર
અફીણ આપો શેઠિયા લોકો,
નહિ તો પડશે પોકાર-સૌદા
પીઠ વચ્ચે એક સૈયદ ઉભો,
તે ખંભાતનો રહેનાર
સૌદાનો વરઘોડો જોઇ તેણે
ઉઘાડી તલવાર
સૌદે તેને ઝાટકો માર્યો રે,
સૌદા તારો ખુબ છે દા'ડોરે-સૌદા
સૌદાનો વરઘોડો ધુમધડાકે
આવીઓ ગામની બહાર
અબુતાલીબના રોજાની આગળ
માર્યો તુરક અસવાર
સૌદ તેને ઝાટકે માર્યો રે,
સૌદા તું તો ધોલકાવાળો રે-સૌદૈ
સૌદો ત્યાંથી બીજાપુર આવ્યો,
કીધો મુખીનો તોડ
પંદર શેર સુખડી લીધી,
લીધી ઘોડાની જોડ
સૌદા તારો ખૂબ છે દા'ડો રે,
સૌદા તું તો ધોલકાવાળો રે-સૌદા
મુખિયાણી કહે છે પેલા
પટારામાં રૂપિયા બે હજાર
લેવા હોય તો લઈ જાઓ
મારશો ન અમને માર
મારીને ઘાણ જ કાઢયો રે
સૌદા તારો ખૂબ છે દા'ડો રે-સૌદા
ધોલકા ઉપર ચક્કર લીધા
ભાગી જેલ બે ચાર
હોમ સાહેબે હુકમ કીધો
સૌદાને મારો ઠાર
સૌદા તારે ખુબ છે દા'ડો રે,
સૌદા તું તો ધોલકાવાળો રે-સૌદા

૧

સોમનાથ ભૃગુતીર્થ દ્વારિકા સ્કંભતીર્થ પ્રાચીન
સુરત સુહાગી કસબ-કલાએ અમદાવાદ પ્રવીણ
લૂણેજ નૂતન રાષ્ટ્રતીર્થ વળી કૈંક થશે નવ નવલાં
જગતતીર્થ આશ્રમ સાબરતટ ઠારે દુનિયા દવલાં.
૨૯-૪-૧૯૬૦ ઉમાશંકર જોશી

૨

સિદ્ધપુર અણહિલપુર પાટણ સોમનાથ ખંડેર
સ્તંભતીર્થ, ભૃગુકચ્છ, વલ્લભીપુર શા પ્રાચીને-
અતીત ભૂલ થઈ ભટકે અહીં તવ અવશેષો ચૂમી.
જય જય ગૂર્જરભૂમિ.
ઈ. સ. ૧૯૬૦ ઉશનસ.

૩

(મહીસાગર)
મેવાડમાં રમતી ભમતી આવી ચડી ગુજરાત,
બાળા મટી થઈ યોવના મારે નીરખવું ખંભાત
ઈ. સ. ૧૯૬૫ 'નૂતનગુજરાત'માંથી

૪

ભૂગોળ-શિક્ષણમાં (પ્રાચીન)
ગુજરાત મધ્યે ભલ્લાં ભલ્લાં શહેર કયાં જાણવાં;
સુરત, ખંભાત, અમદાવાદ, દિલ્લીને વખાણવાં.
ગામઠીશાળા (ગુજરાતી દી. ૧૯૧૨)

ખંભાત મ્યુનિસિપાલિટીની સીલ્વર જ્યુબીલી (રજતોત્સવ) પ્રસંગે.

ગવાયલાં ગીત

(તા. ૧૫મી ઑગષ્ટ સને ૧૯૩૫)
સ્વાગત ગીત

આજ હર્ષિત મન
આજ પ્રફુલ્લિત મન
મે'ર કરીને પધાર્યા,
હમારા રાજન—મે'ર કરીને

પ્રેમહૃદય ઉભરાય છે,
માય ન મન ઉમંગ
કર્યા કૃતારથ સ્નેહથી,
હર્ષ અતિ ઉછરંગ-આજ.

સ્તંભતીર્થ સુધરાઈના
રજતમહોત્સવ કાજ

નવાબ સાહેબ સાથમાં,
મળીઓ શહેર સમાજ-આજ.

જા ફ ર અ લી ખા ન થી,
જન્મ પામી આ બાળ

લીલા કરતું બાળની,
પહોંચ્યું યૌવન કાળ-આજ.
વયધન બુધ્ધિ પ્રમાણમાં,
શહેરી જનને કાજ

બની શકે તેવા બધાં,
કીધાં છે મેં કાજ-આજ
ઉણપો છે મતિ ઘણી
મારા વર્તન માંહ્ય

પણ તે સઘળી રાખવા,
આપ ગ્રહો મુજ બાંહ્ય-આજ.
શારીરિક સુખ મેળવે,
સ્ત્રી પુરુષોને બાળ

પદર્શન તેથી ભર્યું,
જુઓ રાખી સંભાળ-આજ

# પાદરા ગામનો ઐતિહાસિક પ્રસંગ

ગંગાભવાનીના શલોકો (વિ.સ. ૧૭૬૩)

ખંભાત પરગણામાં પાદરા ગામ છે. તે ગામના લોકોએ નવાબ સાહેબને જમેબંધી ભરી નહિ; જેથી નવાબ અલીખાનની ફોજે એ ગામ ઉપર આવી. તેથી ગામવાળાઓ લડવાને તૈયાર થઈ ગયા. અને મોટી લડાઈ થઈ, તેમાં નવાબની ફોજની હાર થઈ. તેના શલોકો સં. ૧૭૬૩ની સાલમાં મોજે ખાખસરના શા. ગંગાદાસ ભવાનીએ કહ્યું છે તે બદલ પાદરાવાળાએ તેના કવિને સાત વિઘુ' જમીન પસાયતું કરી આપ્યું. પાદરાના ભાણ ઠાકોરને ઉદ્દેશીને શલોકો લખાયા છે. શલોકોમાં ભાણનું નામ જોડાયું જણાય છે?

---

૧. શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત સવિસ્તાર નામાવલિ ભા.૧ પૃ ૧૭૦

### શલોકો

સરસ્વતી માતા તમ પાયે લાગુ;
કહેવા શલોકો વરદાન માગું.
દ્યો મમ માતા કરઉ પસાય,
સીતાજી કેરા કંથ જ સહાય.
ભાણ મહારાજા, ભાણ મહારાજા દેવઅવતાર
ભારમલ કેરો તે ભલો મહિમાય,
દોલત ઝાઝી ને નવનિધ થાય
ગનીભાઈને ઘણા વખાણું,
ભીમજી સુત રામસંઘજી જાણું.
સુરમલજી કેરો કે કલ્યાણજી કહીએ,
તેહના પુન્યનો પાર ન લહીયે
પુન કરકાસલભાઈના હાથ,
પૂરવે જપ્યું જગ વૈકુંઠ નાથ
શોભે સજગ ઊપજે અનેરો,
અમારાં ભાઈનો અદેસંગ એવો
સઘળી સેજલમાં છત્રસ લાડકો,
ભાણુ કેરો કુંવર.
અટેકો છત્રી ગામ તે કહે,
છત્રીસ ગામતે કહેવું બારું.
લવાર ખાગ તાગધાંનના,
પાદરીઆ વારુ કોઇના.
હંસો કેરી તે ફોજો ચડાઇ,
ખંભાતની મોટા મોમલો આઈ
કુવરે કીધો દેઇદદામાં નજરઅલી આવે.
આવી અલાઇએ કીધાં મેલાંણ,
એટલે થયાં છે. ભાણુનેજાંણુ.
ભાંણુ કૈ' રીતે ભાંણે કૈ' રીતે,
સાદરભાઇ કર શું મામલો હોશે ભલાઇ
કાં છે કશું બાપની આજે,
સાદા જગે ઠાકોર બારૈયા,
જગદા, વીર સઘળા તે થયા છે. સજ,
લેઈશું તડાકો કરશે ફોજ
ગુમાન રણુ ટંકારે રણુતુર ઊડે,
રાહીડે પાડો નોબતો ગાજે.
ગામ જગે તણો તીહાં હે સાર થાય
આજ ચડાવો છે પાદરીયા રાય
ધન ધન જનમો તે સારી રીતે માર્યા,
ખાંડુ ખેચ્યું ને ફરસી ધનક વરહોક ઉતરીયા
રાય ભાણ મહારજ લઈ કમાન,
નાખ્યું જગે બાણુ માસ બતરીયા પાડયું
ભંગાણુ
તે ઉપર રાણો ભારમલ દાઝે,
ભીમજી બારૈયા ઉતરી ચાલ
ગાસી કેરી ન ઝાલે ડોટ ઝુઝે
પાદરીયા ઉડે છે ખેર
ઝૂઝે પાદરીરીયાં ઉડે છે ખેહ,
રાણુસંઘજી તણા ભાલે વરસ્યા છે, મેહ,
સઘળા લોક તે એણીપેર બોલે'

કોઇ નાવે રાણકલાને તોલે,
ભાણ કલાણ બે બિરાજે,
દૂધાજી સરખો દેશોત્ર ગાજે
કબીર કણસીઓ વારું વખાણું,
સંવત સત્તર ત્રેંસટ જાણું,
તેડાવ્યાં ખાખસહનો શેઠ,
સાત વીધાં નો લખાયો લેખ,
એહ શલોકો ગંગાદાસ ભવાની કહ્યો,
પાદશાહ રાજ અવિચલ રહો

'શલોકો' 'શ્લોક'નું અશુધ્ધ રૂપ છે. પ્રશંસાનું ગીત એવો અર્થ છે. 'શલોક' ની રચના સત્તરમી અઢારમી શતાબ્દીથી ગુજરાતી તેમજ મારવાડી સાહિત્યમાં પ્રચલિત થયા છે. શૌર્ય સ્તુતિના સ્વરૂપની રચના માટે 'શલોક' શબ્દ વપરાય છે. ભાણના, રુસ્તમ ના, વગેરે ,ઐતિહાસિક માનતા પ્રસંગોનો આશ્રય "લઈ" પરાક્રમની સ્તુતિ કરવામાં અવે છે [૨] તેવો ગંગાભવાની ના શલોકો ગણાય છે.

---

૨. શ્રી હરિવલ્લભ ભાયાણી ] કૃત રૂસ્તમના શલોકો પૃ. ૨૪.



# પ્રશસ્તિઓ

શેપંડ સાહેબે ખંભાત રાજયનાં અને શહેરનાં કરેલી પ્રશંસા સને ૧૮૮૮–૮૯ ખંભાત દરબારને લખે છે કે

"તમારી આવક વધતી જાય છે. શહેરની આબાદાની વધતી જાય છે. નવાં નવાં ઘર બંધાતાં જાય છે. તમો બ્રિટીશ સરકારી મીઠા સાથે સરખામણીમાં ઊભા રહી શકયા હોત નહિ, માટે રૂ. ૪૦૦૦૦ મળે છે.

એ તમને નફો થયો હોત તેના કરતાં વધારે સારા છે. નવાં નવાં પબ્લીક બિલ્ડીંગ થાય છે. તે તમારી રાજયની આબરૂનો વધારો કરેછે

તમે મારા નામથી મારકીટ રાખીછે. તેને માટે હું તમારોઆભાર માનુંછું હજી પણ સુધારા કરતા જાઓ. કોટો 'સ્થાયો; આ બધી બાબતોમાં તમારા દિવાના મિ. શામરાવે તમારા સ્ટેટને અને પ્રજાને ઘણી સારી નોકરી બજાવેલી છે.[૧]

૧. ખંભાત સ્ટેટનો રીપોર્ટનો સને ૧૮૮૮-૮૯ પેજ–૪.

# કાકા કાલેલકર

## ખંભાત વિષે શું કહે છે ? (૧૯૪૭)

તા.૨૨–૧૨–૪૭ ના એક પત્રમાં તેઓશ્રી જણાવે છે કે

"ખંભાત મેં ત્રણવાર જોયું છે. બે વાર જમીન પરથી અને એકવાર આકાશમાંથી. વિશાળ મહીસાગર ને કાંઠે હોવા છતાં આકાશમાંથી. પડેલું પાણી સંઘરીને તે પીનારા લોકોનું એ શહેર છે. એટલું જ મારા મનમાં ખાસ વસેલું છે. કાદવનો વિસ્તાર જોવો હોયતો ખંભાત જવું જોઇએ. અને દૂરથી પહાડના પથરા આણી તે ભઠ્ઠીમાં પકવી તેના રૂપાળા મણિ કેમ બનાવાય છે. એ જોવા માટે પણ તમારે ખંભાત જ જોવું જોઈએ. પથરા પણ બરાબર તપ કરે તો કેટલાક રૂપાળા થઈ શકે; છે. એ બતાવી માણસને તપશ્ચર્યા કરવા પ્રેરનાર લોકોને દુનિયાએ ગુરૂસ્થાને મૂકવા જોઇએ.

મહારાષ્ટ્રની બહેનો કહેશે કે અમે એ કશું ન જાણીએ. મનપસંદ કાળી ચંદ્રકલા ઓં એટલે કે સાડીઓ અમારે માટે તૈયાર કરી મોકલનાર શહેર તરીકે જ અમે ખંભાતને ઓળખીએ છીએ. ગુજરાત ના ઈતિહાસમાં ખંભાતની જાહોજલાલીએ પોતાની ભાત પાડી છે.

સ્વતંત્ર ગુજરાત જયારે પોતાનું વહાણવટું ખીલવશે, ત્યારે ગુજરાતનો ઇતિહાસ નવેસર ઘડવાની તક ખંભાત ને ફરી મળી શકશે. પછી ખંભાતની હોડી ઓ ફકત કાવી બંદર કે દીવાન બેટ સુધીજ જઈને શોભશે નહિ. અને ભાવનગરી ખુશામત કરીને સંતોષ માનશે નહિ. પણ ખંભાતે કાદવમાં પહોંચી વળવાની ની કળા પ્રથમ કેળવવી પડશે.

આમ જયારે ખંભાતનું વહાણવટુ ખીલશે ત્યારેજ ખંભાતના બંદરની દીવાદાંડી એ ઉપરથી દીપક નો પ્રકાશ દૂરદૂરસુધી પોતાનો આશીર્વાદ ફેલાવશે.

* મુંબઇથી પ્રસિદ્ધ થયેલું 'દીપક' માસિક સને ૧૯૪૭ અંક-૬૫-૧

## દિવાન શ્યામરાવ નારાયણરાવ લાડ

(સને ૧૮૮૦ થી ૧૮૮૩ અને ૧૮૮૫-૧૮૯૦ સુધી)

ખંભાતમાં સુધારા કર્યા તે બાબતના તે સમયના કવિ નાથાભાઈ માણેકલાલે કવિતા બનાવી છે; જે આજના યુગમાં તે ઐતિહાસિક બાબતો દર્શાવતી છે.

સુધાર્યું છે ખંભાત, શાંમે સુધાર્યું છે.
ખંભાત ધન્ય ધન્ય શણવી જાત્ય,
શાંમે સુધાર્યું છે

મુંબાઈથી મહારાજા આવ્યા,
નામે શાંમરાવ.
નવાબ સાબે નજરે નીરખી,
આવ્યા છે મનભાવ-શાંમે...૧

દિવાનગીરી દીધી દીલથી,
દુનિયા કેરું ભાગ્ય.
માલ ખજાનો સોંપ્યું પોતે,
જેવા આપી જાગ્ય-શાંમે...૨

ગાવું ગુણો ગુણવંતા,
કરે છે જયકાજ.
શોભતું હું દીલ ધરી,
કરું છું વર્ણન આજ-શામે...૩.

શા ફાનસ તો કાંને,
શુણોજી આ નજરે નો.
પાણીનો છંટકાવ થાય છે,
ઊભી બજારે—શામે....૪

મારે ન હે ધારી ચાલતા જાએ,
શહુની હામ.
દુનિયાનું દુઃખ દાબવા કીધું છે,
ફાનસ કામ—શામે....૫

પોલીસોની અગાડી,
નજરે જુઓ નિહાળી.
આશે તશ્કર નજરે જોતાં,
દેખી ધ્રાસમાં બી—શામે...૬

ઈસ્પીતાલે ઇશવર જેવા,
બેઠા વામનરાવ દેવા,
દુનિયાં ને દીલથી આપે,
રાખીને મન ભાવ—શામે..૭

ઘણા દુખિયાના દુઃખડાં ટાળે,
તેમાં નહીં કંઈ નુન્ય
હેવા પરમારથ કામથી,
મહારાજા થાશે પુન્ય—શામે...૮

ઈશકોલ હેવી જોવા જેવી,
કોડે કીધું કામ
ભાવે ભણાશે બાલકોને,
રહ્યું તમારું નામ—શામે...૯

ફરજે જાતાં જીવડા ફડકે
વેપારીનો જાણ
તે દુઃખનો દીવાને ડાટુ,
કરું છું સાચી વાણ—શામે...૧૦

જકાત્ય હરકત્ય દર દરવાજે,
કાઢી નાખ્યું પાપ,
મંડઇમાં મકાત્ય લે છે
બેના માલનું માપ—શામે ..૧૧

કોરટો રંગે રંગેલી
કારકુનોની હાર,
વકીલોના વાદ શુન્ય,
ચાલે છે તકરાર—શામે....૧૨

ન્યાય નીતિનો થઇ રહો,
અધિકાર બેઠા જાંહાં
હુકમ તેમણે કીધો,
જમશેદજી શેઠે ત્યાં—શામે...૧૩

ગબારા દરવાજા બારે,
ઇન્દ્રપુરી આકાર
શડક શોભીત ચાલી સીધી,

લાલ બાગ મોઝાર—શાંમે...૧૪
બાગ બંગલા બગીચા કીધા.
ફુલ મેવા અપાર
ગાડી ઘોડી ધારે ધમકે,
મુંબઈનો આકાર—શાંમે....૧૫
ફુલો એ દિવાંન કાહવે,
દુનિયા ઉપર ભાવ
રઈઅત ને રાજી રાખે,
જુવોને શામરાવ—શાંમે....૧૬
નવે દીન દિવાન અરે જો,
અંબા પૂરો આશ,
જગમાં જશ જાજેરો થાજે
શત્રુ પામો નાશ—શાંમો...૧૭
નાથો નાગર વીશનગરા,
જેનું સ્વસ્થાને ધામે
જોયું જેવું ગાયું તેવું,
માંની જેલે પ્રણામ—શાંમે....૧૮



# ખંભાત

## ગઈ તે તુજ યુવાની ક્યાં?

અતિવૃદ્ધા વિનૂરા થૈ;
શરીરે શૈથિલ્ય કેવું ત્યાં?
અરે! ખંભાત મનહરતી;
ગઇ તે તુજ યુવાની ક્યાં?
નથી કૈં લાગતો મુજને;
મનોહર મુખનો ચહેરો;
હસંતા રંગ રાગો ક્યાં?
ગઇ તે તુજ યુવાની ક્યાં?
દિસે રમ્યા ન મ્હેલો ના;
મનોહર ગાલની લાલી;
નથી ચિત્રામ ખુમારી,
ગઈ તે તુજ યુવાની ક્યાં?
ઉરસ્થલ શોભીતું તારૂં,
નથી કૈં લાગતું તેવું!
ઝવેરી હાર ક્યાં ઝબકે;
ગઇ તે તુજ યુવાની ક્યાં?
નગર શ્રેષ્ઠી નિલમ મોટું;
ઉપાશ્રય હેમસૂરિનો
નથી એ દૃશ્ય સુસ્સથાનો,
ગઇ તે તુજ યુવાની ક્યાં?
કરી તટમાં એ કાંચીની;
ઘુઘરીઓ ક્યાં અહો! ધમકે?
નિતંબે ભરભરાટી ક્યાં?
ગઇ તે તુજ યુવાની ક્યાં?

ઉરૂસ્થલની ગુરુ શોભા;
ઘટેલી દેખતાં આજે
ગમે ના દ્દષ્ટી કૈં કરવા;
ગઈ તે તુજ યુવાની ક્યાં?
પદે ઝંકાર પરદેશી—જનોના
જાગતો ડૂબ્યો;
દિસે અડવાઈ કેવી ત્યાં!
ગઇ તે તુજ યુવાની ક્યાં?
ઝવેરાતે ભર્યાં તારાં;
અત્યારે અંગ છે સૂનાં;
બધાં એ દુબળાં દિસે;
ગઈ તે તુજ યુવાની ક્યાં?
જીરણ ઝાંખી સછિદ્રાળી,
ન શોભે કોટની સાડી
બુરજ બુરખો શુ શોભે ક્યાં?
ગઈ તે તુજ યુવાની ક્યાં?
રૂપાળી મૂર્તિને અંદર,
દિસે કૈં ઘાટીલાં ખંડેર
યુવાની રમ્ય કલ્પાથે,
ગઈ તે તુજ યુવાની ક્યાં
છતાં કૈં ખાનદાનીની;
મધુરા રમ્ય ભાવોની
હૃદય મધ્યે ઊંડી ખૂબી;
ગઇ તે તુજ યુવાની ક્યાં?

સાહીત્ય, મે, ૧૯૨૨, લે. પથિક

લેખક પરિચય પંડયા ભાઇ શંકર દામોદર શાસ્ત્રી એ ખંભાતના ઉદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ હતા તેઓ કાવ્ય રચી જાણતા હતા. ખંભાતમાં ૧૯મી સદીમાં થઇ ગયા.

## ખંભાત શહેર

સારૂં સારૂં રે ખંભાત શહેર અરણ્વ કિનારે રે
શોભે સુંદર બંદર એહ વ્હાણો આવે રે, ૧
ભરી તજ તેજાના માલ, સારા લાવે રે,
વિશ્વાસુ ખલાસી લોક વાવટા ઉડાવે રે, ૨
ઈમારત કરવા કાજ લકકડ લોક લાવે રે,
સારો શોભે નવાબી મહેલ સૌ મન ભાવે રે, ૩
વિશાળ ઘણો છે કોટ ફરતો દીસે રે,
રક્ષણ કરવાને કાજ ચોકીદાર બેસે રે, ૪
ઘણી નવી નવી ઈમારતો બહુરંગી રે,
વસે અરાઢે વર્ણ બહુ ઉમંગી રે, ૫
સરોવર સુંદર નારેશ્વરનું શોભે રે,
સરકારી સારો બાગ રમણીય ઓપે રે, ૬
ભરાય ત્યાં બહુ લોક, ભીડ થાય ભારી રે,
દરર્શન બેઠક થાય, શોભા સારી રે, ૭
લાલ દરવાજે થઇ સવારી જાયે રે,
દશેરા જન જોવા જાય મેવા ખાયે રે, ૮
બ્રાહ્મણ ભટજી શુક્લ સમડાં સ્થાપે રે,
રક્ષા છોડાવે લોક, દક્ષણા આપે રે, ૯
ત્યાંથી થોડેક દુર પંથે પડતાં રે.
કરો વહોરવાડની લ્હેર પાછાં વળતાં રે, ૧૦
ઘણા જાય ત્યાં મુસાફરો બહુ દોડી રે,
ભરડા ભાડાને કાજ ફેરવે ગાડી રે, ૧૧
આવે નવરાત્રિના દિન શોભા બને રે,
હોંસે હરશિલા થઇ માત દરસન દે છે રે, ૧૨
દીપક જળહળ જ્યોત પ્રગટે સારા રે,
હાંડીઓ તખતા ને ગ્લાસ થઈ દીવાળી રે, ૧૩
નવરાત્રિ જોવા કાજ લોક ફરે છે રે,
વ્યસનીઓ કરે હાથ બીડીઓ ચલકે છે રે, ૧૪
ખંભાત શહેરનું બ્યાન થયુ છે પુરું રે,
શાસ્ત્રીજી દેજો ધ્યાન નથી અધરું રે, ૧૫

લેખક પંડયા ભાઈશંકર દામોદર શાસ્ત્રી

## બાલચાહના

(૨)

લ્યો ! શિશુની સંભાળ
દયાળુ ! લ્યો શિશુની સંભાળ
આપત્તિઓ અનેક વેઠી,
જઈએ જમને દ્વાર
તોપણ ના દરકાર તમોને,
શું કહું વારેવાર દયાળુ
ભોળીમાતા નિજ સુખ સારૂં,
દેતી બાળાગોળી
તે ગોળીની ઝેરી અસરથી,
લાખોની થઇ હોળી દયાળુ
હવા ઉજાશ વિનાના ગંદા
ઘર માંહી ઉછેરી
નિર્બળ તન ને નિર્બળ મનથી,
થઇ ગઇ દેશ ખુવારી દયાળુ
ના આપ્યું પય સ્વચ્છ પીવાને,
ના આપ્યું નિર્મળ નીર,
શરદીની દરકાર ન રાખી,
પહેરાવ્યાં ના ચીર—દયાળુ
નાં લીધી દરકાર દાંતની
ન સભાળ્યા નેં'ન
નાની વયમાં દાંત ગુમાવી,
અંધાપે હેરાન—દયાળુ
ભવિષ્ય પ્રજા સુધરવા,
કરવા હિન્દ આબાદ
જતન કરી ઉછેરો બાળો
વિનવું આપી યાદ – દયાળુ

પ્રયોજક : ડૉકટર અંબાલાલ છગનલાલ શાસ્ત્રી
૧લી ઓગષ્ટ ઈ. સ. ૧૯૩૫

# વતનને

લે. શ્રી. જમિયત કૃ. પંડયા.

### મુક્તક

સમૃદ્ધિનું સાચું બન્યું છે ધામ આજ,
વિશ્વના હૈયે વસ્યું છે નામ આજ,
કાલ જે અવહેલના કરતા હતા,
એમને તારૂં પડયું છે આજ કામ.

### નઝમ

ઓ વતન, મારા વતન,—વ્હાલા વતન!
તું જ છે અમ રાંકનું મોંઘુ રતન,
પૂછતાં ઇતિહાસ સાક્ષી પૂરશે.
તારા ઉદરમાં રત્નના ભંડાર છે,
યાચક નથી પાછા ફર્યા જે દ્વારથી,
એજ રત્નાકરતણું તું દ્વાર છે.
તીર્થમાં છે તીર્થ તું ઓ સ્તંભતીર્થ!
યુગયુગ થયા તારો ઋણી સંસાર છે;
તેં જ જ્યોતિર્મય કર્યું છે વિશ્વને,
તુજ વદન પર તેજના અંબાર છે;
છે અમર ઇતિહાસનું આવું કથન
ઓ વતન મારાવતન-વ્હાલાવતન!...૧
વિશ્વથી વહેવાર કરનારા આંહી,
તારા સુપુત્રો શ્રેષ્ઠીઓ વસતા હતા,
સાતે સમંદર જવાહર પારખું
રત્નની કિંમત આંહી કરતા હતા,
વાગતી'તી ભૂંગળો, એ દ્વાર પર,
મદમસ્ત સિંહલ હાથીઓ ઝૂમતા હતા.
દુરદેશના દરિયાલાલ પણ
તારા કિનારે નાવ લાંગરતા હતા,
તેં કર્યાં છે સર્વનાં સરખાં જતન,
ઓ વતન, મારાવતન,વ્હાલા - વતન...૨
ગુપ્તના તે મૌર્ય ને ચાલુક્યનાં,
સોલંકીઓનાં કે મુગલ સામ્રાજ્યનાં.
મહામંત્રી વસ્તુપાલ ને ઉદયન વળી,
નવ્વાબજાદા વીર મોમિનખાનનાં,
તેં કર્યાં છે મૂર્ત સૌ સ્વપ્નો અહીં
સાથ દીધો તેં જ અભ્યુત્થાનમાં,
તેં ખમી છે યાતનાઓ પણ ઘણી,
તે છતાંએ સ્થિર છે તુજ સ્થાનમાં,
સુખ દુઃખ મહીં હસતું રહ્યું તારું વદન,
ઓ વતન મારા વતન—વ્હાલા વતન,...૩
કાળની ઘટમાળ ફરતી જાય છે,
જાય છે ઋતુઓ ફરીને આવવા,
જાય છે રજની અને આવે સવાર,
દુઃખથી ભર્યાં હૈયાં ફરી હરખાવવા,
તેંય પણ જોઇ ઘણીએ પાનખર,
જો, ફરી આવી વસંત હસાવવા,
જે દિવસ વીતી ગયા, વીતી ગયા,
એને ફરીથી યાદ શીદ કરાવવા?
તારો ઉદય જોઇ રહ્યા છે સૌ સ્વજન,
ઓ વતન, મારા વતન-વ્હાલા વતન!...૪
દિગ્દિગન્તે હા! ફરી છાઈ જશે.
તારી મહત્તા; માપનારું કોણ છે?
સાગર ફરી સમૃદ્ધિ ઠાલવશે અહીં,
એનું વહન અટકાવનારું કોણ છે?
મંઝિલ નથી કંઇ દૂર જીવનધ્યેયથી,
પાછા ફરી પલટાવનારું કોણ છે?
છે સપૂતો આજ તારા જાગતા,
એમને ભરમાવનારું કોણ છે?
સાધશે સહકાર સાથે સંગઠન,

ઓ વતન, મારા વતન-વ્હાલા વતન?....૫
સત્તા અહીં સમજાય છે—લોપાય છે,
સંસ્કૃતિ—સંસ્કાર બસ રહે છે અમર,
તારા સપૂતો સાચવે સંસ્કારને,
વિદ્યા કલાથી થાય સૌજન્યે સભર.
તો ફરી સદ્‌ભાગ્યની નમણી વસંત,
બાગને શોભાવશે આઠે પ્રહર,
લૂમશે ને ઝૂમશે કળીઓ અહીં;
પાછી નહીં લપટાય ભૂંડી પાનખર.
જો ઉષાનું થઈ રહ્યું છે આગમન,
ઓ વતન, મારા વતન-વ્હાલા વતન....૬

દૂર ઝંઝાવાતથી ફેંકાયલો,
યાદ તારી આવતાં હરખાઉં છું.
તારાજ અન્નોદક થકી પોષાયલો,
ઉન્નતિ જોઈને મલકાઉં છું.
જ્યાં લીધું શિક્ષણ એ વિદ્યાલય તણો
જોઈને વિકાસ રાજી થાઉં છું.
ઓ વતન! તારો ઋણી છું જન્મભર,
જન્મભર ગુણગાન તારાં ગાઉં છું.
ચાહું છું છેલ્લે મળે તારું કફન
ઓ વતન, મારા વતન—વ્હાલા વતન!
તું જ છે અમ રાંકનું મોંઘું રતન...૭



## કવિ ઋષભદાસે ખંભાતનું કરેલું વર્ણન

(વિ. સ. ૧૬૮૫) ઇ. સં. ૧૬૨૯

ગુરૂનામિ મુઝ પોહોતી આસ, ત્રંબાવતીમાં કીધો રાસ
સકલ નગર નગરીમાંહિ જોય, ત્રંબાવતી તે અધિકી હોય,
સકલ દેશતણો શિણગાર, ગુજ્જર દેશ નર પંડિત સાર
ગુજ્જર દેશના પંડિત બહૂ, ખંભાયતિ અગલિહાર સહૂ.
જિહાં વિવેક વિચાર અપાર, વસઈ લોક જિણ વર્ણ અઢાર.
ઓલખાઇ જિહાં વરણાવરણ, સાધુ પુરૂષનાં પૂજઇ ચરણ
વસઇ લોક વારૂ ધનવંત, પહિરઇ પટોળાં નારી ગુણવંત.
કનકતણા કંદોરા જડયા. ત્રિણ્ય આંગલે તે પુહુલા ઘડયા.
હીરતણા કંદોરા તલઈ, કનકતણા માદલીઆં મલઇ,
રૂપક સાંકલિઊ બી ખરી, સોવન સાંકલી ગતિ ઉતરી
વડા વાણિયા જિહાં દાતર સાલૂ પાઘડી બાંધી સાર.
લાંબી ગજ ભાંખું પાંત્રીસ, વાધતાં હરખઇ કર સીસ.
ભઇરવની એગતા ઇ જ્યાંહિ, ઝીણા ઝગા પહિર્યાં તે માંહિ
છટી રેશમાં કહિઇં ભજી, નવગજ લંબ સવંતે ગજી.
ઉપરી ફાલીઉં બાંધઈ કોઇ, ચ્યાર રૂપઈઆનું તે જોઇ
કોઈ પછેવડી કોઇ પામરી, સાઠિ સુપઈઆની તે ખરી.
પહિરી રેશમી જેહ કભાય એક શત રૂપિઆ તે થાય.
હાથે બહિરખા બહુ મુદ્રિકા, આવ્યા નર જાણું સ્વર્ગ થકા
પગે વાણુહી અતિ સુકુમાલ, શ્યામવર્ણ સબલી તે જાણ
તેલ ફુલ સુંગધ સનાંન, અંગિ વિલેપન તિલક નિપાન
એહવા પુરૂષ વસિ જેણિ ઠાહિ, સ્ત્રીની શોભા કહી ન જાય.
રૂપિ રંભા બહુ શિણગાર, ફરી ઉત્તર નાપઇ ભરતાર
અસ્યું નગર તે ત્રંબાવતી, સાયર લહિરી જિહાં આવતી.
વાહાંણ વખારિ તણો નહિપાર, હાટે લોક હરિ વ્યાપર.
નગરકોટ ને ત્રપોલીઉં, માણિક ચોક બહુ માણસ મળ્યું.
વોહોરઇ કુંલી ડોડી સેર, આલાઈ દોકડા તેહના તેર.
ભોગ લોક અસ્યા જિહાં વસઇ, દાન વરઇ પાછા નવ ખસઈ
ભોગી પુરૂષની કરૂણાવંત, વાણિગ છોડિતું બાંધ્યા જંત
પશુ પુરૂષની પીડા હરિ, માંદા નરનિ સાજાં કરી,
અજા મહીષની કરી સંભાલ, શ્રાવક જીવદયા પ્રતિપાલ,
પંચ્યાસી જિનના પ્રાસાદ ધ્વજ, તોરણ તિહાં ઘંટાનાદ.

પસ્તાલીસ જિહાં પોષધશાલ, કરઈ વખાણ મુનિવા ચાલ,
પડિક્કમણું પોષધ પૂજાય, પુણ્ય કરતાં ઘાઢા જાય
પ્રભાવના વ્યાખ્યાની જ્યાંહિ, શાહીમી વાત્સલ્ય હોઈ પ્રાંહિ.
ઉપાશરો દહેરું નિ હાટ, અત્યંત દૂરિ નહિ તે વાઢ,
ઠાંડલ ગોચરી સોહિલ્યા આંહિ, મુનિ અહિ રહિવા હીંતુ પ્રાંહિ
અસ્યું નગર ત્રંબાવતી વાસ, હીરણો તિહાં જોડયો રાસ,
પાતશા ખુરમ નગરનો ધણી, ન્યાય નીતિ તેહનિં અતિ ઘણી.
તાસ અમલિ કીધો મિંરાસ, સાંગણ સુત કવિ ઋષભદાસ,
સંવત સોલ પંચ્યસીઉં જસિ આસો માસ દસમી દિન તસી.
ગુરૂવાર મિ કીધો અભ્યાસ, મુઝ મન કેરી પુહોતી આસ,
શ્રી ગુરૂનામિં અતિ આનંદ. વંદો વિજયાનંદ સૂરિંદ.

( હીરવિજય સૂરિરાસ. વિ. સં. ૧૬૮૫ )

# ખંભાત

વલ્લભવિદ્યાનગર યુ. વ. ના

પ્રો. શ્રી. જશભાઈ કા. પટેલ

ભાષાતણી લીલા પરે
ફિદા છું હું પુરેપુરા;
ગુજરાત કેરા અહીં,
જાણીતો અખાત છે.
પ્રાસતણી કવિ કેરી,
ટાળી દેવા ચિંતા મહા.
પાડી દીધું નામ એનું
મજેનું ખંભાત છે. !
સૂતરફેણી હલવાસન,
કરો છો એનું પ્રાશન.
ખંભાત નિવાસી કેરી
રૂડી એવી વાત છે
અહીં ગેસ અને અહીં છે.
પુરાણા અવશેષ
ત્રંબાવટી નામે એવું,
ખંભાત વિખ્યાત છે.
અહીં તેલતણો મેળ,
થશો ન્યાલ એવો ખ્યાલ
ત્હારી એ ખંભાત,
ભારે કવિની જમાત છે

મળ્યું ૧-૧-૬૬

## કવિ ભરતબાહુબલિ રાસમાં જુદી રીતે વર્ણન કરે છે (વિ. સં. ૧૬૭૮)

જિહાં બહુ માનવનો વાસો,
પહોંચે સહુ કોની આશો
ભૂખ્યો કો નવિ જાય
ઘેરે ઘોડા ગજ ગાય-૧
મંદિર મોટાં છે આંહિ
બહુ ઋદ્ધિ દીસે છે ત્યાંહી
ઈન્દ્ર સરીખા તે લોકો
કરતા પાત્રનો પોષો-૨
ઘર ઘર સુન્દર નારી દેખી
રંભા એ હારી
વસે વ્યવહારિઆ ઝ્હોળા,
પહોંચે મનતણા ડોહળા-૩
વાહાણ વ્યાપારી વખાર
વૃષભ વહેલ તે સારી,
સાયર તણાં જળ કાળાં
આવે મોતી પરવાળાં-૪
નગર ત્રંબાવતી સારો
દુખિયા નરનો આધારો
નિજપુર મૂકીય આવે
તે અહીં બહુ ધન પાવે-૫
ઈસ્યુ અનુપમ ગામ
જેહનાં બહુ છે નામ
ત્રંબાવતી પિણ કહિયે,
ખંભનગર પિણ લહિયે-૬
ભોગવતી પિણ હોય,
નગર લીલાવતી જોય.
કર્ણાવતી પિણ જાણું,
ગઢ ગઢ મંદિર વખાણું-૭
નગર ચોરાસી ચહુટાં
શોભંતાં હાટ તે મોટાં,
ઝવેરી પારેખ સારા,
બેસે દોસી દંતારા-૮
વિવિધ વ્યાપારિઆ નિરખો,
જોઈ ત્રપોળિઓ હરખો,
મોટી માંડવી ફૂરજો
દાણચોરી તિહાં વર્જો.-૯
નગરીનાં લોક વિવેકી
પાપ તણી મતિ છેકી,
પૂજે જિનવર પાય
સાધુતણા ગુણ ગાય-૧૦
નહિ કોઈને વિષવાદ,
પંચ્ચાસી જિન પ્રાસાદ,
મોટી પો ષ ધ શા ળ
સંખ્યા તેહની એંતાળ-૧૧
બહુ હરિમંદિર જોય,
અહીં ષટ્ દર્શન હોય,
નહિ કેહને રાગદ્વેષે,
વસતા લોકો અનેક-૧૨

દુહા

જન અનેક પુરમાં વસે. નહિં નિદ્યાની વાત
બહુ ધન ધાન્યે તે ભરી વસ્તુ અનુપમ સાત ૧
વહેલ વરઘોડો વીંઝણો, મંદિર જાલિ ભાત,
ભોજન દાળ ને ચુડલો એ સાતે ખંભાત ૨
બહુ વસ્તિથી દીપતું અમરાપુર તે હોય,
શાહ જહાંગીર પાતશાહ નાથ નગરનો જોય ૩
નગર ભલું ત્રંબાવતી દિન દિન ચઢતો વાસ
ઋષભ કહે તિહાં જોડિઓ, ભરતેશ્વરનો રાસ ૪

(ભરતબાહુબલિ રાસ વિ. સ. ૧૬૭૮)

કવિ શામળ (વિ. સ. ૧૭૭૪-૧૮૨૧)

તંબાવટી નગરી ગુણ ગામ,
નિરમળ ચાર તેનાં છે નામ.
કનકાવટી અને રૂપવતી
ત્રીજુંનામ ત્રંબાવટી.
ખંભાવતી ચોથું છે નામ,
અધભોગ દેવસ્થાન ઠામ.
મહીસાગરની ભરે નીર,
અનેક તીરથનાં આવે નીર.
કોટીધ્વજ અલખત છે અતિ,
લેખાવતા ઝાઝા લખપતી,
વહાણવટી વારૂ વેપાર
અલખત ખીજી અપરંપાર
વિદેશથકી આવે બહુ વહાણ,
અતિશે શોભા ઊગ્યો ભાણ
કમલચંદ શા નગર જ શેઠ
ડાહ્યો સપુત દંતોશા પેટ,
હીરાવતી ઘેર નારી સતી,
પતિવ્રતા ધર્મ પાળતી.
(ભદ્રાભામિની વાર્તા

## શિલવિજય કહે છે (વિ. સં. ૧૭૨૧ થી ૧૭૩૮)

પહેલે યુગે હોઇ રત્નાવલી,
બીજે કહીએ કનકાવતી.
ત્રંબાવટી ત્રીજે માંહી હોય,
ચોથે ખંભનયર હોય,

કવિ નરપતિએ વિ. સં. ૧૫૬૦ માં પંચદંડની વાર્તા લખી છે. તેમાં તેણે ત્રીજે "અભયદંડ માહાત્મ્ય" માં "ત્રંબાવટી નગરીમાં" લેવા જવાનો વિક્રમરાજાને આદેશ આપે છે

## નરપતિએ ખંભાતનું કરેલું વર્ણન (વિ. સં. ૧૫૬૦)

"જિ કહીઇ નયરખંભાતિ,
બીજી ઉપમા નહિ ખંભાતિ
જઇઈ જો તૂં કર્ણરાય નરેશ,
ત્રીજઇ તુમ્હનઈ આદેશ
× × ×
ત્રંબાવતીઈ વિક્રમ જાઇ,
આગેવાણિ જ આગિળિ થાઈ
જિજિ કાજ રાય મનિ ધરઈ,
તિતિ સઘલું હેલામાંહિ કરઈ
ધરિ મૂકી સહૂ બાહારિ જિમઈ,
એહવું રાઈ નઈ સ્યાથકી ગમઇ?
હેમકલસ મંદિર ઝલકંઈ,
ધૂંઆડિ ધૂધલા હોયંતિ ૮
આગઈ નગરી દેવહતણી,
પવિત્ર પણઈ રાખઇ તેહ તણી
નગર જોઅંતાં મનમોહંતિ,
પાંચ નામ એહનાં બોલંતિ—૯
પહલઈ નામઇ ત્રંબાવતી,
બીજા નામઇ ભોગાવતી
ત્રીજઈ નામઈ લીલાવતી,
ચઉથઈ નામઇ અમરાવતી—૧૦
નામ પાંચમઇ ખંભાવતી,
વિચિત્ર પણઇ જાણી સરસતી
જેહવું નામ તેહવું પરણામ,

એહનગર છઈ ઉત્તમ ઠામ—૧૧
રાજા પુહુતૂં નગર મઝાર,
નગર તણઉ રૂઅઉ વિસ્તાર
કાને સુણિઉંતિ નયણિ દીસંતિ,
નિરમલ લોક રાય હરખંતિ—૧૨

ચઉહુટા તણા ચોક ઝલકંતિ,
ત્રિણિ કલસિ નરમન મોહંતિ
નગર તણી ચતુરાઇ ઘણી,
વિખાણુઈ અવચંતી ધણી—૧૩
નગર દેખી રાજામનિ વસિઉં
રાજધાન જોઉં છઈ કિસિઉં?—૧૪

ત્રીજા અભયદંડમાં વિક્રમરાજા ખંભાતમાં આવે છે અને રતનમંજરીને લઈ જાય છે. કહે છે કે

"વિક્રમાદિત્ય અમારૂં નામ,
ત્રંબાવતીઇં હુતૂં કામ"
કાજ કરી હું પાછઉ વલિઉં,
તાહારા નગરમાંહિ છેતરિ ઊં—૧૩૫

---

## ખંભાત વિષે ખાયણાં

### લોકગીત

૧ પંચદંડની વાર્તા અભયદંડ પૃ. ૭૫ શંકરપ્રસાદ છગનલાલ રાવલ સંશોધિત

ઓ પેલી ઓ પેલી ખંભાત ગામની વાયો,
એ કાને એ ઝાલરો, કેવી બેન પાણી ભરે.
ઓ પેલા, ઓ પેલા, ખંભાત ગામના તાડ,
કેવી બેનનાં લાડ, લડાવ્યા ના વિસરે.
આવો પંડ્યા બેસો, સામી ભીંતે,
કન્યા માગો રૂડી રીતે, કઇ બેન આપીએ.
મારા બાપને આવળનું છે દાતણ
બાવળનો છે કૂચો. મોટાનું ઘર પૂછો
તો મારા બાપનું

# શ્રી સહજાનંદ સ્વામી ખંભાત પધાર્યા (ઇ.સ. ૧૮૪૬)

તે સમયનું શ્રી મંજુકેશાનંદ રચેલાં પદ

આ સમયના વર્ણનનાં પાંચ પદો તેમણે રચેલાં છે. નવાબ સાહેબ મહુંમ હુસેનયાવરખાન સાહેબ તેમની સભામાં પધારે છે; અને પોતાના શાહજાદાને આશીર્વાદ આપવા કહે છે.

પદ ૧

નવાબ હુસેનયાવરખાં બહાદુર,
સો લાલ બાગે આયે,
પીછે શ્રી રઘુવીર આચારજ,
પ્રીત કરી હાં બોલાવે.
સંત સમાજ સંગ લે આયે,
લાલ બાગમે રઘુવીરા,
સન્મુખ ઉઠી આયે નૃપતિ,
ચરન પરે નામી શીરા,
કર પકડી નીજ બંગલે મધ્યે,
કોચ ઉપર આઇ પધરાવે.
રાજરીત કરી પૂજન કીનો,
ભેટ ધરી મન હરખાયે,
કરી શિરપાવ દોશાલ ઓઢાઈ,
ભુવન અરુ ઘોડા દોના,
કુસુમ હાર તોરા તોરા પહીરાયે,
કર જોડી બીનતી કીના,
કરૂના કરી મમ પુરજો આયે,
ધન્ય ભાગ્ય મેરે આજા,
પુરવાસી સબ પાવન કરીને,
યું કર જોડી કહે રાજા.
પુની નવાબ હુસેનયાવરખાન,
કહે મમ સુત શિર હસ્ત ધરો,
મનકી આધિ તનકી વ્યાધિ,
કૃપા કરી સબ દૂર કરો.
તબ ગોપાલાનંદ મુનિવર,
તેહી સૂત કે શિર હસ્ત ધરે,
મંજુકેશાનંદ કહે નૃપતિ,
તબ હી મુનિ કે પાય ધરે.

પદ ૨

પુની ગોપાલ મુનિ કહે નૃપકું,
તવ જનપદ કો અન્નપાઇ,
યહ સબ સાધુ કામ લોભ તજી,
ભજન કરત હરિ ગુન ગાઇ.
એસે સુનિ કે વચન સુની પુની,
નૃપતિ બોલે શિર નાઈ,
હે મુનિરાજ! રાજ્ય અરૂ સંપત,
તોર પ્રસાદ સે મેં પાઈ.
સોબી સબ મિથ્યા હે મુનિવર,
યું જાનત હું મેં મનમેં,
અંત સમે સબ ફના હોયગા,
પ્રાણ જબે નહીં રહે તનમેં
તહાં પંડિત પૂરા ચલી આયે,
સભા ભરી બેઠે સબહી,
બહત ભાંતી તે હી પ્રશ્ન પૂછે,
દીયા ઉત્તર સબકા તેહી.
રાજ દિવાન અરૂ કારભારી,
બેઠે સોઈ સભામાંઇ,
પ્રેમસહિત સો દરશન કરી કે,
મગન ભયે સબ મન માંઈ.

શ્રી રઘુવીર કી જીત ભઈ,
અરૂ સબ મતવાદી હારે,
પીછે શ્રી આચારજ આયહી,
આગ્યા માગી તેહી વારે,

તબ હી શીરનામી કરજોડી,
દીની આગ્યા નૃપ ધીરા,
મંજુકેશાનંદ કહે આયે,
વૃત્તાલય શ્રી રઘુવીરા.



## ખંભાત માતૃભૂમિ માટે અભ્યર્થના

ઈ. સ. ૧૯૫૯

"સાત સાગરની મહારાણીનું પદ ફરી ખંભાતને મળે, એનાં સાગરકાંઠે દેશપરદેશના ધ્વજો ફરકાવતા જહાજોની ફરી અવરજવર ચાલુ થાય; એની કલાકારીગરી અને હુન્નરઉદ્યોગ ફરી સજીવન થાય, અને સાતસાગરની લક્ષ્મીને પોતાને આંગણે ખેંચી લાવી એના વ્યાપારીઓ ગુજરાતને ચરણે ધરે એવી આકાંક્ષા દરેક ખંભાતવાસીના હૃદયમાં જાગે અને એ આકાંક્ષા સિદ્ધ કરવાને પ્રબળ પુરૂષાર્થ કરવા સૌ મથે એવી ભાવના ફળો એજ અભ્યર્થના."

### શ્રી. કાંતિલાલ માણેકલાલ કાંટાવાળા

મ્યુ. કમિશનર; અમદાવાદ મ્યુ. કોર્પોરેશન

### અમદાવાદના મેયર શ્રી ચીનુભાઈ ચીમનલાલ શાહ ૧૯૬૦

ખંભાતના વેપારી મહામંડળની કચેરીનું ઉદ્દ્ઘાટન કરવા તા. ૧-૩-૬૦ ના રોજ અમદાવાદના મેયર શેઠ શ્રી ચીનુભાઈ ચીમનલાલ શાહે ગવારામાં કુટાપોળનાં મહાદેવ પાસે મંડપ બાંધી. કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે તેમણે કહ્યું હતું હતું કે-

"ખંભાતનો પૈસો, બુદ્ધિશક્તિ ખંભાતમાં છે, તેનો ઉપયોગ થાય અને સૌ સાથે મળીને કામ કરે. પુણ્યાઈથી ભરેલું આ સુંદર શહેર સારી રીતે વિકાસ પામો. તેના નાગરિકો સુખી અને સમૃદ્ધ થાઓ ને તેની જુની જાહોજલાલી પુનઃ પ્રાપ્ત થાઓ." તા. ૧-૩-૬૦

### વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ

ખંભાત તા. ૪-૪-૧૯૬૦

"આજે આપણો દેશ ઔદ્યોગિક ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ખંભાતમાંથી મળેલા તેલને રાષ્ટ્રભરમાં લોકોએ આશાપૂર્વક વધાવી લીધું છે."

### થાપણ પાછી સોંપું છું

ખંભાતના છેલ્લા નવાબ સાહેબ મિરઝાં હુસેનયાવરખાન સાહેબના ઉદ્દગાર

હિંદી સંઘમાં જોડાતાં તેઓએ કહ્યું કે :— પ્રજાની સેવા કરવા સિવાય બીજો હેતુ મેં વિચાર્યો નથી. પ્રજાહિત માટે મેં જે કાંઇ કર્યું છે તેમાં કંઈ મેં ઉપકાર કર્યો નથી; પરંતુ રાજા તરીકેની એક પવિત્ર ફરજ અદા કરી છે પ્રજાએ સોંપેલી રાજ્યરૂપી થાપણને આજ સુધી સંભાળી રાખીને ફરીથી તે અનામત સારી અવસ્થામાં પાછી સોંપતાં મને અત્યંત ખુશી ઉપજે છે."

મારી પ્રજાને મારી મદદની જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે તેને માટે મારાં દ્વાર હંમેશાં ખુલ્લાં છે, અને ખંભાત માટે અને મારા દેશ માટે પણ હું બનતી સઘળી સેવાઓ આપવા હું સદાને માટે તત્પર છું. અને હરહંમેશ હોઈશ."

પ્રકરણ ૮૩ મું

# પ્રજાકીય સરકાર

## સંપૂર્ણ સાર્વભૌમ ભારત : તા. ૧૫ મી ઑગષ્ટ ૧૯૪૭

ન્યૂ દિલ્હીમાં તા. ૧૪ મી ઑગસ્ટ સને ૧૯૪૭ ના રાત્રે સાડા અગિયાર વાગે ઐતિહાસિક લોકસભાની બેઠક મળી. સભાના કામકાજની શરૂઆત વંદેમાતરમથી થઈ. બાદ હિંદની આઝાદીની લડતમાં થયેલા શહીદોના માનમાં સભાએ બે મિનિટ મૌન પાળ્યું હતું. લોકસભાએ પોતાનો નેતા ચૂંટી કાઢયો અને ત્યાર પછી તે નેતા વાઈસરોયના નિવાસ સ્થાને જઈ હિંદના ગવર્નર જનરલ તરીકે શ્રી રાજાજીની નિમણુંક કરેલી; તેમને પોતાના પ્રધાન મંડળ માટે પસંદ કરેલા નામોની જાણ કરી.

તા. ૧૪ મી ઑગસ્ટે ૧૯૪૭ ના રોજ સવારે ૮–૩૦ વાગે વડા ન્યાયમૂર્તિ સમક્ષ સોગન વિધિ કરાવ્યા હતા. આ બધી ક્રિયા ખૂબ રાજશાહી દબદબા ભરી રીતે કરવામાં આવી હતી. ૩૧ તોપોની સલામી અપાઇ હતી.

પહેલા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ



ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે સને ૧૯૫૦ માં ચૂંટાયા હતા. તેઓ અજાતશત્રુ, અહિંસાના પૂંજારી અને મહાન વિચારક હતા તેઓ તા. ૨૮–૨–૬૩ ના રોજ અવસાન પામ્યા.

બીજા રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણન્



ભારતના બીજા રાષ્ટ્રપતિ તરીકે શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણ હતા. તેઓ આંધ્ર પ્રાંતના હતા. તેઓ મહાન વિદ્વાન હતા. પરદેશમાં ભારતના ઘણી પ્રતિષ્ઠા વધારી હતી. તેઓ ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી તે રાષ્ટ્રપતિપદે રહ્યા હતા.

## ત્રીજા રાષ્ટ્રપતિ શ્રી ડૉ. ઝાકીરહુસેન
(૧૯૬૭–૬૯)

તેઓ યુક્ત પ્રાંતના એટા જિલ્લાના એક ગામડાના હતા. ઘણી વિદ્યા સંપાદન કરી હતી. આપબળે તેઓ આગળ આવ્યા હતા. તેઓ ૧૯૬૭–૬૯ સુધી રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. તા. ૧૯૬૯ માં મે માસમાં હૃદય રોગથી દિલ્હીમાં અવસાન પામ્યા.

## ચોથા રાષ્ટ્રપતિ શ્રી વરાહગિરિ વેંકટગિરિ
(વિ. વિ. ગિરિ) (૧૯૬૯ થી ચાલુ)

તેઓ ગંજમ જિલ્લાના બરહામપુરમાં જન્મ્યા હતા. તેઓએ ઘણી ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી છે. અને હિંદના રાજ્ય કામમાં ઘણી ઊંચી જગા પર રહ્યા છે. તેઓ ૧૯૬૯ માં રાષ્ટ્રપતિ પદે ચૂંટાઇને આવ્યા છે.

# ભારતના વડા પ્રધાનો

### ૧. પહેલા વડાપ્રધાન :–
### શ્રી જવાહરલાલ નહેરૂ



જેમના વિષે અતિથિ પ્રકરણમાં આપવામાં આવ્યું છે. ભારત સને ૧૯૪૭માં આઝાદ થયું ત્યારે તેઓ પ્રથમ વડા પ્રધાન તરીકે ચૂંટાયા હતા. તેઓ ૧૯૪૭ થી ૧૯૬૪ સુધી પ્રધાનપદે રહ્યા હતા. તેઓ ૨૭–૫–૧૯૬૪ના રોજ અવસાન પામ્યા.

૨. બીજા વડા પ્રધાન :- શ્રી લાલબહાદુર શાસ્રી. સને ૧૯૬૪ થી ૧૯૬૬

પંડિત જવાહરલાલ નહેરૂની તેમના પ્રત્યે ઘણી ઉંચી ભાવના હતી. તેઓ કહેતા કે અપ્રતિમ નિષ્ઠા, સહૃદયી સ્વભાવ. અને અથાગ પરિશ્રમ કરનાર આદમી હતા. તેઓ નહેરૂ પછી વડા પ્રધાન (તા. ૯-૬-૧૯૬૪) થયા હતા. અને નહેરૂજીના પગલે ચાલી પ્રજાની પ્રીતિ સંપાદન કરી હતી. તેઓ તા. ૩-૧-૬૬ના રોજ રશિયાના ઉઝએકીસ્તાનના તાશ્કંદ શહેરમાં પાકીસ્તાનના પ્રમુખ અયુબખાન સાથે મંત્રણા કરવા ગયા હતા ત્યાં તા. ૧૦-૧-૬૬ના રોજ રાતના એકાએક હૃદયનો દુખાવો થયો અને અવસાન પામ્યા.

૩. ત્રીજા વડા પ્રધાન :- ઈંદીરા ગાંધી. ૧૯૬૬ થી



શ્રી લાલબહાદુર શાસ્ત્રી પછી સને ૧૯૬૬માં તેઓ વડા પ્રધાનપદે ચૂંટાઈને આવ્યા છે. અને ત્યારપછી ૧૯૭૧માં ફરી ચૂંટણી થઈ તેમાં પણ તે વડા પ્રધાનપદે ચૂંટાઇને આવ્યા છે, તેઓ ઘણા સુધારાવધારા કરી પ્રજાનાં દુ:ખો દૂર કરવા પ્રયત્ન કરી રહ્યાં છે.

## મુંબઇ પ્રાંત

ખંભાતનું રાજ્ય તા. ૧૦-૬-૪૮ થી હિંદી સંઘમાં જોડાયું અને હિંદીસંઘે પ્રાંત રચના કરી; તેમાં ખંભાત રાજ્યને મુંબઇ પ્રાંતમાં મૂકવામાં આવ્યું હતું ત્યારથી ખંભાત પર રહેલા મુખ્ય અધિકારીઓ આ પ્રમાણે છે.

૧. ખંભાત મુંબઇ પ્રાંતમાં તા. ૧૦-૬-૪૮.

૧ મુખ્ય પ્રધાન :- શ્રી બાળગંગાધર ખેર અને શ્રી મોરારજી દેશાઇ ગૃહમંત્રી આ બંને તા. ૧૩-૧૧-૪૮ના રોજ આવ્યા હતા. ત્રણ દરવાજાના ચોગાનમાં સભા ભરવામાં આવી હતી.

શ્રી બાળાસાહેબ ખેરે જણાવ્યું હતું કે હવે બધાં રાજ્યો હિંદીસંઘમાં ભળી ગયાં છે એ ઘણી સુખદ ઘટના છે. હિંદ છોડીને જતાં બ્રિટીશો એ એવી આશા નહિ રાખી હોય કે આવું મુશ્કેલ કાર્ય હિંદના નેતાઓ સહેલાઈથી પતાવી દેશે. હિંદુ-મુસ્લીમો લડશે પણ એ બધાનો સુખદ અંત આવી ગયો છે. શ્રી મોરારજીભાઈએ જણાવ્યું હતું કે દરેક કાર્યકર્તાઓએ એવી હવા પેદા કરવી કે જેથી લોકોનો ભાવ તેમના તરફ વધતો રહે.

## ૨. બીજા મુખ્ય પ્રધાન :- શ્રી મોરારજી રણછોડભાઈ દેશાઇ



મુંબઈના પંત પ્રધાન તરીકે તા. ૧૩-૬-૫૬ ના રોજ તેઓ ખંભાત આવ્યા હતા. તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું સરદાર છાત્રાલયની અનાવરણવિધિ, તથા છોટાલાલ એચ. શાહે બંધાવેલા ટાવર તથા સરદારશ્રીની પ્રતિમાની અનાવરણવિધિ તેમના હાથે કરાવવામાં આવી હતી. ખંભાત મ્યુ તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યુ હતું સૂતિકાગ્રહ, નવાબ સાહેબનો મહેલ, શિવ્યુબંગલ વગેરેની મુલાકાત તેમણે લીધી હતી, ત્યારપછી પણ બેત્રણ વખતે ખંભાતની મુલાકાતે આવી ગયા હતા.

## દ્વિભાષી મુંબઇ રાજ્ય (૧૯૫૬-૧૯૬૦)

મુંબઈ રાજ્ય બહુ મોટું લાગવાથી તેમાંથી દ્વિભાષી મુંબઈ પ્રાંતની રચના સને ૧૯૫૬માં કરવામાં આવી. ખંભાત દ્વિભાષી મુંબઇમાં ગણાવા લાગ્યું.

પહેલા પંત પ્રધાન શ્રી યશવંતરાય ચવ્વાણની નિમણુંક થઇ હતી. તેઓ તેલ ક્ષેત્રની મુલાકાતે ખંભાત આવ્યા હતા.

## ગુજરાત રાજ્ય તા. ૧-૫-૧૯૬૦.

દ્વિભાષી મુંબઈમાંથી સ્વતંત્ર ગુજરાત રાજ્યની રચના તા. ૧-૫-૧૯૬૦થી કરવામાં આવી.

## ૧. પહેલા મુખ્ય મંત્રી :- શ્રી જીવરાજ નારાયણ મહેતા



તા. ૧-૫-૬૦થી તા. ૧૯-૯-૬૩ સુધી તેઓ રહ્યા. તેઓ દ્વિભાષી મુંબઇ રાજ્યમાં નાણાંપ્રધાન હતા ત્યારે તેઓ સને ૧૯૫૫માં ખંભાત આવેલા. વળી સને ૧૯૬૧માં શ્રી પ્રાણજીવન જ્ઞાનમંદિરના ઉદ્દ્ઘાટન પ્રસંગે તથા સને ૧૯૬૩માં કંસારીના કોલોની ઉદ્દ્ઘાટન પ્રસંગે તથા ઝવેરીઓ તરફથી સંરક્ષણ ફંડમાં નાણાં આપ્યાં ત્યારે તેઓ ખંભાત આવેલા; અને ખંભાત વિષે લાગણી સારી દર્શાવી હતી.

## ૨. બીજા મુખ્ય મંત્રી :- શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા ૧૯૬૩-૧૯૬૫



ગુજરાતના બીજા મુખ્ય મંત્રી તરીકે શ્રી બળવંતરાય તા. ૧૯-૯-૬૩થી નિમાયા. તેઓ પંચાયતી રાજ્યના પ્રણેતા ગણાતા હતા. તેઓ સેવામય હતા. પ્રતિભાશાળી હતા. નિરાડંબરી જીવન ગાળતા હતા. અને પ્રજાનું કલ્યાણ કરવાની ભાવનાવાળા હતા. તેઓ કચ્છ જિલ્લામાં વિમાનમાં જતા હતા. વિમાનને અકસ્માત થતાં તા. ૧૯મી સપ્ટેમ્બર સને ૧૯૬૫ના રોજ તેમનું અવસાન થયું. પૂરાં બે વર્ષ તેઓ પ્રધાનપદે રહ્યા:

### ૩. ત્રીજા મુખ્ય મંત્રી :- શ્રી હિતેન્દ્રભાઇ કનૈયાલાલ દેશાઈ ૧૯૬૫-૧૯૭૧



શ્રી બળવંતરાયના અવસાન બાદ તેમની જગાએ તરત તેમને નીમવામાં આવ્યા હતા. પછી ચૂંટણી થતાં તેઓ ચૂંટાયા હતા. સને ૧૯૭૧ માં તેમણે રાજીનામું આપ્યું હતું પરંતુ ફરી પ્રધાનપદે તેઓ ચૂંટાયા હતા. તેઓ ખંભાતમાં "ખંભાત ભગિની સમાજ" ના મકાનની સોંપણી વખતે તથા બીજા પ્રસંગોએ આવ્યા હતા. અસામાન્ય સંજોગોને લીધે ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન સને ૧૯૭૧ ના મે માસમાં આવ્યું હતું.

## રાજ્યપાલો ( ગવર્નરો )

ખંભાત મુંબઈ રાજ્યમાં હતું ત્યારે (૧) શ્રી ગિરિજાશંકર બાજપાઇ (૨) શ્રી મંગળદાસ પકવાસા (૩) હરિકૃષ્ણ મહેતાબ હતા.

### ગુજરાત રાજ્ય (તા. ૧-૫-૬૦)ના રાજ્યપાલો ૧. મહેદી નવાબજંગ



ગુજરાત રાજ્યના પહેલા ગવર્નર હતા.

# મતાધિકાર અને ચૂંટણી

## ગુજરાતનાં દેશીરાજ્યોનું અંતિમ વિલીનીકરણ

હિંદીસંઘમાં ખંભાતનું રાજ્ય તા. ૧૦-૬-૪૮ ના રોજ ભળી ગયું; અને તે સિવાયનાં તમામ દેશી રાજ્યો હિંદીસંઘમાં ભળી ગયાં. જેની છેલ્લી તા. ૧લી ઓગષ્ટ સને ૧૯૪૯ ગણવામાં આવે છે. આ દિવસને ઐતિહાસિક દિવસ ગણાય છે. દેશી રાજ્યો હિંદીસંઘમાં ભળી ગયા પછી ગુજરાતને દસ જિલ્લાઓમાં વહેંચી નાખી નવી રચના કરી. ગુજરાતને મુંબઇ પ્રાંતમાં ગણવામાં આવ્યો, અને મુંબઈ રાજ્યને ભારતના એક વિભાગ તરીકે રાજ્ય વ્યવસ્થાથી ગોઠવ્યો. આથી સર્વદેશી રાજ્યોની પ્રજા મુંબઇ પ્રાંતના નાગરિકો ગણાયા અને મુંબઈની ધારાસભામાં બેસવાનો હક્ક પ્રાપ્ત થયો.

### ચૂંટણી પહેલાં વ્યવસ્થા સને ૧૯૪૯થી ૧૯૫૨

ના. ગવર્નર જનરલે મુંબઇ પ્રાંતની ધારાસભામાં પ્રાંત સાથે ભળી ગયેલાં દેશી રાજ્યોના પ્રતિનિધિઓની નીમણુંક કરી. જેમાં ઉપલી ધારાસભા માટે અને નીચલી ધારાસભા માટે એમ બે જૂથો પાડી. પ્રતિનિધિઓની નિમણૂંક કરી. ખંભાતમાંથી શ્રી જયંતિલાલ મગનલાલ વખારિયાને નીમવામાં આવ્યા. તેઓ તા. ૯મી સપ્ટેમ્બર સને ૧૯૪૯ના રોજ મુંબઈની નીચલી ધારાસભામાં ગયા.

### ભારતની પ્રથમ ચૂંટણી સને ૧૯૫૨

**ખંભાત વિભાગ :–** ખેડા જિલ્લામાં 'ખંભાત-માતર' વિભાગ પાડવામાં આવ્યો; અને તેમાં એક હરિજન બેઠક અલાયદી તથા એક સામાન્ય બેઠક રાખવામાં આવી. આમ કુલ બે બેઠકો રાખી.

### મુંબઇની ધારાસભા માટે નીચેના ઉમેદવારો હતા.

૧ શ્રી જયંતિલાલ મગનલાલ વખારિયા (લોકપક્ષ) ઝૂંપડી મળેલા મત ૨૭૦૭૫.

૨ શ્રી માધવલાલ ભાઈલાલભાઇ શાહ (કોં.) બે બળદ મળેલા મત ૩૫૮૦૯.

૩ શ્રી જયંતિલાલ હીરાલાલ શાહ (રામરાજ્ય) ઉગતે સૂર્ય મળેલા મત ૫૧૫૬.

૪ શ્રી વણકર આલાભાઈ નથુભાઇ (કોં.) બે બળદ મળેલા મત ૩૦૨૯૮.

૫ માલાવંશી ઉકાભાઇ આશાભાઇ (શી. કા. ફે.) મળેલા મત ૫૪૩૭.

૬ પુરાણી દલપતભાઇ રણછોડભાઇ (લોકપક્ષ) ઝૂંપડી મળેલા મત ૨૬૩૭૧.

શ્રી માધવલાલ ભાઈલાલભાઇ શાહ અને વણકર આલાભાઇ નથુભાઇ મુંબઇની ધારાસભા માટે ચૂંટાયેલા જાહેર થયા.

કુલ મતદાન ૧,૩૫,૮૯૧, અને નકામા મત ૫૭૯૫ હતા.

ચૂંટણી તારીખ ૩-૧-૫૨ સવારના ૮ થી સાંજના ૬.

મતગણતરીનો દિવસ તા. ૧૮-૧-૫૨.

### દિલ્હીની લોકસભા માટે ઉમેદવાર

૧ ફૂલસિંહજી ભારતસિંહજી દાભી (કોં.) બે બળદ.
૨ દિનુભાઈ ગણપતિદાસ દેશાઇ (લોકપક્ષ) ઝૂંપડી.

## બીજી ચૂંટણી સને ૧૯૫૭

મુંબઈની ધારાસભા માટે નીચેના ઉમેદવારો હતા. ખંભાત વિભાગ.

૧ જ. મિરઝાં હુસેનયાવરખાન (કોં.) એ બળદ મળેલા મત ૨૫૫૩૯.

૨ શ્રી જૈન રતિલાલ બેચરદાસ (મહાગુજરાત) મળેલા મત ૨૦૧૧૪.

૩ શ્રી મંગળદાસ ઝીણાભાઈ (સ્વ.) ૧૨૫૧

જ. મિરઝાં હુસેનયાવરખાન સાહેબ ચૂંટાયેલા જાહેર થયા. અને શ્રી મંગળદાસ ઝીણાભાઈની ડીપોઝીટ જપ્ત થઈ.

ચૂંટણી તારીખ :- ૨-૩-૫૭.

મતગણતરીનો દિવસ :- ૫-૩-૫૭.

દિલ્હીની લોકસભાના ઉમેદવાર : આણંદ મતદાર મંડળ.

૧ કુ. મણીબેન વલ્લભભાઇ પટેલ (કોં.) એ બળદની જોડ.

૨ શ્રી દાદુભાઇ મૂળજીભાઈ અમીન (મ.ગુ.જ.) કુકડો

કુ. મણીબેન ચૂંટાયેલાં જાહેર થયાં.

**(૧) ગુજરાત રાજય સને ૧૯૬૦ (૧-૫-૬૦) છુટું પડયું.**

એટલે સને ૧૯૬૨માં થયેલી ચૂંટણી તે ગુજરાત રાજ્યની પ્રથમ ચૂંટણી ગણાય, અને ભારતની ત્રીજી ચૂંટણી ગણાય.

ગુજરાત રાજ્યની વિધાનસભાના ઉમેદવાર : ખંભાત મત વિભાગ.

૧ શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી (સ્વ.) ૨૬૦૧૩ મત.

૨ શ્રી બાબુભાઈ જશભાઇ પટેલ (કો.) ૨૧૩૧૪.

શ્રી રણજીતરાય ચૂંટાયેલા જાહેર થયા.

ચૂંટણી તા. ૨૩-૨-૬૨. કુલ મતદારો ૬૫૮૨૮.

લોકસભાના ઉમેદવાર.

૧ શ્રી નરેન્દ્રસિંહ રણજીતસિંહ મહીડા (સ્વ.)

૨ શ્રી કુ. મણીબેન વલ્લભભાઇ પટેલ (કો.)

શ્રી નરેન્દ્રસિંહ ચૂંટાયા જાહેર થયા.

**(૨) બીજી ગુજરાતની વિધાનસભા માટે ઉમેદવાર :- સને ૧૯૬૭.**

૧ શ્રી નંદકુમાર મોતીભાઈ રાઠોડ (અપક્ષ) ૪૯૫ મત

૨ શ્રી મનુભાઈ વલ્લભભાઈ (અપક્ષ) ૬૭૧ મત

૩ શ્રી માધવલાલ ભાઈલાલ શાહ (કોં.) ૨૯૭૧૮ ,,

૪ શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી (સ્વ.) ૨૦૦૪૭ મત

શ્રી માધવલાલ ભાઇલાલ શાહ ચૂંટાયેલા જાહેર થયા.

નં. ૧-૨ ઉમેદવારોએ ડીપોઝીટ ગુમાવી.

### ૨. શ્રી નિત્યાનંદ કાનુનગો



ગુજરાત રાજ્યના બીજા ગવર્નર હતા.

### ૩. શ્રી શ્રીમન્નારાયણ

ગુજરાત રાજ્યના ત્રીજા ગવર્નર,

## દિલ્હીની લોકસભા ૧૯૬૭ માટે

૧ શ્રી હીરૂભાઇ મૂળજીભાઈ પટેલ (સ્વ.) ૧૬૦૬૭૨
૨ શ્રી નરેન્દ્રસિંહ રણજીતસિંહ મહીડા (કાં.) ૧૮૧૮૯૪

શ્રી નરેન્દ્રસિંહ ચૂંટાયેલા જાહેર થયા.

## ભારતની લોકસભાની પાંચમી ચુંટણી સને ૧૯૭૧.

આણંદ મતવિભાગમાંથી ઉભા રહેલા ઉમેદવાર
૧ નગીનદાસ છોટાલાલ પટેલ (અપક્ષ)
૨ નરેન્દ્રસિંહ રણજીતસિંહ મહીડા (શા. કો.)
૩ શ્રી પ્રવિણસિંહ નટવરસિંહ સોલંકી (સંસ્થા કોં.)
૪ શ્રી મહેન્દ્રકુમાર બાબુભાઈ પટેલ (અપક્ષ)

શ્રી પ્રવિણસિંહ નટવરસિંહ સોલંકી ચુંટાયેલા જાહેર થયા.

ચુંટણીની તારીખ ૪–૩–૧૯૭૧; મતગણતરી તારીખ ૧૦–૩–૭૧.

## ખંભાતમાં પંચાયતી રાજ : ૧૯૬૩ શરૂ.

**મંગલ પ્રારંભ** :– મામલતદારની કચેરીવાળા મકાનમાં ખંભાત તાલુકા પંચાયતની ઓફિસ રાખવામાં આવી. અને તા. ૨જી એપ્રિલ સને ૧૯૬૩ના સવારના નવ વાગે મંગલ પ્રારંભ કરવામાં આવ્યો. તેના પ્રથમ તાલુકા અધ્યક્ષ તરીકે શ્રી જટાશંકર ત્રંબકરામ ભટ્ટ હતા. (૧૯૬૩–૧૯૬૮) તેમણે જુદી જુદી સમિતિઓની રચના કરી

તાલુકાનો વિકાસ થાય તેવો પ્રબંધ કર્યો હતો. તેમનું જીવનચરિત્ર–ચરિત્ર વિભાગ આપવામાં આવ્યું છે.

બીજા તાલુકા અધ્યક્ષ તરીકે શ્રી વલ્લભભાઈ ચુંટાઈને આવ્યા હતા. તેમણે તાલુકાની ઉન્નતી માટે સારો પ્રયાસ કર્યો છે. (સને ૧૯૬૮)



# ખંભાતનું સાંસ્કૃતિકદર્શન

## પ્રકરણ ૮૪ મું

## વિશેષ વ્યક્તિ પરિચયો

### વિભાગ-૧લો

**સંઘવી ઉદયકરણ વિ. સં. ૧૬૩૮ (ઈ. સ. ૧૫૮૨)**

ઓશવાલ જ્ઞાતિનો સત્તરમા સૈકાનો પ્રસિદ્ધ જૈન વિ. સં ૧૬૩૮ માં શ્રી હીરવિજયસૂરિનો પરમભકત હતો. તેણે આબુ તથા ચિત્તોડ વગેરે સ્થળે જાત્રા માટે મોટા સંઘ કાઢયા હતા. તેથી તેને સંઘવી કહે છે એમાં એણે વીસ હજાર રૂપિયા ખર્ચ કર્યો હતા.

તેની સ્ત્રીનું નામ અમરાદે અને તેના પુત્રનું નામ દેવકરણ હતું. વિ. સં. ૧૬૩૮ ના મહા સુદિ ૧૩ સોમવારે શ્રીહીરવિજયસૂરિ ખંભાત પધાર્યા ત્યારે તેમના હાથે શ્રી સંભવનાથની પ્રતિષ્ઠા કરાવી ઘણા દ્રવ્યનો વ્યય કર્યો હતો. વળી સૂરિજીનો સં. ૧૬૫૨ માં સ્વર્ગવાસ થયા પછી બીજે વર્ષે શેત્રુંજય ઉપર તેમનાં પગલાંની સ્થાપના કરી હતી. આ પગલાં હજી પણ ઋષભદેવ ભગવાનના મંદિરની પશ્ચિમે નાના મંદિરમાં વિદ્યમાન છે. તેની પ્રતિષ્ઠા શ્રીવિજયસેન સૂરિના હાથે કરાવી હતી.

**કલ્યાણરાય**

માન સરોવર માદળું, મહેરાળેશ્વરનો આરો
ઢીંગલે પાંચશેર બાજરી, કલ્યાણરાયનો વારો
(લોક કહેવત)

ખંભાતનો વતની કોઈ એવો નહિ હોય કે જેના મુખે ઉપરનો દહોરો નહિ હોય! કલ્યાણરાયનું નામ પ્રત્યેક ખંભાતીના કાનમાં ગૂંજે છે. તેના સમયમાં અનાજ કેટલું સસ્તું હતું તે માલમ પડયા વિના રહેતું નથી.

કલ્યાણરાયના સમય વિષે એદલજી ડોસાભાઈના અંગ્રેજી ઈતિહાસમાં તેનો સમય સોલંકી સમય (તેરમા સૈકામાં) મૂકે છે. અને 'સૂરીશ્વર અને સમ્રાટ' તથા અન્ય ઐતિહાસિક ગ્રંથોમાં તેનો સમય મોગલ સમય (સોળમી સદી) મૂકે છે.

કલ્યાણરાય એ દશાલાડ વણિક હતો. નેસ્તીની દુકાન કરતો હતો.

પારસીયો હિંદમાં એક હજાર વર્ષ ઉપર ઈરાનથી આવ્યા. સંજાણમાં કેટલોક સમય રહ્યા પછી તેઓ નવસારી, ઉદ્વાડા, ખંભાત, સૂરત વગેરે સ્થળોએ રહેવા ગયા. ખંભાતમાં આવી તેઓ વેપાર રોજગાર કરવા લાગ્યા. અને ધીમે ધીમે ઘણાજ પૈસાદાર, લાગવગવાળા અને આગેવાન થયા. એટલું જ નહિ પણ પોતાના વર્ચસ્વથી પ્રજાને ખૂબ હેરાન કરવા લાગ્યા.

કલ્યાણરાય એક નાનો વેપારી હતો. તેની દુકાન લૂંટી અને તેને પણ હેરાન કર્યો. દુઃખનો માર્યો ઘેર આવી પોતાની બુઢ્ઢી માતાની પાસે નિરાશ થઈ રોઈ પડયો. કારણ કે ગરીબાઈમાં આવેલી વિપત્તિથી તે હિંમત હારી ગયો હતો. માતાએ તેને આશ્વાસન આપ્યું. અને ફરી ઊભો

થવા હિંમત આપી.

એવું કહેવાય છે કે પુરાતન કાળમાં ગધેસીંગ રાજા થઇ ગયો, તેના વખતમાં ત્રંબાવટીનો નાશ થયેલો; તેનાં ખંડેરો ઉપર આ ડોશીમાનું ઘર હતું. તે ઘરમાં ઘણું દ્રવ્ય દટાયેલું હતું. તે દ્રવ્ય ડોશીમા જાણતી હતી. અને તેના મુખ ઉપર પત્થર મૂકી છાંડયો હતો. તે તેણે ઉપાડી લેવાને કલ્યાણરાયને કહ્યું. કલ્યાણરાય પત્થર ઉંચકી ભોંયરામાં ઉતર્યાં. ત્યાં તેણે જવાહીરના ઢગ દીઠા. આ વાત તે વૃદ્ધ માતાએ પોતાના દીકરા કલ્યાણરાયને પણ કરી નહોતી. કારણ કે તે ધન કોઈ લૂંટી જાય અને જીવતું જોખમ આવી પડે. કલ્યાણરાયને માતાએ કહ્યું કે ભાઈ! અક્કલથી આ દ્રવ્યનો ઉપયોગ કરજે કે જેથી લોકોને કોઇ જાતનો વહેમ ન આવે.

કલ્યાણરાય આ નાણું લઇ સુરત ગયો. ત્યાં તેણે મોતીનો વેપાર કર્યો, તેમાં તેને ઘણું દ્રવ્ય મળ્યું. ખંભાતમાં તે પાછો આવ્યો; અને વેપારમાં ઘણું કમાયો એવી કીંવદન્તી ચાલી. તેણે ગુજરાતના રાજાની મુલાકાત લીધી પારસીઓએ કરેલા જુલમની હકીકત કહી તેમને ઠીક કરવા, અને ખંભાતને આબાદ કરવા વિષે તેમની સાથે કેટલીક મસલતો કરી; સારૂં નજરાણુંભેટ કર્યું.

તેણે ભીલ, કોળી, રજપુતો વગેરે કોમને એકત્ર કરી; ઓચિંતો એક રાત્રે પારસીઓ ઉપર તૂટી પડયો. તેમાં કેટલાકના ઘરોનો નાશ થયો, કેટલાક ખંભાત છોડી ચાલ્યા ગયા; આજે ખંભાતમાં 'પારસીવાડ'માં બે ચાર ઘર પરાણે જોવા મળે છે. આ જ્ઞાતિની વસ્તી ખંભાતમાંથી ખલાસ થઈ ગઈ. જે જે પારસીભાઇઓ ખંભાતમાંથી બીજે સ્થળે ગયા તે પોતાને 'ખંભાતા કહેવરાવે છે.

બીજો એક પ્રસંગ આ પ્રમાણે છે. જૈનોના મહાન આચાર્ય શ્રી હીરવિજયસૂરિના સમયમાં કલ્યાણરાયના વિષે બનેલો બનાવ 'સૂરીશ્વર અને સમ્રાટ'માં નોંધાયેલો જોવામાં આવે છે[1] કલ્યાણરાયે કેટલાક જૈનો પાસે અમુક કારણને આગળ કરી બાર હજાર રૂા. નું ખત લખાવી લીધું. આ ઉપદ્રવની જાણ આખા ગુજરાતમાં થઇ; અને હોહા મચી રહી. આ વખતે શ્રી હીરવિજયસૂરી અકબર બાદશાહની પાસે હતા. તેમના કાને આ હકીકત પહોંચાડવામાં આવી. તેમણે બાદશાહને જણાવી બાદશાહે અમદાવાદના સુબા ઉપર એક પત્ર લખ્યો. તેમાં જણાવ્યુ કે હીરવિજયસૂરિના શિષ્યોને જેઓ તકલીફ આપતા હોય તેઓને વિના વિલંબે શિક્ષા કરો; અને બંદોબસ્ત કરો."

આ પત્ર અમદાવાદ આવતાં સુબાએ ખંભાતથી કલ્યાણરાયને તેડવા લશ્કર મોકલ્યું. પણ કલ્યાણરાય નાસી ગયો અને સુબાના પાસે હાજર થયો. કલ્યાણરાયને ઠપકો મળ્યો. અને બાર હજારનું ખત લખાવી લીધું હતું, તે રદ કરાવ્યું. આ વખતે કલ્યાણરાયનો મહેતો વિઠ્ઠલ કરીને હતો, તેને સજા કરી.

ખંભાતમાં ખેડાવાળની પોળ કે જેમાં ખેડાવાળ બ્રાહ્મણો (ભીંતડા ખેડાવાળ) રહેતા હતા. તે બ્રાહ્મણો લાડવાણિયાનું ગોરપદુ કરતા હતા. તેઓ પોતાના યજમાનો પાસેથી દાપાનો બહુજ જુલમી રીતે કર લેતા. એક ગરીબ વિધવાનો યુવાન પુત્ર મરણ પામ્યો. તેની પાસેથી તેમણે દાપાના પૈસા લીધા ત્યારે જ તેનો છૂટકારો કર્યો આ હકીકત કલ્યાણરાયને મળી. કલ્યાણરાયે બધા ખેડાવાળ બ્રાહ્મણોને એકત્ર કર્યા, અને તેમને જાત્રા કરાવવા લઈ જવાની મોટી લાલચો આપી. તેઓ બધા તૈયાર થયા. વહાણમાં બેસાડી જાત્રા કરવા લઈ ગયો. સમુદ્રમાં થોડે દૂર ગયા પછી વાત ફેલાવી કે જાત્રા લઈ જવાના નથી. પણ દરિયામાં જ ઉતારી દેવાના છે. આ સાંભળી બધા બ્રાહ્મણો ગભરાયા અને કાલાવાલા

૧. સૂરીશ્વર અને સમ્રાટ પૃ. ૨૮૮-૩

કરવા લાગ્યા. ત્યાં તેમની પાસેથી લખાવી લીધું કે યજમાનો ઉપર તમો જુલમ ગુજારો છો. સારા સારનો વિવેક રાખતા નથી, માટે હવેથી તમારે આવો જુલમ કરવો નહિ. સર્વે બ્રાહ્મણોએ તે કબુલ કર્યું, ત્યાર પછી તે બ્રાહ્મણોને પાછા લાવવામાં આવ્યા. ત્યારથી ખેડાવાળ બ્રાહ્મણોની વસ્તી ખંભાતમાંથી ઓછી થઈ; આજે ખંભાતમાં તે જાતના બ્રાહ્મણો રહ્યા નથી.

કલ્યાણરાયે શહેરમાં વેપાર રોજગાર વધારવા પ્રયત્ન કર્યો; નવા નવા લોકોને લાવીને વસાવ્યા. શહેરને કોટ કરાવ્યો. પીઠમાં દરવાજો હતો તથા પીરજપોર આગળ દરવાજો હતો; વસ્તી વધવાથી તે દરવાજા તોડીને ત્યાં આગળથી તેની સામે પીઠના સામે લાલ દરવાજો અને પીરજપોર સામે ફત્તેહ દરવાજો એમ બે નવા દરવાજા બંધાવ્યા. જેનો કોટ ગવારાની વહોરાખાડી આગળથી પીઠમાં થઈ ગળી ફળિયા આગળ થઈને જાય છે. આ દરવાજાઓ બહાર બીજી કોમોને વસાવી; અને શહેરમાં દરેક જ્ઞાતિના મહોલ્લા વસાવ્યા. મહાકાલેશ્વર મહાદેવનું દહેરું તથા માદળું તળાવ; રાયની વાવ જે સને ૧૯૨૭ માં અતિવૃષ્ટિમાં પડી ગઈ હતી; અને તેના ઉપર આજે તો મ્યુ. તરફથી (પાણીયારી દરવાજે) પાણીનો કુવો કર્યો છે

આ કલ્યાણરાયના વંશજો સૂરતમાં છે. સોની ફળિયામાં રહે છે.[2] એના વખતમાં ખંભાતની ભાષા સુંદર કહેવાતી હતી એમ સૂરતના કવિ નર્મદાશંકર નર્મદાકોષની પ્રસ્તાવનામાં કહે છે.[3] આ રીતે કલ્યાણરાય ઐતિહાસિક રીતે ખંભાતમાં પ્રસિદ્ધ છે.[3]

---

૨ 'સૂરત સોનાની મુરત' પૃ-૨૮

૩ સં ૧૬૨૭ માં કલ્યાણરાયે ખંભાતનો કોટ કરાવ્યો. એમ ગુજરાતનાં ઐતિહાસિહ સાધનો પૃ. ૫૩ માં લખ્યું છે. તથા રોબર્ટશન સાહેબે સને ૧૮૧૩માં નેરેટીવ ઓફ કેમ્બે હીસ્ટ્રી નામની તવારીખમાં લખ્યું છે. તથા અકબરનામાના ત્રીજા ભાગનો અંગ્રેજી અનુવાદ પે. ૬૮૩ તથા બદાઉનીના બીજા ભાગનો અંગ્રેજી અનુવાદ પે. ૨૪૯ જુવો



# શ્રી કીકો ઠક્કર

(વિ. સં. ૧૬૫૬(ઈ.સ ૧૬૦૦)

ઠક્કરવીધો વૃદ્ધશાખાનો મોઢ જ્ઞાતિનો ધનાઢ્ય હતો. તેને વનાઈ નામની સ્ત્રી હતી. અને કીલા, લાલજી અને હીરજી નામના ત્રણ પુત્ર હતા. ઠ. કીકા એ સં. ૧૬૫૬ ના વૈશાખ સુદ–૭ને બુધવારે પોતાના પરીવાર સાથે શ્રી નેમિનાથનું બિંબ ભરાવ્યું અને શ્રી વિજયસેન સૂરીએ તેની પ્રતિષ્ઠા કરાવી હતી. વળી તેણે શાંતિ નાથનું બીજુંબિંબ ભરાવ્યું હતું સોની તેજપાલે કાઢેલા સંઘમાં તે ગયો હતો. તેણે પ્રતિષ્ઠા વખતે અર્ધો લાખ રૂપિયા ખરચ્યા હતા.

# કુંઅરજી ગાંધી–ઇ. સ. ૧૬૨૭

કવિ ઋષભદાસે ગાંધી કુંઅરજીનું નામ મોટા ગૃહસ્થમાં ગણાવ્યું છે. વિ.સં. ૧૬૮૫ માં સોની તેજપાળે શત્રુંજયની જાત્રા કરવા સંઘ કાઢયો ત્યારે ગાંધી કુંઅરજી તે સઘમાં ગયો હતો. ગાંધી કુંઅરજીએ સં.૧૬૮૩ના ફાગણ વદ ૪ ને દિવસે મુનિસુવ્રત સ્વામિનું બિંબ ભરાવ્યું અને શ્રી વિજયાણંદ સૂરિએ પ્રતિષ્ઠા કરાવી.

# મોદી ખરશેદજી જમશેદજી પુનાવાલા

(બાજીરાવ બીજાના સરસુબા)

(હયાત ૧૮૦૯ ઈ. સ.)

મોદી ખરશેદજી પોતાની હોશિયારીથી આશરે ઈ. સ. ૧૮૦૦ માં પુના ખાતે ત્યાંના રેસીડેન્ટની નોકરીમાં પહેલવહેલા રહ્યા હતા. અને પછી વધતાં વધતાં ઇ સ ૧૮૦૯માં ત્યાંના રેસિડેન્ટ કરનલ કલોસના "નેટીવ એજંટ" નો ઓદ્દો મળ્યો હતો. તેમની લાગવગ મોટી હોવાથી તથા લાંબા મળેલા અનુભવ ઉપરથી પેશવાઈ રાજ્ય દરબારમાં તેઓ ઘણા માહીતગાર થયા પછી તેઓએ બાજીરાવ બીજાના દરબારમાં પગ પેસારો કર્યો હતો. અને ધીમે ધીમે તેમણે તેમનો વિશ્વાસ મેળવ્યો હતો. રાજ્યદ્વારી બાબતમાં બાજીરાવ તેમની સલાહ લેતો.

પછી તેઓને કર્ણાટકના સરસુબાની જગા આપવામાં આવી હતી. ત્યાં તેમણે સારી કામગીરી બજાવી હતી.

રાજદરબારમાં સારૂં માન. તેમની આવડત વગેરેને લીધે સદા શિવભાઉ નામના એક માણસને તેમની અદેખાઇ આવી. તેમણે બાજીરાવનો માનીતો હતો તેણે રેસીડેન્ટને ઘણું ઉંધું છતું ભરવ્યું અને તેને નોકરીના કેટલાક બીજા ઓદ્દામાંથી મુક્ત કરી ફક્ત એક ઓદ્દો ચાલુ રખાવ્યો.

બાજીરાવની તેમના ઉપર પ્રીતિ હતી. પણ ત્ર્યંબકજી ડેંગલા નામના માણસની તેમના ઉપર ઘણી ઇતરાજી થઇ અને તેણે ઘણી ખટપટ કરી. આથી ખુરશેદજીનું મન ઊઠી ગયું. અને પુના છોડવાનો વિચાર કર્યો.

બાજીરાવે તેમની ઉપર રાજી થઈ ચાર ગામ બક્ષિસ આપ્યાં. તેમાં ત્રણ તેમની હયાતી સુધી; અને એક તેમની વંશપરંપરા સુધી ભોગવી શકે. આ ગામ તે "રાળજ"

૧ પારસી પ્રકાશ ભા-૧પૃ-૪૦૨ તથા બુદ્ધિપ્રકાશ પૃ-૮૩ પૃ-૨૮૭ ના આધારે

જ્યારે ખુરશેદજી પુના છોડી મુંબઈ આવવાના હતા તેના આગલે દિવસે તેમને કોઇએ ઝેર આપ્યું. જેથી તેમનું ત્યાં અવસાન થયું.

પુનાનો વહીવટ અંગ્રેજોના હાથમાં આવ્યો. ત્યારે તે ગામ તેમના વંશજો પાસેથી લેવા પ્રયત્ન કર્યો હતો. ઇંગ્લાંડ સુધી ફરિયાદ પહોંચી હતી. અને તે વંશજો પાસે રહ્યું હતું.

તેમના વંશમાં ખુરશેદજી પછી પેસતનજી, પછી ખરશેદજી તથા તેમના ચાર દીકરાઓ અને તેમના કેખુસરુ અને નસાનજી થયા.

# પેસ્તનજી ખરશેદજી મોદી.

## (ઈ.સ.૧૮૧૫ વિદ્યમાન)

એમણે ઈ. સ. ૧૮૧૫ પોતાના મર્હુમ કાકા શેઠ ખરશેદજી જમશેદજી મોદીના પુના મધ્યે મરણ પછી તેમની તે તરફની મિલ્કત તથા પેશવાઇ તરફથી ઇનામમાં મળેલા રાળજ ગામનો કબજો મળ્યો હતો તે પછી મુંબઈ આવી તેમણે ચીન સાથે વેપાર કરવા માંડયો અને પોતાના જન્મ વતન ખંભાત મધ્યે એક દોખમું બંધાવીને તે તા. ૨૯ મી એપ્રીલ સને ૧૮૨૬ ના દિને પ્રથાવ્યું તથા એક દેરમેહર બધાવી તે તા. ૧૩ મી જાન્યુઆરી સને ૧૮૪૪ ને દિને ઇજાવી હતી. તેમજ ઉદવાડા મધ્યે એક દોખમું બંધાવી ને તા ૨૮ મી એપ્રીલ સને ૧૮૩૦ માં દિને પ્રથાવ્યું હતુ તેમનું મરણ તા-૯ મી ઓગષ્ટ સને ૧૮૫૦-પારસીરોજ ૧૭ માસ ૧૭ શહેનશાહી ૧૨૧૯ યઝદે ઝરદી-ખંભાત મુકામે ૬૦ વર્ષની ઉંમરે મરણ પામ્યા.

# જયદેવ સમ્રાટ

## (વિ. સં. ૧૬૫૧ વિદ્યમાન)

ખંભાતમાં શ્રી ગૌડબ્રાહ્મણોની વસ્તી વધારે હતી તેઓ સંસ્કૃત વિદ્યામાં પારંગત હતા. કર્મકાંડ, જ્યોતિષ, વૈધક વગેરે તેમના મુખ્ય વ્યવસાયના વિષયો હતા. પૈસેટકે સુખી હતા.

ખંભાતની ભૈરવનાથની વાવ બંધાવનાર ખંભાતના શ્રીગૌડ બ્રાહ્મણ જયદેવ સમ્રાટ હતા. તેમણે ભારતભરમાંથી તમામ શ્રીગૌડબંધુ ઓને ખંભાતમાં નિમંત્રણ કરી બોલાવેલા સારી મહેમાનગીરી કરી ને સારી દક્ષિણા આપી તેમનું બહુમાન કરેલું જેથી જેથી તેમને 'જયદેવ સમ્રાટ' નામની પ્રસિદ્ધ થયા

વડોદરાથી એક પંડિતના ઘરમાંથી મળેલો લેખ આ પ્રમાણે છે. "સં. ૧૬૫૧ના માર્ગશીર્ષ માસે કૃષ્ણપક્ષે દ્વિતીયાયાં તિથૌ અવનીજવાસરે શ્રીસ્તંભતીર્થ વાસ્તવ્ય શ્રીગૌડજ્ઞાતિ ભૂષણ દ્વિરગિમીત સમ્રાટ સ્થાપતિ મહાયાજ્ઞિક, દીક્ષિત શ્રીશ્રી નૃસિંહસુતે, શ્રી જયદેવ—વયમેવાયલોક નીય"

૧ પારસીદાન આઈન અને તવારીખ ફરહંગ પૃ ૩૧૩

*

## વડવાની વાવ બંધાવનાર

# ધનદ

( વિ. સં. ૧૫૩૮ ઈ. સ. ૧૪૮૨ )

ગુજરાતના સ્વતંત્ર સુલતાનોમાં શ્રી મહંમુદશાહ રાજ્ય કરતો હતો. તે સમય ખંભાતમાં ધનદ નામના તંબોલી જ્ઞાતિના એક ગૃહસ્થે વડવાની વાવ બંધાવી છે. જે વાવ પથ્થરની છે; જેની રચના ગુજરાતની બીજી વાવોના મુકાબલો કરે તેવી છે; ગુજરાતની જે પ્રાચીન વાવો છે તેમાં તેની ગણતરી થઈ છે, ધનદના પૂર્વજો મૂળ કાશીના રહેનાર હતા. તેમાં સોહડા નામે પુરૂષ કાશીમાંથી ખંભાત આવ્યો હતો. તેણે ખંભાતમાં શંકર, સૂર્ય, દેવી, લક્ષ્મીપતિ તથા ગણપતિનાં ૧૪૪ દેવાલયોનો જીર્ણોદ્ધાર કર્યો; તેનો પુત્ર મુકુંદ થયો; તે પણ તેવો પરાક્રમી અને પુણ્યવંતો થયો, અને તેનો પુત્ર ધનદ થયો. તેણે દુકાળના વખતમાં પુષ્કળ ધન આપીને લોકોને દુઃખ મુકત કર્યાં. બ્રાહ્મણોને આજીવિકા ચાલે તે માટે પૃથ્વી, તથા બ્રહ્મપુરીઓ આપી; તથા બગીચા કરાવ્યા, યજ્ઞયાગાદિ કરાવ્યા, તુલા કરાવી તથા વાવ, કુવા કરાવ્યા.

આ વડવાની વાવની અંદર પૂર્વ તથા પશ્ચિમ બાજુની ભીંતમાં સંસ્કૃતમાં વિ. સં. ૧૫૩૮-૧૫૩૯ ના બે લેખ છે; જેમાંથી તેની વંશાવલી તથા પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિ હલ નામના નાગર બ્રાહ્મણે લખી છે અને સુત્રધાર તરીકે બના અને દેવદાસ સૂત ખેતાએ કરી છે.

## જેસલમેરના ભંડારમાંના પુસ્તકો લખાવનાર

# ધરણા શાહ

( પંદરમી સદીના અંતમાં )

પંદરમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા શ્રી જિનભદ્રસુરીના ઉપદેશથી ખંભાતના રહેવાશી શ્રેષ્ઠિવર પરીક્ષક ( પારેખ ) શ્રી ધરણા શાહે જેસલમીરના જ્ઞાનભંડાર માટે ઘણાં પુસ્તકો લખાવ્યાં; લગભગ આખા ભંડારનો એક તૃતીયાંશ ભાગ અથવા તેથી વધારે ભાગનાં પુસ્તકો લખાવ્યાં છે. આથી સહેજે સમજાશે. લોકો જ્ઞાનની વૃદ્ધિ તરફ કેટલી અભિરૂચી ધરાવતા હતા, અને જ્ઞાનદાનમાં જ આત્મકલ્યાણ છે એમ માનતા હતા. એમના વિષે જાણવાની જિજ્ઞાસાવાળાએ જેસલમીરના જ્ઞાનભંડારના પુસ્તકની પ્રસ્તાવના વાંચવી.

# નગીના

કહેવાય છે કે કલ્યાણરાયના સમયમાં નગીના કરીને એક બાઈ ખંભાતમાં આવીને વસી હતી.

તેણે શહેરમાં અને શહેર બહાર નવ તળાવ બંધાવ્યાં. તેનો પહેલો અક્ષર 'ન' હોવાથી તળાવનું નામ 'ન' અક્ષરથી પાડયાં; નેજાનું તળાવ, નૈડાનું તળાવ, નારંગસદ તળાવ, નટાવાનું તળાવ, નગીનાવાડીનું તળાવ વગેરે. નગીના તળાવને નીઝામખાને ઘેરી તેની વાડી કરી તે 'નગીનાવાડી' નામથી પ્રસિદ્ધ થઈ.

આ વાડીની જગા પીઠથી લાલ દરવાજે જતાં જમણા હાથ તરફ આવે છે. હાલ તો ત્યાં વસવાટ થઇ ગયો છે.

# ડાકોરનું રણછોડજીનું મંદિર બંધાવનાર

## ખંભાતનો વૈષ્ણવવણિક

## નંદન

### વિ. સં ૧૭૮૧

ગુજરાતનાં તથા હિંદનાં પ્રસિદ્ધ તીર્થક્ષેત્રોમાં ડાકોર મુખ્ય છે. આ પ્રસિદ્ધ તીર્થમાં ભગવાન રણછોડરાય બિરાજેછે. તેમનાં દર્શનાર્થે દર પુનમે તથા આસોમાસની માણેકઠારી પુનમે હજારો નર નારીઓ જાયછે; જ્યારે રેલ્વે, બસમોટર ગાડીઓ કે અન્ય ઝડપી વાહનો ન હતાં ત્યારે ભાવિક ભકતો પગપાળા ડાકોર જતાં; અને ભકિત સંસ્કાર નું સિંચન કરતાં

આ પુણ્યક્ષેત્રની અને ભગવાનની દર્શન કરનાર આપણા પરમ વૈષ્ણવ નંદને તેમાં નામ નોંધાવ્યું છે; અને તે રીતે યાત્રા ધામમાં પણ ખંભાતી ઝળકી ઊઠે છે; આ વિષેનો ઈતિહાસ આ પ્રમાણે મળે છે

સ્તંભતીર્થમાં નંદન નામે ઉદાર બુદ્ધિનો ધર્મ-નિષ્ઠ અને ધનાઢય વૈશ્ય હતો. તે અનેક પુણ્ય કરતો. એક સમયે તીર્થક્ષેત્રમાં મોટો ધર્મ કરવો એ પ્રમાણે નિશ્ચય કરીને ઘણા યાત્રાળુ સાથે તે દ્વારકાધીશની યાત્રા કરવા નીકળ્યો. ત્રીજે દિવસે માર્ગમાં સાબ્રમતી નદીએ પહોંચી ત્યાં ભાઠામાં સ્થિતિ કરી. ત્યાં સ્નાન કરી, બ્રાહ્મણો ને અનેક દાન આપ્યાં, ત્યાં તેને નિંદ્રાવસ્થામાં એક દિવ્ય સ્ત્રી કે જે લક્ષ્મી સ્વરૂપ હતાં તેમણે દર્શન આપ્યાં અને કહેવા લાગ્યાં કે જે અર્થે તું દ્વારકાં જાય છે. તે તે દ્વારકાંધીશ તો ડાકોરમાં બિરાજે છે; વળી તારી ઈષ્ટદેવતા લક્ષ્મી પણ ત્યાંજ છે. માટે તુ ત્યાં જા; વિજયસિંહના ઘરમાં ભગવાન પોતે રહેલા છે. તેમને વસવાને માટે એક સુંદર મંદિર બંધાવ, અને એ દેવનાદેવને લક્ષ્મી સહિત વિધિ પૂર્વક પધરાવ. આમ કરીશ તો તારૂ ધન અને જીવન સાર્થક થશે. એવી મારી આજ્ઞા છે" આ પ્રમાણે કહીને દેવી અંતર્ધાન થયાં. નંદન તત્કાળ જાગ્રત થયો; અને સ્વપ્નમાં આવેલી હકીકતથી ખૂબ આશ્ચર્ય પામ્યો. અને ત્યાંથી તે ડાકોર આવ્યો. અહીં લક્ષ્મી સહિત ભગવાનનાં દર્શન કરીને ખૂબ પ્રસન્ન થયો શ્રી લક્ષ્મીજીની આજ્ઞા શિરોમાન્ય ગણીને તેણે થોડા વખતમાં ભગવાનનું મંદિર બંધાવ્યું; પછી જ્યારે પ્રતિષ્ઠા નો સમય આવ્યો ત્યારે તે મંદિરમાં ભગવાનને પધરાવવા માટે તે શકિતમાન થયો નહિ આથી તે જરા નિરાસ થયો; પરંતુ સ્વપ્નાવસ્થામાં ફરીથી તેને લક્ષ્મીએ કહ્યું કે આ ભગવાનનું સ્થાપન વિજયસિંહ ભકતે કરેલું છે; તે ભગવાન તેને

૧ 'ગુજરાતી' પ્રેસના મોટા વિ. સં. ૧૯૮૦ પંચાગમાં આપેલા "ડાકોરના શ્રીરણછોડજીનું માહાત્મ્ય" પૃ-૩ વાંચો.

આધિન છે. માટે તેના કુળમાં ઉત્પન્ન થયેલો કોઈ આવીને જો હરિનો સ્પર્શ કરશે તો આ મૂર્તિ ત્યાં આવશે; માટે તે પ્રમાણે તું કર આવા પ્રેરિત વિચાર થી તેણે વિજયસિંહનો વંશજ દીપસિંહને બોલાવ્યો. તેના કરનો સ્પર્શ થતાંજ રણછોડરાય ત્યાં ગયા. પછી નંદને ભગવાનની મૂર્તિની સ્થાપના કરી આરીતે તેણે ડાકોરમાં ભક્તિ કરી તે પાછો સ્તંભતીર્થમાં આવ્યો. અને જીવન સફળ કર્યું.

આ વિષયમાં બીજી એક હકીકત છે[૨] કે વિ. સં. ૧૬૮૨માં શ્રી નાથજીના વૈષ્ણવાચાર્ય શ્રી હરિરાયજી ડાકોર આવ્યા હતા. અને તેઓ પોતાની બેઠકમાં હતાં ત્યારે તેમને એક દિવસે ભગવાને સ્વપ્નમાં આવીને કહ્યું "હું એક છાપરી તળે બેઠો છું અને મને એક ખેડાવાળ બ્રાહ્મણ રોજ લોટો પાણી રેડી જાય છે તેથી તમારા હાથનો મને સ્પર્શ કરો" અને એક સાધારણ મંદિર બનાવરાવી તેમાં મારી સ્થાપના કરો" આ ઉપરથી શ્રી હરિરાયજીએ મંદિરની તપાસ કરી અને મૂર્તિનાં દર્શન કર્યાં. પછી પોતાના વૈષ્ણવ ભકતોને બોલાવી મંદિર બંધાવાની હકીકત કહી; તેમાં ખંભાતનો 'નગરશેઠ' રતનજી નંદનજી હતો; તેને મહારાજ-શ્રીની આજ્ઞા થતાં તેણે વિ. સં. ૧૭૮૧માં હાલનું લક્ષ્મીજીનું દહેરૂ બંધાવ્યું એ દહેરામાં રણછોડજી લક્ષ્મીનારાયણ રૂપે રહેવા લાગ્યા. એટલે કે લક્ષ્મી અને નારાયણની મૂર્તિઓ ત્યાં પધરાવવામાં આવી. આ મૂર્તિઓની સેવામાં તપોધન ઉપરાંત બાજ ખેડાવાળ :બ્રાહ્મણોને યોજવામાં આવ્યા. તે બાબતનો દસ્તાવેજ સંવત ૧૭૮૨નો થયો હતો. આ બનાવ પછીના ૫ વર્ષની ઉંમરે સંવત ૧૭૬૨માં શ્રી હરિરાયજી દેવલોક પામ્યા.

આ મંદિર બંધાવ્યા પછી કેટલાંક વર્ષે માર-વાડના રતનસિંગે એક બીજું મંદિર બંધાવ્યું; તે નાનું પડયાં પછી દક્ષિણના તાંબેકરે હાલનું મંદિર બંધાવ્યું છે; અને તેમાં ભગવાન બિરાજે છે.[૩]

## કાળી ગામમાં સાસુવહુનાં દહેરાં બંધાવનાર ખંભાતના બાડુઓ ગાંધી

વિ. સં. ૧૬૪૯ (ઇ. સ. ૧૫૯૩)

ખંભાતના વડનગરના રહેવાસી નાગર જ્ઞાતિય અને ભદ્ર સિવાણા ગોત્રિય ગાંધી દેપાલ ખંભાતમાં આવીને રહેવા લાગ્યો. વેપારમાં તેણે કોટીદ્રવ્ય પેદા કર્યું. તેનો પુત્ર અલુઓ ગાંધી હતો. તેનો પુત્ર લાડકો ગાંધી હતો લાડકાને બે પુત્રો થયા. બાડુઓ અને ગંગાધર. બાડુઓને બે સ્ત્રીઓ હતી. પોપટી અને હીરાબાઇ. હીરાબાઇને ત્રણ પુત્રો થયા કુંઅરજી, ધર્મદાસ અને સુવીર. કુંઅરજીને એક સ્ત્રી હતી. જેનું નામ વીરાંબાઇ હતું.

કાળીમાં એક જૈન મંદિર હતું તે ઘણું જ જીર્ણ થઇ ગયું હતું. તેનો જીર્ણોધ્ધાર કરવાની વાડુઆ ગાંધીને ઇચ્છા થઇ. તે ગૃહસ્થે તેના જીર્ણોધ્ધારને બદલે નવું જ બંધાવ્યું અને સં. ૧૬૪૯ના માગશર સુદિ ૧૩ને દિવસે આદીશ્વર ભગવાનની સ્થાપના કરી અને શ્રી વિજયસેનસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી.[૧] આ દહેરાનું નામ સર્વજીત પ્રાસાદ રાખ્યું.

એક વખત હીરાંબાઈ સાસુ અને વીરાંબાઇ વહુ પોતાના (સં. ૧૬૪૯માં) બંધાવેલા મંદિરમાં દર્શન

---

૨ સ. સંગ્રહ ભા–૨ જો પૃ–૫૦૧. ઉમરેઠના શ્રી રણછોડલાલ પુ. કવિએ લખેલો લેખ.

૩ ડૉ. મંજુલાલ મજમુદારનો "વૈષ્ણવતીર્થ ડાકોર વિષેનો લેખ અખંડઆનંદ સને ૧૯૬૪ જુન પૃષ્ઠ ૫૬ વિસ્તારથી લખેલા છે.

દર્શન કરવા ગયાં. મંદિરનું બારણું બહુ નીચું હોવાથી વહુએ સાસુને ધીરે રહીને કહ્યું બાઈજી ! મંદિરનું શિખર તો બહું ઉંચું બનાવ્યું પણ બારણું બહુ નીચું કર્યું. વહુનું આ વચન સાંભળીને સાસુને રીસ ચઢી તેણીએ વહુને મેણું મારતાં કહ્યું કે વહુજી તમને હોંશ હોય તો પિયેરથી દ્રવ્ય મંગાવી મોટા શિખરવાળું મંદિર બંધાવો અને તેનું બારણું સમજી વિચારીને ઊંચું મૂકાવો.

સાસુના મહેણા ઉપર વહુને રીસ ચઢી. તેણે તત્કાળ પિએરથી દ્રવ્ય મંગાવ્યું, અને સં. ૧૬૫૦ માં મંદિરનું ખાત મુહૂર્ત કર્યું. પાંચ વર્ષે મંદિર પુરૂં થયું. એ મંદિરનું નામ રત્નતિલકપ્રાસાદ રાખ્યું. વિજયસેનસૂરિના હાથે શ્રી ધર્મનાથની સં. ૧૬૫૪ના શ્રાવણ સુદી ૯ને દિવસે પ્રતિષ્ઠા કરાવી[૨] આ બંને દહેરાં "સાસુવહુનાં દહેરાં" નામથી પ્રખ્યાત છે.

વળી એજ મંદિરમાં આવેલી આદિનાથની પાદુકા ઉપર એક લેખ છે. તેમાં જણાવ્યું છે કે સં ૧૬૫૬ના વૈશાખ સુદ ૭ ને બુધવારે ગાંધી વીરદાસ તથા તેના ભાઈ ગાંધી કુંવરજી અને ધર્મદાસે મળીને આ પાદુકા કરાવી અને શ્રી વિજયસેનસુરિએ તેની પ્રતિષ્ઠા કરાવી છે.

બાવનજીના લયમાં બાવન પ્રતિમાઓ હતી; પણ કયા કારણસર પ્રતિમાનું ઉત્થાપન થયું તે સંબંધી માહિતી મળતી નથી.

## રત્નપાલ દોસી

મહાન જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિ ફરતા ફરતા એક વખત ખંભાત પધાર્યા. અહીં રત્નપાલ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તેને ડંકા નામની સ્ત્રી હતી તેનાથી તેને **રામજી** નામે પુત્ર થયો. સૂરિજી પધાર્યા તે વખતે રામજી રોગથી પીડાતો હતો. રત્નપાલે એક વખત સૂરિજીને બહુ વિનયપૂર્વક કહ્યું કે મહારાજ જો આ પુત્ર સાજો થશે તો તેની મરજી હશે તો હું આપને વહોરાવીશ. થોડો વખત રહી આચાર્યશ્રી ગયા; પછી છોકરાની તબિયત સુધરતી ગઈ. અને સારો થઈ ગયો.

છોકરો આઠેક વર્ષનો થયો ત્યારે આચાર્યશ્રી ફરતા ફરતા પૂનઃ ખંભાત આવ્યા. અને તેમણે રામજીને ખબર પૂછી. પૂર્વના આદેશ પ્રમાણે તેમણે રામજીની માગણી કરી. આચાર્યશ્રીની માંગણી સાંભળી રત્નપાલ દોસી તથા તેનું આખું કુટુંબ તેમની સાથે કલેશ કરવા લાગ્યું. આથી સૂરિએ મૌન ધારણ કરી ઉપરોક્ત બાબત છોડી દીધી.

રામજીને **અજા** નામની એક બહેન હતી. તેના સસરાનું નામ **હરદાસ** હતું. હરદાસે પોતાની પુત્રવધુની પ્રેરણાથી આ વખતે ખંભાતનું આધિપત્ય ભોગવનાર નવાબ શિતાબખાનની પાસે જઈ કહ્યું કે આઠ વર્ષના બાળકને હીરવિજયસૂરિ સાધુ બનાવી દેવા ચાહે છે. માટે તેમને અટકાવવા જોઈએ. શિતાબખાને તેમને મનાઈ આપી. શ્રીસૂરિ ખંભાતથી વિદાય થયા. આ બનાવ વિ. સં. ૧૬૨૨ થી ૧૬૩૦ ની વચમાં બન્યો છે. કેટલાક સમય પછી શ્રી હીર વિજયસૂરી ફરી આવ્યા. ત્યારે તેમના ઉપદેશથી ઘણા માણસોએ દીક્ષા લીધી. અને રામજીએ પણ દીક્ષા લીધી.

# પારેખ રાજીઆ અને વજીઆ

વિ. સં. ૧૬૪૪ (ઈ. સ. ૧૫૮૮)

ખંભાતમાં સત્તરમા સૈકાના ધર્મકાર્યમાં અગ્રપદ ભોગવનાર જૈનો હતા. તેવી રીતે રાજકારણમાં લાગવગ ધરાવનાર, માનમરતબો સાચવનાર અને ધનાઢ્ય હતા. તેનું જવલંત દૃષ્ટાંત પારેખ રાજીઆ અને વજીઆ છે.[1]

પારેખ રાજીઆ અને વજીઆના પૂર્વજ આહલણશી મૂળ ગાંધારપુરમાં રહેતા હતા. તેઓ જ્ઞાતિએ શ્રીમાળી વણિક હતા તેમનો ધંધો વેપાર કરવાનો હતો. પારેખ રાજીઆ અને વજીઆ વેપાર કરવા ખંભાત આવ્યા; અને વેપારમાં ઘણું કમાયા આ વખતે ગોવામાં ફિરંગીઓનું રાજ્ય હતું. તેમના દરબારમાં તેઓ સારી પ્રતિષ્ઠા મેળવી હતી કહેવાય છે કે એક વખત ચેઉના એક ખોજગીને અને બીજા કેટલાક માણસોને ગોવાના ફીરંગીઓએ કેદ કર્યા હતા. તેમને ફીરંગીઓએ છોડયા નહિ છેવટે તે ખોજગીનો એક લાખ ત્યાહરી દંડ કર્યો. પણ દંડ આપવાની તેની શક્તિ નહતી. છેવટે તેણે પારેખ રાજીઆ અને વજીઆનું નામ દીધું ને તેઓને બોલાવવામાં આવ્યા. પારેખ રાજીઓ ફીરંગીના અધિપતિ વીજરેલ પાસે ગયો. તેણે લાખ ત્યાહરી ભરીને ખોજગીને છોડાવ્યો. પેલા ખોજગીને પોતાને ઘેર કેટલાક દિવસ રાખ્યા પછી તેને ચેઉલ પહોંચતો કર્યો. પાછળથી તે ખોજગીએ એક લાખ ત્યાહરી રાજીઆને ભરી દીધા.

એક વખત આ ખોજગીએ બાવીસ ચોરોને કેદ કર્યા હતા. તેમને તે એક દિવસ તલવાર લઈને મારવા તૈયાર થયો ત્યારે તે ચોરોએ કહ્યું "આપ મોટા પુરૂષ છો, અમારા ઉપર દયા કરો. વળી આજે રાજીઆ શેઠનો મોટો તહેવાર (ભાદરવા સુદ ૨) નો દિવસ છે. રાજીઆ શેઠનો તહેવારનો દિવસ છે એ સાંભળતાંજ તેણે ચોરોને મારવાનું છોડી દઈ કેદથી મુકત કર્યા અને કહ્યું કે તે તો મારો મિત્ર છે એટલુંજ નહિ પણ મને જીવન દેવાવાળા છે. તેમના નામથી હું જેટલું કરૂં તેટલું થોડું છે. આ પ્રસંગથી સમજાશે કે ખંભાતના એક વ્યાપારીની રાજદરબારમાં કેટલી પ્રતિષ્ઠા–લાગવગ હશે?

# પારેખ રાજિઆ વજીઆએ બંધાવેલાં જિનભવનો

ખંભાતમાં ત્રણ દરવાજા આગળ (સાગોટા ખાડામાં) હાલ અંબાલાલ પાનાચંદની ધર્મશાળા છે. ત્યાં સં. ૧૬૪૪ ના જેઠ સુદ ૨ ને દિવસે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર સ્વામિની પ્રતિષ્ઠા કરી. મૂર્તિઓ ઘણીજ વિશાળ છે; વળી તેને ભોંયરામાં પધરાવેલી છે. ઘણા પરદેશી મુસાફરો તેને જોવા આવે છે. આવા જીનમંદિરનું વર્ણન કરતો ૬૨ શ્લોકનો એક મોટો શિલાલેખ તે મંદિરમાં છે. તે વાંચવાથી આ મંદિરની ભવ્યતા અને સુંદરતા સમજાશે.

બીજું જીનમંદિર ગાંધારમાં નવપલ્લવ પાર્શ્વનાથનું બંધાવ્યું. તેમાં ઋષભદેવની સ્થાપના કરી. વડોદરામાં કરેડા પાર્શ્વનાથ અને નેમીનાથ એમ એની સ્થાપના કરી. વળી સં. ૧૬૪૪ માં વજીઆના પુત્ર મેઘજીએ શ્રી શાંતિનાથનું બિંબ કરાવ્યું હતું અને તેની શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરાવી હતી.[1] તથા સં. ૧૬૫૮ ના માઘ સુદિ ૫ ને સોમવારે બે ભાઈઓએ શ્રી સ્તંભનક

---

૧. પારેખ રાજીઆ અને વજીઆનું વંશ વૃક્ષ મારા "ખંભાતના પ્રાચીન જૈન ઈતિહાસ" માં પૃ. ૧૦૯ ઉપર આપ્યું છે.

પાર્શ્વનાથનું બિંબ કરાવ્યું હતું.[2]

પારેખ રાજીઆ અને વજીઆએ સંઘવી થઈને આબુ, રાણપુર અને ગોડી પાર્શ્વનાથની યાત્રા માટે મોટા સંઘો કાઢયા હતા. ઘોઘલા ગામમાં (દીવ પાસે) કોઈ માણસ જીવહિંસા કરે નહિ એવો હુકમ મેળવ્યો હતો.

સં. ૧૬૬૧ ની સાલમાં ભયંકર દુકાળ પડયો ત્યારે તેમણે ચાર હજાર મણ અનાજ વાપરીને ઘણાં કુટુંબની રક્ષા કરી હતી. એટલું જ નહિ પણ ગામેગામ માણસોને મોકલીને ગરીબોને રોકડી રકમ આપીને સહાયતા કરી હતી.

એકંદરે તેઓએ ૭૩ લાખ રૂપિયા પુણ્ય કાર્યમાં ખરચ્યા હતા. ધન્ય છે ખંભાતના એ સુખી ગૃહસ્થોને! એનું નામ લક્ષ્મી કમાયા ગણાય. જૈન ભાઈઓને તેમનો દાખલો લેવા જોગ છે.

ખંભાતના કવિ ઋષભદાસ તેમનાં ઠામ ઠામ વખાણ કરે છે.

"પારેખ વજીઆ રાજીઆ જૈન શિરોમણ જાણ
જિનમત વાસી જૈન જયે સિર વહે જિનની આણ"

વળી કહે છે કે:—

"મુનિવરમાં ગુરૂ હીરજી, અસુર અકબર સાર
વણિગ વંશમાં રાજીઓ, દયાદાન નહિ પાર."

મુનિઓમાં હીરવિજયસૂરિ, રાજામાં અકબર અને વાણિયામાં રાજીઓ શ્રેષ્ઠ છે. કવિએ તેના યુગની પિછાન ટુંકમાં આપી દીધી.

વળી યાત્રાળુ શિલવિજયજીએ તીર્થમાળા વિ.સં ૧૭૪૬ રચી છે. તેમાં પણ જણાવે છે કે

"પારિખ વજીઆ નિ રાજીઆ,
શ્રી શ્રીવંશિ બહુ ગાજીઆ
પાંચ પ્રસાદ કરાવ્યા ચંગ
સંઘ પ્રતિષ્ઠા મનનિ રંગ–૧૩
જેહની ગાદી ગોઆ બંદિર,
સોવન છત્ર સાહિ ઉપરી
કોઈ ન લોપિ તેહની લાજ,
નામિ સીશ ફીરંગી રાજ"

સ્વ. શ્રી રત્નમણિરાવે "ગુજરાતનું વહાણવટુ નામે નિબંધમાં પારેખ રાજીઆ અને વાજીઆનો વ્યાપારી દષ્ટિથી તેમનું ઘણું વર્ણન કર્યું છે.

ખંભાતના એક ધનાઢ્ય કુટુંબની આર્થિક પરિસ્થિતિથી તેનો વેપાર કેવો હશે તે કલ્પના થઈ શકે છે. અને તેવા ધનાઢયો પોતાની માતૃભૂમિ માટે કેવા ઉપકારક થાય છે તે આપણે જોઈ શકીએ છીએ.

૧. જૈ. ધા. પ્ર. લે. સં. ભા. ૨ જો લે. ૫૮૧
૨. એજ લે. ૫૬૩
૩. હી. વિ. રા. પૃ. ૧૫૨

## રાજે—(કંસારાની વાવ બંધાવનાર)

કંસારાની વાવ સંવત ૧૬૮૫માં જે વખતે મોગલ બાદશાહ શાહજહાં રાજ્ય કરતો હતો ત્યારે બંધાવી છે. તેમાં લેખ છે. તેમાં જણાવેછેકે કંસારી ના રહેનાર ગુણીકા જ્ઞાતિ ચાંદબીબીની દીકરી રાજેએ કરાવી છે. તેની છોકરી ડોશીબુ હતી. સકળ લોકના હિતમાટે આ વાવ કરાવી છે.

## શાહ વાઘજી

(સત્તરમો સૈકો)

હીરવિજયસૂરિનો તે પરમ ભક્ત હતો. તેને ત્યાં પાટણ નિવાસી અભયરાજ પોતાના કુટુંબ સાથે આવીને ત્રણમહીના રહ્યો હતો અને ધર્મકાર્ય કર્યાં હતાં. કવિ ઋષભદાસ તેથીજ તેનો નિર્દેશ કરે છે. "ઉતર્યા શાહ વાઘજી ધરે, ફૂલેકાં ચઢતાં બહુ પરે" વાઘજીએ શકરપુરમાં દહેરૂ બાંધવામાં મદદ કરી હતી. શક્કપુરિ શ્રીમલ રે, કીકા વાઘા કરે દહેરૂ પોષધશાલસ્યુ."

## વેણીદાસ

(વિ. સં. ૧૫૭૨) (ઈ.સ. ૧૫૧૬)

વેણીદાસ ખંભાતનો ગુર્જરવણીક હતો. તેણે નડિયાદમાં વિ સં. ૧૫૭૨ માં વાવ બંધાવી છે. તે વાવની પ્રશસ્તિ ઉદીચ્ય જ્ઞાતિના રાઉલના પુત્ર હરિદાસના પુત્ર રામચંદ્રે લખી છે. આ સમયે પાદશાહ શ્રી મુઝફ્ફરશાહ અમદાવાદમાં રાજ્ય કરતો હતો. સ્તંભતીર્થ તે ગુર્જરોનું મુખ્ય થાણું હતું. ગુર્જર રાજ્યની સ્થિતિ લાટદેશમાંજ સિદ્ધ થઈ. ગુર્જરોનો નિવાસ લાટદેશમાં હતા. વેણીદાસના પિતાનું નામ ભીમસિંહ હતું. તેને અમરી નામે સ્ત્રી હતી. તેણે પોતાની સતકમાઈથી નડિયાદ માં વાવ બંધાવી છે. ખંભાતના ગુર્જરો ઘણા ધનાઢ્ય હતાં. અને દિલ્હી ના મોગલ બાદશાહોના સમયમાં રાજકારણમાં તેઓ આગળ પડતાં હતા. [1] તે પ્રશસ્તિ લેખમાં જણાવ્યુંછે કે કેટલીક બ્રહ્મપોળો દાનમાં આપી છે. વળી સ્તભંતીર્થની પ્રશસ્તિ લખતાં લખે છે કે "વૈષ્ણવ ધર્મનું મથક એવું સ્તંભતીર્થ" છે.

## વેણીભાઈ પટેલ

(જન્મ વિ. સં. ૧૭૪૭ માં વિદ્યમાન)

ખંભાતના ઇતિહાસમાં વેણીભાઇનું નામ જાણીતું છે. તેઓ મૂળ વસોના પાટીદાર વણારસીદાસના પુત્ર હતા. વણારસીદાસ પાટીદારોમાં અગ્રગણ્ય અને ઘણા પ્રતિષ્ઠિત હતા. તેમને ત્યાં સં. ૧૭૪૭ માં વેણીભાઈનો જન્મ થયો હતો. વણારસીદાસે રાજકારભારમાં ઘણો ભાગ લીધેલો. તે ગુણો પુત્રમાં ઉતરી આવેલા હતા. તે પણ પિતાજી વણારસી દાસના જેવા જ પરાક્રમી હતા. રાજકારણમાં તે પડેલા હતા.

---

૧ નડિયાદની વાવની આખી પ્રશસ્તિ બુદ્ધિપ્રકાશ સને ૧૮૮૩ પૃ.-૧૦૫ ઉપર સંપૂર્ણ વિવરણ સાથે સ્વ. શ્રી હરિહર્ષદે આપી છે.

ખંભાત જીતવાનું કામ વારં વાર વેણીભાઈને મરાઠાઓ તરફથી સોંપવામાં આવતું હતું વેણીભાઈની લાગવગ પેશ્વાના દરબારમાં ઘણી હતી. તેમની બહેન પેશ્વા સવાઈ માધવરાવને આપેલાં હતાં. તેઓ પુનામાં વારંવાર જતા અને ત્યાં રહેતા. ખંભાત આવતા ત્યારે તે નારેશ્વરના તળાવ ઉપર ઉતરતા ; અથવા મથુરાંબાવાના મંદિરપાસે ઉતરતા કોઈ વખત ભાટવાડામાં પણ ઉતરતા. આમ વેણીભાઈને ખંભાતના રાજ્યકારણુ સાથે ગાઢો સંબંધ હતો.

આ સ્થિતિ હોવાથી નવાબ સાહેબના કારભારી ગુલાબરાયે નવાબ સાહેબને કહીને પુને વેણીભાઈને કાગળ લખ્યો કે નવાબ સાહેબ તમને દિવાનગિરિ આપવા માંગે છે માટે તમો વહેલા ખંભાત આવો.

વેણીભાઈએ આ કાગળની હકીકત સવાઈ માધવરાવને કરી; ત્યારે તેણે સલાહ આપી કે તમારે ખંભાત જવાની જરૂર નથી. કારણ કે ખંભાતના નવાબ મોમીનખાન કાબેલ છે તેમ તેમનો દિવાન ગુલાબરાય ઘણોજ ખટપટી અને બાહોશ છે. ત્યાં જવામાં જોખમ સમાયેલું છે આ સલાહને વેણીભાઈ એ તુચ્છકારી કાઢી. તેણે કહ્યું કે મુગલાઈની કચેરીઓ જીતવી એ તમારે મન દોહ્યલી પણ અમારે મન ઘણી સહેલી છે. તે ગાંડો ગુલાબરાય અમને શું કરવાનો છે! પેશ્વાની સલાહ ન માનતાં પુનાથી ખભાત આવવા નીકળ્યા. મુંબઈ આવી મુકામ કર્યો. મુંબઈ શહેરનો જનરલ હાથી, ઘોડા વગેરેથી તેમનો સત્કાર કરેછે ; અને સલાહ આપે છે કે તમો ખંભાત ન જશો. તેની સલાહની અવગણના કરીને ત્યાંથી સવારી ઉપાડી વસાઈ મુકામ કરે છે. ત્યાંનો હાકેમ તેમની મહેમાનગીરી કરે છે. અને ખંભાત જવાની ના પાડે છે. વેણીભાઈ તેની સલાહનો ઈન્કાર કરે છે. પછી તેમની સવારી સુરત આવે છે. સુરતનો નવાબ પાલખી, સુખપાલો વગેરેથી તેનું સારૂં આતિથ્ય કરે છે; અને ખંભાત ન જવા કહેછે. તે પછી ભરૂચ આવેછે; ત્યારે લલ્લુભાઈ વેઢ, વીંટી વગેરે સોનાના દાગીના આપી તેમનું સન્માન કરેછે. પછી જંબુશરના તળાવ નાગેશ્વર ઉપર મુકામ કરેછે. અને ત્યાંનો પંડિત શેલાં, પાઘડી વગેરે આપી સત્કાર કરે છે અને ત્યાંથી દહેવાણુ આવે છે. ત્યાંના ઠાકોર જાલમભાઈ તેમની સારી ચાકરી કરેછે. ત્યાંથી તે નવાપરા આવે છે. ત્યાં તાપીદાસ તેમનું સન્માન કરે છે. આમ પુનાથી ખંભાત સુધી બધેથી સન્માન પામતા પામતા આવે છે ; આથી જણાય છે કે તે કેટલાં પ્રતિષ્ઠિત અને લાગવગ ધરાવતા હશે.

વેણીભાઈ ખંભાત આવ્યાની વાત રાજદરબારમાં દિવાન ગુલાબરાય ના કાને પડતાં તેમને રાજ-દરબારમાં આવવા તેડાં મોકલે છે અને કહેવરાવે છે કે તમારો શિરપાવ બીજા લઈ જાયછે. માટે વહેલા આવો. વેણીભાઈ જવાને તૈયાર થાય છે.

ત્યારે તેમની નવીમા સ્ત્રી બેન વગેરે જવાને ના પાડે છે. છતાં કોઈનું કહેવુ ન માનતાં તેમ શુકન અપશુકન ન ગણતાં કચેરીમાં જાય છે. ત્યાં બેઠા પછી કપટી ગુલાબરાય યુક્તિથી તેમને મરાવી નંખાવે છે. તેના મડદાને ભોઈબારીના રસ્તાથી દરિયા ઉપર લઈ જઈ બાળી દેવામાં આવે છે. તેમના મરણ ના સમાચારથી સગાંવહાલા, નોકર ચાકર વગેરે ઘણું રૂદન કરેછે અને ગુલાબરાયને શ્રાપ આપેછે. આ વેણીભાઈના વિષે રાસડો રચાયો છે. જે મેં એક મજુર પાસેથી ઉતારી લીધો હતો અને ખંભાતથી પ્રગટ થયેલા 'નિદર્શન' માં વિ. સ. ૨૦૦૭ના જેઠ માસના અંકમાં પ્રસિદ્ધ કરેલોછે.[૧]

---

૧. વેણીભાઈ સંબંધી વિસ્તારથી આપેલી હકીકત ચ સં. સંગ્રહ ભા. ૧લો પૃ. ૭૦૦—૭૦૨ જુઓ. તે પુસ્તકમાં રાસડો પણ મારા તરફથી પ્રસિદ્ધ થયો છે.

# સ્વ. પંડિત વિશ્વનાથ

( વિ. સં. ૧૬૯૨ )

પારસ્કર ગૃહ્યસૂત્ર ઉપર ભાષ્ય કરનાર

★

ગુજરાતી પ્રેસના પારસ્કર ગૃહ્યસૂત્રના તૃતીયકાંડની સમાપ્તિના અંતે પ્રશસ્તિ આપી છે. (પૃ. ૪૦૩)

નંદપુરમાં કશ્યપ ગોત્રનો નાગર મુંજ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેનો પુત્ર લક્ષ્મીધર અને તેનો પુત્ર નરસિંહ હતો ને તેનો પુત્ર વિશ્વનાથ હતો. તેણે પારસ્કર ગૃહ્યસૂત્રનું બે કાન્ડ અને દસ કંડિકા જેટલું નિર્ણયવાળું, ઘણા અર્થવાળું અને બધા ભાષ્યો કરતાં મોટું ભાષ્ય કર્યું. મહાદેવ અને જગન્નાથના વંશજોએ એનું રક્ષણ કરવું, ભણવું. નરસિંહના મોટાભાઈ અનંત હતા. તેના પ્રપૌત્ર લક્ષ્મીધર સ્તંભતીર્થમાંથી કાશીમાં આવ્યા; અને આનંદથી, શરમને પાછળ મૂકીને, બીજા ભાષ્યો જોઈને બે કાંડ અને દસ કંડિકા બાકી હતી તે લખી. તેનાથી આ ભાષ્યની પૂર્તિ થઈ છે. વિ. સં ૧૬૯૨ના મહા સુદ ૧૪ને મંગળવારે ભાષ્યની સમાપ્તિ થઈ.

# શ્રી શંભુશેઠ

ખંભાતમાં શંભુશેઠનું નામ ઘણું પ્રખ્યાત છે. તેઓ ખંભાતના લાડવાણિયા હતા. ક્યારે થઇ ગયા તે જાણવા મળ્યું નથી. તેમનું ઘર લાડવાડામાં પેસતાં જમણા હાથે હતું. તેમના પિતાનું નામ ભૂખણદાસ હતું. નારેશ્વરનું તળાવ ખોદતાં રામજીની મૂર્તિઓ નીકળી હતી; તે શંભુશેઠને આપવામાં આવી હતી. તેમણે તે સ્થાપી ને તેના પાલન માટે ૫૧ વીઘાં જમીન આપેલી. નારેશ્વરમાં પાણી વાળવાનું કામ શંભુશેઠને માથે હતું. ખંભાત દરબારમાં તેમની ખુરશી હતી.

પ્રતિવર્ષે દશેરાની સવારી વખતે નારેશ્વર તળાવ ઉપર નવાબ સાહેબની તથા શેઠ સાહુકારોની બેઠક રાખવામાં આવતી. આ વખતે શંભુશેઠ તરફથી નવાબ સાહેબને નજરાણો કરવામાં આવતો અને નવાબ સાહેબ તરફથી શંભુશેઠને શિરપાવ આપવામાં આવતો.

નારેશ્વરના તળાવમાં મધ્યમાં ખાલી ઉંચી બંગલી બનાવવામાં આવી હતી. તે બંગલી નીચે લગભગ ૨૫ ફુટનો એક સમચોરસ પાયો નાંખી વચમાંથી ચોરસ ચણીને ૨૦ ફૂટ જેટલી ઊંચી બંગલી બંધાવેલી; તે બંગલી ઉપર દશેરાને દિવસે શંભુશેઠ તરફથી ધજા ચડાવવામાં આવતી હતી. આજે તો તે બધું જ ફરી ગયું છે; બંગલીની સાથે રસ્તો વગેરે થયું છે અને ધ્વજા ચડાવવાની પણ બંધ થઇ ગઈ છે. શંભુશેઠના ગરબા ખંભાતમાં ગવાતા.*

* સ્વ. શેઠ મગનલાલ નથુભાઇ બહુ જ વૃધ્ધ હતા. તે શંભુશેઠ તો જ્ઞાતિના અને દૂરના સગા પણ ખરા. તેમની પાસેથી હકીકત મેળવી છે.

## શાણરાજ

(સં. ૧૫૦૯ માં વિદ્યમાન)

શાણરાજ એ વિક્રમની પંદરમી સદીનો શ્રીમાલી વણિક ખંભાતમાં થઇ ગયો છે. તેણે જૈનધર્મ સ્વીકાર કરેલો હતો. તેના સમયમાં વૃદ્ધ તપાગચ્છના શ્રી રત્નસિંહ નામના આચાર્ય થઈ ગયા છે. તેમનાઉપદેશથી ગિરનાર ઉપર શ્રી વિમલનાથ પ્રાસાદ બંધાવ્યો. તે ગિરનારની પ્રશસ્તિમાં શ્રી શાણરાજ વિષે લખ્યું છે કે "તેમની પાસેથી ધર્મપ્રાપ્તિ કરી છે વળી લખ્યું છે પૂના-જગત-વાધણનો પુત્ર વિક્રમાદિત્ય થયો કે જેણે તિમિરપુરમાં પાર્શ્વનાથનું ઉંચુ વિશાલ મંદિર બંધાવ્યું તેના પુત્ર માલદેવે સંઘ કાઢી શત્રુંજય ને ગિરનારની યાત્રા કરી સંઘપતિ બિરૂદ મેળવ્યું. તેના પુત્ર વયરસિંહને ભાર્યા ધવલદેથી પાંચ પુત્રો થયા. ૧ હરપતિ, ૨ વયર, ૩ કર્મસિંહ રામ, ૪ ૫ ચંપક હરિપતિ ને બે ભાર્યા નામે હેમાદે અને નામદે થી ૭ પુત્રો સજ્જનાદિ થયા. અને હરપતિ એ સં. ૧૪૪૨માં પડેલા દુકાળમાં બહુઅન્ન અને વસ્ત્રદાન કર્યું પિપ્પલહુ ગામના રહિશોને ત્યાંના અધિપે બંદિવાન કર્યા હતા તે છોડાવ્યા. ગુર્જર પાતશાહ પાસે સારી ખ્યાતિ મેળવી અને ગિરનાર પર નેમિપ્રાસાદનો ઉદ્ધાર કર્યો સિદ્ધગિરિ અને ગિરનાર પર સંઘલઇ યાત્રા કરી. સં. ૧૪૫૨માં સ્તંભતીર્થમાં જયતિલક સૂરિએ રત્નસિંહને આચાર્ય પદ આપ્યું તેનો મહોત્સવ કર્યો. રત્નચૂલા સાધ્વીને મહત્તરા પદ આપ્યું તેના પુત્ર સજ્જનસિંહને કૌતુગદેથી શાણરાજ નામનો પુત્ર થયો. જેણે મહેસાણામાં પરિકર કરાવ્યો. મોટેરાપુરવાસી દ્વિજ અને વણિક જાતિના બંદિવાનને છોડાવ્યા. તેણે વિમાલનાથ પ્રસાદ ગિરનાર પર બંધાવ્યો. ગુર્જર પાદશાહ અહમાદાદિની પાસે સારૂં માન મેળવ્યું."[૧] શાણરાજે સાત ક્ષેત્રમાં ધન ખર્ચ્યું."

## શ્રી મલ્લ

વિ. સં. ૧૬૫૬ (ઈ. સ. ૧૬૦૦)

ખંભાતમાં સત્તરમા સૈકામાં શ્રેષ્ઠી શ્રીમલ્લ મહાધનાઢય થઈ ગયો તેણે ધાર્મિક કાર્યમાં પોતાની લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો. વિ.સં ૧૬૫૬ માં શ્રી વિજયસેનના શિષ્યરત્ન શ્રી વિજયદેવ સૂરિને સૂરિપદ આપવાનો ભવ્ય મહોત્સવ તેણે હજારો રૂપિયા નો ખર્ચ કર્યો હતો. મેદપાટ, લાટ, સૌરાષ્ટ્ર કચ્છ કુંકણ અને ગુર્જર આદી દેશોના ગામેગામના સંઘો ને નિમંત્રણ કર્યું હતું. પોતાના ખંભાત ગામમાં સુંદર મંડપ રચ્યો હતો. શ્રી વિજયસેન સૂરિને વિનંતી કરી તેમના હસ્તે શ્રી વિજયદેવને વિ.સં. ૧૬૫૬ ના વૈશાખસુદી ૪ ને દિવસે સૂરિપદ આપવામાં આવ્યું.

આ પ્રસંગે ખંભાતના બીજા ગૃહસ્થ ઠક્કર કીકાએ બે રૂપિયા આઠ હજાર ખરચ્યા હતા.[૧]

શ્રી વિજયદેવસુરિના હાથે વિ. સં. ૧૬૭૭માં (ઇ. સ ૧૬૨૧) માં અગિયાર પ્રતિમાની પ્રતિષ્ઠાઓ થઇ હતી

સત્તરમી સદીના ખંભાતના નામાંકિત પુરૂષોમાં શ્રી મલ્લ અને ઠક્કર કીકા ગણાય છે. તેમનું નામ જૈનરાસાઓમાં આવે છે. વળી તેણે શેત્રુંજાનો સંઘ કાઢયો હતો. કવિઋષભદાસ કહે છે કે [૨]
"ચેત્રો પુનમ દિનકહેવાય, શાહ શ્રીમલ્લ શેત્રુંજે જાય

૧. ગુર્જર કવિઓ ભા. ૨. જો પૃ. ૭૩૯
૧. પુરાતત્વ પૃ ૪૬૦
૨. હીર વિજય સુરિદાસ પૃ ૨૦૬

જાય શાહ શ્રીમલ્લ સંઘવીજ અનંગ
ચાલે જિમ રાણાનીસિંગ
[3] ઉસવંશીરાજા શ્રીમલ્લ,
અવલક્ષ્ય રૂક ખરચઈધીર.

શ્રી મલ્લ ઓસવાલ જ્ઞાતિનો શ્રાવક હતો. તેને શિવાદે અને વલ્હાદે નામની બે સ્ત્રીઓ હતી. પહેલીને ધનાઇ નામની પુત્રી હતી. અને બીજી સ્ત્રીથી રહીઓ નામનો પુત્ર હતો. સં. ૧૬૭૭ના કારતક વદ ૨ને બુધવારે વલ્હાદેએ શ્રી સંભવનાથની પાષાણુ પ્રતિમા કરાવી અને તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિના શિષ્ય શ્રી વિજયદેવસૂરિના હાથેકરાવી. આ પ્રતિમા જિરાલાપાડાના ચિંતામણિ જિનાલયમાં છે. અને બીજી પ્રતિમા શ્રી અનંતનાથ ની કરાવી હતી. અને અને તેની પ્રતિષ્ઠા તેજ દિવસે શ્રી વિજયદેવે કરાવી હતી.

## સોમજી શાહ

(ઇ.સ. ૧૬૧૬)

શ્રી વિજયસેનસૂરિએ સં. ૧૬૭૨ના જેઠ વદ ૧૧ને દિવસે અકબ્બર પુરમાં સ્વર્ગવાસ કર્યો. તે વખતે આગ્રાના રહીશ ચંદુ સંઘવી એ જહાંગીર બાદશાહ પાસેથી દસ વીઘાં જમીન લીધી હતી. તે જમીન ઉપર સોમજી શાહે સ્તુપ બાંધ્યો હતો. પાછળથી તે સ્તુપનું શું થયું તે ખબરપડી નથી. પરંતુ ખંભાતના ભોંયરાપાડાના શાંતિનાથના મૂળ ગભારાના ડાબા હાથ તરફ પાદુકાવાળો પથ્થર છે તેના ઉપર લેખ છે તે પરથી જણાય છે આ પાદુકા તેજ છે. જેના ઉપર લેખ છે કેઃ–સોમજી શાહે વિજયસેન સૂરિના સ્તુપ ઉપર સ્થાપના કરી હતી.

## પર્વત

(વિ. સં. ૧૪૬૮) ઈ. સ. ૧૪૧૨

ખંભાતમાં પંદરમા સૈકામાં પર્વત નામે એક ધનાઢ્ય પુરૂષ થયો. તે મોઢ વણિક જ્ઞાતિનો હતો. તેના પૂર્વજનું નામ રત્નસિંહ હતું. તેને સાલ્હાક નામે પુત્ર થયો; અને તેને બૂટી નામે પુત્રવધુ હતી. તે સાલ્હાકને મેઘ, વાઘ, રામ અને પર્તત એ નામના ચાર પુત્રો હતા. એ ચારે ભાઇઓની સ્ત્રીઓ હતી. મેઘને એક પુત્ર થયો અને રામને વત્સરાજ નામે પુત્ર હતો.

આ ચારે ભાઇઓ જૈન ધર્મ પાળતા હતા. જૈનોના ઉત્સવોમાં તથા ધર્મકાર્યમાં અગ્રગણ્ય હતા. રામ અને પર્વત બંને ખંભાતમાં વસતા હતા.

તેઓના સમયમાં–વિ. સં. ૧૪૬૮–૬૯–૭૦ ના વર્ષોમાં દુકાળ પડયો. ત્યારે આ બંને ધનાઢ્ય અને દયાળુ ભાઈઓએ પોતાના ધનથી હલકી, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના સત્રાગાર–દાનશાળાઓ કાઢી; અને લોકોને ઘણી સારી મદદ કરી હતી.

તેણે શત્રુંજય, ગિરનાર, આબુ તથા જીરાપલ્લિ પાર્શ્વનાથ આદિ અનેક તીર્થક્ષેત્રોમાં ઘણું ધન વાપર્યું હતું. તથા બીજાં અનેક સત્કાર્યોમાં ઉદાર ભાવથી ધનનો ઉપયોગ કર્યો હતો. તેણે ખંભાતમાં વિ. સં. ૧૪૭૨ માં "એકાદશાંગી–અગ્યાર અંગો"

૩. મલીનાથ રાસ. પૃ. ૨૮૪